(શ્વેતામ્બર મૂર્તિપૂજક)

સંવત્સરી પ્રતિક્રમણ
વિધિ સહિત

(મૂળસૂત્રોનો ગુજરાતી ભાવાનુવાદ)

સંકલન
ઈલા દીપક મહેતા

(શ્વેતામ્બર મૂર્તિપૂજક)

સંવત્સરી પ્રતિક્રમણ

વિધિ સહિત

(મૂળસૂત્રોનો ગુજરાતી ભાવાનુવાદ)

સંકલન
ઈલા દીપક મહેતા

(શ્વેતામ્બર મૂર્તિપૂજક)

સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત

(મૂળસૂત્રોનો ગુજરાતી ભાવાનુવાદ)

સંકલન : ઈલા દીપક મહેતા

દ્વિતિય આવૃત્તિ : ૨૦૧૫
પ્રત : ૫૦૦
મૂલ્ય : ₹ ૩૫૦

પ્રકાશક : ઈલા દીપક મહેતા, email : samvatsaripratikraman@gmail.com

મુદ્રણસજ્જા : 'લલિતા', વડોદરા. ફોન : +૯૧-૨૬૫-૨૩૩૪૫૭૫

મુખપૃષ્ઠ : જ્યોતિ પરમાર

મુદ્રક : એશિયન ઈન્ડસ્ટ્રીઝ, મુંબઈ

પ્રાપ્તિસ્થાન :
૧. 'દીપક ફાર્મ', ગોત્રી રોડ, વડોદરા – ૩૯૦૦૨૧.
ફોન નં : +૯૧-૨૬૫-૨૩૭૧૪૧૦

૨. 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ', ૩૩, મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી,
એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ – ૪૦૦ ००૪.
ફોન નં : +૯૧-૨૨-૨૩૮૨૦૨૯૬, email : shrimjys@gmail.com

સંવત્સરી પ્રતિક્રમણને વિધિપૂર્વક અને સમજણપૂર્વક કરવા
ઈચ્છિત સાધકોને.....અર્પણ

ફરી ફરી આભાર

વર્ષ ૨૦૧૪માં ગુજરાતી અને અંગ્રેજી ભાવાનુવાદ પુસ્તકનું વિમોચન થયું ત્યારે ધાર્યું ન હોતું એવો પ્રતિસાદ મળ્યો. પ્રથમ આવૃતિ જોતજોતામાં ખપી ગઈ. ફરીવાર એ જ પુસ્તકનું પુનઃમુદ્રણ કરાવતાં પહેલાં એમાં નવું શું ઉમેરી શકાય એનું મનોમંથન ચાલ્યું. અને એમાંથી જ દરેક સૂત્ર પાસે, સૂત્ર દરમ્યાન થતી ક્રિયાનાં ચિત્રો મુકવાનો વિચાર આવ્યો. આ વિચારને **પૂ.મ.સા.ભવ્યદર્શનજીનો** સાથ મળ્યો અને જે ભૂલચૂક રહી ગઈ હતી તે સુધારવાનો મોકો મળ્યો. એમનો ખૂબ ખૂબ ઉપકાર.

ઘરના વડીલોનો મારા કાર્યમાં અનેરો વિશ્વાસ, મારા આત્મવિશ્વાસને વધારતો રહ્યો.

આમ વર્ધમાન ઉલ્લાસ સાથે ગુજરાતી અને અંગ્રેજીનું પુનઃ મુદ્રણ અને સાથે સાથે હિન્દીનું પુસ્તક પણ જોતજોતામાં તૈયાર થઈ ગયું અને ૨૦૧૫નાં પર્યુષણ સુધીમાં દરેક સાધકનાં હાથમાં આ પુસ્તક જોવાની મારી ભાવના છે. તે અચૂક પૂરી થાય એવી પ્રભુ પાસે પ્રાર્થના

એ જ

ઈલા દીપક મહેતા

પ્રસ્તાવના

આજથી થોડાં વર્ષો પૂર્વે મારા પૂ.સસરાજી **શ્રી સી.કે.મહેતા**એ તેમની દરેક પુત્રવધુઓને રૂ.૧ લાખ આપીને તેને કોઈપણ શુભ કાર્યમાં વાવવા માટે તાકીદ કરી. આ રીતે તેઓને દાનક્ષેત્રમાં અમારી રસરુચિ સૌથી વધુ શેમાં છે તે જાણવું હતું. હું તે સમયે અમારા મોટા પુત્ર ચિ.મૌલિક માટે સુકન્યાની શોધમાં હતી એટલે તે કવર કબાટમાં રાખીને પછી તે કાર્ય વિસ્મરાઈ ગયું.

નવેમ્બર ૨૦૧૨માં પરિણય પછી **ચિ.રિદ્ધિ** અમારા ઘરે પુત્રવધુ બનીને આવી. જૈનકુળમાં જન્મ ન થયો હોવાનાં કારણે સ્વાભાવિક રીતે એ જૈન સંસ્કૃતિ, સાહિત્ય કે ક્રિયાઓની અને તેની પાછળનાં રહસ્યભૂત કારણોથી અજાણ હોય. થોડા વખત પછી જ્યારે ઘરની સંસ્કારલઢણ મુજબ પર્યુષણા મહાપર્વમાં ચતુદર્શી અને સાંવત્સરિક પ્રતિક્રમણ સહુએ સાથે કરવાનો સમય આવવાનો હતો, તે પહેલાંથી જ ગણધરરચિત આપણાં સૂત્રોનો અનુવાદ અંગ્રેજીમાં શોધવાનો અને એ રીતે ચિ.રિદ્ધિ સાથે અમારા બંને પુત્રો **ચિ.મૌલિક** તથા **ચિ.મેઘવ**ને પણ આ મહાન વૈજ્ઞાનિક વિધિનો અર્થ સમજાય અને અહોભાવ વધે તે માટેનો પુરુષાર્થ મેં આદર્યો. અને સમયાંતરે તેમાંથી જ ઉદ્‌ભવ્યો એક વિચાર કે આપણાં સંવત્સરી પ્રતિક્રમણ સૂત્રોને ગુજરાતી અને હિન્દીમાં ભાવાર્થ સાથે હું જ કેમ પ્રકાશિત ન કરી શકું? અને તરત સ્મરણમાં આવ્યું પૂ. ડેડીએ આપેલું પેલું કાર્ય ! મને જ્ઞાનયોગમાં રસરુચિ છે તેને પુષ્ટિ પણ મળશે તે વિચારે ૩-૪ મહિનામાં પૂરું થઈ જશે તેવા આશયથી શરૂ કરેલાં આ કાર્યને સંપન્ન થતાં એક વર્ષ થઈ ગયું. પ્રુફ રિડીંગ થકી જેમ જેમ હું સૂત્રાર્થનું સંશોધન કરતી ગઈ તેમ તેમ એ સૂત્રોમાં હું વધુ ઓતપ્રોત થવા માંડી. જૈન ધર્મ વિશેની સમજણ વધુ ઊંડી થતાં તેનાં પ્રત્યેનો અહોભાવ વધ્યો. વળી સ્વપ્નમાં રાચવા લાગી કે જે કોઈ આ પુસ્તકનો લાભ લઈ સૂત્રાર્થ સમજશે તેઓ પણ આ સૂત્રો માટે મારી જેમ જ ગર્વ અનુભવશે.

એક સાવ બિનઅનુભવી પરંતુ કુતુહલતાથી આતુર મન લઈને કાર્ય કરવા નીકળી પડેલી મને સૌ પ્રથમ મારા પૂ.સાસુ **કાંતાબહેન**નાં આંતર આશીર્વાદ મળ્યાં. મુજ જીવનસખા **દીપક**નાં અનન્ય સહકાર વિના તો આ કાર્ય અશક્ય જ હતું. પરિવાર સમસ્ત આ કાર્યમાં જોડાયો તેનું મને ખૂબ ગૌરવ છે. **અઝરાએ**

તથા **જ્યોતિએ** જૈન સાહિત્યથી અજાણ હોવા છતાં જોતજોતામાં સૂત્રો બરાબર બોલવાની કુશળતા હાંસલ કરીને મારા સ્વપ્નસમા આ પ્રસ્તુત ગ્રંથ નિર્માણમાં જોડતી સાંકળની ભૂમિકા ભજવી. પંડિતજી શ્રી **કીર્તિભાઈએ** સૂત્ર સમજણમાં ખૂબ જ જહેમત ઊઠાવી છે. આ સર્વેનો ઉપકાર ભૂલાય એવો નથી.

અંતમાં આ કાર્ય માટે પદ્મશ્રી **કુમારપાળભાઈ દેસાઈ** તથા **પૂજ્ય ગુરૂદેવ શ્રી રાકેશભાઈ ઝવેરી**નાં આશીર્વાદ પામીને હું ખરે જ કૃતકૃત્ય બની છું.

વર્ધમાન ઉલ્લાસ સાથે કરેલા આ કાર્યમાં ભૂલથી રહી ગયેલી દરેક ક્ષતિઓની હું ક્ષમા યાચું છું અને પ્રભુને પ્રાર્થના કરું છું કે મારા આ અવતારકૃત્ય દ્વારા હું મોક્ષપ્રતિનું એક સોપાન આગળ વધુ.

અસ્તુ

ઈલા દીપક મહેતા

‘સંવત્સરી પ્રતિક્રમણરૂપ મહા યોગની સાધના’

ભવ્યાત્માઓના હાથમાં આ પુસ્તકનું દર્શન થતાં અત્યંત આનંદની ઉર્મિ પ્રગટ થશે. વિશેષ તો તારક તીર્થંકર પરમાત્માએ બતાવેલ ‘સંવત્સરી પ્રતિક્રમણ’ની સાધના કેવી રીતે, કેવા ભાવોથી કરવી જોઈએ, તેની સંપૂર્ણ વિધિ અને સમજણથી પરિપૂર્ણ થયેલા એવા આ પુસ્તક માટે કરાયેલો પ્રયત્ન ખુબ ખુબ અનુમોદનીય છે. પ્રતિક્રમણ તે એક મહાન યોગની સાધના છે. અને ‘સંવત્સરી પ્રતિક્રમણ’ દ્વારા વાર્ષિક પાપોનો નાશ કરવા માટે, આમાં બતાવેલ ગણધર ભગવંત રચિત મહાન સૂત્રોને મુખપાઠ કરવા માટે ખુબ જ પ્રયત્ન કરવો જોઈએ. દરેક ભવ્યાત્માઓ આ સાધના તેના અર્થ અને વિધિ અત્યંત આદરપૂર્વક કરી શકે એવી આંતરિક ભાવનાથી ઈલાબેન દીપકભાઈ મહેતાએ જે વિરાટ પ્રયત્ન કર્યો છે તે ઉપરથી વિશ્વના સર્વજીવો પ્રત્યે કેવી ભાવ કરૂણા તેમને પ્રગટી છે તે જાણી શકાય છે.

આ સૂત્રોની અદ્દભૂત રચના અને તેનો ભાવવૈભવ દરેક જીવોને અમૃતક્રિયારૂપ બને અને આત્મહિત સાધી સર્વ જીવો મોક્ષ માર્ગના સાધક બને.

એ જ અભ્યર્થના–
પૂ.હિતધર્માશ્રીજી મ.સા.

ધર્મઆરાધકને માટે માર્ગદર્શક ગ્રંથ

શ્રી ઈલાબહેન મહેતાની આગવી ધર્મભાવના જ આ ગ્રંથસર્જનનું પ્રેરકબળ છે. યુવા પેઢી સંવત્સરી પ્રતિક્રમણ સમજીને સરળતાથી કરી શકે અને એ રીતે ધર્મ-મર્મની ઓળખ પામે એવો આની પાછળનો એમનો શુભ-મંગલ આશય છે. આવતી પેઢી ધર્મવિમુખ નહીં, બલ્કે ધર્મ અભિમુખ બને, એને માટે એમણે સંવત્સરી પ્રતિક્રમણનાં મૂળ સૂત્રોનો ભાવાનુવાદ અહીં પ્રસ્તુત કર્યો છે.

'પ્રતિક્રમણ' શબ્દ 'પ્રતિ' અને 'ક્રમણ' એમ બે શબ્દોનો બનેલો છે. શાસ્ત્રીય દૃષ્ટિએ એનો શબ્દાર્થ કરીએ તો 'પ્રતિ' એટલે 'પાછું' અને 'ક્રમણ' એટલે 'ચાલવું'. અર્થાત્ અહીં પાછા ફરવાની વાત છે. ભૂલા પડેલા પ્રવાસીને એનો સાચો રસ્તો બતાવવાની વાત છે. એક અર્થમાં કહીએ તો સંસારના ભ્રમણમાં ભૂલી પડેલી વ્યક્તિને એના સાચા માર્ગની ઓળખ આપવાનો એનો હેતુ છે. એને આસ્રવના માર્ગમાંથી પાછા વાળી સંવર નિર્જરાના માર્ગ પર પહોંચાડવાનો છે. આથી જ કહેવાયું છે,

स्वस्थानाद् यत् परस्थानं, प्रमादस्य वशादगतः ।
तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते ।।

'પ્રમાદ વગેરે દોષોને વશ થઈને સ્વસ્થાનમાંથી પરસ્થાનમાં ગયેલા આત્માને પુનઃ પોતાના (મૂળ) સ્વસ્થાનમાં લાવવાની જે ક્રિયા, તેનું નામ પ્રતિક્રમણ.'

આ સ્વસ્થાન અને પરસ્થાન છે શું ? સ્વસ્થાન એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં સ્થિરતા અને એમાં ત્રિવિધ યોગે, ત્રિકરણ ભાવે રમણતા એ જીવનું સ્વસ્થાન છે. પોતાનું નિવાસસ્થાન છે. આ સ્વસ્થાનમાં વસવું એટલે શુભ યોગમાં રહેવું કે સ્વભાવ દશામાં જીવવું.

પરસ્થાન એટલે સ્વસ્થાનમાં જે છે, તેનાથી તદ્દન વિરોધી ભાવોમાં રહેવું તે પરસ્થાન. હિંસા, અસત્ય, ચૌર્ય, પરિગ્રહ, કષાયો કે ઇન્દ્રિયોની વાસનાઓ વગેરેને વશવર્તીને જીવવું તે પરસ્થાન છે. સંક્ષેપમાં કહીએ તો અઢાર પાપસ્થાનકોમાં રચ્યાપચ્યા રહેવું તે જીવનું પરસ્થાન છે.

આમ પ્રતિક્રમણ એટલે પાપમાંથી પાછા હઠવું, વિભાવ દશામાંથી સ્વભાવ દશામાં આવવું. પરઘરમાંથી સ્વઘરમાં આવવું. અપ્રશસ્ત યોગમાંથી પ્રશસ્ત યોગમાં આવવું. સ્થિર થવું તેમ જ કરેલાં પાપનો સાચા દિલથી પશ્ચાત્તાપ કરીને ક્ષમાભાવ જગાડવો અને જાળવવો.

પ્રતિક્રમણ એ ચિત્ત અને આત્માની શુદ્ધિ માટે છે. જેમ દેહને માટે પૌષ્ટિક ભોજનની આવશ્યકતા છે, એટલી જ આત્મિક ગુણોને પુષ્ટ કરવા માટે પ્રતિક્રમણની આવશ્યકતા છે. એ પ્રતિક્રમણ દ્વારા રાગદ્વેષાદિ કષાયોની મંદતા, વાસનાવૃત્તિમાં ક્ષીણતા અને એ રીતે ચિત્તની નિર્મળતા સાંપડે છે. આનું કારણ એ છે કે એના સૂત્રોમાં દેવ-ગુરૂની સ્તુતિ, વંદના, ધ્યાન, શ્રુતજ્ઞાન વગેરેની ઉપાસના, ક્ષમાપના આદિની ઉત્તમ અને મંગલદાયી વ્યવસ્થા છે. એ રીતે ચિત્તની વિશુદ્ધિ માટે, જૂનાં કર્મોને ખપાવવા માટે અને ચારિત્રગુણની ઉત્તરોત્તર વિશુદ્ધિ માટે પ્રતિક્રમણ જરૂરી છે.

આ પ્રતિક્રમણ સમયે ચિત્તને બહારની સાંસારિક ઉપાધિઓથી અળગું કરીને એને પ્રતિક્રમણના સૂત્રોમાં એકાગ્ર કરવું જોઈએ, કારણકે પ્રતિક્રમણમાં આરાધકે કયા કયા દોષોમાંથી પાછા વળવાનું છે કે કઈ બાબતનું પ્રાયશ્ચિત્ત કરવાનું છે તે જાણવાનું જરૂરી છે. પ્રતિક્રમણમાં એકાગ્ર ચિત્તે થયેલા દોષોને સ્મરીને એમાંથી પાછા વળવાનું હોય છે.

સમ્યક્દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા આપતા ગુણોની ખાણ પ્રતિક્રમણ છે અને જેમ પ્રતિક્રમણથી પોતાના ભીતરના દોષો જોઈ શકાય છે, એ જ રીતે એ દોષદર્શનમાં ભવિષ્યમાં પણ એનાથી દૂર રહેવાનો સંકલ્પ છે. પોતાનાં કર્મો વિશે વિચારીને ભોગવાયેલાં કર્મોમાંથી મુક્ત થઈ નવાં કર્મો નથી જ બાંધવા એવો પ્રબળ સંકલ્પ પ્રતિક્રમણમાં નિહિત છે. આવી ભાવના ધારણ કરીને પ્રતિક્રમણ કરવું જોઈએ.

દૈનિક પ્રતિક્રમણથી ચોવીસ કલાકની ભૂલની ક્ષમા માગીએ છીએ. પાક્ષિક ક્ષમાપનાથી પખવાડિયાની, ચોમાસી પ્રતિક્રમણથી ચાર મહિનાની ભૂલોની ક્ષમા માગીએ છીએ, પરંતુ કોઈનો ક્રોધ હઠીલો હોય તો એના વેરની ગાંઠ વર્ષે ખૂલે. આને માટે સંવત્સરી પ્રતિક્રમણ છે.

દૈનિક ક્ષમાપનાથી કષાયોની મંદતા થાય છે. પાક્ષિક ક્ષમાપનાથી સંજ્વલના ક્રોધ, માન, માયા, લોભ રૂપ કષાયોનો ઉપશમ કે ક્ષયોપશમ થાય છે. ચાતુર્માસિક ક્ષમાપનાથી પ્રત્યાખ્યાની કષાયો અત્યંત ઉપશમ પામે છે અને સાંવત્સરિક ક્ષમાપનાથી અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયોનું જોર ટળે છે અને અનંતાનુબંધી-કષાયોનો ઉદય થતો નથી.

આ રીતે આખા વર્ષ દરમિયાન પરભાવ-દશાના પંથે દૂરસુદૂર પહોંચી ગયેલા આત્માને સ્વભાવદશામાં લાવવાની આ ક્રિયા છે. પ્રતિક્રમણની ક્રિયાથી વ્યક્તિનો આત્મા પાપના બોજથી હળવો બને છે અને તેને પરિણામે એનું મન શાંત-પ્રશાંત બને છે તથા ચિત્ત અંતર્મુખ થાય છે. આવા પ્રતિક્રમણને અંતે આરાધકને સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવનો અનુભવ થાય છે.

આવી ઉત્તમ ક્રિયા ક્યારે ઉત્તમ ફળ આપે ? એની યોગ્ય જાણકારીને પરિણામે. એટલે કે ક્રિયાની સાથોસાથ વિધિની શુદ્ધિ અને ક્રિયાના અર્થની સમજ એ બંને ભળે, ત્યારે એનું યોગ્ય ફળ પ્રાપ્ત થાય. એ દષ્ટિએ અહીં ચિત્રો સહિત આ બધી ક્રિયાઓ અર્થસહિત આલેખવામાં આવી છે. એ રીતે શ્રી ઈલાબેન દીપકભાઈ મહેતાનું ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ભાવાર્થ સાથે 'સંવત્સરી પ્રતિક્રમણ : વિધિસહિત' ગ્રંથનું પ્રકાશન એ જૈન ધર્મના આરાધકોને માટે મૂલ્યવાન અને માર્ગસૂચક ગ્રંથ બની રહ્યો છે.

એમની ઉત્કૃષ્ટ ધર્મભાવના અને અથાગ પ્રયત્નને માટે એમને ખૂબ ખૂબ ધન્યવાદ.

ડૉ. કુમારપાળ દેસાઈ

ગૃહિણી શ્રાવિકાનું જ્ઞાનતપ

કેટલાંક નિમિત્તો વ્યક્તિને કર્મોના વમળોમાં લઈ જતાં હોય છે, તો કેટલાંક શુભ નિમિત્તો વ્યક્તિને કર્મનિર્જરા તરફ ગતિ કરાવી શુભ કર્મોનું પાથેય પણ બંધાવી દેતાં હોય છે.

આ પવિત્ર પુસ્તકની રચના કરવા માટે ઈલાબેનના ખોળામાં એક શુભ નિમિત્ત આવી પડ્યું અને એમનાથી આ જ્ઞાનકર્મનું તપ થઈ ગયું. આ રીતે એમના પુત્રવધૂના પગલાં એમને અને એમના પરિવારને વિશેષ ફળ્યાં. આ સદ્ભાગ્ય તો છે જ, ઉપરાંત પૂર્વના શુભ કાર્યોનો ઉદય પણ ખરો. તો જ આવા ભાવ જાગે, અને નિમિત્તો પ્રાપ્ત થાય.

વર્તમાનનો યુવા વર્ગ ધર્મ અને ક્રિયાથી વિમુખ થતો જાય છે, કારણકે એમની પાસે આ ક્રિયાનું જ્ઞાન નથી. જ્ઞાન વગરની ક્રિયા નિષ્ફળ છે એટલે આ વર્ગને ધર્મ અને ક્રિયાની સાચી અને અર્થ સભર 'સમજ' આપવામાં આવે તો અવશ્ય આ વર્ગ દઢ શ્રધ્ધાથી ધર્મ અને ક્રિયાને પોતાના જીવનમાં સ્થાન આપે.

આ યુવા વર્ગ અને પ્રત્યેક વર્ગ માટે, ગુજરાતી અને અંગ્રેજીમાં પ્રકાશિત થતું આ પુસ્તક 'સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત' એ મેજિક ટચ જેવું છે. સૂત્રોના અર્થ અને એની સમજનું આકાશ આ પુસ્તક ઉઘાડે છે.

સંવત્સરી પ્રતિક્રમણ એટલે વડીલોના આગ્રહથી અઢી કલાક એક સ્થાને બેસીને માત્ર સૂત્રો સાંભળવા એટલું જ નહિ પણ પ્રત્યેક સૂત્ર અને ક્રિયા - વિધિનો અર્થ અને એ ક્રિયાનું વિવરણ સમજાય તો આ પ્રતિક્રમણ, કર્મ નિર્જરા, પશ્ચાતાપ અને ક્ષમાનો ત્રિવેણી સંગમ છે એની પ્રતીતિ જિજ્ઞાસુને થયા વગર રહેતી નથી. આ સત્યનું દર્શન આ પુસ્તક કરાવે છે.

આ પુસ્તકમાં આ સમજણ છે, સામાયિક, પ્રતિક્રમણનો અર્થ, એ વિધીના ચિત્રો, પ્રતિક્રમણ કરતી વખતે એમાં ઉપયોગમાં લેવાતા સૂત્રો, એ સૂત્રોનો અર્થ, એ પણ પ્રત્યેક પંક્તિ પ્રમાણે, ઉપરાંત એક જ સૂત્ર જો ફરી ફરી આવતું હોય તો ફરી ફરી ક્રમ પ્રમાણે એ સૂત્ર અને એનો અર્થ, જેથી પ્રતિક્રમણ સમયે વારે વારે પાછળના પાને જવું ન પડે, ઉપરાંત સૂત્ર રહસ્ય, સવાલ-જવાબ, એ સૂત્રની

રચનાના રચયિતાની વિગત, આ બધું જ આ પુસ્તકમાં છે જે આ પુસ્તકના રચનાકાર ઈલા બહેનના પુરુષાર્થ અને પરિશીલન તેમજ એમની ધર્મ પ્રત્યેની શ્રધ્ધાની વાચક જિજ્ઞાસુને પ્રતીતિ કરાવે છે.

કોઈ પંડિત કે પૂજ્ય મુનિજને કરવા જેવું, શોધ નિબંધ જેવું આ યશસ્વી કાર્ય કરીને બહેન ઈલાબેને જિન શાસનની અવિસ્મરણીય સેવા કરી છે.

વાચક, જિજ્ઞાસુ અને સાધકને જ્ઞાનના ઊંડાણમાં અને ભાવના ઉર્ધ્વગમન તરફ લઈ જનારા આ ભવ્ય પુસ્તકના નિર્માણ માટે જે જે નિમિત્તો મળ્યા અને બહેનશ્રીને એમના પરિવારે જે સહકાર આપ્યો એ માટે આપણે એ સર્વેને પણ ધન્યવાદ પાઠવી, એ સર્વેનો આભાર માનીએ.

મા શારદા અને શ્રુતદેવતાની જેમના ઉપર કૃપા ઉતરી છે એવા ઈલાબેન પાસેથી વધુ જૈન ધર્મ વિશેના પુસ્તકની આશા રાખીએ તો હવે આપણો એ હક બને છે.

જિન શાસન અને શ્રુતદેવની કૃપા બહેન ઈલાબેન ઉપર વરસતી રહો એવી ભાવના આપણે સૌ ભાવીએ.

વંદન શ્રુતદેવને.

ડૉ.ધનવંત શાહ
'પ્રબુદ્ધ જીવન' - તંત્રી
drdtshah@hotmail.com

જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષમાર્ગ :

જ્ઞાન ક્રિયા બે અંગ છે, નિશ્ચયને વ્યવહાર;
યથા યોગ્ય આદર કરે, સમ્યગજ્ઞાન વિચાર...

ઘણાં વર્ષો પહેલાની એક વાત છે. એક શ્રેષ્ઠીને ચાર પુત્રવધૂ હતી. ઘરની સર્વ જવાબદારી કોને સોંપવી, તે વિચારે શ્રેષ્ઠીએ ચારેની પરિક્ષા કરવાનું નક્કી કર્યું. પુત્રવધુના નામ ક્રમથી ઉજ્જિતા, ભક્ષિતા, રક્ષિતા અને નાની પુત્રવધુનું નામ વર્ધિતા હતું. ચારેને ઘઉંના થોડા દાણા આપ્યા અને કહ્યું કે જ્યારે માંગુ ત્યારે મને પાછા આપજો. ઉજ્જિતાને થયું સાઠે બુદ્ધિ નાઠી. આપી આપીને ઘઉંના દાણા આપ્યા, તેણે ફેંકી દીધા. ભક્ષિતાને થયું સસરાએ આપ્યા છે, માન રાખવું જોઈએ તેથી તે પ્રસાદની જેમ ખાઈ ગઈ. રક્ષિતાને થયું સસરાએ દાણા આપ્યા છે, નક્કી કાંઈક કારણ હશે, તેથી તિજોરીમાં સોનાની ડબ્બીમાં સાચવી રાખ્યા. વર્ધિતાને પણ એ જ રીતે દાણા આપ્યા, તેણે વિચાર્યું મારા સસરા ઘણા બુદ્ધિશાળી છે તેમણે આ દાણા આપ્યા છે તો નક્કી કાંઈક રહસ્ય હશે, તેથી તે દાણા પિયર મોકલી આપ્યા અને તે દાણાને એક અલગ જમીનના ટુકડામાં વાવવાનું જણાવ્યું અને તેને અવસરે મંગાવીશ એમ કહેવડાવ્યું. ચારેક વર્ષે સસરાએ દાણા માંગ્યા. ઉજ્જિતાએ 'ફેકી દીધા' જણાવ્યું, ભક્ષિતાએ 'ખાઈ ગઈ' જણાવ્યું, રક્ષિતાએ દાણા પાછા આપ્યા અને જ્યારે વર્ધિતાએ બે હાથ જોડી સસરાને વિનંતી કરી કે આપે આપેલ દાણા લાવવા માટે મારા પિયર ગાડાઓ મોકલવા પડશે.

આ કાળમાં પણ આવી જ વાત બની......અહીંયા પરીક્ષાની વાત નથી પણ સસરા પૂજ્ય ચિમનભાઈ ખીમચંદ મહેતાએ એક દિવસ અચાનક સર્વે પુત્રવધુઓને સારા કાર્યમાં વાપરવા ₹ એક લાખ આપ્યા. પુત્રવધુ ઈલાને, વાપરવા આપેલા ₹ એક લાખને કેમ વાપરવા ? તે પ્રશ્ન હતો અને તે જ વખતે ઘરમાં પર્યુષણ પર્વના કારણે પ્રતિક્રમણની વાતો થઈ. તેમાં ઈલાબહેનને પુત્રએ પ્રશ્ન કર્યો 'સમજ્યા વિના ક્રિયા શું કર્યા કરીએ ?' અંગ્રેજી માધ્યમથી ભણેલા બાળકોને કેમ કરીને સમજાવવા ? તેના જવાબમાં ગુજરાતી-હિન્દી, અંગ્રેજી અર્થ

સાથે, આ વિધિ સહિત પંચ પ્રતિક્રમણસૂત્રના પુસ્તકનું સંકલન થયું. સ્વનો સ્વાધ્યાય અને પરને જ્ઞાનની પ્રાપ્તિ તેથી સ્વ-પર 'જ્ઞાનસ્ય ફલં વિરતી'.

વર્તમાન પેઢીના યુવાનોને પક્ખી-ચોમાસી-સંવચ્છરી પ્રતિક્રમણ સમજણ સાથે કરવામાં ખાસ ઉપયોગી...આ યાંત્રિકયુગના ભયાનક નાસ્તિકવાદી સંસારમાં, આપણો સમય અને આપણું જ્ઞાન કોઈકને ધર્મમાં જોડનાર થાય, તે તો મહાપુણ્યોદય કહેવાય...ચાલો વાંચીએ...સમજીએ...અને ભેગા મળીને પ્રતિક્રમણ કરીએ.

કીર્તિભાઈ પંડિતજી
બોરીવલી, મુંબઈ
+૯૧૯૮૨૦૩૨૧૦૩૦

અનુક્રમણિકા

પ્રતિક્રમણ વિવેચન i

પ્રતિક્રમણની છ આવશ્યક ક્રિયાઓ ii

પ્રતિક્રમણમાં ઉપયોગી ઉપકરણોનાં ચિત્રો iii

પ્રતિક્રમણમાં ઉપયોગી ઉપકરણો અને વિવેચન iv

- ખમાસમણું કેમ દેવું ? v
- કાઉસ્સગ્ગ કેમ કરવો ? vi
- મુહપત્તિ પડિલહેણા અને વિવેચન vii
- સુગુરૂ વંદના અને વિવેચન xxi
- અબ્ભુઠ્ઠિઓ કેવી રીતે કરવું ? xxxi
- જય વીયરાય કેવી રીતે કરવું ? xxxii
- પ્રતિક્રમણની મુદ્રા xxxiii
- નમુત્થુણંની યોગમુદ્રા xxxv
- વંદિતુનું યોગમુદ્રા xxxvi

ચૈત્યવંદન વિધિસહિત ૧

ગુરુવંદન વિધિસહિત ૧૪

સંવત્સરી પ્રતિક્રમણ વિધિસહિત ૧૬

સામાયિક લેવાની વિધિ ૩૦

સાંજના પચ્ચક્ખાણ ૩૬

સકલાર્હત સ્તવન ૪૦

સ્નાતસ્યાની થોય ૫૩,૫૭,૬૧,૬૫

અતિચારની ગાથા ૭૩

સાત લાખ ૮૪

અઢાર પાપસ્થાનક ૮૫

વંદિતુ ૮૯,૧૩૮,૧૫૬

સંવત્સરી અતિચાર ૧૧૩

અજિતશાંતિ સ્તવન ૨૨૨

બૃહત્શાંતિ (મોટી શાંતિ) ૨૫૦

શ્રી સંતિકરં સ્તોત્ર ૨૬૦

સામાયિક પારવાની વિધિ ૨૬૪

પચ્ચક્ખાણ ૨૮૧

સંદર્ભ ગ્રંથોની સૂચિ ૩૧૦

પ્રતિક્રમણ વિવેચન

પ્રતિ = પાછુ અને ક્રમણ = હઠવું. પાપથી પાછા હઠવાની ક્રિયાને પ્રતિક્રમણ કહેવાય છે. આ ક્રિયા અવશ્ય કરવાની છે તેવી જ્ઞાની ભગવંતોની આજ્ઞા છે. તેથી સમસ્ત સંઘ-સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા પ્રત્યેકે આ ક્રિયા કરવી જોઈએ. અવશ્ય કરવાની ક્રિયા એટલે આવશ્યક. જ્ઞાનાદિ ગુણોને અને મોક્ષને સમસ્ત પ્રકારે વશ કરે તે આવશ્યક.

જે વ્યવ્હાર દશામાં રહેલા છે, જેમનું મન આત્મભાવમાં સ્થિર નથી થતું અને વારંવાર વિષયોમાં ચાલી જતાં મનને કાબુમાં રાખવાનું સાધન એટલે આવશ્યકાદિ ક્રિયાઓ. માટે આ આવશ્યક ક્રિયાઓ રોજ કરવી જ જોઈએ. રોજે રોજ બંધાતા પાપોનું પ્રાયશ્ચિત પણ રોજે રોજ જ કરવું જોઈએ. પાપ ન થાય એ પ્રતિક્રમણનો મુખ્ય ઉદ્દેશ છે, પણ તે સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નિરંતર લાગતા દોષોની શુદ્ધિ કરવી, પશ્ચાતાપ કરવો તે જ સાચું પ્રતિક્રમણ છે. ભૂતકાળની ભૂલોનો પશ્ચાતાપ કરવો, વર્તમાનમાં પાપથી વિમુખ રહેવું અને ભવિષ્યમાં પાપ નહીં કરવાનો સંકલ્પ કરવો તે પ્રતિક્રમણ.

રાત્રિ દરમ્યાન થયેલા પાપોની શુદ્ધિ માટે કરાતું **'રાઈ પ્રતિક્રમણ'** રોજ સવારે કરવું જોઈએ.

દિવસ દરમ્યાન કરેલા પાપોની શુદ્ધિ **'દેવસિય પ્રતિક્રમણ'** દ્વારા થાય છે. આ પ્રતિક્રમણ રોજ સાંજે કરવામાં આવે છે.

દર પંદર દિવસે આત્માની વિશેષ શુદ્ધિ માટે કરાતુ સાંધ્ય પ્રતિક્રમણ તે **'પક્ખી પ્રતિક્રમણ'** દરેક મહિનાની સુદ અને વદ ચૌદસના આ પ્રતિક્રમણ થાય છે.

દર ચાર મહિનામાં જાણતાં અજાણતાં જે પાપકર્મો બંધાયા હોય તેનાથી વિશેષ મુક્તિ મેળવવા માટે **'ચઉમાસી પ્રતિક્રમણ'** કરવાનું છે.

'સાંવત્સરિક પ્રતિક્રમણ' આખા વર્ષનાં જે પાપ કર્મો જાણતાં અજાણતાં થયા હોય એના પ્રાયશ્ચિત માટે આ પ્રતિક્રમણ થાય છે. આ પ્રતિક્રમણ દ્વારા જગતનાં સર્વ જીવોને ખમાવવામાં આવે છે અને એમ કરીને આત્મા પોતાના પાપકર્મોને ખેરવી નાખે છે.

પ્રતિક્રમણની છ આવશ્યક ક્રિયાઓ

પ્રતિક્રમણની ક્રિયામાં છ આવશ્યકનો સમાવેશ થાય છે.
૧- સામાયિક ૨- ચઉવિસત્થો ૩- વાંદણા ૪- પડિક્કમણું ૫- કાઉસ્સગ્ગ અને ૬- પચ્ચક્ખાણ.

૧) **સામાયિક** - બે ઘડીનાં (૪૮ મિનિટ) જેટલું, ચારિત્ર પાળતાં હોય તેવા સાધુસમ જીવન, સાવદ્યયોગ-પાપોની પ્રવૃત્તિને અટકાવતું અને ચિત્ત તથા મનને સ્વસ્થ અને નિર્મળ રાખવાની શ્રેષ્ઠ તક આપતું આવશ્યક.

૨) **ચઉવિસત્થો** - લોગસ્સ એટલે જ ચઉવિસત્થો અથવા ચતુર્વિંશતિ. લોગસ્સથી ચોવીસે તીર્થંકરોની નામપૂર્વક સ્તવના- જેનો પ્રભાવ બાહ્ય અને અભ્યંતર સુખ, શાંતિ અને આરોગ્યને આપવા સાથે જીવને મુક્તિ સુધી પહોંચાડી દે છે.

૩) **વાંદણા** - ગુરૂ એટલે ધર્મના જાણકાર, ધર્માચરણનું પાલન કરનાર, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિ મહાવ્રતોનું અને ત્યાગ માર્ગનું પાલન કરનાર. આવા ગુરૂનું બહુમાનપૂર્વક વંદન કરવું તે સાધકનું કર્તવ્ય છે. આ કર્તવ્યનું સુગુરૂ વંદન-વાંદણા દ્વારા પાલન કરવાનું છે.

૪) **પડિક્કમણું** - પાપથી પાછા હઠવાની ક્રિયા દર્શાવતા સૂત્રો દ્વારા ક્ષણે ક્ષણે મન, વચન કાયાથી થતાં પાપ-દોષોની આલોચના કરવી, તેની ક્ષમા માંગવી તે જ પ્રતિક્રમણ છે.

૫) **કાઉસ્સગ્ગ** - કાઉસ્સગ્ગ દરમિયાન શરીરની શુશ્રૃષાનો સર્વથા ત્યાગ, કાયાનું કષ્ટ સહન કરવાનું, મૌન અને ધ્યાન દ્વારા વાણી અને મનથી મલિન વૃત્તિઓનો ત્યાગ કરવાનો છે.

૬) **પચ્ચક્ખાણ** - જીવનને સંયમી બનાવવા, વિવિધ કુટેવોથી બચવા, સદાચરણમાં પ્રવૃત્ત રહેવા અને પાપાસ્રવથી અટકવા પચ્ચક્ખાણ એટલે નિયમોનું ગ્રહણ કરવું.

પ્રતિક્રમણમાં ઉપયોગી ઉપકરણોનાં ચિત્રો



સ્થાપનાચાર્યજી



ખુલ્લી મુહપત્તિ



કટાસણું

ચરવળો

પ્રતિક્રમણમાં ઉપયોગી ઉપકરણો અને વિવેચન

ધર્મભાવનાની વૃદ્ધિ કરે તેવા સાધનોને ઉપકરણ કહેવાય.

૧) **સ્થાપનાચાર્યજી** - પ્રતિક્રમણ ગુરૂસાક્ષીએ કરવું જોઈએ. જો ગુરૂની અનુકૂળતા ન હોય તો, નવકાર અને પંચિંદિય સૂત્ર હોય તેવું પુસ્તક, ગુરૂસ્થાને સ્થાપી, સામાયિક-પ્રતિક્રમણની ક્રિયા કરવી જોઈએ.

૨) **કટાસણું** - દોઢ હાથ જેટલું સમચોરસ માપનું, કાણાં વગરનું , સફેદ ઉનનું હોવું જોઈએ. કટાસણું સૂક્ષ્મ જીવોની રક્ષા થઈ શકે તે માટે અખંડ રાખવાનું છે. સામાયિક કરતાં શરીરમાં એક ઉર્જાનો પ્રવાહ જન્મે છે, તે ઉનનું કટાસણું હોય તો જમીનમાં ઉતરી જતો અટકીને શરીરને ઉર્જામય રાખે છે.

૩) **મુહપત્તિ -** મુહપત્તિ સુતરાઉ કાપડની, સામાન્યરીતે એક વેંત અને ચાર આંગળીની હોય છે. મુહપત્તિની ત્રણ કોર ખુલ્લી અને એક કોર બાંધેલી હોવી જોઈએ. કારણ સંસારની ચાર ગતિ નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ આમાં આત્માનો છૂટકારો કરવા માટે એક જ ગતિ મનુષ્ય ગતિ જ સમર્થ છે તે દર્શાવ્યું છે.મુહપત્તિ સ્વચ્છ હોવી જોઈએ. મુહપત્તિ મુખ પાસે રાખવાના બે કારણ છે. ૧- જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનો પ્રત્યે વિનય સાચવવો. બોલતાં થૂંક ન ઉડે તેનો વિવેક જાળવવો. ૨- સૂત્રો બોલતાં હવામાંના સૂક્ષ્મ જીવો મુખમાં ચાલ્યા ન જાય અને તેમની રક્ષા થાય. મુહપત્તિનું પડિલહેણ, પચાસ બોલ બોલવાપૂર્વક કરવાનું હોય છે. પુરૂષોએ પચાસ બોલ, અને સ્ત્રીઓએ ચાલીસ બોલપૂર્વક મુહપત્તિનું પડિલેહણ કરવાનું હોય છે.

૪) **ચરવળો** - સામાયિકમાં ઉઠતાં-બેસતા, ભૂમિની પ્રમાર્જના કરવા માટે વપરાય છે. ચરવળો ૩૨ આંગળ જેટલો હોય છે. તેમાં ચોવીસ આંગળની દાંડી (આત્મા ૨૪ દંડકથી દંડાય છે) અને આઠ આંગળની દશીઓ (આત્માને આઠ પ્રકારના કર્મબંધથી મુક્ત કરવા) એવું દર્શાવવામાં આવેલ છે. ચરવળાની દાંડી લાકડાની જ હોવી જોઈએ. ચોરસ દાંડી સ્ત્રીઓ માટે વપરાય છે. ગોળ દાંડી પુરૂષોએ વાપરવાની હોય છે. ચરવળા વિના ક્રિયામાં ઉભા થવાય નહીં તેમ જ સ્થાન ફેર પણ ન કરાય.

ખમાસમણું કેમ દેવું ?
પંચાંગ પ્રણિપાત રૂપ ખમાસમણ મુદ્રા

પ્રથમ સ્થિતિ. (પ્રારંભ) દ્વિતીય સ્થિતિ. (અંત)

પંચાંગ = બે હાથ બે પગ અને મસ્તક - તે વડે પ્રણિપાત = નમસ્કાર

ખમાસમણું કેમ દેવું તે

આપણી તમામ ક્રિયાઓમાં ખમાસમણું આવવાનું જ. બીજું ચિત્ર બરાબર જુઓ, અને તમે જે રીતે ખમાસમણું દો છો તેની સાથે સરખાવો અને ખામી હોય તો દૂર કરો.

કાઉસ્સગ્ગ કેમ કરવો ?

(બેઠા બેઠા 'કાયોત્સર્ગ'ની મુદ્રા)
અન્નત્થ સૂત્રમાં 'અપ્પાણં વોસિરામિ' પછી
કાઉસ્સગ્ગમાં બેસવાની મુદ્રા



(ઉભા ઉભા કાયોત્સર્ગની મુદ્રા)
અન્નત્થ સૂત્રમાં 'અપ્પાણં વોસિરામિ' પછી
કાઉસ્સગ્ગમાં ઉભા રહેવાની જિનમુદ્રા

કાઉસ્સગ્ગ કેમ કરવો તેની મુદ્રા

બેઠા બેઠા કાઉસ્સગ્ગ કરનારે હાથ કેમ રાખવા, ચરવળો કેમ રાખવો તે, ઊભા ઊભા કાઉસ્સગ્ગ કરનારે બે પગનાં આગલા ભાગ વચ્ચે કેટલું અંતર રાખવું તે, મુહપત્તિ અને ચરવળો કયા હાથમાં રાખવો, હાથ જંઘાની પાસે કેમ રાખવા અને ધ્યાનને લગતી મુખમુદ્રા કેમ રાખવી તે આ ચિત્રથી સમજાશે.

મુહપત્તિની પડિલેહણા

૨૫ બોલ મુહપત્તિની પડિલેહણા, ૨૫ બોલ શરીરની પડિલેહણા

સૂચના : ચરવળાવાળાને જ ઉભડક બેસીને પડિલેહણ કરવાનો અધિકાર છે. ન હોય તો બેસીને પડિલેહણ કરવી.

મુહપત્તિ પડિલહેણાના ૨૫ બોલ.

૧.

દૃષ્ટિપડિલેહણા

૧. ઉભડક બેસો,
૨. બંને હાથ બંને પગની અંદર રાખો,
૩. મુહપત્તિને ખોલો,
૪. પછી અવલોકન કરો તે સાથે **'સૂત્ર'** બોલને મનમાં બોલો.

૨.



દૃષ્ટિપડિલેહણા

હવે મુહપત્તિને બીજી બાજુએ ફેરવી, પ્રમાર્જના કરવાની સાથે **'અર્થ તત્ત્વ કરી સદ્દહું'** બોલો.

૩.

દૃષ્ટિપડિલેહણા

‘સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું.’

આ બોલ બોલીને મુહપત્તિના એક છેડાને ત્રણવાર ખંખેરવો.
(૩-ઉર્ધ્વ પપ્ફોડા)

૪.



દૃષ્ટિપડિલેહણા

‘કામ રાગ, સ્નેહ રાગ, દૃષ્ટિ રાગ પરિહરું.’

આ બોલ બોલીને મુહપત્તિના બીજા છેડાને ત્રણવાર ખંખેરવો.
(૩-ઉર્ધ્વ પપ્ફોડા)

૫.



દૃષ્ટિપડિલેહણા

પછી ચિત્ર મુજબ મુહપત્તિને ડાબા કાંડા પર નાખી, વચલી ઘડી પકડી, બેવડી કરો.

(અહીંથી મુહપત્તિને સંકેલવાનું શરૂ થાય છે)

મુહપત્તિને ચિત્રમાં બતાવ્યા મુજબ
આંગળીઓમાં ભરાવો. પછી આંગળાથી
કાંડા (પક્ખોડા) તરફ અને ફરી કાંડાથી
આંગળા તરફ (અક્ખોડા) મુહપત્તી વડે
ત્રણ ત્રણ વાર પ્રમાર્જના કરો,
સાથે નીચેના બોલ બોલો –

૬.



‘સુદેવ, સુગુરૂ, સુધર્મ, આદરું’ – પક્ખોડા
‘કુદેવ, કુગુરૂ, કુધર્મ પરિહરું’, – અક્ખોડા

‘જ્ઞાન, દર્શન, ચારિત્ર, આદરું ’, – પક્ખોડા
‘જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના,
‘ચારિત્ર વિરાધના પરિહરું,’ – અક્ખોડા

‘મનો ગુપ્તિ, વચન ગુપ્તિ,
કાય ગુપ્તિ, આદરું’ – પક્ખોડા
‘મનદંડ, વચન દંડ, કાયદંડ
પરિહરું.’ – અક્ખોડા

પછી ડાબા હાથના પૃષ્ઠભાગે મુહપત્તિ
(છઠ્ઠા ચિત્ર મુજબ) ફેરવતાં
(પક્ખોડા = ૩ ટપ્પે મુહપત્તિને આંગળાના
ટેરવાથી કાંડા તરફ લઈ જવું.
અક્ખોડા = મુહપત્તિને સળંગ કાંડાથી
આંગળીના ટેરવા તરફ ઘસડીને લઈ જવી.)

૭.



પછી જમણા હાથમાં મુહપત્તિ ભરાવીને
ડાબા હાથના પૃષ્ઠભાગે ફેરવતાં
‘હાસ્ય, રતિ, અરતિ પરિહરું’ બોલો.

૮.



પછી ડાબા હાથમાં મુહપત્તિ ભરાવીને
જમણા હાથના પૃષ્ઠભાગે ફેરવતાં
‘ભય, શોક, જુગુપ્સા પરિહરું’ બોલો.

શરીરની પડિલેહણના ૨૫ બોલ

૯.



મસ્તક

પછી મુહપત્તિના બે છેડાને બે હાથથી પકડીને મસ્તકની વચ્ચોવચ્ચ અને તેની જમણી-ડાબી બાજુએ પડિલેહણા કરતાં અનુક્રમે –

'કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, પરિહરું,' બોલો.
(સ્ત્રીઓએ નથી બોલવાનું)

૧૦.



મુખ

પછી મુખની અને તેની જમણી-ડાબી બાજુ પ્રમાર્જના કરતાં –

'રસગારવ, રિદ્ધિગારવ, સાતાગારવ પરિહરું.' બોલો.

૧૧.

છાતી

પછી છાતીની વચ્ચે અને જમણી-ડાબી બાજુએ પડિલેહણા કરતાં –

'માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું.'
આ બોલને મનમાં બોલો.
(સ્ત્રીઓએ નથી બોલવાનું)

૧૨.



જમણો ખભો

તે પછી મનમાં નીચેના બોલ બોલવા પૂર્વક જમણા ખભાની પડિલેહણા કરો – **'ક્રોધ, માન, પરિહરું'**,

(સ્ત્રીઓએ નથી બોલવાનું)

૧૩.

ડાબો ખભો

ડાબા ખભાની પડિલેહણા કરતાં – **'માયા, લોભ પરિહરું'**, બોલો.

(સ્ત્રીઓએ નથી બોલવાનું)

૧૪.

જમણો પગ

ચરવળાથી અથવા મુહપત્તિથી
જમણા પગની (૩ વાર) પ્રમાર્જના
કરતાં **'પૃથ્વી કાય, અપ્કાય, તેઉકાયની
જયણા કરું,'** બોલો

૧૫.

ડાબો પગ

અને ડાબા પગની (૩ વાર)
પ્રમાર્જના કરતાં
**'વાયુકાય, વનસ્પતિકાય,
ત્રસકાયની રક્ષા કરું'** બોલો.

સ્ત્રીઓનું માથું,હૃદય અને ખભા
વસ્ત્રોથી હંમેશા ઢંકાયેલા હોય છે
તેથી શ્રાવિકાઓને ૯,૧૧,૧૨,
૧૩ નંબરની પડિલેહણા હોતી નથી.

મુહપત્તિની પડિલેહણાનું વિવેચન અને વિધિ અંગેનું માર્ગદર્શન

વૃદ્ધ સંપ્રદાય મુજબ આ 'બોલ' મનમાં બોલવાના હોય છે. અને તેનો અર્થ વિચારવાનો હોય છે. તેમાં 'ઉપાદેય' અને 'હેય' વસ્તુઓનો વિવેક અત્યંત ખૂબી પૂર્વક કરવામાં આવ્યો છે. દાખલા તરીકે પ્રવચન એ તીર્થ હોઈને પ્રથમ તેના અંગરૂપ **'સૂત્રની અને અર્થની તત્ત્વ વડે શ્રદ્ધા કરવાની છે'** એટલે કે સૂત્ર અને અર્થ ઉભયને તત્ત્વરૂપ-સત્યરૂપ સ્વીકારીને તેમાં શ્રદ્ધા રાખવાની છે. અને તે શ્રદ્ધામાં અંતરાયરૂપ સમ્યક્ત્વમોહનીય આદિ કર્મો હોવાથી તેને પરિહરવાની ભાવના કરવાની છે.

મોહનીય કર્મમાં પણ રાગને ખાસ પરિહરવા જેવો છે. તેમાં પ્રથમ કામરાગને, પછી સ્નેહરાગને અને છેલ્લે દૃષ્ટિરાગને છોડવાનો છે. કારણકે એ રાગ છૂટ્યા વિના સુદેવ, સુગુરૂ અને સુધર્મની મહત્તા વિચારી તેમને જ આદરવાની ભાવના કરવાની છે. તેથી કુદેવ, કુગુરૂ અને કુધર્મને પરિહરવાનો દઢ સંકલ્પ કરવાનો છે, જો આટલું થાય તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર ને આદરવાનું છે. કે જેનું અપરનામ **'સામાયિક'** છે તેની સાધના યથાર્થ થઈ શકે છે. આવી આરાધના કરવા માટે **જ્ઞાન વિરાધના**, **દર્શન વિરાધના, અને ચારિત્ર વિરાધના** ને પરિહરવાની જરૂર છે.

ટૂંકમાં **મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ આદરવા** યોગ્ય છે. એટલે ઉપાદેય છે અને **મનદંડ, વચનદંડ અને કાયદંડ પરિહરવા** યોગ્ય છે એટલે હેય છે. આ રીતે 'ઉપાદેય' અને 'હેય' અંગે ભાવ્યા પછી જે વસ્તુઓ ખાસ પરિહરવા જેવી છે તથા જેના અંગે યતના કરવાની ખાસ જરૂર છે, તેનો વિચાર દેહની પડિલેહણા પ્રસંગે કરવાનો છે. તે આ રીતે :-

'હાસ્ય, રતિ, અરતિ, પરિહરું'

વળી **'ભય, શોક, જુગુપ્સા પરિહરું'** એટલે જે હાસ્યાદિ ષટ્ક (છ) (ચારિત્રમોહનીય) કષાયથી ઉદ્ભવે છે. તેનો ત્યાગ કરવાથી મારું ચારિત્ર સર્વાંશે (સંપૂર્ણતયા) નિર્મળ થાય.

'કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા પરિહરું' કારણ એ ત્રણે લેશ્યાઓમાં અશુભ અધ્યવસાયોની પ્રધાનતા છે અને તેનું ફળ આધ્યાત્મિક પતન છે, માટે પરિહરું છું.'

'રસગારવ, ઋદ્ધિગારવ અને સાતાગારવ પરિહરું' કારણકે એનું ફલ પણ સાધનામાં વિક્ષેપ અને આધ્યાત્મિક પતન છે, માટે પરિહરું છું. તેની સાથે **'માયાશલ્ય, નિયાણશલ્ય અને મિથ્યાત્વશલ્ય પરિહરું'** કારણકે તે ધર્મકરણીનાં અમૂલ્ય ફળનો નાશ કરનાર છે. આ બધાનો ઉપસંહાર કરતાં હું એવી ભાવના રાખું છું કે **'ક્રોધ અને માન તથા માયા અને લોભ પરિહરું'** કે જે અનુક્રમે રાગ અને દ્વેષના સ્વરૂપો છે.

સામાયિકની સાધનાને સફલ બનાવનારી જે મૈત્રી ભાવના છે. તેનો હું બને તેટલો અમલ કરીને **'પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, તથા ત્રસકાય'** એ છએ કાયના જીવોની યતના કરું. જો આટલું કરું તો આ મુહપત્તિ રૂપી સાધુતાનું જે પ્રતીક મેં હાથમાં લીધું છે, તે સફલ થયું ગણાશે.

મુહપત્તિ પડિલેહણ કરતી વખતે મનમાં બોલવા-વિચારવા યોગ્ય **૨૫ બોલ**

ગુરૂવંદન કરનાર પ્રથમ સંડાસાપૂર્વક ખમાસમણ દઈ ગુરૂની આજ્ઞા માંગી મુહપત્તિ પડિલહેણ ઉત્કટિક આસને (બન્ને પગના પંજાના આધારે ઉભડક બેસવું) નીચે બેસી બે પગની વચ્ચે બે હાથ રાખીને કરવું જોઈએ.

તેમાં મુહપત્તિના ૨૫ બોલ = (૧) દષ્ટિ પડિલેહણા + (૬) ઉર્ધ્વ પપ્ફોડા (પુરિમ) + (૯) અક્ખોડા + (૯) પક્ખોડા = ૨૫

(૧)દષ્ટિપડિલેહણા : મુહપત્તીનાં પડ ઉખેડી દૃષ્ટિ સન્મુખ તીર્છી વિસ્તારીને, દષ્ટિ સન્મુખ રહેલું પાસું, દષ્ટિથી બરાબર તપાસવું. તેમાં જો કોઈ જીવ જંતુ દેખાય તો તેને જયણા પૂર્વક યોગ્ય સ્થાને મૂકવાં. પછી બોલ મનમાં બોલવાના છે અને તેનો અર્થ વિચારવાનો છે.)

૧) **સૂત્ર,** - ચિત્ર નં-૧

(આ વખતે મુહપત્તિની એક બાજુની પ્રતિલેખના થાય છે. એટલે કે તેની એ બાજુનું બરાબર નિરીક્ષણ કરવામાં આવે છે)

૨) ત્યારબાદ મુહપત્તિનો બે હાથે પકડેલો ઉપલો ભાગ ડાબા હાથ ઉપર (જમણા હાથ વડે) નાખીને, બીજું પાસું એવી રીતે બદલી નાંખવું કે

પ્રથમ ડાબા હાથમા પકડેલો = દાબેલો ખૂણો જમણા હાથમાં આવે અને બીજું પાસું દષ્ટિ સન્મુખ થઈ જાય, ત્યારબાદ તે દષ્ટિ સન્મુખ થયેલા બીજા પાસાને પણ પહેલા પાસાની જેમ દષ્ટિથી તપાસવું. એ પ્રમાણે મુહપત્તિનાં બે પાસાં દષ્ટિથી તપાસવાં તે **'દષ્ટિપડિલેહણા'** જાણવી. તે વખતે મનમાં બોલવું કે....**અર્થ, તત્ત્વ કરી સદ્દહું.** ચિત્ર નં-૨

સૂત્ર તથા અર્થ ઉભયને તત્ત્વરૂપ એટલે સત્ય સ્વરૂપ સમજું છું અને તેની પ્રતીતિ કરી, તેના પર શ્રદ્ધા કરું છું. આ વખતે મુહપત્તિની બીજા બાજુની પ્રતિલેખના થાય છે.

(એટલે કે મુહપત્તિની બીજી બાજુનું બરાબર નિરીક્ષણ કરવામાં આવે છે.)

૩) ૬-ઉર્ધ્વ-પપ્ફોડા (=પુરિમ) પડિલેહણ વિધિ

૩- બીજા પાસાની દષ્ટિ પડિલેહણા કરીને તે ઉર્ધ્વ એટલે તીર્છી વિસ્તારેલી એવી મુહપત્તિનો પ્રથમ ડાબા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો અથવા નચાવવો, તે પહેલા 'ત્રણ ઉર્ધ્વ પપ્ફોડા (પુરિમ)' કહેવાય. મનમાં બોલવું કે...૨- સમ્યકત્વ મોહનીય, ૩- મિશ્ર મોહનીય, ૪- મિથ્યાત્વ મોહનીય પરિહરું. ચિત્ર નં-૩

૪) ત્યારબાદ (દષ્ટિ પડિલહેણમાં કહ્યાં પ્રમાણે) મુહપત્તિનું બીજું પાસું બદલીને અને દષ્ટિથી તપાસીને જમણા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો અથવા નચાવવો તે બીજા 'ત્રણ ઊર્ધ્વપપ્ફોડા (પુરિમ) કહેવાય, તે વખતે મનમાં બોલવું કે...૫- કામરાગ, ૬- સ્નેહરાગ, ૭- દૃષ્ટિરાગ પરિહરું. ચિત્ર નં-૪

(ત્રણે પ્રકારના રાગ ખંખેરી નાખવા જેવા છે. એટલે મુહપત્તિને અહીં ત્રણ વાર ખંખેરવામાં આવે છે.)

આ પ્રમાણે પહેલા ત્રણ અને બીજા ત્રણ એમ કુલ મળીને છ ઊર્ધ્વપપ્ફોડા (પુરિમ=પ્રસ્ફોટક) કહેવાય.

૫) મુહપત્તિનો મધ્યભાગ ડાબા હાથ પર નાંખી, વચલી ઘડી પકડી બેવડી કરો. (અહીંથી મુહપત્તિને સંકેલવાનું શરૂ થાય છે.) ચિત્ર નં-૫

(૯) અક્ખોડા અને (૯) પક્ખોડા પડિલેહણ વિધિ

(૯) અક્ખોડા પછી મધ્યભાગનો છેડો જમણા હાથે એવી રીતે ખેંચી લેવો કે જેથી બરાબર બે પડની ઘડી વળી જાય. અને (તે બે પડવાળી થયેલી મુહપત્તિ) દષ્ટિ સન્મુખ આવી જાય. ત્યારબાદ તરત તેના ત્રણ વધૂટક કરીને જમણા હાથની ચાર અંગુલીઓના ત્રણ આંતરામાં ભરાવવા-દાબવા અને તેવી રીતે ત્રણ વધૂટક કરેલી મુહપત્તિને ડાબા હાથની હથેળી ઉપર હથેલીને ન અડે-ન સ્પર્શે તેવી રીતે પ્રથમ ત્રણવાર કાંડા સુધી લઈ જવી અને એ પ્રમાણે ત્રણ વખત વચ્ચે વચ્ચે આગળ કહેવાતા પક્ખોડા કરવા પૂર્વક ત્રણ ત્રણ વાર અંદર લેવી તે ૯ અક્ખોડા અથવા ૯ આખોટક અથવા ૯ આસ્ફોટક કહેવાય.

(તેમાં ગ્રહણ કરવાનું હોવાથી ખંખેરવાનું નથી.)

(૯) પક્ખોડા (પ્રમાર્જના) : ઉપર કહ્યા પ્રમાણે પહેલી વાર કાંડા તરફ ચઢતાં ત્રણ અક્ખોડા કરીને નીચે ઉતરતી વખતે હથેલીને મુહપત્તિ અડે = સ્પર્શે એવી રીતે (મુહપત્તિ વડે) ત્રણ ઘસરકા ડાબી હથેલીને કરવા-તે પહેલી ૩ પ્રમાર્જના ત્યારબાદ (કાંડા તરફ ચડતા ૩ અક્ખોડા કરી) બીજા વાર ઊતરતાં ૩ પ્રમાર્જના અને એજ પ્રમાણે (વચ્ચે ૩ અક્ખોડા કરી) પુનઃ ત્રીજા વખત ૩ પ્રમાર્જના કરવી, તે ૯ પ્રમાર્જના અથવા ૯ પક્ખોડા અથવા ૯ પ્રસ્ફોટક કહેવાય.

(ઉપર કહેલા ૬ પ્રસ્ફોટક તે આથી જુદા જાણવા, કારણ કે ૬ ઊર્ધ્વ પપ્ફોડા અથવા ૬ પુરિમ કહેવાય છે, પરંતુ પ્રસિદ્ધિમાં ૯ પક્ખોડા ગણાય છે, તો તે આ ૯ પ્રમાર્જનાનું નામ છે.)

એ ૯ અક્ખોડા અને ૯ પક્ખોડા તિગ તિગ અંતરિયા એટલે પરસ્પર ત્રણ ત્રણને આંતરે થાય છે, તે આ પ્રમાણે-પ્રથમ હથેલીએ ચઢતાં ૩ પક્ખોડા કરવા, ત્યારબાદ હથેલી ઉપરથી ઊતરતાં ૩ અક્ખોડા કરવા, ત્યારબાદ પુનઃ ૩ પક્ખોડા, પુનઃ ૩ અક્ખોડા, પુનઃ ૩ પક્ખોડા, પુનઃ ૩ અક્ખોડા, એ અનુક્રમે ૯ પક્ખોડા, અને ૯ અક્ખોડા પરસ્પર અંતરિત ગણાય છે. અથવા પક્ખોડાના આંતરે અક્ખોડા એમ પણ ગણાય છે.

૮-સુદેવ ૯-સુગુરૂ ૧૦-સુધર્મ આદરું.

૬) સુદેવ, સુગુરૂ વિષેની શ્રદ્ધા આપણામાં દાખલ થાય તેવી ઈચ્છા છે. તેથી મુહપત્તીને આંગળીઓના અગ્રભાગથી અંદર તરફ લાવવાની ક્રિયા કરવામાં આવે છે. તેમાં પહેલા ટપ્પે મુહપત્તી લગભગ આંગળીના અગ્રભાગે રાખવી અને તે વખતે 'સુદેવ' બોલવું પછી બીજા ટપ્પે મુહપત્તિને હથેલીના મધ્યભાગ સુધી લાવવી અને તે વખતે 'સુગુરુ' બોલવું અને ત્રીજા ટપ્પે મુહપત્તિને હાથના કાંડા સુધી લાવવી અને તે વખતે 'સુધર્મ' બોલવું. તેથી આગળ કોણી સુધી પહોંચતાં 'આદરૂં' એટલા શબ્દો બોલવા **મુહપત્તિ હાથને સ્પર્શવી ન જોઈએ.** ચિત્ર નં-૬

૭) હવે ઉપરની રીતથી ઉલટી રીતે મુહપત્તિને કાંડાથી આંગળીના ટેરવા સુધી ઘસીને લઈ જાઓ તે વખતે ઝાટકીને કાંઈ કાઢી નાંખતા હોઈએ, તેમ ઘસીને મુહપત્તિ લઈ જવી અને મનમાં બોલવું કે.
૧૧-કુદેવ, ૧૨-કુગુરૂ, ૧૩-કુધર્મ પરિહરું.
(આ એક જાતની પ્રમાર્જન વિધિ થઈ, તેથી તેની ક્રિયા પણ તેવી જ રાખવામાં આવી છે.) ચિત્ર નં - ૬

૮) હવે મુહપત્તિ ત્રણ ટપ્પે આંગળીના અગ્રભાગેથી હથેલીના કાંડા સુધી મુહપત્તિ સહેજ અદ્ધર રાખી અંદર લેવી અને બોલો કે....૧૪-જ્ઞાન, ૧૫-દર્શન, ૧૬-ચારિત્ર આદરું. ચિત્ર નં - ૬
(આ ત્રણ વસ્તુઓ આપણી અંદર આવે તે માટે એનો વ્યાપક-ન્યાસ કરવામાં આવે છે.)

૯) હવે ઉપરથી ઉલટી રીતે હથેલીના કાંડાથી હાથની આંગળી સુધી મુહપત્તિ ઘસીને લઈ જવી અને બોલવું કે...૧૭- જ્ઞાન-વિરાધના, ૧૮-દર્શન-વિરાધના, ૧૯-ચારિત્ર-વિરાધના પરિહરું. ચિત્ર નં - ૬
(આ ત્રણ વસ્તુઓ બહાર કાઢવાની છે, માટે તેનું ઘસીને પ્રમાર્જન કરવામાં આવે છે.)

૨૦-મનગુપ્તિ, ૨૧-વચનગુપ્તિ, ૨૨-કાયગુપ્તિ આદરું.
(આ ત્રણ વસ્તુઓ આપણી અંદર આવે તે માટે એનો વ્યાપક ન્યાસ કરવામાં આાવે છે)

૧૦) હવે મુહપત્તિને હથેલીના કાંડાથી હાથની આંગળી સુધી ઘસીને લઈ જવી અને બોલવું કે...૨૩-મનદંડ ૨૪-વચનદંડ, ૨૫-કાયદંડ પરિહરું.
(આ ત્રણ વસ્તુઓ બહાર કાઢવાની છે, માટે તેનું પ્રમાર્જન કરવામાં આવે છે.) ચિત્ર નં - ૬

શરીર પડિલેહતી વખતે વિચારવાના ૨૫ બોલ

(આ બોલ વખતે અભ્યંતર પ્રમાર્જન કરવાનું હોવાથી બધી વખતે પ્રમાર્જનથી ક્રિયા કરવામાં આવે છે.)

૧) હવે આંગળામાં (આંતરામાં) ભરાવેલી મુહપત્તિથી ડાબાહાથની ઉપર બંને બાજુ અને નીચે એમ ત્રણ જગ્યાએ પ્રદક્ષિણાકારે પ્રમાર્જના કરતાં મનમાં બોલવું કે...૨૬-હાસ્ય, ૨૭-રતિ, ૨૯-અરતિ પરિહરું. ચિત્ર નં-૭

૨) એવી જ રીતે ડાબા હાથના આંગળામાં (આંતરામાં) ભરાવેલી મુહપત્તિથી જમણા હાથની ઉપર બન્ને બાજુ અને નીચે એમ ત્રણ જગ્યાએ પ્રદક્ષિણાકારે પ્રમાર્જના કરતાં મનમાં બોલવું કે....૨૯- ભય, ૩૦- શોક, ૩૧-દુર્ગંચ્છા પરિહરું. ચિત્ર નં - ૮

૩) પછી આંગલીઓમાંથી મુહપત્તિને કાઢીને, બેવડી જ રાખીને બંને હાથની આંગળીઓના આંતરામાં ગોઠવીને, મુહપત્તિનો નીચેનો ભાગ સીધો રહે તેમ રાખવો.
મુહપત્તિથી સુયોગ્ય પ્રમાર્જના થાય તેમ માથાના મધ્યભાગે (વચ્ચે) અને જમણી-ડાબી બે બાજુએ એમ ત્રણ જગ્યાએ પ્રમાર્જના કરતાં અનુક્રમે મનમાં બોલવું કે...૩૨- કૃષ્ણલેશ્યા, ૩૩-નીલલેશ્યા, ૩૪-કાપોતલેશ્યા પરિહરું. ચિત્ર નં - ૯
(આ ત્રણ બોલ સ્ત્રીઓએ નથી બોલવાના)

૪) એવી જ રીતે મુહપત્તિથી મોઢાની વચ્ચે અને જમણી-ડાબી બે બાજુએ પ્રમાર્જના કરતાં અનુક્રમે મનમાં બોલવું કે...૩૫- રસગારવ, ૩૬-ઋદ્ધિગારવ, ૩૭-સાતાગારવ પરિહરું. ચિત્ર નં - ૧૦

૫) એવી જ રીતે મુહપત્તિથી હૃદયની વચ્ચે અને જમણી-ડાબી બે બાજુએ પ્રમાર્જના કરતાં અનુક્રમે મનમાં બોલવું કે... ૩૮-માયાશલ્ય,

૩૯- નિયાણશલ્ય, ૪૦- મિથ્યાત્વશલ્ય પરિહરું. ચિત્ર નં - ૧૧ (આ ત્રણ બોલ સ્ત્રીઓએ નથી બોલવાના)

૬) એવી જ રીતે બંને હાથમાં મુહપત્તિ રાખીને જમણા ખભા પરથી ફેરવીને વાંસાનો (પીઠનો ઉપલો ભાગ) ભાગ પ્રમાર્જતાં મનમાં બોલવું કે... ૪૧- ક્રોધ, ૪૨- માન પરિહરું. ચિત્ર નં - ૧૨ (આ બે બોલ સ્ત્રીઓએ નથી બોલવાના)

૭) તે પછી એવી જ રીતે બંને હાથમાં મુહપત્તિ રાખીને ડાબા ખભા પરથી પ્રમાર્જના કરતાં મનમાં બોલવું કે... ૪૩- માયા, ૪૪- લોભ પરિહરું. ચિત્ર નં - ૧૩ (આ બે બોલ સ્ત્રીઓએ નથી બોલવાના)

(એ પ્રમાણે પીઠ + વાંસાની ૪ પ્રમાર્જના થઈ. એ ચાર પંડિલેહણાને ૨ ખભા+૨ પીઠની પડિલેહણા ગણવાનો વ્યવહાર પ્રસિદ્ધછે.)

તે પછી ચરવળા (ઓઘા) થી ડાબા પગના મધ્યભાગે (વચ્ચે) અને ડાબા-જમણા ભાગે એમ ત્રણ જગ્યાએ પ્રમાર્જના કરતાં અનુક્રમે મનમાં બોલવું કે. (પૂ. સાધુ-સાધ્વીજી ભગવંત 'રક્ષા કરું' બોલે) ૪૫- પૃથ્વીકાય, ૪૬- અપ્કાય, ૪૭- તેઉકાયની જયણા કરું. ચિત્ર નં - ૧૪ (રક્ષા કરું)

ત્યાર બાદ ચરવાળા (ઓઘા) થી જમણા પગના મધ્યભાગે (વચ્ચે) અને ડાબા-જમણા ભાગે એમ ત્રણ જગ્યાએ પ્રમાર્જના કરતાં અનુક્રમે મનમાં બોલવું કે...૪૮- વાયુકાય, ૪૯-વનસ્પતિકાય, ૫૦- ત્રસકાયની રક્ષા કરું. ચિત્ર નં - ૧૫

(મુહપત્તિ + શરીર પડિલેહણ વિશેષ સુયોગ્ય અનુભવી પાસે શીખવા પ્રયત્ન કરવો.)

દ્વાદશાવર્ત્ત વંદનનાં ૨૫ આવશ્યક તેમજ ઉપલક્ષણથી મુહપત્તિ અને શરીરની ૨૫-૨૫ પડિલેહણા મન-વચન-કાયા સ્વરૂપ ત્રણેય કરણથી ઉપયોગવાળો થઈને અને ઓછા-વધતા અંશ વગર સંપૂર્ણ રીતે પ્રયત્નપૂર્વક જે જીવાત્મા આરાધના કરે છે, તે અધિક-અધિક કર્મ નિર્જરા સાધે છે અને ઉપયોગ વગર અવિધિથી હીન-અધિક આરાધના કરનાર મુનિભગવંત પણ વિરાધક કહેવાય છે.

સ્ત્રીના શરીરની ૧૫ પડિલેહણા અંગે સમજણ

સ્ત્રીઓનું માથું, હૃદય અને ખભા વસ્ત્રથી હંમેશા ઢંકાયેલા હોય છે. તેથી માથાના ત્રણ, હૃદયના ત્રણ અને ખભાના (કાંખના પણ) ચાર- એમ કુલ ૧૦ પડિલેહણા હોતી નથી. તેથી તેઓને ફક્ત બે હાથની, ત્રણ+ત્રણ = છ, મોઢાની ૩ અને બંને પગની ત્રણ+ત્રણ = છ, એમ કુલ ૧૫ પડિલેહણા હોય છે. તેમાં સાધ્વીજી ભગવંતને પ્રતિક્રમણ કરતી વખતે માથું ખુલ્લું રાખવાનો વ્યવહાર હોવાથી માથાની ત્રણ પડિલેહણા સાથે ૧૮ પડિલેહણા હોય છે.

મુહપત્તિ અને શરીરની પડિલેહણા સુયોગ્ય રીતે થાય પણ ફક્ત મુહપત્તિનો જ સ્પર્શ થાય, તેની કાળજી રાખીને ઉપયોગપૂર્વક ક્રિયા કરવી જોઈએ.

સુગુરૂ વંદના અને વિવેચન

૧.

અવનતમુદ્રા
(પ્રારંભનું શીર્ષનમન)

'ઇચ્છામિ ખમાસમણો... નિસીહિ' બોલતી વખતે અર્ધ શીર્ષનમન.

સૂચના : પ્રતિક્રમણમાં ઊભા ઊભા કરવાની ક્રિયા ઊભા ઊભા જ કરવાની હોય છે, પણ આજની પરિસ્થિતિ એવી કમનસીબી ભરી છે કે સેંકડોમાં, એંસી થી નેવું ટકા લોકો ઊભા થવા માટેના સીગ્નલ જેવો ચરવળો સાથે લાવતા નથી. એટલે બેઠા બેઠા બધું કરે છે.
અહીંયા ઊભા ઊભા વાંદણા શરૂ કરો ત્યારે પ્રારંભમાં આ મુદ્રા કરવાની છે.

સુગુરુ વંદન પ્રસંગના ૬ આવર્તો

૨.

યથાજાતમુદ્રા

વાંદણા વખતે મુહપત્તિ, બે હાથ અને ચરવળો ક્યાં અને
કેવી રીતે રાખવા તે ચિત્રમાં જુઓ.

'અ' બોલની વખતે બે હાથ ક્યાં મૂકવા અને **'હો'** બોલતી વખતે ક્યાં મૂકવા, બીજા અક્ષરો શરીરના ક્યા સ્થાન પાસે બોલવા તે તથા યથાજાત મુદ્રા સૂચિત શીર્ષનમન વગેરે કેમ કરવું તે અહીંથી શરૂ થતા ચિત્રોમાં બનાવ્યું છે.

સુગુરૂ વંદન પ્રસંગના ૬ આવર્તો



યથાજાતમુદ્રા

સુગુરૂવંદન

૬.



શિરોનમન મુદ્રા

- 'કાય સંફાસ' કહેતા મસ્તકથી ગુરૂચરણે- ચરવળા/મુહપત્તિ પર શિરોનમન કરવું.
- 'ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઈક્કમં' બોલતા ફરી વખત શિરોનમન કરવું.

સુગુરૂ વંદન વિવેચન

ગુરૂને વંદન કરતી વખતે આ સૂત્ર બોલાય છે, તેથી તેનું નામ 'ગુરૂવંદન સૂત્ર' પડેલું છે.

ગુરૂ-વંદનાના ત્રણ પ્રકારો છે. "૧- ફિટ્ટા-વંદન, ૨- થોભ-વંદન અને ૩- દ્વાદશાવર્ત્ત વંદન." તેમાં છેલ્લા 'દ્વાદશાવર્ત્ત વંદન' - પ્રસંગે આ સૂત્ર બોલવામાં આવે છે.

ગુરૂ-ચરણની સ્થાપનાને સ્પર્શ કરી નિજ-લલાટે સ્પર્શ કરવો, તે 'આવર્ત્ત કહેવાય. તેવા છ આવર્ત્તો એક વંદનમાં આવે છે. એટલે બે વાર વંદન કરતાં બાર આવર્ત્તો 'દ્વાદશાવર્ત્ત' વંદન થાય છે.

'ગુરૂ-વંદન'નો ખાસ અર્થ શાસ્ત્રકારોએ નીચે મુજબ કરેલો છે : - 'વંદન' એટલે વંદન યોગ્ય ધર્માચાર્યોને ૨૫ આવશ્યકોથી વિશુદ્ધ અને ૩૨ દોષોથી રહિત કરવામાં આવેલો નમસ્કાર. તેમાં ૨૫ આવશ્યકની ગણતરી તેઓ આ રીતે કરાવે છે.

"બે અવનત, યથાજાત મુદ્રા, દ્વાદશાવર્ત્ત અને કૃતિકર્મ, ચાર શિરોનમન, ત્રણ ગુપ્તિ, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણ."

બે વખતના વંદનમાં આ ક્રિયાઓ નીચે મુજબ થાય છે -

૨ 'અવનત' : ઈચ્છામિ ખમાસમણો !... નિસીહિઆએ બોલતી વખતે જે પોતાનું અર્ધું શરીર નમાવી દેવામાં આવે છે, તે પ્રથમ અર્ધાવનત- બે વારના વંદનમાં બે અર્ધાવનત થાય છે.ચિત્ર નં - ૧

૧ 'યથાજાત-મુદ્રા' : જન્મતી વખતે જેવી મુદ્રા હોય અથવા દીક્ષા યોગ આદરતી વખતે જેવી મુદ્રા ધારણ કરવામાં આવે છે, તેવી નમ્ર મુદ્રા (બે હાથ જોડી લલાટે લગાડવા રૂપ) વંદન કરતી વખતે ધારણ કરવી તે યથાજાત મુદ્રા કહેવાય છે. અને તેવી જ મુદ્રા આ વંદન પ્રસંગે કરવામાં આવે છે. તેમાં ચરવળો અને મુહપત્તિ હાથમાં રાખી, બે હાથ જોડી અધોભાગ સિવાય ખુલ્લા શરીરે મસ્તક નમાવીને ઊભા રહેવાનું હોય છે. (ખમાસમણની પહેલી સ્થિતિ)

૧૨ કૃમિકર્મ દ્વાદશાવર્ત વંદન કરતી વખતે 'અહો-કાયં-કાય રૂપ ત્રણ અને 'જત્તા ભે જવણિ, જજ્જં ચ ભે' રૂપ બીજા ત્રણ એક વખતના વંદનમાં બોલતાં ગુરૂ-ચરણે હાથનાં તળાં લગાડી પછી તે પોતાના લલાટે સ્પર્શનારૂપ કરાય ત્યારે આવર્ત્ત થાય છે. એટલે બે વારના બાર આવર્ત્ત. ચિત્ર નં - ૩,૪,૫

૪ શિરોનમન 'કાયસંફાસં' કહેતાં સ્વ મસ્તક ગુરૂ ચરણે નમાવવું તે એક શિરોનમન અને 'ખામેમિ ખમાસમણો ! દેવસિયં વઈક્કમં' બોલતી વખતે ફરી સ્વ મસ્તક નમાવવું તે બીજું શિરોનમન. બે વારનાં મળીને ચાર વાર શિરોનમન થાય છે. ચિત્ર નં - ૬

૩.ગુપ્તિ : મન, વચન અને કાયાને અન્ય વ્યાપારથી નિવર્તાવી વંદન કરતી વખતે સારી રીતે ગોપવી રાખવારૂપ ત્રણ ગુપ્તિ જાણવી.

૨ 'પ્રવેશ' 'અણુજાણહ મે મિઉગ્ગહં કહી પ્રથમ વખત વંદન કરતાં ગુરૂની અનુજ્ઞા લઈને અવગ્રહમાં પ્રવેશ કરવો, તે પહેલો પ્રવેશ અને અવગ્રહમાંથી નીકળી ગયા પછી ફરીવાર અવગ્રહમાં પ્રવેશ કરવો તે બીજો પ્રવેશ.

૧ 'નિષ્ક્રમણ' : અવગ્રહમાંથી 'આવસ્સિઆએ' પદ બોલીને બહાર નીકળવું, તે નિષ્ક્રમણ, બીજી વારની વંદનામાં આ પદ બોલવામાં આવતું નથી, એટલે નિષ્ક્રમણ એક જ વાર થાય છે.

'ગુરૂવંદન' માં "ઈચ્છા (નિવેદન); અનુજ્ઞાપન, અવ્યાબાધ (પૃચ્છા), યાત્રા(પૃચ્છા), યાપના (પૃચ્છા) અને અપરાધ-ક્ષમાપના" એ છ સ્થાન હોય છે.

૧.ઈચ્છા-નિવેદન-સ્થાન

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉ જાવણિજ્જાએ નિસીહિઆએ- હે ક્ષમાશ્રમણ ! આપને હું નિર્વિકાર અને નિષ્પાપ કાયા વડે વંદન કરવાને ઈચ્છું છું.

આ પદોથી વંદન કરવાની ઈચ્છાનું નિવેદન થાય છે તેથી તે 'ઈચ્છા નિવેદન-સ્થાન કહેવાય છે.

શિષ્યે ઈચ્છાનું નિવેદન કર્યા પછી ગુરૂ જો કામમાં હોય તો 'ત્રિવિધેન' એવા શબ્દો કહે છે અને આજ્ઞા આપવી હોય તો 'છંદેણં'- 'તમારી ઈચ્છા હોય તે પ્રમાણે કરો' એમ કહે છે.

૨.અનુજ્ઞાપન-સ્થાન

અણુજાણહ મે મિઉગ્ગહં - મને આપની સમીપ આવવાની અનુજ્ઞા આપો. મિત અવગ્રહમાં દાખલ થવું એટલે ગુરૂની મર્યાદિત ભૂમિમાં જવું.

ગુરૂ અહીં પ્રત્યુત્તર આપે છે કે - **'અણુજાણામિ'** - અનુજ્ઞા આપું છું.

નિસીહિ - સર્વ અશુભ વ્યાપારોનો ત્યાગ કરું છું.

વંદનક્રિયા ભાવ-પૂર્વક કરવી હોય તો મનને સંપૂર્ણ રીતે તેમાં જ જોડવું જોઈએ. પરંતુ તે સ્થિતિ ત્યારે જ ઉત્પન્ન થાય છે, કે જ્યારે મનને અન્ય સઘળી પ્રવૃત્તિઓમાંથી પાછું ખેંચી લેવામાં આવે. અહીં **'નિસીહિ'** શબ્દ આવી સ્થિતિને સૂચવવા અર્થે વપરાય છે.

અહોકાયં કાય-સંફાસં ખમણિજ્જો ભે ! કિલામો - હે ભગવંત ! આપના ચરણને મારી કાયાનો સ્પર્શ થતાં કિલામણ-ખેલ-તકલીફ થાય, તે સહન કરી લેશો.

'નિસીહિ' બોલ્યા પછી ત્રણ પાછળના, ત્રણ આગળના અને ત્રણ ભૂમિના એ રીતે નવ સંડાસા (સંદંશ-ઊરુ-સંધિ, જાંઘ અને ઊરુની વચ્ચેનો ભાગ)નું પ્રમાર્જન કરી શિષ્ય ગોદોહિકા-આસને એટલે ઊભડક પગે ગુરૂની સામે બેસે છે, અને રજોહરણ ગુરૂ-ચરણ આગળ મૂકી તેમાં ગુરૂ-ચરણની સ્થાપના કરે છે. પછી તે પર મુહપત્તી મૂકી એક એક અક્ષર સ્પષ્ટ સ્વરે જુદો જુદો બોલે છે. તે આ રીતે -

અ - રજોહરણને સ્પર્શ કરતાં બોલે છે.

હો - લલાટને સ્પર્શ કરતા બોલે છે.

કા - રજોહરણને સ્પર્શ કરતા બોલે છે.

યં - લલાટને સ્પર્શ કરતા બોલે છે.

કા - રજોહરણને સ્પર્શ કરતા બોલે છે.

ય - લલાટને સ્પર્શ કરતા બોલે છે. ચિત્ર નં - ૩,૪,૫

પછી ગુરૂચરણની સ્થાપના પર બે સવળા હાથ રાખી નમસ્કાર કરતા બોલે છે કે - **'સંફાસ'**. અહીં પ્રથમ નમસ્કાર થાય છે. ચિત્ર નં - ૬

પછી બે હાથ જોડી લલાટ ઉપર રાખતાં બોલે છે કે **'ખમણિજ્જો ભે ! કિલામો'** અહીં સુધીનાં પદોનો સમાવેશ અનુજ્ઞાપન-સ્થાનમાં થાય છે.

૩. અવ્યાબાધ - પૃચ્છા-સ્થાન

અપ્પકિલંતાણં બહુસુભેણ ભે દિવસો વઈક્કંતો ? – અલ્પગ્લાનિવાળા એવા આપનો દિવસ સુખપૂર્વક થયો છે ?

અંતઃકરણથી પ્રસન્નતાપૂર્વક થતા કામમાં કંટાળો જણાતો નથી, તેથી ગ્લાનિ પણ ઓછી જ લાગે છે. અહીં ગુરૂને અલ્પ ગ્લાનિવાળા કહેવાનો હેતુ, તેઓ દિનચર્યાને પ્રસન્નતાપૂર્વક અનુસરનારા છે, એમ જણાવવાનો છે. 'બહુશુભ' શબ્દ અવ્યાબાધ સ્થિતિ એટલે રોગાદિ પીડા-રહિત સ્થિતિ સૂચવવાને માટે વપરાયેલો છે. તેથી આ વાક્ય દ્વારા ગુરૂને વિનય-પૂર્વક એમ પૂછવામાં આવે છે કે આપને ગ્લાનિ તો નથી થઈ? આપ શાતામાં છો? કોઈ જાતની પીડા તો નથી ને?

ગુરૂ કહે છે કે- તેમજ છે; અર્થાત્ હું અલ્પ ગ્લાનિવાળો અને શરીરથી નિરાબાધ છું.

૪. યાત્રા-પૃચ્છા-સ્થાન

જત્તા ભે ? – આપને સંયમયાત્રા (સુખ-પૂર્વક) વર્તે છે ?

સંયમનો નિર્વાહ એ 'ભાવયાત્રા' છે, અને 'ભાવયાત્રા' છે તે જ સાચી 'યાત્રા' છે. તેથી 'યાત્રા' શબ્દથી અહીં સંયમનો નિર્વાહ સમજવાનો છે. આ બે પદના ત્રણ અક્ષરો વિશિષ્ટ રીતે બોલાય છે. તે આ રીતે:

જ – અનુદાત્ત સ્વરથી (નીચા સ્વરે) બોલાય છે. અને તે જ વખતે ગુરૂની ચરણસ્થાપનાને બે હાથે સ્પર્શ કરવામાં આવે છે.

ત્તા – સ્વરિત સ્વરે (મધ્યમ સ્વરે) બોલવામાં આવે છે અને તે વખતે ચરણ-સ્થાપના પરથી ઉઠાવી લીધેલા હાથ (રજોહરણ અને લલાટ વચ્ચે હ્રદયસ્થાને રાખવામાં) ચત્તા કરવામાં આવે છે.

ભે – ઉદાત્ત સ્વરથી (ઉંચા સ્વરે) બોલવામાં આવે છે અને તે વખતે દષ્ટિ ગુરૂ-સમક્ષ રાખી બંને હાથ લલાટે લગાડવામાં આવે છે.

સ્વરના ત્રણ ભેદો છે : 'અનુદાત્ત,સ્વરિત અને ઉદાત્ત.'

તેમાં નીચેથી બોલાય તે 'અનુદાત્ત', મધ્યમ રીતે બોલાય તે 'સ્વરિત' અને ઊંચેથી બોલાય તે 'ઉદાત્ત'

ગુરૂ આ પ્રશ્નોનો ઉત્તર આપતાં સામેથી પૂછે છે કે તને પણ 'સંયમયાત્રા' (સુખ-પૂર્વક) વર્તે છે?

આ બે પદનો સમાવેશ યાત્રા પૃચ્છા-સ્થાનમાં થાય છે.

૫.યાપના-પૃછા-સ્થાન

જવણિજ્જં ચ ભે ? - અને હે ભગવંત ! તમારાં ઈંદ્રિયો અને કષાયો વશમાં વર્તે છે?

ઈંદ્રિયો અને કષાયો ઉપઘાત-રહિત હોય, અર્થાત્ વચમાં વર્તતા હોય તે 'યાપનીય' કહેવાય છે. બાહ્ય તપના 'સંલીનતા' નામના છઠ્ઠા પ્રકારમાં ઈંદ્રિય-જય અને કષાય-જયનું ખાસ વિધાન કરેલું છે, એટલે આ પૃચ્છા એક રીતે તપ સંબંધી જ ગણાય. આ શબ્દો પણ ઉપરનાં બે પદોની જેમ વિશિષ્ટ રીતે બોલાય છે. તે આ રીતે :

જ - અનુદાત્ત સ્વરે, ચરણ-સ્થાપનાને સ્પર્શ કરતાં.

વ - સ્વરિત સ્વરે. મધ્યમાં આવતાં હાથ ચત્તા કરતાં.

ણિ - ઉદાત્ત સ્વરે. લલાટે સ્પર્શ કરતાં.

જ્જં - અનુદાત્ત સ્વરે, ચરણ-સ્થાપનાને સ્પર્શ કરતાં.

ચ - સ્વરિત સ્વરે. મધ્યમાં આવતાં હાથ ચત્તા કરતાં.

ભે - ઉદાત્ત સ્વરે. લલાટે સ્પર્શ કરતાં. ચિત્ર નં - ૩,૪,૫

ગુરૂ કહે છે કે- 'હા, એમ જ છે.'

પાંચમું 'યાપના-પૃચ્છા-સ્થાન' અહીં પૂરું થાય છે.

૬.અપરાધ-ક્ષમાપન-સ્થાન

ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઈક્કમં - હે ક્ષમાશ્રમણ ! દિવસ-દરમિયાન થયેલા અપરાધોને હું ખમાવું છું.

શિષ્યનું ક્ષમાપન સાંભળીને ગુરૂ કહે છે કે - 'હું પણ તને (દિવસ-સંબંધી પ્રમાદાદિ અપરાધો) ખમાવું છું.'

આટલો વિધિ થયા પછી શિષ્ય પાછળના ત્રણ સંડાસા (સ્થળે) પ્રમાર્જીને ઊભો થાય છે. અને કહે છે કે –

આવસ્સિઆએ – આવશ્યક કરવાના હેતુથી હું અવગ્રહની બહાર નીકળું છું. અહીં 'આવસ્સિઆએ' પદ નિષ્ક્રમણક્રિયાના નિર્દેશ પૂરતું જ મૂકેલું છે. પડિક્કમામિ – પ્રતિક્રમણ કરું છું.

ખમાસમણાણં દેવસિઆએ આસાયણાએ તિત્તીસન્નયરાએ – દિવસ-દરમિયાન આપ ક્ષમાશ્રમણની તેત્રીસમાંથી કોઈ પણ અશાતના થઈ હોય તેનું.

જં કિંચિ......સવ્વધમ્માઈક્કમણાએ – જે કાંઈ મિથ્યાપ્રકારે મન, વચન, અને કાયાની દુષ્ટ પ્રવૃત્તિને લીધે, ક્રોધ, માન, માયા અને લોભની વૃત્તિને લીધે, સર્વકાલ-સંબંધી, સર્વ મિથ્યા-ઉપચાર-સંબંધી, (માયા-કપટભર્યા આચરણોવાળી) સર્વ પ્રકારના ધર્મના અતિક્રમણ-સંબંધી.

આસાયણાએ – આશાતના વડે

જો મે અઈઆરો કઓ – મેં જે અતિચાર કર્યો હોય.

તસ્સ – તેને. અહીં દ્વિતીયાર્થે ષષ્ઠી છે.

ખમાસમણો ! – હે ક્ષમાશ્રમણ !

પડિક્કમામિ......વોસિરામિ – પ્રતિક્રમું છું. નિંદું છું, ગુરૂસાક્ષીએ ગર્હું છું અને આત્માનો તે ભાવમાંથી વ્યુત્સર્જન (ત્યાગ) કરું છું, તજું છું.

‘અબ્ભુટ્ઠિઓ’ કેવી રીતે કરવું ?

ચરવળાવાળો ‘અબ્ભુટ્ઠિઓ’ કેવી રીતે ખામે તે.

મૂળમુદ્રા

જમણો હાથ ચરવળા પર સ્થાપવાનો અને શિરોનમન

બેઠલાનું ‘અબ્ભુટ્ઠિઓ’

જમણો હાથ ચરવળા પર સ્થાપવાનો અને શિરોનમન

'જય વીયરાય' કેવી રીતે કરવું ?

૧.

'જયવીયરાય' વખતની મુદ્રા
'જયવીયરાય...થી આભવમખંડા' સુધીની મુક્તાશુક્તિ મુદ્રા

૨.

અર્ધા 'જયવીયરાય' બોલ્યા પછીની હાથની મુદ્રા
'આભવમખંડાથી' બંને હાથ લલાટથી નીચે ઉતારી, પરંતુ નાભિથી ઉપર રાખવાની વંદન મુદ્રા

પ્રતિક્રમણની મુદ્રા

૧.

ઉભા રહીને પ્રતિક્રમણ કરનારે ચિત્ર મુજબ
મુદ્રાને જાળવી ઉભા રહેવું.
પ્રતિક્રમણમાં ઊભા રહી, હાથ જોડી,
ચરવળો અને મુહપત્તિ કેમ રાખવાં તે જુઓ.

૨.



પ્રતિક્રમણમાં બેઠા હો ત્યારે
બે હાથ જોડી, એકાગ્ર ચિત્ત રાખવું.

પ્રતિક્રમણમાં કાળ વખતે માથે કામળી ઓઢીને જજો.

કાળવખતે લઘુનીતિ પેશાબ વગેરે કારણે ખુલ્લા આકાશમાં જવું પડે ત્યારે ચિત્રમાં બતાવ્યા મુજબ માથે કામળી ઓઢીને જવું.

માતરૂં-પેશાબ-લઘુ શંકાદિ કરવા જવું પડે અને તે વખતે કામળીનો કાળ થઈ ગયો હોય (મુંબઈમાં હો અને ૪ વાગી ગયા હોય) ત્યારે, અથવા વરસાદની ફર ફર હોય ત્યારે, કામળી ઓઢીને જ માતરૂં જવું જોઈએ. કામળી ભૂલી ગયા હોય તો કોઈની પાસેથી માંગી લેવી અથવા શ્રી સંઘે ઓઢવાની ધાબળી રાખવી, મુહપત્તિ કેડે ખોસવી, ચરવળો બગલમાં રાખવો, માતરૂં કર્યા પછી અચિત્ત પાણીથી હાથ ધોઈ નાંખવા.

'નમુત્થુણં'ની યોગમુદ્રા

'નમુત્થુણં' વખતે અન્ય પ્રકારે કરાતી બીજી યોગમુદ્રાઓ.



‘વંદિતુ’ની યોગમુદ્રા

વંદિત સૂત્રનું મુખ્ય આસન ‘વીરાસન’

વંદિતુ સૂત્રનું પ્રચલિત આસન

ચૈત્યવંદન વિધિસહિત

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,

મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

જતા-આવતા જીવોની વિરાધનાની માફી

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ?

'ઈચ્છં', ઈચ્છામિ પડિક્કમિઉં (૧)

ઈરિયાવહિયાએ, વિરાહણાએ (૨)

ગમણાગમણે, (૩)

પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા, ઉત્તિંગ, પણગ,

દગ, મટ્ટી, મક્કડા સંતાણા સંકમણે (૪)

જે મે જીવા વિરાહિયા (૫)

એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા (૬)

અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા,

કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા,

જીવિયાઓ વવરોવિયા,

તસ્સ મિચ્છામિ દુક્કડં. (૭)

હે ભગવાન! આપ ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો કે હું માર્ગમાં ચાલતા જે વિરાધનાનું પાપ થયું હોય તેનાથી પાછો ફરું ? (ભગવંત કહે 'પાછા ફરો') (ત્યારે શિષ્ય કહે) હું આપની આજ્ઞા ઈચ્છું છું (પ્રમાણ ગણું છું). હું માર્ગમાં ચાલતા જે વિરાધનાનું પાપ થયેલ હોય, તેથી પાછો ફરવા ઈચ્છું છું. (૧,૨)

જેમકે જતાં-આવતાં (ગમનાગમન કરતાં), જીવો, ધાન્યના બીજો, લીલી વનસ્પતિ, ઝાકળ, કીડીનાં નગરાં, પાંચ રંગની લીલ ફૂગ, સચિત્ત પાણીયુક્ત સચિત્ત માટી, કરોળીયાની જાળ, પગ નીચે આવવાથી. (૩,૪)
એક ઈન્દ્રિયવાળા, બે ઈન્દ્રિયવાળા, ત્રણ ઈન્દ્રિયવાળા, ચાર ઈન્દ્રિયવાળા અને પાંચ ઈન્દ્રિયવાળા જે જીવોની મેં વિરાધના (નીચે જણાવ્યા મુજબ) કરી હોય. (૫,૬)
લાતે માર્યા હોય, ધૂળે કરીને ઢાંક્યા હોય, જમીન સાથે ઘસ્યા હોય, માંહે માંહે એકઠા કર્યા હોય, થોડા સ્પર્શથી દુઃખી કર્યા હોય, પરિતાપ ઉપજાવ્યો હોય, મરેલા જેવા કર્યા હોય, ત્રાસ પમાડ્યા હોય, એક સ્થાનેથી બીજા સ્થાને મૂક્યા હોય, જીવિતવ્યથી (પાલકથી) જુદા કર્યા હોય તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. એટલે એ પાપની માફી માંગુ છું. (૭)

જતા-આવતા જીવોની વિરાધનાની વિશેષ માફી

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં,
વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં,
પાવાણં કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં. (૧)

(જે વિરાધનાનું પાપ થયું હોય) તે પાપને વિશેષ શુદ્ધ કરવા માટે, પ્રાયશ્ચિત્ત માટે, આત્માની વિશુદ્ધિ કરવા માટે, આત્માને શલ્યરહિત કરવા માટે, અને પાપ કર્મોનો ઘાત કરવા માટે કાયોત્સર્ગ - કાયાનો ત્યાગ (કાયોત્સર્ગમાં કેટલાં આગાર (અપવાદ-વિકલ્પ) રહે છે, તે શ્રી અન્નત્થસૂત્રમાં જણાવેલ છે) કરું છું. (૧)

કાઉસ્સગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)

એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી, ૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮- ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)
૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દષ્ટિનો સંચાર થવાથી. (૨)
આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)
જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)
ત્યાંસુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે આત્માને વોસિરાવું છું. (૫)

(અહીં એક લોગસ્સનો 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો કાઉસ્સગ્ગ અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો અને પછી નીચે મુજબ પ્રગટ લોગસ્સ કહેવો)

૨૪ જિનેશ્વરોની નામ પૂર્વક સ્તુતિ

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસંપિ કેવલી. (૧)
ઉસભ મજિઅં ચ *વંદે*, **સંભવ મભિણંદણં** ચ **સુમઈ** ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ **ચંદપ્પહં** *વંદે.* (૨)
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ,
વિમલમણંતં ચ જિણં, **ધમ્મં સંતિં** ચ *વંદામિ.* (૩)
કુંથું અરં ચ મલ્લિં, *વંદે* **મુણિસુવ્વયં નમિજિણં** ચ,
વંદામિ **રિટ્ઠનેમિં, પાસં** તહ **વદ્ધમાણં** ચ. (૪)

એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જર મરણા,
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (૫)
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ. (૬)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (૭)

(કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત કરનારા, ધર્મરૂપ તીર્થને કરનારા, રાગદ્વેષને જીતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરોનું હું કીર્તન કરીશ. (૧)

શ્રી ઋષભદેવને તથા **શ્રી અજિતનાથ**ને, **શ્રી સંભવનાથ**ને, **શ્રી અભિનંદનસ્વામી**ને, **શ્રી સુમતિનાથ**ને, **શ્રી પદ્મપ્રભસ્વામી**ને, **શ્રી સુપાર્શ્વનાથ**ને તથા રાગ-દ્વેષને જિતનારા **શ્રી ચંદ્રપ્રભસ્વામી**ને હું વંદન કરું છું. (૨)

શ્રી સુવિધિનાથને (જેમનું બીજું નામ) **પુષ્પદંતસ્વામી**ને, **શ્રી શીતલનાથ**ને, **શ્રી શ્રેયાંસનાથ**ને, **શ્રી વાસુપૂજ્યસ્વામી**ને, **શ્રી વિમલનાથ**ને, **શ્રી અનંતનાથ**ને, જિનેશ્વર **શ્રી ધર્મનાથ**ને તથા **શ્રી શાંતિનાથ**ને હું વંદન કરું છું. (૩)

શ્રી કુંથુનાથને, **શ્રી અરનાથ**ને, **શ્રી મલ્લિનાથ**ને, **શ્રી મુનિસુવ્રતસ્વામી**ને અને **શ્રી નમિનાથ**ને, **શ્રી અરિષ્ટ-નેમિનાથ**ને, **શ્રી પાર્શ્વનાથ**ને અને **શ્રી વર્ધમાનસ્વામી**ને હું વંદન કરું છું. (૪)

આ રીતે મારા વડે સ્તવના કરાયેલ, કર્મરૂપ રજ અને મલ દૂર કર્યા છે એવા, જરા (અને) મૃત્યુ સર્વથા ક્ષીણ થયા છે એવા ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકર દેવો મારી ઉપર પ્રસન્ન થાઓ. (૫)

જેઓ ઈન્દ્રાદિ દેવતાઓ વડે કીર્તન-વંદન-પૂજન કરાયેલા છે, જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે, તેઓ (મને) આરોગ્ય અને સમ્યગ્દર્શનનો લાભ અને ઉત્તમ સમાધિનું વરદાન આપો. (૬)

ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મળ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, મોટા સમુદ્ર જેવા ગંભીર, સિદ્ધ પરમાત્મા મને મોક્ષ આપો. (૭)

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

(એ પ્રમાણે બોલી ત્રણ ખમાસમણ દઈને પછી)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
ચૈત્યવંદન કરું ? 'ઈચ્છં',

(કહી ડાબો ઢીંચણ ઊભો કરવો)

સકલ કુશલ વલ્લી, પુષ્કરાવર્ત્ત મેઘો,
દુરિત તિમિર ભાનુઃ કલ્પ વૃક્ષોપમાનઃ,
ભવ જલ નિધિ પોતઃ સર્વ સંપત્તિ હેતુઃ,
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ

સઘળા કુશળની વેલડી સમાન, પુષ્કરાવર્તના મેઘ સમાન, અજ્ઞાનરૂપ અંધકાર માટે સૂર્ય સમાન, કલ્પવૃક્ષ સમાન, સંસાર રૂપ સમુદ્રમાં વહાણ સમાન, સર્વ સંપત્તિના કારણ રૂપ, તે શ્રી શાંતિનાથ હંમેશા તમારા કલ્યાણ માટે થાઓ. (૧)

(તે પછી કોઈ પણ અથવા નીચેનું ચૈત્યવંદન કહેવું)

(શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન)

સિદ્ધારથ સુત વંદીએ,
ત્રિશલાનો જાયો,
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. (૧)

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય,
બહોંતેર વર્ષનું આયખું, વીર જિનેશ્વર રાય. (૨)
ખિમાવિજય જિનરાયનો એ, ઉત્તમ ગુણ અવદાત,
સાત બોલથી વર્ણવ્યો, 'પદ્મવિજય' વિખ્યાત. (૩)

સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં રહેલા સર્વ તીર્થો અને તેમાં રહેલી પ્રતિમાઓને વંદના

જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઈં જિણ બિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ. (૧)

સ્વર્ગમાં, પાતાળમાં અને મનુષ્યલોકમાં જે કોઈ નામ રૂપ તીર્થો છે, (તેમાં) જેટલાં જિનેશ્વરનાં બિંબો છે, તે સર્વેને હું વંદન કરું છું. (૧)

શ્રી તીર્થંકર પરમાત્માની તેમના ગુણો દ્વારા સ્તવના

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં (૧)
આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં (૨)
પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસ વર પુંડરીયાણં,
પુરિસ વર ગંધ હત્થીણં (૩)
લોગુત્તમાણં, લોગ નાહાણં, લોગ હિઆણં,
લોગ પઈવાણં, લોગ પજ્જોઅ ગરાણં. (૪)
અભય દયાણં, ચક્ખુ દયાણં, મગ્ગ દયાણં,
સરણ દયાણં, બોહિ દયાણં. (૫)
ધમ્મ દયાણં, ધમ્મ દેસયાણં, ધમ્મ નાયગાણં, ધમ્મ સારહીણં,
ધમ્મ વર ચાઉરંત ચક્કવટ્ટીણં. (૬)
અપ્પડિહય વરનાણ દંસણ ધરાણં, વિયટ્ટ છઉમાણં. (૭)
જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં,
મુત્તાણં મોઅગાણં. (૮)

સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ, મયલ, મરુઅ, મણંત, મક્ખય, મવ્વાબાહ, મપુણરાવિત્તિ, સિદ્ધિગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં. (૯)

જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગયે કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. (૧૦)

અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. (૧)

ધર્મની શરૂઆત કરનાર, તીર્થના સ્થાપનાર અને પોતાની મેળે બોધ પામનાર, અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ. (૨)

પુરૂષોમાં ઉત્તમ, પુરૂષોમાં સિંહ સમાન, પુરૂષોમાં ઉત્તમ પુંડરીક (કમળ) સમાન, પુરૂષોમાં શ્રેષ્ઠ ગંધહાથી સમાન, (૩)

લોકમાં ઉત્તમ, લોકનાં નાથ, લોકનું હિત કરનાર, લોકમાં દિપક સમાન, લોકમાં પ્રકાશ કરનાર. (૪)

અભયદાન આપનાર, શ્રુતજ્ઞાન રૂપ ચક્ષુ (આંખ) આપનાર, મોક્ષમાર્ગ આપનાર, શરણ આપનાર, સમકિત આપનાર, (૫)

ધર્મને આપનાર, ધર્મનો ઉપદેશ આપનાર, ધર્મના નાયક, ધર્મના સારથી, દાન-શીલ-તપ-ભાવ રૂપ ધર્મમાં ચતુરંત શ્રેષ્ઠ ચક્રવર્તી. (૬)

કોઈથી પણ ન હણાય એવા શ્રેષ્ઠ જ્ઞાન અને શ્રેષ્ઠ દર્શનને ધારણ કરનાર, જેમનું છદ્મસ્થપણું ચાલ્યું ગયું છે. (૭)

રાગદ્વેષને જીતનાર-જીતાડનાર, તરનાર-તારનાર, તત્ત્વના જાણકાર-જણાવનાર, કર્મથી મુક્ત- મુક્ત કરાવનારા. (૮)

સર્વજ્ઞ, સર્વદર્શી, કલ્યાણરૂપ, અચળ (સ્થિર), રોગ રહિત, અનંત (અંત વિનાનું), અક્ષય (નાશ ન પામે તેવું), અવ્યાબાધ (આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત), જ્યાંથી ફરીથી પાછા આવવાનું નથી એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા, જેઓ રાગદ્વેષને જીતનારા છે, એવા જિનને અને સર્વ પ્રકારના ભયને જીતનાર (શ્રી અરિહંત પરમાત્મા) ને નમસ્કાર થાઓ. (૯)

અને જેઓ ભૂતકાળમાં સિદ્ધ થયા હોય અને જેઓ ભવિષ્યકાળમાં સિધ્ધ થવાનાં છે અને જેઓ હમણાં વર્તમાનકાળમાં વિહરી રહ્યા છે, તે સર્વેને હું મન-વચન-કાયારૂપ ત્રણ કરણથી વંદન કરું છું. (૧૦)

સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં રહેલા જિનચૈત્યોની વંદના

જાવંતિ ચેઈઆઈ,
ઉડ્ઢે અ અહે અ તિરિઅ લોએ અ,
સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં (૧)

ઉર્ધ્વલોકમાં, અધોલોકમાં, અને તિર્ચ્છાલોકમાં જેટલી જિનપ્રતિમાઓ છે, તેને અહીં રહેલો હું, ત્યાં રહેલી સર્વે પ્રતિમાઓને વંદન કરું છું. (૧)

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ભરત, ઐરાવત, મહાવિદેહક્ષેત્રમાં રહેલા સાધુ ભગવંતોની વંદના

જાવંત કે વિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે અ,
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં (૧)

ભરતક્ષેત્રમાં, ઐરાવતક્ષેત્રમાં અને મહાવિદેહક્ષેત્રમાં મનદંડ-વચનદંડ-કાયદંડ રૂપ ત્રણ દંડથી વિરામ પામેલાં જે કોઈપણ સાધુ ભગવંતો છે, તેઓ સર્વને હું મન, વચન, કાયાથી નમું છું. (૧)

પંચપરમેષ્ઠિને નમસ્કાર

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ (૧)
(આ સૂત્ર સ્ત્રીઓએ ક્યારેય ન બોલવું)

શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સઘળાય સાધુ ભગવંતને નમસ્કાર થાઓ.

મહાવીર સ્વામીનું સ્તવન

ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મલ થાયે કાયા રે. ગિ૰૧
તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલીને નિર્મળ થાઉં રે,
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિ૰૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છિલ્લર જલ નવિ પેસે રે;
જે માલતી ફૂલે મોહીઆ, તે બાવળ જઈ નવિ બેસે રે. ગિ૰૩
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પરસુર આદરું, જે પરનારી વશ રાચ્યા રે. ગિ૰૪
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે,
વાચક યશ કહે માહરે, તું જીવ-જીવન આધારો રે. ગિ૰૫

(ત્યાર પછી બે હાથ જોડી, લલાટે રાખી, નીચેનું સૂત્ર બોલવું.)

પરમાત્માની પાસે ભક્તિના ફળરૂપે તેર પ્રકારની પ્રાર્થના - યાચના

જય વીયરાય ! જયગુરુ !
હોઉ મમં તુહ પભાવઓ ભયવં
ભવ્વ નિવ્વેઓ મગ્ગાણુસારિઆ ઈટ્ઠ ફલ સિદ્ધિ. (૧)
લોગવિરુદ્ધ ચ્ચાઓ, ગુરૂજણપૂઆ પરત્થકરણં ચ,
સુહ ગુરુ જોગો તવ્વયણ સેવણા આભવમખંડા. (૨)

(આટલું બોલ્યા પછી બંને હાથ લલાટથી નીચે ઉતારવા. હાથ લલાટ અને નાભિની વચ્ચે રાખવા)

વારિજ્જઈ જઇ વિ નિયાણ બંધણં,
વીયરાય ! તુહ સમયે,
તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. (૩)

દુક્ખ ખઓ કમ્મ ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ,
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામ કરણેણં. (૪)
સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં,
પ્રધાનં સર્વ ધર્માણામ્, જૈનં જયતિ શાસનમ્. (૫)

હે વીતરાગ ! હે જગતના ગુરુ ! (તમે) જય પામો. હે ભગવંત ! મને તમારી ભક્તિના પ્રભાવથી સંસાર પરથી કંટાળો (ભવ-નિર્વેદ), (તમારા) માર્ગને અનુસરવાની બુદ્ધિ (માર્ગાનુસારીપણું) અને (મને) ઈચ્છિત ફળની સિદ્ધિ હોજો. (૧)
લોકમાં વિરોધ ઉત્પન્ન થાય એવા કાર્યનો ત્યાગ (લોકાપવાદ-ત્યાગ), વડીલજનોની પૂજા (આદર-સત્કાર-બહુમાન), પરોપકાર કરવાની તત્પરતા અને સદ્‌ગુરૂભગવંતોનો ભેટો (યોગ) તેમજ તે સદ્‌ગુરૂભગવંતના વચનની સેવા, આ સંસારમાં જ્યાં સુધી છું, ત્યાં સુધી મને અખંડપણે પ્રાપ્ત થાઓ. (૨)
હે વીતરાગ! તમારા સિદ્ધાંતમાં જો કે નિયાણું બાંધવાનું વારેલું (નિષેધેલું) છે, તો પણ મને જન્મોજન્મમાં તમારા ચરણોની સેવા પ્રાપ્ત હોજો. (૩)
હે નાથ ! તમને નમસ્કાર કરવાથી મને દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિ-મરણ અને બોધિબીજ (સમ્યગ્દર્શન) એ (ચાર) પ્રાપ્ત થાઓ. (૪)
સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વ કલ્યાણોના કારણરૂપ, સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈનશાસન જય પામે છે. (૫)

(પછી ઊભા થઈને)

પ્રભુજીની વંદના કરવા માટે શ્રદ્ધાદિ દ્વારા
આલંબન લઈને કાયોત્સર્ગ કરવાનું વિધાન



અરિહંત ચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં (૧)
વંદણ વત્તિઆએ, પૂઅણ વત્તિઆએ, સક્કાર વત્તિઆએ,
સમ્માણ વત્તિઆએ, બોહિલાભ વત્તિઆએ,
નિરુવસગ્ગ વત્તિઆએ (૨)

સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ,
વઢ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં (૩)

હું શ્રી અરિહંત ભગવંતની પ્રતિમા (ચૈત્ય) ને વંદન કરવા, પૂજા કરવા, સત્કાર કરવા, સન્માન કરવા, સમ્યગ્દર્શન (બોધિબીજ) પામવા અને ઉપસર્ગ રહિત (મોક્ષ) સ્થાન પામવા માટે કાર્યોત્સર્ગ કરું છું. (૧,૨)
વધતાં પરિણામ સાથે વધતી શ્રદ્ધા, વધતી બુદ્ધિ, વધતી ધીરજ, વધતી ધારણા, વધતી અનુપ્રેક્ષા (વારંવાર તત્ત્વની વિચારણા) પૂર્વક હું કાર્યોત્સર્ગ કરું છું. (૩)

કાઉસ્સગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)
એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી, ૪-છીંક આવવાથી, ૫-બગાસુ આવવાથી, ૬-ઓડકાર આવવાથી, ૭-વાછૂટ થવાથી, ૮-ચક્કર આવવાથી, ૯-પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)
સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, થૂંક-કફનો સંચાર, દૃષ્ટિનો સંચાર થવાથી. (૨)

આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)
જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)
ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, આત્માને વોસિરાવું છું. (૫)

(એક નવકારનો કાઉસ્સગ્ગ થોય સાંભળીને કરવો.)

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં,
નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

(તે પછી 'નમો અરિહંતાણં કહીને કાઉસ્સગ્ગ પારવો.)

પંચપરમેષ્ઠિને નમસ્કાર

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ (૧)

(આ સૂત્ર સ્ત્રીઓએ ક્યારેય ન બોલવું)

શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સઘળાય સાધુ ભગવંતને નમસ્કાર થાઓ.

(એમ કહીને નીચેની થોય અથવા કોઈપણ એક થોય કહેવી)

શ્રી પાંચ જિનવરની, સર્વ તીર્થંકરોની, શ્રુતજ્ઞાનની અને શ્રુતદેવીની સ્તુતિ

કલ્યાણકંદં પઢમં જિણિંદં,
સંતિં તઓ નેમિજિણં મુણિંદઃ
પાસં પયાસં સુગુણિક્કઠાણં,
ભત્તીઈ વંદે સિરિ વદ્ધમાણં. (૧)

કલ્યાણના મૂળ સમાન શ્રી ઋષભદેવ જિનેશ્વરને, મુનિઓના ઈન્દ્ર શ્રી શાંતિનાથને તથા શ્રી નેમિજિનેશ્વરને, ત્રણ ભુવનમાં પ્રકાશ કરનારા એવા શ્રી પાર્શ્વનાથ સ્વામીને, સર્વ ગુણોના સ્થાનરૂપ શ્રી વર્ધમાન સ્વામીને ભક્તિપૂર્વક હું વંદન કરું છું. (૧)

(પછી ખમાસમણ દેવું)

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

॥ ચૈત્યવંદનની વિધિ સંપૂર્ણ ॥

ગુરુવંદન વિધિસહિત

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

(એ પ્રમાણે બે વખત ખમાસમણ દેવાં, તે પછી ગુરૂની સમક્ષ હાથ જોડીને ઉભા રહીને આ સૂત્ર બોલવું)

ઈચ્છકાર ! સુહરાઈ ? (સુહદેવસિ ?)
(સવારે 'રાઈ' બોલવું અને બપોર પછી 'દેવસિ' બોલવું)
સુખતપ ? શરીર નિરાબાધ ?
સુખ-સંજમ-જાત્રા નિર્વહો છો જી ?
સ્વામી ! શાતા છે જી ? ભાત-પાણીનો લાભ દેજો જી

હે ગુરૂ મહારાજ ! (આપની) ઈચ્છા હોય તો પૂછું...આપનો દિવસ(રાત્રિ) સુખપૂર્વક પસાર થયો ? સુખપૂર્વક તપશ્ચર્યા થઈ ? શરીરથી રોગરહિત અવસ્થામાં છો ને ? સુખશાતાપૂર્વક સંયમની યાત્રામાં પ્રવર્તો છો ને ? હે સ્વામી! આપ શાતામાં છો ને? (મને ભાત-પાણીનો લાભ આપશોજી). (૧)

(પદસ્થ હોય તો ફરી એક ખમાસમણ દેવું પછી)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
અબ્ભુટ્ઠિઓ મિ અબ્ભિંતર
રાઈઅં (દેવસિઅં) ખામેઉં ?
ઈચ્છં, ખામેમિ રાઈઅં (દેવસિઅં)

જં કિંચ અપત્તિઅં, પરપત્તિઅં,
ભત્તે, પાણે, વિણએ, વેયાવચ્ચે,
આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિ ભાસાએ, જંકિંચિ મજઝ વિણયપરિહીણં સહુમં વા, બાયરં વા, તુબ્ભે જાણહ, અહં ન જાણામિ, તસ્સ મિચ્છા મિ દુક્કડં.

હે ભગવન્ ! ઈચ્છું છું. દિવસ સંબંધી (રાત્રિ સંબંધી) થયેલા અપરાધો ખમાવું છું

આહાર-પાણીમાં, વિનયમાં, વૈયાવૃત્યમાં, બોલવામાં, વાતચીત કરવામાં, ઉંચું આસન રાખવામાં, સમાન આસન રાખવામાં, વચ્ચે બોલી ઉઠવામાં, ગુરૂની ઉપરવટ થઈને બોલવામાં, અને ગુરૂવચન ઉપર ટીકા ટીપ્પણ કરવામાં જે કાંઈ અપ્રીતિ કે વિશેષ અપ્રીતિ ઉપજાવે તેવું કર્યું હોય, તથા મારા વડે સુક્ષ્મ કે સ્થૂળ, થોડું કે વધારે જે કાંઈ વિનય રહિત વર્તન થયું હોય, જે તમે જાણો છો પણ હું જાણતો નથી, તેવા કોઈ અપરાધ થયા હોય, તે સંબંધી મારું સઘળું પાપ મિથ્યા થાઓ.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

॥ ગુરુવંદનની વિધિ પૂર્ણ ॥

શ્રી સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત

‘પ્રથમ આવશ્યક’ રૂપ સામાયિક લેવાની વિધિ

(સ્થાપનાજીની સન્મુખ જમણો હાથ અવળો (સ્થાપના મુદ્રા) રાખી નવકાર અને પંચિંદિયનો પાઠ કહેવો.)

શ્રાવક-શ્રાવિકાએ સામાયિક લેવા માટે બાહ્ય-શુદ્ધિ કરવાની જરૂર છે. તેથી સૌથી પ્રથમ હાથ-પગ ધોઈ, સ્વચ્છ થવું અને શુદ્ધ વસ્ત્રો પહેરવાં. ત્યાર પછી ચોખ્ખી જગ્યાએ ભૂમિને પૂંજીને ઊંચા આસને સાપડા ઉપર ધાર્મિક વિષયનું, જેમાં નવકાર તથા પંચિંદિયનો પાઠ હોય તેવું પુસ્તક મૂકવું. સામાયિકનો બે ઘડીનો એટલે ૪૮ મિનિટનો સમય ધાર્મિક ક્રિયામાં ગાળવા માટે નવકારવાળી ગણવી અથવા તો ધાર્મિક વિષયનાં જ પુસ્તકો વાંચવા. સામાયિકનો કાળ જાણવા માટે ઘડિયાળ પણ પાસે રાખવાની જરૂર છે. ત્યાર પછી કટાસણું, મુહપત્તી અને ચરવળો લઈ પૂર્વ કે ઉત્તર દિશા તરફ મુખ રાખીને જમણો હાથ સ્થાપનાચાર્ય સામે અવળો રાખીને નવકાર તથા પંચિંદિય બોલવાં. પ્રતિક્રમણ કરવાની મહાન વિધિ દેવ-ગુરૂની સાક્ષીએ કરવાની હોય છે. તેથી તેમનો વિવેક જળવાય તે માટે આખી વિધિ ઉભા ઉભા અને એવી શારીરિક ક્ષમતા ન હોય તો જ બેઠા બેઠા કરવાની છે. અહીં આપેલા બધા જ ચિત્રો તે પ્રમાણે ઉભા અને બેઠાં બતાવ્યા છે તેનો ખ્યાલ રાખવો.

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં,
નમો સિદ્ધાણં, નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં,
નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

પરમ મંગલિક રૂપે આ સૂત્રનો ઉલ્લેખ થયેલો છે. પંચ પરમેષ્ઠિ એવા આત્માઓને નમસ્કાર છે. અને સૂત્રના બાકીના પદોમાં પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાનું ફળ તથા તેનું માહાત્મ્ય સૂચવ્યું છે. સ્થાપના સ્થાપવા માટે પણ આ સૂત્ર આવશ્યક છે.

સદ્‌ગુરુના ગુણોનું વર્ણન

પંચિંદિય સંવરણો,
તહ નવવિહ બંભચેર ગુત્તિધરો,
ચઉવિહ કસાય મુક્કો,
ઈઅ અટ્ઠારસ ગુણેહિં સંજુત્તો. (૧)
પંચ મહવ્વય જુત્તો,
પંચ વિહાયાર પાલણ સમત્થો,
પંચ સમિઓ તિ ગુત્તો, છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ. (૨)

પાંચ ઈન્દ્રિયો (ના વિષયો)નો નિગ્રહ કરનાર તથા રોકનાર અને નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર, ચાર કષાયથી મુક્ત, એ અઢાર ગુણોથી સંયુક્ત. (૧)
પાંચ મહાવ્રતથી યુક્ત, પાંચ પ્રકારના આચારોના પાલન કરવા માટે સમર્થ, પાંચ સમિતિવાળા અને ત્રણ ગુપ્તિવાળા, એ છત્રીશ ગુણોવાળા મારા ગુરુ છે. (૨)

આ સૂત્રમાં આચાર્ય મહારાજના ૩૬ ગુણોનું વર્ણન છે. સ્થાપનાચાર્ય રૂપે સ્થાપના કરતી વખતે આ સૂત્ર બોલાય છે. ગુરુ મહારાજ ન હોય તો સ્થાપનાચાર્ય કે પુસ્તકને ઊંચા સ્થાને સ્થાપી તેની સામે ક્રિયા કરવા નવકાર ની સાથે આ સૂત્રનું ઉચ્ચારણ કરાય છે.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

આ સૂત્રથી દેવ અને ગુરુને વંદન થાય છે. આ વંદન બે પગ, બે હાથ અને મસ્તક એમ પાંચ અંગ નમાવીને થતું હોવાથી આ ખમાસમણ સૂત્રને પંચાંગ અથવા પ્રણિપાત સૂત્ર પણ કહેવાય છે.

જતા-આવતા જીવોની વિરાધનાની માફી

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
ઈરિયાવહિયં પડિક્કમામિ ? 'ઈચ્છં',
ઈચ્છામિ પડિક્કમિઉં (૧)
ઈરિયાવહિયાએ, વિરાહણાએ (૨)
ગમણાગમણે, (૩)
પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા, ઉત્તિંગ, પણગ, દગ, મટ્ટી, મક્કડા સંતાણા સંકમણે (૪)
જે મે જીવા વિરાહિયા (૫)
એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા (૬)
અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા,
તસ્સ મિચ્છામિ દુક્કડં. (૭)

હે ભગવાન! આપ ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો કે હું માર્ગમાં ચાલતા જે વિરાધનાનું પાપ થયું હોય તેનાથી પાછો ફરું ? (ભગવંત કહે 'પાછા ફરો') (ત્યારે શિષ્ય કહે) હું આપની આજ્ઞા ઈચ્છું છું (પ્રમાણ ગણું છું). હું માર્ગમાં ચાલતા જે વિરાધનાનું પાપ થયેલ હોય, તેનાથી પાછો ફરવા ઈચ્છું છું. (૧,૨)

જેમકે જતાં-આવતાં (ગમનાગમન કરતાં) જીવો, ધાન્યના બીજો, લીલી વનસ્પતિ, ઝાકળ, કીડીનાં નગરાં, પાંચ રંગની લીલ ફૂગ, સચિત્ત પાણીયુક્ત સચિત્ત માટી, કરોળીયાની જાળ પગ નીચે આવવાથી. (૩,૪)

એક ઈન્દ્રિયવાળા, બે ઈન્દ્રિયવાળા, ત્રણ ઈન્દ્રિયવાળા, ચાર ઈન્દ્રિયવાળા અને પાંચ ઈન્દ્રિયવાળા જે જીવોની મેં વિરાધના (નીચે જણાવ્યા મુજબ) કરી હોય. (૫,૬)

લાતે માર્યા હોય, ધૂળે કરીને ઢાંક્યા હોય, જમીન સાથે ઘસ્યા હોય, માંહે માંહે એકઠા કર્યા હોય, થોડા સ્પર્શથી દુઃખી કર્યા હોય, પરિતાપ ઉપજાવ્યો હોય, મરેલા જેવા કર્યા હોય, ત્રાસ પમાડ્યા હોય, એક સ્થાનેથી બીજા સ્થાને મૂક્યા હોય, જીવિતવ્યથી (પાલકથી) જુદા કર્યા હોય તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. એટલે એ પાપની માફી માંગુ છું. (૭)

આ એક લઘુપ્રતિક્રમણ સૂત્ર છે. જતા-આવતા એકેન્દ્રિયાદિ પાંચે પ્રકારના જીવોને કોઈપણ પ્રકારે દુઃખ પહોચાડયું હોય તે સર્વે ભૂલ કે પાપની આ સૂત્ર વડે માફી મંગાય છે.

જતા-આવતા જીવોની વિરાધનાની વિશેષ માફી

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં,
વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં,
પાવાણં કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ,
ઠામિ કાઉસ્સગ્ગં. (૧)

(જે વિરાધનાનું પાપ થયું હોય) તે પાપને વિશેષ શુદ્ધ કરવા માટે, પ્રાયશ્ચિત્ત માટે આત્માની વિશુદ્ધિ કરવા માટે, આત્માને શલ્યરહિત કરવા માટે, અને પાપ કર્મોનો ઘાત કરવા માટે કાયોત્સર્ગ - કાયાનો ત્યાગ (કાયોત્સર્ગમાં કેટલાં આગાર (અપવાદ-વિકલ્પ) રહે છે, તે શ્રી અન્નત્થસૂત્રમાં જણાવેલ છે) કરું છું. (૧)

'ઈરિયાવહિ' સૂત્રથી પાપનો નાશ થાય છે. પણ તે પાપની વિશેષ શુદ્ધિ કરવા માટે 'તસ્સ ઉત્તરી' સૂત્ર બોલાય છે. આ સૂત્ર દ્વારા કાયોત્સર્ગની સ્થાપના કરવી, તે હેતુ પણ રહેલો છે.

કાયોત્સર્ગ કેવી રીતે કરવું ?

કાયા ઉપરની મમતા, મૂર્છા ઉતારવા માટે, અને અભ્યંતર તપની સાધના તથા ધ્યાન વગેરે કરવા માટે કાઉસ્સગ્ગ કરવામાં આવે છે. કાઉસ્સગ્ગ કરતી વેળા સ્થાપનાચાર્યજીને નજરમાં રાખી કાઉસ્સગ્ગ કરવો. ચરવળો હોય તે ઉભા ઉભા કાઉસ્સગ્ગ કરે તો ઘણું શ્રેષ્ઠ ફળ મળે છે. કાઉસ્સગ્ગમાં દાખલ થયા પછી સ્થિર ચિત્તે, સ્થિર કાયા રાખી કાઉસ્સગ્ગ કરવાનો હોવાથી હાલવા ચાલવાનું કે ઉંચા નીચા થવાનું હોતું નથી. સૂત્ર બોલતા હોઠ ફફડાવવાના નથી. હાથ ઉંચા નીચા કરવાના નથી, ભીંત કે થાંભલાનો ટેકો લેવાનો નથી અને દ્રષ્ટિ આડી અવળી કરવાની નથી. પર્વતની માફક સ્થિર અને અચળ બની કાઉસ્સગ્ગ કરવાનો છે. કાઉસ્સગ્ગ પાર્યા પછી હળવેથી 'નમો અરિહંતાણં' બોલી પછી જ શરીર હલાવવાનું રહે છે. મચ્છર આદિનો ઉપદ્રવ થાય તો પણ સહન કરવાનો છે કારણકે આ મહાન ક્રિયા કાયાની મમતા, મૂર્છા ઉતારવા માટે જ કરવાની છે.

કાઉસ્સગ્ગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)
એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી,૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮- ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)
૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દષ્ટિનો સંચાર થવાથી. (૨)
આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)
જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)
ત્યાંસુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, આત્માને વોસિરાવું છું. (૫)

બીજા ચાર આગાર : ૧- અગ્નિના ઉપદ્રવથી સ્થળાંતર તથા વીજળીના પ્રકાશથી વસ્ત્ર ઓઢવું પડે. ૨- ઉંદર બિલાડી વિ.આડા ઉતરે અથવા પંચેન્દ્રિયનું છેદન ભેદન થતું હોય તો બીજે સ્થાને જવું પડે.૩- અકસ્માત્ ચોરની ધાડ આવી પડે અથવા રાજાદિક ના ભયથી બીજે જવું પડે. ૪- સિંહ વગેરેના ઉપદ્રવથી અથવા સર્પાદિક દંશ કરે તેમ હોય તો અથવા ભીંત પડે તેવી હોય તો સ્થળાંતર કરવું પડે.
કાયોત્સર્ગ ક્યારે ક્યારે ભંગ ન થાય, તે દર્શાવવા ૧૬ આગાર - છૂટ એ આ સૂત્રનો મુખ્ય વિષય છે. આ સૂત્રમાં કાયોત્સર્ગના છૂટ, કાયોત્સર્ગની કાળ મર્યાદા, કાયોત્સર્ગ કઈ રીતે કરવો તેનું સ્વરૂપ, કાયોત્સર્ગનો સંકલ્પ કે પ્રતિજ્ઞા દર્શાવાયેલ છે.
'અન્નત્થ...હુઝઝ મે કાઉસ્સગ્ગો' માં કાયોત્સર્ગના અપવાદ-છૂટ છે. 'જાવ અરિહંતાણ....ન પારેમિ તાવ' કાયોત્સર્ગનો સમય છે. 'કાયં....ઝાણેણં' કાઉસ્સગ્ગનું સ્વરૂપ છે. 'અપ્પાણં વોસિરામિ' કાયોત્સર્ગની પ્રતિજ્ઞા છે.

(એક લોગસ્સનો 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો કાઉસ્સગ્ગ કરવો, અને પછી પ્રગટ લોગસ્સ કહેવો. ન આવડે તો ચાર નવકાર ગણવા.)



૨૪ જિનેશ્વરોની નામ પૂર્વક સ્તુતિ

લોગસ્સ ઉજ્જોઅગરે,
ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. (૧)
ઉસભ મજિઅં ચ *વંદે,* **સંભવ મભિણંદણં** ચ **સુમઈં** ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ **ચંદપ્પહં** *વંદે.* (૨)
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ,
વિમલમણંતં ચ જિણં, **ધમ્મં સંતિં** ચ *વંદામિ.* (૩)
કુંથું અરં ચ મલ્લિં, *વંદે* **મુણિસુવ્વયં નમિજિણં** ચ,
વંદામિ **રિટ્ઠનેમિં, પાસં** તહ **વદ્ધમાણં** ચ. (૪)
એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જર મરણા,
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (૫)
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરુગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ. (૬)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (૭)

(કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત (પ્રકાશિત) કરનારા, ધર્મરૂપ તીર્થને કરનારા, રાગદ્વેષને જીતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરોનું હું કીર્તન કરીશ. (૧)

શ્રી ઋષભદેવને તથા **શ્રી અજિતનાથ**ને, **શ્રી સંભવનાથ**ને, **શ્રી અભિનંદનસ્વામી**ને, **શ્રી સુમતિનાથ**ને, **શ્રી પદ્મપ્રભસ્વામી**ને, **શ્રી સુપાર્શ્વનાથ**ને તથા રાગ-દ્વેષને જિતનારા **શ્રી ચંદ્રપ્રભસ્વામી**ને હું વંદન કરું છું. (૨)

શ્રી સુવિધિનાથને (જેમનું બીજું નામ) **પુષ્પદંતસ્વામી**ને, **શ્રી શીતલનાથ**ને, **શ્રી શ્રેયાંસનાથ**ને, **શ્રી વાસુપૂજ્યસ્વામી**ને, **શ્રી વિમલનાથ**ને, **શ્રી અનંતનાથ**ને, જિનેશ્વર **શ્રી ધર્મનાથ**ને તથા **શ્રી શાંતિનાથ**ને હું વંદન કરું છું. (૩)

શ્રી કુંથુનાથને, **શ્રી અરનાથ**ને, **શ્રી મલ્લિનાથ**ને, **શ્રી મુનિસુવ્રતસ્વામી**ને અને **શ્રી નમિનાથ**ને, **શ્રી અરિષ્ટ-નેમિનાથ**ને, **શ્રી પાર્શ્વનાથ**ને અને **શ્રી વર્ધમાનસ્વામી**ને હું વંદન કરું છું. (૪)

આ રીતે મારા વડે સ્તવના કરાયેલ, કર્મરૂપ રજ અને મલ દૂર કર્યા છે એવા, જરા (અને) મૃત્યુ સર્વથા ક્ષીણ થયા છે એવા ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકર દેવો મારી ઉપર પ્રસન્ન થાઓ. (૫)

જેઓ ઈન્દ્રાદિ દેવતાઓ વડે કીર્તન-વંદન-પૂજન કરાયેલા છે, જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે, તેઓ મને આરોગ્ય (સિદ્ધપણું) અને સમ્યગ્દર્શનનો લાભ (બોધિલાભ)અને શ્રેષ્ઠ ભાવ-સમાધિનું વરદાન આપો. (૬)

ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મળ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, મોટા સમુદ્ર જેવા ગંભીર, સિદ્ધ પરમાત્મા મને મોક્ષ આપો. (૭)

લોગસ્સ સૂત્રમાં ૨૪ જિનેશ્વરોની નામ-ઉચ્ચારણ પૂર્વક સ્તુતિ કરવામાં આવેલ છે. આ સ્તવના કરીને આરોગ્ય, બોધિ, સમાધિ અને સિદ્ધિની પ્રાપ્તિ માટેની આ સૂત્ર થકી પ્રાર્થના કરાયેલ છે. છેલ્લી ગાથા દ્વારા સિદ્ધ ભગવંતની સ્તુતિ કરીને મોક્ષસુખ માટેની માંગણી કરેલી છે.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ખમાસમણ કેવું દેવું જોઈએ ?

ખમાસમણ એટલે પંચાંગ પ્રણિપાત. જેમાં પાંચેય અંગો - બે હાથ, બે પગ અને મસ્તક જમીન સુધી અડવા જોઈએ. ચરવળાવાળાએ ખમાસમણ પૂરેપૂરા ઉભા થઈને દેવાનાં હોય છે.

મુહપત્તી પડિલેહણની રજા

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સામાયિક મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં.

ભગવંત, સામાયિક મુહપત્તિનું પડિલેહણ કરવાની આજ્ઞા આપો.આજ્ઞા માન્ય છે.

મુહપત્તિ પડિલેહણના ૨૫ બોલ

૧- સૂત્ર, અર્થ, તત્ત્વ કરી સદ્દહું,
૨- સમ્યક્ત્વ મોહનીય, ૩- મિશ્ર મોહનીય,



૪- મિથ્યાત્વ મોહનીય પરિહરું,
૫- કામરાગ, ૬- સ્નેહરાગ, ૭- દૃષ્ટિરાગ પરિહરું,



૮- સુદેવ, ૯- સુગુરુ, ૧૦- સુધર્મ આદરું,
૧૧- કુદેવ, ૧૨- કુગુરુ, ૧૩- કુધર્મ પરિહરું,
૧૪- જ્ઞાન, ૧૫- દર્શન, ૧૬- ચારિત્ર આદરું,
૧૭- જ્ઞાન-વિરાધના, ૧૮- દર્શન-વિરાધના,
૧૯- ચારિત્ર-વિરાધના પરિહરું,
૨૦- મનગુપ્તિ, ૨૧- વચનગુપ્તિ, ૨૨- કાયગુપ્તિ આદરું,
૨૩- મનદંડ, ૨૪- વચનદંડ, ૨૫- કાયદંડ પરિહરું.

શરીરના અંગોના પડિલેહણના ૨૫ બોલ

(ડાબો હાથ પડિલેહતાં)
૧- હાસ્ય, ૨- રતિ, ૩- અરતિ પરિહરું.



(જમણો હાથ પડિલેહતાં),
૪-ભય, ૫- શોક, ૬- દુર્ગંછા પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) **(કપાળે પડિલેહતાં)**
{ ૭- કૃષ્ણલેશ્યા, ૮- નીલલેશ્યા, ૯- કાપોતલેશ્યા પરિહરું.}

(મોઢે પડિલેહતાં)
૧૦- રસગારવ, ૧૧- ઋદ્ધિગારવ,
૧૨- સાતાગારવ પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) **(છાતી આગળ પડિલેહતાં)**
{૧૩- માયાશલ્ય, ૧૪- નિયાણશલ્ય,
૧૫- મિથ્યાત્વશલ્ય પરિહરું.}

(સ્ત્રીઓએ બોલવાનું નથી)
{(જમણા ખભે પડિલેહતાં),
૧૬- ક્રોધ, ૧૭- માન પરિહરું.

(ડાબા ખભે પડિલેહતાં)
૧૮- માયા, ૧૯- લોભ પરિહરું.}

(ચરવળાથી જમણો પગ પડિલેહતાં)
૨૦- પૃથ્વીકાય, ૨૧- અપ્કાય,
૨૨- તેઉકાયની જયણા કરું

(ચરવળાથી ડાબો પગ પડિલેહતાં)
૨૩- વાયુકાય, ૨૪- વનસ્પતિ-કાય,
૨૫- ત્રસકાયની રક્ષા કરું.

ઈરિયાવહી, તસ્સઉત્તરી, અનત્થ અને લોગસ્સ એ ચારે સૂત્રો મળીને 'ઈરિયાવહી પડિક્કમણા'નો વિધિ કહેવાય છે. કોઈપણ વિધિની શરૂઆતમાં તથા વચ્ચે અને તેના અંતમાં પણ આ વિધિ આવે છે. સામાયિક કે પ્રતિક્રમણ કરતાં, પારતાં, ચૈત્યવંદનની શરૂઆતમાં, દુઃસ્વપ્નનાં નિવારણ માટે, આશાતના નિવારવા, ગમનાગમનની પ્રવૃત્તિ કર્યા પછી શુદ્ધિ માટે આવે છે. આ વિધિનો મુખ્ય ઉદ્દેશ તરતના, તાજા લાગેલા કર્મોને દૂર કરી ખંખેરી નાખવાનો છે.

દેવ-ગુરુને પંચાંગ વંદન
ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

સામાયિકની પરવાનગી માંગે છે

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સામાયિક સંદિસાહું ? ઈચ્છં. (૧)

ભગવંત, સામાયિક લેવાની આજ્ઞા આપો. આજ્ઞા માન્ય છે. (૧)

અનંત પાપરાશિથી ભરેલા આપણે સામાયિકની લોકોત્તર ક્રિયામાં સ્થિર થઈ શકીએ એ માટે સુગુરૂની આજ્ઞા લેવાની છે

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સામાયિક ઠાઉં ? ઈચ્છં. (૧)

ભગવંત, આજ્ઞા પ્રમાણે સામાયિકમાં સ્થિર થાઉં છું. (૧)

(એમ કહી બંને હાથ જોડી નીચે મુજબ એક નવકાર ગણવો.)

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં,
નમો સિદ્ધાણં, નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

સામાયિક મહાસૂત્ર ઉચ્ચારવાની પરવાનગી

ઈચ્છકારી ભગવન્ !

પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી. (૧)

ભગવંત, સામાયિક મહાસૂત્ર ઉચ્ચારવાની આજ્ઞા આપો.

(જો ચરવળો હોય તો ઉભા થઈને અને ન હોય તો બેઠા બેઠા 'કરેમિ ભંતે' ઉચ્ચારવું.)
(ગુરૂ કે વડીલ હોય તો તે ઉચ્ચરાવે, નહીં તો જાતે 'કરેમિ ભંતે' કહેવું. આ સૂત્ર ભગવાનની સાક્ષીએ બોલવાનું હોવાથી તે ઉભા ઉભા બોલવું જોઈએ.)

સામાયિક મહાસૂત્ર

કરેમિ ભંતે! સામાઈઅં,
સાવજ્જં જોગં પચ્ચક્ખામિ,
જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, મણેણં,
વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે !
પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ. (૧)

હે ભગવંત ! હું સામાયિક કરું છું. તેમાં પાપ વ્યાપારનું (સાવદ્ય યોગનું) પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) કરું છું. જ્યાં સુધી નિયમમાં રહેલો છું, ત્યાં સુધી બે રીતે, ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી, કાયાથી (પાપવ્યાપારને) સાવદ્ય યોગને હું કરીશ નહિ અને કરાવીશ નહિ. હે ભગવંત ! ભૂતકાળમાં કરેલા તે પાપોથી હું પાછો ફરું છું. તેની આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુભગવંતની સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. એ પાપરૂપ આત્માનો હું ત્યાગ કરું છું. (૧)

આ સૂત્રમાં સામાયિક ગ્રહણ કરવાની મહાપ્રતિજ્ઞા છે. સાવદ્ય યોગનું મન, વચન, કાયા પૂર્વકનું ન કરવા, ન કરાવવાનું પચ્ચક્ખાણ છે. તેમજ તે સંબંધી પ્રતિક્રમણ, નિંદા, ગર્હાપૂર્વક આત્માના વોસિરાવવા સંબંધી કથન છે.આ પદ ગુરૂને આમંત્રણરૂપ છે, કારણકે આવશ્યક એવા સર્વ ધર્મ અનુષ્ઠાનોમાં તેમની આજ્ઞા જરૂરી છે.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

(હવે નીચે બેસવા માટે ગુરૂજીની પાસે આજ્ઞા માંગવી.)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
બેસણે સંદિસાહું ? ઈચ્છં (૧)

ભગવંત, બેસવાની આજ્ઞા આપશો. આજ્ઞા માન્ય છે. (૧)

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
બેસણે ઠાઉં ? ઈચ્છં

ભગવંત, આજ્ઞા પ્રમાણે બેસું છું.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

(સ્વાધ્યાય માટે ગુરૂજી પાસે આજ્ઞા માંગવી.)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સજ્ઝાય સંદિસાહું ? ઈચ્છં

ભગવંત, સ્વાધ્યાય કરવાની આજ્ઞા આપશો. આજ્ઞા માન્ય છે.

ગુરૂ પાસે સ્વાધ્યાય કરવાની રજા માંગવામાં આવે છે. સાવદ્ય યોગના પચ્ચક્ખાણનું યથાર્થ પાલન કરવા માટે સ્વાધ્યાય અનિવાર્ય છે.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

પ્રતિક્રમણ 'સૂત્ર' એ દોરા જેવું છે અને 'અર્થ' એ સોય જેવો છે. આત્મમંદિરના બારણાને ખોલવા 'અર્થ' એ ચાવીનું કામ કરે છે. આત્મખજાનાને શોધવા માટે 'અર્થ' એ સર્ચલાઈટનું કામ કરે છે. અનંતકાળના પરિભ્રમણ પછી પ્રાપ્ત થયેલ ઉત્તમ યોગોને સાધી, પ્રતિક્રમણ દ્વારા કર્મનિર્જરા કરી, જન્મ-જન્માંતરની સાધનાના યોગે જે પરમાત્માના શાસનની સેવાના યોગો મળ્યા છે તે પ્રતિક્રમણ કરતાં કરતાં સાર્થક કરી લેવા.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ? ઈચ્છં

ભગવંત, આજ્ઞા પ્રમાણે સ્વાધ્યાય કરું છું.

(ગુરૂ પાસે સ્વાધ્યાય કરવાની આજ્ઞા મળતા, ૩ વખત મહામંગલકારી નવકાર મંત્ર ભણતા સ્વાધ્યાય શરૂ કરે છે.)

(અહીં બે હાથ જોડીને મનમાં ત્રણ વાર નવકાર ગણવા.)

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

સામાયિક લેવાની વિધિ સંપૂર્ણ

સંવત્સરી પ્રતિક્રમણ વિધિસહિત

(સામાયિક તે આરાધનાની ક્રિયા છે. આરાધ્ય પ્રભુની આજ્ઞા પ્રત્યે પૂર્ણ આદરભાવ વ્યક્ત કરવાનો હોઈ તે ઉભા ઉભા (શક્તિપ્રમાણે) કરવી જોઈએ.)

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

(પછી પાણી વાપર્યુ હોય તો મુહપત્તિ પડિલેહવી.
અને આહાર વાપર્યો હોય તો બે વખત વાંદણા દેવા.)

(કોઈ ચોક્કસ વિધિમાં પ્રવેશવા, માટે મુહપત્તિનું પડિલહેણ આવશ્યક છે.)

મુહપત્તિ પડિલેહણના ૨૫ બોલ

૧- સૂત્ર, અર્થ, તત્ત્વ કરી સદ્દહું,
૨- સમ્યક્ત્વ મોહનીય, ૩- મિશ્ર મોહનીય,
૪- મિથ્યાત્વ મોહનીય પરિહરું,
૫- કામરાગ, ૬- સ્નેહરાગ, ૭- દૃષ્ટિરાગ પરિહરું,

૮- સુદેવ, ૯- સુગુરુ, ૧૦- સુધર્મ આદરું,
૧૧- કુદેવ, ૧૨- કુગુરુ, ૧૩- કુધર્મ પરિહરું,
૧૪- જ્ઞાન, ૧૫- દર્શન, ૧૬- ચારિત્ર આદરું,
૧૭- જ્ઞાન-વિરાધના, ૧૮- દર્શન-વિરાધના,
૧૯- ચારિત્ર-વિરાધના પરિહરું,
૨૦- મનગુપ્તિ, ૨૧- વચનગુપ્તિ, ૨૨- કાયગુપ્તિ આદરું,
૨૩- મનદંડ, ૨૪- વચનદંડ, ૨૫- કાયદંડ પરિહરું.

શરીરના અંગોના પડિલેહણના ૨૫ બોલ
(ડાબો હાથ પડિલેહતાં)
૧- હાસ્ય, ૨- રતિ, ૩- અરતિ પરિહરું.

(જમણો હાથ પડિલેહતાં),
૪-ભય, ૫- શોક, ૬- દુર્ગંછા પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) (કપાળે પડિલેહતાં)
{ ૭- કૃષ્ણલેશ્યા, ૮- નીલલેશ્યા, ૯- કાપોતલેશ્યા પરિહરું.}

(મોઢે પડિલેહતાં)
૧૦- રસગારવ, ૧૧- ઋદ્ધિગારવ,
૧૨- સાતાગારવ પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) (છાતી આગળ પડિલેહતાં)
{૧૩- માયાશલ્ય, ૧૪- નિયાણશલ્ય,
૧૫- મિથ્યાત્વશલ્ય પરિહરું.}

(સ્ત્રીઓએ બોલવાનું નથી)
{(જમણા ખભે પડિલેહતાં),
૧૬- ક્રોધ, ૧૭- માન પરિહરું.

(ડાબા ખભે પડિલેહતાં)
૧૮- માયા, ૧૯- લોભ પરિહરું.}

(ચરવળાથી જમણો પગ પડિલેહતાં)
૨૦- પૃથ્વીકાય, ૨૧- અપ્‌કાય,
૨૨- તેઉકાયની જયણા કરું

(ચરવળાથી ડાબો પગ પડિલેહતાં)
૨૩- વાયુકાય, ૨૪- વનસ્પતિ-કાય,
૨૫- ત્રસકાયની રક્ષા કરું.

સુગુરૂ વંદના

વાંદણા-૨૫ આવશ્યકો સાથે બત્રીસ દોષ રહિત વિનયભાવ યુક્ત દ્વાદશાવર્ત્ત વંદનનું વર્ણન

પહેલું વંદન

(૧-ઈચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)

નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં

કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! દિવસો વઈક્કંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઈક્કમં (૬)

આવસ્સિઆએ

(અવગ્રહમાંથી બહાર નીકળી, ફરી આવવાનું છે તે ભાવ દર્શાવવા શરીરને થોડું પાછળ કરવું)

પડિક્કમામિ, ખમાસમણાણં,

દેવસિઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,

જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ, કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ, સવ્વકાલિઆએ,સવ્વમિચ્છો વયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ, આસાયણાએ, જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ (૭)

બીજું વંદન

(૧-ઈચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)

નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં

કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! દિવસો વઈક્કંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો !
દેવસિઅં વઈક્કમં (૬)
પડિક્કમામિ, ખમાસમણાણં,
દેવસિઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,
જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ,
કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,
સવ્વકાલિઆએ, સવ્વમિચ્છો વયારાએ,
સવ્વધમ્માઈક્કમણાએ, આસાયણાએ,
જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો !
પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ,
અપ્પાણં વોસિરામિ (૭)

(શિષ્ય કહે) હે ક્ષમા પ્રધાન સાધુજી ! (હું) પાપ વ્યાપારનો ત્યાગ કરી શક્તિ સહિત વંદન કરવાને ઈચ્છું છું. (૧)

(ગુરુ કહે- છંદેણ = ઈચ્છાપૂર્વક = સ્વખુશી થી કરો) (ત્યારે શિષ્ય કહે) મને મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણ) માં પ્રવેશ કરવાની રજા આપશોજી. (ગુરુ કહે - અણુજાણામિ (હું આજ્ઞા આપું છું) (શિષ્ય કહે-) ગુરુવંદન સિવાય બીજો વ્યાપાર નિષેધીને. (૨)

આપના શરીર (રૂપ ચરણ) ને (મારા મસ્તક રૂપ) શરીરના સ્પર્શથી આપને (કંઈ) કિલામણા (થાય તે) ક્ષમા યોગ્ય છે અર્થાત્ ક્ષમા આપવા જેવી છે. થોડા થાકવાળા આપને હે ભગવંત ! ઘણા શુભ ભાવથી દિવસ પસાર થયો છે ને ? (ગુરુ કહે- તહત્તિ = તે પ્રકારે જ છે.) (૩)

(શિષ્ય કહે) આપની સંયમયાત્રા બરાબર ચાલે છે ને ? (ગુરૂ કહે - તુબ્ભં પિ વટ્ટએ = તમારી સંયમયાત્રા પણ બરાબર ચાલે છે ને ?) (૪)

(શિષ્ય કહે) આપનું શરીર ઇન્દ્રિયો અને મનથી પીડા પામતુ નથી ને? (ગુરુ કહે- 'એવં'=એમ જ છે) (૫)

(શિષ્ય કહે) - હે ક્ષમાશ્રમણ ! મારો દિવસ સંબંધી (જે કંઈ) અપરાધ થયો હોય, તેની હું ક્ષમા માગું છું. (ગુરુ કહે 'અહમપિ ખામેમિ તુમં - હું પણ તને ખમાવું છું.) (૬)

આવશ્યક ક્રિયા માટે (હું અવગ્રહની બહાર જાઉં છું) આપ ક્ષમાશ્રમણનું દિવસ સંબંધી થયેલી તેત્રીશમાંથી (કોઈપણ) આશાતના દ્વારા (લાગેલ દોષનું) પ્રતિક્રમણ કરું છું.(હે ક્ષમાશ્રમણ !) જે કંઇ મિથ્યાત્વથી, મન સંબંધી દુષ્કૃત્ય, વચન સંબંધી દુષ્કૃત્ય, અને શરીર સંબંધી દુષ્કૃત્ય રૂપ આશાતનાથી, ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી થયેલ આશાતનાથી સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર (=કૂડ-કપટરૂપ) સંબંધી, સર્વ (અષ્ટપ્રવચન માતા રૂપ)ધર્મને ઓળંગવારૂપ આશાતનાથી, મે જે (કોઈ) અતિચાર કર્યો હોય, હે ક્ષમાશ્રમણ ! તે સંબંધી પાપોથી હું પાછો હટું છું, આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુસાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું અને એવા પાપરૂપ મારા આત્માનો હું ત્યાગ કરું છું. (૭)

-'આવસ્સિઆએ' સૂત્રનો ઉપયોગ વાંદણામાં એક વાર થતો હોય છે. તેમાં પહેલા વાંદણામાં 'નિસીહિ' કહીને પ્રવેશ કર્યા પછી 'આવસ્સિઆએ' કહીને ગુરૂ ભગવંતના અવગ્રહની બહાર નીકળવાનું હોય છે. ફરીવાર બીજા વાંદણામાં અવગ્રહમાં પ્રવેશ કરવા સહમતિ લીધા પછી ફરી ત્રીજીવાર ગુરૂ વાંદણા કરવાના ન હોવાથી ત્યાં ' આવસ્સિઆએ' બોલવાની જરૂર રહેતી નથી. વાંદણા સૂત્ર પૂર્ણ થાય ત્યારે અવગ્રહની બહાર સામાન્યતઃ નીકળાતું હોય છે.

-'અવગ્રહ' - પૂજ્ય ગુરૂ ભગવંત અને આપણી વચ્ચે જે અંતર રખાય તે અવગ્રહ કહેવાય. ગુરૂ ભગવંતની આજ્ઞા વગર તેઓના અવગ્રહમાં પ્રવેશ કરવો, તે એક પ્રકારનો અવિનય કહેવાય છે. વાંદણામાં આજ્ઞા માંગીને બે વાર પ્રવેશ કરાય છે.

-અવગ્રહમાં પ્રવેશ કર્યા પછી યથાજાત મુદ્રામાં બેસવું, મુહપત્તિ/રજોહરણ ઉપર ગુરૂચરણની સ્થાપના કરવી.

વાંદણા હંમેશા બે વખત સાથે જ અપાય છે. પ્રથમ વાંદણામાં નિસીહિ બોલી અવગ્રહમાં પ્રવેશ કરાય છે. આવસ્સિઆએ બોલી અવગ્રહમાંથી બહાર નીકળાય છે.

બીજા વાંદણામાં નિસીહિ બોલી ફરી અવગ્રહમાં પ્રવેશ કરાય છે પણ આવસ્સિઆએ પદ બોલાતું નથી - અવગ્રહ માંથી બહાર નીકળ્યા વિના જ બાકીનું સૂત્ર બોલાય છે.

ગુરૂવંદનાનાં ત્રણ પ્રકારો છે. ૧- ફિટ્ટા વંદન ૨- થોભ વંદન અને ૩- દ્વાદશાવર્ત વંદન. વાંદણા તે દ્વાદશાવર્ત્ત વંદનનો પ્રકાર છે.

(પ્રતિક્રમણ શરૂ કરતાં પહેલા રાતના પચ્ચક્ખાણ કરવાનાં હોય છે. એથી કરીને અહિં 'પચ્ચક્ખાણ આવશ્યક' કરી લેવામાં આવે છે.)

ઈચ્છકારી ભગવન્ !
પસાય કરી પચ્ચક્ખ્ખાણનો
આદેશ દેશો જી. (૧)

હે ભગવન્ ! કૃપા કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી. (૧)

સાંજનાં પચ્ચક્ખાણ

પાણહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

પાણહાર દિવસ-ચરિમં
પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં,
સવ્વસમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ) .

અર્થ - દિવસના શેષ ભાગથી સંપૂર્ણ રાત્રિ-પર્યંત પાણી નામના આહારનું પ્રત્યાખ્યાન કરે છે (કરું છું). તેનો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ ચાર આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).
(નોંધ-આયંબિલ -એકાસણ-નીવિ કે બીજા બિયાસણાવાળાએ સૂર્યાસ્ત પહેલાં તિવિહારનું પચ્ચક્ખાણ કરનાર ભાગ્યશાળીએ આ પાણહાર-પચ્ચક્ખાણ કરવું.)

ચઉવિહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

દિવસ-ચરિમં
પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ),
ચઉવ્વિહંપિ આહારં અસણં, પાણં, ખાઈમં, સાઈમં,
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં,
સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

અર્થ - દિવસના શેષ ભાગથી સંપૂર્ણ રાત્રિ-પર્યંત પચ્ચક્ખાણ કરે છે (કરું છું). તેમાં ચારેય પ્રકારના આહાર એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **પાન** (સાદુ પાણી), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વગેરે) અને **સ્વાદિમ** (દવા- પાણી સાથે)નો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ ચાર આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).
(નોંધ - ઠામ ચઉવિહાર, આયંબિલ, નીવિ, એકાસણ અને બિયાસણવાળાએ અને સૂર્યાસ્ત આસપાસ ચારે આહાર છોડનારે આ પ્રત્યાખ્યાન કરવું.)

તિવિહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

દિવસ ચરિમં
પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)
તિવિહંપિ આહારં અસણં, ખાઈમં, સાઈમં,
અન્નત્થણા-ભોગેણં, સહસા-ગારેણં, મહત્તરા-ગારેણં,
સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

અર્થ - દિવસના શેષ ભાગથી સંપૂર્ણ રાત્રિ-પર્યંત પચ્ચક્ખાણ કરે છે (કરું

છું).તેમાં ત્રણ પ્રકારના આહાર એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વગેરે) અને **સ્વાદિમ** (દવા પાણી સાથે)નો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

(નોંધ : આયંબિલ-નીવિ-એકાસણું અને બીજું બિયાસણું કરીને ઊઠતી વખતે અને છૂટાવાળાએ રાત્રિ દરમ્યાન પાણી પીવાની છૂટ રાખનારે આ પચ્ચક્ખાણ અવશ્ય કરવું જોઈએ.)

દુવિહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

દિવસ-ચરિમં

પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)

દુવિહં પિ આહારં અસણં, ખાઈમં,અન્નત્થણા-ભોગેણં,

સહસા-ગારેણં, મહત્તરા-ગારેણં,

સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

અર્થ – દિવસના શેષ ભાગથી સંપૂર્ણ રાત્રિ પર્યંત પ્રત્યાખ્યાન કરે છે (કરું છું). તેમાં બે પ્રકારના આહાર એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વગેરે) **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

(નોંધ : પૂ.ગુરુભગવંતની આજ્ઞા મેળવ્યા પછી, રાત્રે સમાધિ ટકે અને ચોવિહાર સુધી પહોંચવાની શક્તિ પ્રાપ્ત થાય, તે માટે આ પચ્ચક્ખાણ, ઔષધ-પાણી લેનારે કરવું).

(સામાયિક લીધાં બાદ હવે પ્રતિક્રમણની ક્રિયા શરૂ થાય છે.
આ શ્રેષ્ઠ અને કલ્યાણકારી ક્રિયા કરવા અગાઉ મંગલ નિમિત્તે 'ચૈત્યવંદન' થી ઓળખાતી ક્રિયા કરવાની હોય છે. બીજા શબ્દોમાં તેને 'દેવવંદન' પણ કહી શકાય)

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

(જૈનધર્મમાં આજ્ઞા વિના કંઈ પણ કરવું ન કલ્પે, માટે આદેશ માંગવા નીચે મુજબનો પાઠ બોલવો.)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
ચૈત્યવંદન કરું ? 'ઈચ્છં' (૧)

હે ભગવંત ! ચૈત્યવંદન કરું ? આજ્ઞા માન્ય છે. (૧)

સકલ કુશલ વલ્લી, પુષ્કરાવર્ત્ત મેઘો,
દુરિત તિમિર ભાનુઃ કલ્પ વૃક્ષોપમાનઃ,
ભવ જલ નિધિ પોતઃ સર્વ સંપત્તિ હેતુઃ,
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ
શ્રેયસે પાર્શ્વનાથઃ (૧)

સઘળા કુશળની વેલડી સમાન, પુષ્કરાવર્તના મેઘ સમાન, અજ્ઞાનરૂપ અંધકાર માટે સૂર્ય સમાન, કલ્પવૃક્ષ સમાન, સંસાર રૂપ સમુદ્રમાં વહાણ સમાન, સર્વ સંપત્તિના કારણ રૂપ, તે શ્રી શાંતિનાથ હંમેશા તમારા કલ્યાણ માટે થાઓ. (૧)

સકલાર્હત ચૈત્યવંદન

વર્તમાન ચોવીશી પરમાત્માની ભાવવાહી સ્તવના

સકલાર્હત્પ્રતિષ્ઠાન,
મધિષ્ઠાનં શિવશ્રિયઃ,

ભૂર્ભુવઃ સ્વસ્ત્રયી શાન, માર્હન્ત્યં પ્રણિદધ્મહે (૧)
નામાકૃતિ દ્રવ્યભાવૈઃ,
પુનત સ્ત્રિ જગજ્જનં,
ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્ન ર્હતઃ સમુપાસ્મહે (૨)

સઘળા અરિહંતોમાં રહેલા, મોક્ષ-લક્ષ્મીના નિવાસસ્થાન, પાતાળ, મનુષ્યલોક અને સ્વર્ગલોક ઉપર પ્રભુત્વ ધરાવનાર એવા અરિહંતપણાનું અમે ધ્યાન ધરીએ છીએ. (૧)

જેઓ સર્વ ક્ષેત્રમાં અને સર્વ કાળમાં નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ વડે ત્રણે જગતના લોકોને પવિત્ર કરી રહેલા છે, એવા અરિહંતની અમે ઉપાસના કરીએ છીએ.(૨)

આદિમં પૃથિવીનાથ, માદિમં નિષ્પરિગ્રહં,
આદિમં તીર્થનાથં ચ,
ઋષભ સ્વામિનં સ્તુમઃ (૩)
અર્હન્ત મજિતં વિશ્વ, કમલાકર ભાસ્કરમ્,
અમ્લાન કેવલાદર્શ, સંક્રાન્ત જગતં સ્તુવે (૪)

પ્રથમ રાજા, પ્રથમ સાધુ, પ્રથમ તીર્થંકર એવા **શ્રી ઋષભદેવસ્વામી**ની અમે સ્તુતિ કરીએ છીએ.(૩)

જગત રૂપ, કમળના વનને વિકસાવવા માટે સૂર્ય સમાન, જેમના નિર્મળ કેવળજ્ઞાન રૂપ દર્પણમાં ત્રણ જગત પ્રતિબિંબિત થયું છે, એવા **શ્રી અજિતનાથ** અરિહંતની હું સ્તવના કરું છું. (૪)

વિશ્વ ભવ્ય જનારામ, કુલ્યા તુલ્યા જયન્તિ તાઃ,
દેશના સમયે વાચઃ, શ્રી સંભવ જગત્પતેઃ (૫)
અનેકાન્ત મતામ્ભોધિ, સમુલ્લા સન ચન્દ્રમાઃ,
દદ્યાદ મન્દ માનન્દં, ભગવાન ભિનન્દનઃ (૬)

જગતમાં રહેલ ભવ્ય માણસો રૂપ બગીચા માટે નહેર સમાન એવા **શ્રી સંભવનાથસ્વામી**ના તે દેશનાના સમયના વચનો જય પામે છે. (૫)
(જેવી રીતે ચંદ્રથી સમુદ્ર વૃદ્ધિ પામે છે તેવી રીતે) સ્યાદ્‌વાદમત રૂપ સમુદ્રને ઉલ્લસિત કરવા માટે ચંદ્ર સમાન એવા **શ્રી અભિનંદન સ્વામી** પરિપૂર્ણ આનંદ આપો. (૬)

દ્યુસત્કિરીટ શાણાગ્રો, ત્તેજિતાં ઘ્રિનખાવલિઃ,
ભગવાન્ સુમતિસ્વામી, તનોત્વ ભિમતાનિ વઃ (૭)
પદ્મપ્રભ પ્રભોર્દેહ ભાસઃ, પુષ્ણન્તુ વઃશ્રિયમ્,
અન્ત રંગારિમથને, કોપાટોપાદિ વારુણાઃ (૮)

દેવોના મુકુટરૂપ શરાણના અગ્ર ભાગ વડે ચકચકિત થઈ છે જેમના પગના નખોની શ્રેણી એવા **શ્રી સુમતિનાથ** ભગવાન તમારા મનોરથોને પૂર્ણ કરો. (૭)
અંતરંગ શત્રુઓને દૂર કરવા કોપના આડંબરથી જાણે લાલ થઈ હોય એવી **શ્રી પદ્મપ્રભસ્વામી**ના શરીરની કાન્તિ તમારી મોક્ષલક્ષ્મીનું પોષણ કરો. (૮)

શ્રી સુપાર્શ્વ જિનેન્દ્રાય, મહેન્દ્ર મહિતાંઘ્રયે ,
નમ શ્ચતુર્વર્ણ સંઘ, ગગના ભોગ ભાસ્વતે (૯)
ચંદ્રપ્રભ પ્રભોશ્ચન્દ્ર, મરીચિ નિચયો જ્જવલા ,
મૂર્તિર્મૂર્ત સિતધ્યાન, નિર્મિતેવ શ્રિયેસ્તુ વઃ (૧૦)

(સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ) ચતુર્વિધસંઘ રૂપ આકાશમંડળમાં આકાશમંમમાં સૂર્ય જેવા, જેમના ચરણો મોટા ઈન્દ્રોથી પૂજાયેલ છે એવા **શ્રી સુપાર્શ્વનાથસ્વામી**ને નમસ્કાર થાઓ. (૯)

ચંદ્રના કિરણોના સમૂહથી ઉજ્જવલ, સાક્ષાત્ શુક્લ ધ્યાન વડે બનાવી હોય તેના જેવી **શ્રી ચંદ્રપ્રભસ્વામી**ની પ્રતિમા તમને જ્ઞાનલક્ષ્મીની વૃદ્ધિ કરનારી હો. (૧૦)

કરા મલકવદ્વિશ્વં, કલયન્ કેવલ શ્રિયા ,
અચિન્ત્ય માહાત્મ્ય નિધિઃ, સુવિધિ બોંધયેસ્તુ વઃ (૧૧)
સત્ત્વાનાં પરમાનન્દ, કન્દો દ્ભેદ નવામ્બુદઃ ,
સ્યાદ્વાદામૃત નિસ્યન્દી, શીતલઃ પાતુ વો જિનઃ (૧૨)

જે કેવલજ્ઞાન રૂપી લક્ષ્મી વડે-હાથમાં રહેલ આમળાની જેમ-સમસ્ત વિશ્વને જાણે છે, એવા અચિંત્ય માહાત્મ્યના નિધાન એવા **શ્રી સુવિધિનાથ** ભગવાન તમારા બોધિ (સમ્યક્ત્વ)ને પ્રાપ્તિ કરાવનારા હો. (૧૧)
પ્રાણીઓના ઉત્કૃષ્ટ આનંદના અંકુરને (કંદને) પ્રગટ કરવામાં નવીન મેઘ સમાન, સ્યાદ્વાદમત રૂપ અમૃતના ઝરણા સમાન **શ્રી શીતલનાથ** જિનેશ્વર તમારું રક્ષણ કરો. (૧૨)

ભવ રોગાર્ત્ત જન્તૂના મગ દંકાર દર્શનઃ,
નિઃશ્રેયસ શ્રી રમણઃ, શ્રેયાંસઃ શ્રેયસેસ્તુ વઃ (૧૩)
વિશ્વોપકાર કીભૂત, તીર્થકૃત્કર્મ નિર્મિતિઃ,
સુરાસુર નરૈઃ પૂજ્યો, વાસુપૂજ્યઃ પુનાતુ વઃ (૧૪)

સંસારરૂપ રોગથી પીડા પામેલા જીવોને જેમનું દર્શન (સમ્યક્ત્વ) વૈદ્ય સમાન છે, તેમજ મોક્ષ રૂપ લક્ષ્મીના સ્વામી **શ્રી શ્રેયાંસનાથ** ભગવાન તમારા કલ્યાણ માટે થાઓ. (૧૩)
વિશ્વ ઉપર ઉપકાર કરનારા, તીર્થંકર નામકર્મની ઉપાર્જના કરનાર, દેવ-અસુર-મનુષ્યો વડે પૂજવા યોગ્ય **શ્રી વાસુપૂજ્યસ્વામી** તમને પવિત્ર કરો. (૧૪)

વિમલ સ્વામિનો વાચઃ, કત કક્ષોદ સોદરાઃ,
જયંતિ ત્રિજગચ્ચેતો, જલ નૈર્મલ્ય હેતવઃ (૧૫)
સ્વયંભૂ રમણ સ્પર્દ્ધિ, કરુણા રસ વારિણા,
અનંત જિદ નન્તાં વઃ, પ્રયચ્છતુ સુખ શ્રિયમ્ (૧૬)

ત્રણ જગતના ચિત્ત રૂપી પાણીને નિર્મળ કરવા માટે હેતુ રૂપ કતક ફળના ચૂર્ણ જેવી, એવા **શ્રી વિમલનાથસ્વામી**ના વચનો જય પામે છે.(૧૫)
કરુણા પાણી વડે સ્વયંભૂરમણ સમુદ્રની હરિફાઈ કરનાર, **શ્રી અનંતનાથસ્વામી** તમને અનંતસુખ રૂપ લક્ષ્મી આપો. (૧૬)

કલ્પ દ્રુમ સધર્માણ, મિષ્ટ પ્રાપ્તૌ શરીરિણામ્ ,
ચતુર્દ્ધા ધર્મદેષ્ટારં, **ધર્મનાથ** મુપાસ્મહે (૧૭)
સુધા સોદર વાગ્ જ્યોત્સ્ના, નિર્મલી કૃત દિઙ્મુખઃ ,
મૃગ લક્ષ્મા તમઃશાન્ત્યૈ, **શાન્તિનાથઃ** જિનોસ્તુ વઃ (૧૮)

પ્રાણીઓને વાંછિત ફળની પ્રાપ્તિમાં કલ્પદ્રુમ સમાન, ચાર પ્રકારે ધર્મના ઉપદેશક એવા **શ્રી ધર્મનાથસ્વામી**ની અમે ઉપાસના કરીએ છીએ.(૧૭)
અમૃતતુલ્ય ધર્મદેશના વડે દિશાઓનાં મુખ ઉજ્જવલ કરનાર તથા હરણનાં લાંછનને ધારણ કરનાર **શ્રી શાંતિનાથ** ભગવાન તમારા અજ્ઞાનનાં નિવારણ અર્થે હો. ચંદ્રિકા વડે નિર્મલ કર્યો છે દિશાઓનો મુખભાગ જેણે, હરણના ચિહ્નવાળા **શ્રી શાંતિનાથ** જિનેશ્વર તમારા અજ્ઞાનની શાંતિ માટે થાઓ.(૧૮)

શ્રી કુંથુનાથો ભગવાન્, સનાથો તિશય ર્દ્ધિભિઃ,
સુરાસુર નૃનાથાના, મેક નાથોસ્તુ વઃ શ્રિયે (૧૯)
અરનાથસ્તુ ભગવાં, શ્ચતુર્થાર નભોરવિઃ,
ચતુર્થ પુરુષાર્થ શ્રી, વિલાસં વિતનોતુ વઃ (૨૦)

અતિશય ઋદ્ધિ વડે યુક્ત, દેવ, અસુર, મનુષ્યોના સ્વામીના અદ્વિતીય નાથ એવા **શ્રી કુંથનાથ** ભગવાન તમારી (કલ્યાણ રૂપી) લક્ષ્મી માટે થાઓ. (૧૯)
ચોથા આરા રૂપી આકાશમાં સૂર્ય સમાન **શ્રી અરનાથ** ભગવાન તમારા ચોથા પુરુષાર્થ (મોક્ષ) રૂપ લક્ષ્મીના વિલાસને વિસ્તારો. (૨૦)

સુરાસુર નરાધીશ, મયુર નવ વારિદમ્,
કર્મદ્રુન્મૂલને હસ્તિ, મલ્લં મલ્લિ મભિષ્ટુમઃ (૨૧)
જગન્મહા મોહ નિદ્રા, પ્રત્યુષ સમયો પમમ્,
મુનિસુવ્રત નાથસ્ય, દેશના વચનં સ્તુમઃ (૨૨)

દેવ-અસુર-મનુષ્યોના સ્વામી રૂપ મોરને ઉલ્લસિત કરવા માટે નવીન મેઘ સમાન અને કર્મ રૂપ વૃક્ષને મૂળથી ઉખેડી નાખવામાં ઐરાવત હાથી સમાન **શ્રી મલ્લિનાથ**ની અમે સ્તુતિ કરીએ છીએ. (૨૧)
જગતના લોકોની ગાઢ મોહનીય કર્મ રૂપ નિદ્રા દૂર કરવા માટે પ્રભાત સમયની ઉપમાવાળા **શ્રી મુનિસુવ્રતસ્વામી**ની દેશનાના વચનની અમે સ્તુતિ કરીએ છીએ. (૨૨)

લુઠંતો નમતાં મૂર્ધ્નિ, નિર્મલી કાર કારણમ્,
વારિપ્લવા ઈવ નમેઃ, પાન્તુ પાદ નખાંશવઃ (૨૩)
યદુવંશ સમુદ્રેન્દુઃ, કર્મ કક્ષ હુતાશનઃ,
અરિષ્ટનેમિર્ભગવાન્, ભૂયાદ્ વોરિષ્ટ નાશનઃ (૨૪)

નમસ્કાર કરનાર મસ્તક ઉપર પડતા અને નિર્મળ કરવાના કારણ રૂપ જલપ્રવાહ જેવા **શ્રી નમિનાથ** ભગવાનના ચરણના નખના કિરણો તમારી રક્ષા કરો. (૨૩)
યદુવંશ રૂપ સમુદ્રમાં ચંદ્ર સમાન, અને કર્મ રૂપ વનને બાળવા માટે અગ્નિ સમાન એવા **શ્રી અરિષ્ટનેમિ** ભગવાન તમારા ઉપદ્રવને નાશ કરનારા થાઓ. (૨૪)

કમઠે ધરણેન્દ્રે ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ,
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ, પાર્શ્વનાથઃ શ્રિયેસ્તુ વઃ (૨૫)
શ્રીમતે વીર નાથાય, સનાથાયાદ્ ભૂત શ્રિયા,
મહાનંદસરો રાજ મરાલાયા ર્હતે નમઃ (૨૬)

પોતાને ઉચિત એવા કર્મ કરનાર કમઠ ઉપર અને ધરણેન્દ્ર ઉપર સમાન મનોવૃત્તિ રાખનાર **શ્રી પાર્શ્વનાથ** ભગવાન તમારી કલ્યાણ માટે થાઓ. (૨૫)
ચોત્રીશ અતિશય રૂપ અદ્ભુત લક્ષ્મીથી યુક્ત, મહા આનંદ રૂપ સરોવરને વિષે રાજહંસ સમાન, શ્રીમાન્ **મહાવીર સ્વામી** અરિહંતને નમસ્કાર થાઓ. (૨૬)

કૃતા પરાધેપિ જને, કૃપા મંથર તારયોઃ ,
ઈષદ્ બાષ્પાર્દ્રયો ર્ભદ્રં, શ્રી વીરજિન નેત્રયોઃ (૨૭)
જયતિ વિજિતાન્ય તેજાઃ,
સુરા સુરાધીશ સેવિતઃ શ્રીમાન્,
વિમલ સ્ત્રાસ વિરહિત, સ્ત્રિભુવન ચૂડામણિ ર્ભગવાન્ (૨૮)

અપરાધ કરનાર માણસ ઉપર પણ દયાથી નમેલી બે કીકીઓ વાળા અને થોડા અશ્રુથી ભીંજાયેલાં એવા **શ્રી વીરજિનેશ્વર**ના બે નેત્રો તમારું કલ્યાણ કરનારા થાઓ. (૨૭)
વિશેષ પ્રકારે અન્યના તેજને જીતનારા, દેવ-દાનવના સ્વામી વડે સેવાયેલા, કેવળજ્ઞાન રૂપ લક્ષ્મીવાળા, નિર્મળ, વિશેષ પ્રકારના ભયથી રહિત, ત્રણ ભુવનમાં મુકુટ સમાન (**શ્રી વીરસ્વામી**) ભગવંત જય પામે છે. (૨૮)

વીરઃ સર્વ સુરા સુરેન્દ્ર મહિતો વીરં બુધાઃ સંશ્રિતાઃ,
વીરેણા ભિહતઃ સ્વકર્મ નિચયો, વીરાય નિત્યં નમઃ,

વીરાત્તીર્થ મિદં પ્રવૃત્ત મતુલં, વીરસ્ય ઘોરં તપો,
વીરે શ્રી ધૃતિ કીર્તિ કાંતિ નિચયઃ શ્રી વીર ! ભદ્રં દિશ (૨૯)
અવનિતલગતાનાં કૃત્રિમા કૃત્રિમાનાં,
વર ભવન ગતાનાં, દિવ્ય વૈમાનિકાનામ્ ,
ઈહ મનુજ કૃતાનાં, દેવ રાજાર્ચિતાનાં,
જિનવર ભવનાનાં ભાવતોહં નમામિ (૩૦)

શ્રી વીરસ્વામી દેવ-દાનવોના ઈન્દ્રો વડે પૂજાયેલા છે, પંડિતો શ્રી વીરસ્વામીને આશ્રયે રહેલા છે, શ્રી વીરે પોતના કર્મોના સમૂહને હણ્યો છે, શ્રી વીરને હંમેશાં નમસ્કાર થાઓ. વીરથી આ અનુપમ ચતુર્વિધ સંઘરૂપી તીર્થ પ્રવર્તેલું છે. શ્રી વીર પરમાત્મા ઘોર તપએ તપ્યું છે, શ્રી વીરસ્વામીમાં લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ અને કાંતિનો સમૂહ છે. આવા શ્રી વીર ! અમને કલ્યાણ આપો. (૨૯)

પૃથ્વીતલ ઉપર અશાશ્વત અને શાશ્વત રૂપે રહેલા, શ્રેષ્ઠ ભવનપતિના આવાસોમાં રહેલા, દિવ્ય વિમાનોમાં રહેલા, આ લોકમાં મનુષ્યોએ કરેલા, દેવતાઓના રાજાઓએ પૂજેલ એવા જિનેશ્વરના ચૈત્યોને હું ભાવથી નમું છું. (૩૦)

સર્વેષાં વેધ સામાદ્ય, માદિમં પરમેષ્ઠિનામ્ ,
દેવાધિદેવં સર્વજ્ઞં, શ્રી વીરં પ્રણિદધ્મહે (૩૧)
દેવો નેકભવા ર્જિતોર્જિત મહા પાપ પ્રદીપાનલો,
દેવઃ સિદ્ધિવધૂ વિશાલહૃદયા લંકારહારોપમઃ ,
દેવોષ્ટા દશ દોષ સિન્ધુરઘટા નિર્ભેદ પંચાનનો,
ભવ્યાનાં વિદધાતુ વાંછિત ફલં, શ્રી વીતરાગો જિનઃ (૩૨)

સર્વ જ્ઞાતાઓમાં પ્રથમ, પરમેષ્ઠિઓમાં પ્રથમ, દેવોના દેવ એવા **શ્રી મહાવીર સ્વામી**નું અમે ધ્યાન કરીએ છીએ. (૩૧)

જે દેવ અનેક ભવમાં ભેગા કરેલા તીવ્ર પાપોને બાળી નાખવા માટે અગ્નિ સમાન છે, જે દેવ સિદ્ધિ રૂપી વધૂના વિશાલ હૃદયને અલંકૃત કરવા માટે હાર સમાન છે, જે દેવ અઢાર દોષ રૂપ હાથીના સમૂહને ભેદવામાં સિંહ સમાન છે, તેવા શ્રી વીતરાગ જિનેશ્વર ભવ્યજીવોને વાંછિત ફલ આપો. (૩૨)

ખ્યાતોષ્ટા પદ પર્વતો ગજપદઃ સમ્મેત શૈલાભિધઃ,
શ્રીમાન્ રૈવતકઃ પ્રસિદ્ધ મહિમા શત્રુંજયો મંડપઃ,
વૈભારઃ કનકાચલો ર્બુદ ગિરિઃ શ્રી ચિત્ર કૂટાદય,
સ્તત્ર શ્રી ઋષભાદયો જિનવરાઃ કુર્વન્તુ વો મંગલમ્ (૩૩)

પ્રસિદ્ધ અષ્ટાપદ પર્વત, ગજપદ પર્વત, સંમેતશિખર નામે પર્વત, શોભાવાળો ગિરનાર પર્વત, પ્રસિદ્ધ માહાત્મ્યવાળો શત્રુંજય પર્વત, માંડવગઢ, વૈભારગિરિ, સુવર્ણગિરિ (કનકાચલ), આબુ પર્વત, શ્રી ચિતોડ વગેરે જ્યાં શ્રી ઋષભાદિ જિનેશ્વરો છે, તે તમારું મંગલ કરો. (૩૩)

સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં રહેલા સર્વ તીર્થો અને તેમાં રહેલી પ્રતિમાઓને વંદના

જં કિંચિ નામ તિત્થં,
સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઈં જિણ બિંબાઈં,
તાઈં સવ્વાઈં વંદામિ. (૧)

સ્વર્ગમાં, પાતાળમાં અને મનુષ્યલોકમાં જે કોઈ નામ રૂપ તીર્થો છે, (તેમાં) જેટલાં જિનેશ્વરનાં બિંબો છે, તે સર્વેને હું વંદન કરું છું. (૧)

આ 'સકલાર્હત' મહાકાવ્ય મહારાજા કુમારપાલની પ્રાર્થનાથી રચવામાં આવેલું છે. આ સ્તોત્રનું મૂળનામ 'ચતુર્વિંશતિ-જિન-નમસ્કાર' છે. તે 'બૃહચ્ચૈત્યવંદન'ના નામે પણ ઓળખાય છે કારણકે પાક્ષિક, ચઉમાસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ વખતે મોટું ચૈત્યવંદન કરવામાં તેનો ઉપયોગ થાય છે. આ સૂત્રનાં તેત્રીસ શ્લોકોમાં અર્હદ્દેવોના અદ્ભૂત ગુણોનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે અને તેમની ઉપાસના અને આરાધનાની સાર્થકતા દર્શાવવામાં આવી છે.

(આ સૂત્રથી ત્રણે લોકમાં રહેલા તીર્થોમાં બિરાજમાન
સર્વે જિનપ્રતિમાઓને વંદન કરાય છે.)

શ્રી તીર્થંકર પરમાત્માની તેમના ગુણો દ્વારા સ્તવના

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં (૧)
આઈગરાણં, તિત્થયરાણં,
સયંસંબુદ્ધાણં (૨)
પુરિસુત્તમાણં, પુરિસસીહાણં,
પુરિસ વર પુંડરીયાણં,
પુરિસ વર ગંધ હત્થીણં (૩)
લોગુત્તમાણં, લોગ નાહાણં, લોગ હિઆણં, લોગ પઈવાણં,
લોગ પજ્જોઅ ગરાણં. (૪)
અભય દયાણં, ચક્ખુ દયાણં, મગ્ગ દયાણં, સરણ દયાણં,
બોહિ દયાણં. (૫)
ધમ્મ દયાણં, ધમ્મ દેસયાણં, ધમ્મ નાયગાણં, ધમ્મ સારહીણં,
ધમ્મ વર ચાઉરંત ચક્કવટ્ટીણં. (૬)
અપ્પડિહય વરનાણ દંસણ ધરાણં, વિયટ્ટ છઉમાણં. (૭)
જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં,
મુત્તાણં મોઅગાણં. (૮)
સવ્વન્નૂણં, સવ્વદરિસીણં સિવ મયલ મરુઅ મણંત મક્ખય
મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઈનામધેયં, ઠાણં સંપત્તાણં,
નમો જિણાણં જિઅભયાણં. (૯)
જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગયે કાલે,
સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. (૧૦)

અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. (૧)
ધર્મની શરૂઆત કરનાર, તીર્થના સ્થાપનાર અને પોતાની મેળે બોધ પામનાર, અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ. (૨)
પુરૂષોમાં ઉત્તમ, પુરૂષોમાં સિંહ સમાન, પુરૂષોમાં ઉત્તમ પુંડરીક (કમળ) સમાન, પુરૂષોમાં શ્રેષ્ઠ ગંધહાથી સમાન, (૩)
લોકમાં ઉત્તમ, લોકનાં નાથ, લોકનું હિત કરનાર, લોકમાં દિપક સમાન, લોકમાં પ્રકાશ કરનાર. (૪)
અભયદાન આપનાર, શ્રુતજ્ઞાન રૂપ ચક્ષુ (આંખ) આપનાર, મોક્ષમાર્ગ આપનાર, શરણ આપનાર, સમકિત આપનાર, (૫)
ધર્મને આપનાર, ધર્મનો ઉપદેશ આપનાર, ધર્મના નાયક, ધર્મના સારથી, દાન-શીલ-તપ-ભાવ રૂપ ધર્મમાં ચતુરંત શ્રેષ્ઠ ચક્રવર્તી. (૬)
કોઈથી પણ ન હણાય એવા શ્રેષ્ઠ જ્ઞાન અને શ્રેષ્ઠ દર્શનને ધારણ કરનાર, ચાલ્યું ગયું છે છદ્મસ્થપણું જેમનું. (૭)
રાગદ્વેષને જીતનાર-જીતાડનાર, તરનાર-તારનાર, તત્ત્વના જાણકાર-જણાવનાર, કર્મથી મુક્ત- મુકાવનારા. (૮)
સર્વજ્ઞ, સર્વદર્શી, કલ્યાણરૂપ, અચળ (સ્થિર), રોગ રહિત, અનંત (અંત વિનાનું), અક્ષય (નાશ ન પામે તેવું), અવ્યાબાધ (આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત), ફરીથી પાછા આવવાનું નથી એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા, જેઓ રાગદ્વેષને જીતનારા, એવા જિનને અને સર્વ પ્રકારના ભયને જીતનાર (શ્રી અરિહંત પરમાત્મા) ને નમસ્કાર થાઓ. (૯)
અને જેઓ ભૂતકાળમાં સિદ્ધ થયા હોય અને જેઓ ભવિષ્યકાળમાં સિધ્ધ થવાનાં છે અને જેઓ હમણાં વર્તમાનકાળમાં વિહરી રહ્યા છે, તે સર્વેને હું મન-વચન-કાયારૂપ ત્રણ કરણથી વંદન કરું છું. (૧૦)

આ સૂત્રનો મુખ્ય વિષય અરિહંત ભગવંતોની ગુણ સ્મરણપૂર્વક સ્તવના છે. તેમાં પરમાત્માની અનેક વિશેષતાઓને જણાવીને તેમને નમસ્કાર કરવા પૂર્વક સ્તુતિ કરવામાં આવેલ છે. છેલ્લી ગાથામાં ભૂત-ભાવિ-વર્તમાન એવા અરિહંતોને વંદના કરાયેલ છે.
જ્યારે પ્રભુનો આત્મા દેવલોકમાંથી ચ્યવન પામીને માતાના ગર્ભમાં આવે છે ત્યારે, શક્ર-ઈન્દ્ર, પ્રભુની સ્તુતિ કરતાં આ સૂત્ર બોલે છે.

(ચરવળો હોય તો ઉભા થઈને અથવા ઢીંચણ નીચે કરીને બોલવું.)

પ્રભુજીની વંદના કરવા માટે શ્રદ્ધાદિ દ્વારા આલંબન લઈને કાયોત્સર્ગ કરવાનું વિધાન

અરિહંત ચેઈઆણં,
કરેમિ કાઉસ્સગ્ગં (૧)
વંદણ વત્તિઆએ, પૂઅણ વત્તિઆએ,
સક્કાર વત્તિઆએ, સમ્માણ વત્તિઆએ,બોહિલાભ વત્તિઆએ,
નિરુવસગ્ગ વત્તિઆએ (૨)
સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ,
વડ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં (૩)

હું શ્રી અરિહંત ભગવંતની પ્રતિમા (ચૈત્ય) ને વંદન કરવા, પૂજા કરવા, સત્કાર કરવા, સન્માન કરવા, સમ્યગ્દર્શન (બોધિબીજ) પામવા અને ઉપસર્ગ રહિત (મોક્ષ) સ્થાન પામવા માટે કાર્યોત્સર્ગ કરું છું. (૧,૨)
વધતાં પરિણામ સાથે વધતી શ્રદ્ધા, વધતી બુદ્ધિ, વધતી ધીરજ, વધતી ધારણા, વધતી અનુપ્રેક્ષા (વારંવાર તત્ત્વની વિચારણા) પૂર્વક હું કાર્યોત્સર્ગ કરું છું. (૩)

આ સૂત્રને લઘુચૈત્યવંદન સૂત્ર પણ કહેવાય છે. અનેક જીનાલયોમાં દર્શન - વંદનનો અવસર એકસાથે આવે, ત્યારે દરેક સ્થળે ચૈત્યવંદન કરવું શક્ય ન હોય ત્યારે ૧૭ સંડાસા (પ્રર્માજના) સાથે ત્રણ વાર ખમાસમણ આપ્યા પછી યોગ મુદ્રામાં આ 'શ્રી અરિહંત ચેઈયાણ સૂત્ર' બોલીને એક શ્રી નવકાર મંત્ર નો કાયોત્સર્ગ કરી સ્તુતિ = થોય બોલીને ફરીવાર એક ખમાસમણ દેવાથી લઘુ ચૈત્યવંદનનો લાભ મળતો હોય છે.

આ સૂત્ર અરિહંત-સિદ્ધની પ્રતિમાઓના આલંબન વડે કાઉસ્સગ્ગ કરવાની ઈચ્છા બતાવે છે. જે દેહ વડે પ્રભુએ મુક્તિ પ્રાપ્ત કરી, કાયાના આધારે તેમણે ધર્મ પ્રચાર કર્યો અને જે કાયાના આધારે જગત તેમને જાણી શક્યું, તે કાયા માનને પાત્ર છે. વળી છ નિમિત્તો વડે અર્હતનું જીવન વિચારવાથી ધર્મધ્યાનની ધારા ચાલે છે અને ચિત્તને સ્થિર કરવાનું પુષ્ટ આલંબન મળી રહે છે. જે સાધક અર્હત્‌ની આરાધના, ઉપાસના કે ભક્તિ કરે છે તેને દર્શનબોધિ, જ્ઞાન બોધિ અને ચારિત્રબોધિનો લાભ થાય છે. અને અનુક્રમે તે મોક્ષસુખની પ્રાપ્તિ કરે છે.

કાઉસ્સગ્ગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)
એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી, ૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮- ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)
૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દષ્ટિનો સંચાર થવાથી. (૨)
આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)
જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)
ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, વોસિરાવું છું. (૫)

૧) પ્રતિક્રમણની શરૂઆતમાં સામાયિક શા માટે લેવામાં આવે છે?
ઉત્તર : વિરતિપણામાં કરેલી ક્રિયા પુષ્ટિકારક અને ફળદાતા થાય છે. તેથી પ્રથમ સામાયિક લેવું.
૨) ગુરૂ સમક્ષ પ્રતિક્રમણ કરવાનો હેતુ શું છે?
ઉત્તર : ગુરૂ સાક્ષીએ કરેલું અનુષ્ઠાન વધારે દઢ થાય છે. ગુરૂના અભાવે સ્થાપનાચાર્યની સાક્ષીએ પ્રતિક્રમણ કરવું જોઈએ. જગતમાં સસાક્ષિક વ્યવહાર નિશ્ચલ ગણાય છે. ન્યાય સ્થાનોમાં પણ સક્ષાક્ષિક બાબતોની સિદ્ધિ થાય છે.

(એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, 'નમોર્હત' કહી સ્નાતસ્યાની પહેલી ગાથા કહેવી પછી જ બીજાઓએ 'નમો અરિહંતાણં' બોલી કાઉસ્સગ્ગ પારવો.)



પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

પંચપરમેષ્ઠિને નમસ્કાર

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય
સર્વ સાધુભ્યઃ (૧)

(આ સૂત્ર સ્ત્રીઓ ક્યારેય ન બોલે)

શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સઘળાય સાધુ ભગવંતને નમસ્કાર થાઓ. (૧)

આ સૂત્ર પૂર્વમાંથી ઉદ્‌ધૃત કરેલું હોવાથી સાધ્વીજી ભગવંત અને શ્રાવિકાને બોલવાનો અધિકાર નથી. તેઓને આ સૂત્રની જ્યારે જરૂર જણાય ત્યારે શ્રી નવકાર મંત્ર બોલવાની પ્રથા પ્રચલિત છે. આ સૂત્ર વિવિધ રાગોમાં બોલાતું હોય છે. તેમાં ગુરૂ-લઘુ અક્ષર અને જોડાક્ષરની ઉચ્ચાર વિધિમાં બાધ ન પહોંચે, તે પ્રમાણે જ બોલવું જોઈએ.

આ સૂત્ર શ્રી સિધ્ધસેન દિવાકરજી મહારાજે બનાવ્યું છ. તેમની ઈચ્છા હતી કે નવકાર સૂત્રનું સંસ્કૃત ભાષામાં સૂત્ર બનાવવું. પરંતુ ગુરૂ મહારાજે એ કામ અટકાવ્યું અને આ આશાતનાનાં પ્રાયશ્ચિત રૂપે તેમને બાર વર્ષ ગચ્છની બહાર રહી શાસનની મોટી પ્રભાવના કરવાનું પ્રાયશ્ચિત આપ્યું. પરંતુ તેમના જેવા આરાધક પુરુષનું બનાવેલું સૂત્ર અન્યથા ન જાય તેમ સમજી શ્રી શ્રમણ સંઘે ઘણા ખરા સ્તુતિ, સ્તોત્રો, પૂજાની ઢાળમાં તેને સ્થાન આપ્યું જણાય છે. આ સૂત્ર સ્ત્રીઓથી ક્યારેય ન બોલાય.

સ્નાતસ્યાની થોય - ૧

મહાવીર પ્રભુના જન્માભિષેકની સ્તુતિ

સ્નાતસ્યા પ્રતિમસ્ય મેરુશિખરે
શચ્યા વિભોઃ શૈશવે,
રૂપા લોકન વિસ્મયા હૃતરસ ભ્રાન્ત્યા ભ્રમચ્ચક્ષુષા,

ઉન્મૃષ્ટં નયન પ્રભા
ધવલિતં ક્ષીરોદકા શંકયા,
વક્ત્રં યસ્ય પુનઃ પુનઃ સ જયતિ શ્રી વર્દ્ધમાનો જિનઃ (૧)

બાલ્યકાળમાં મેરુ શિખર ઉપર સ્નાન કરાયેલા, પ્રભુના નિરુપમ રૂપને જોવાથી થયેલ આશ્ચર્યના કારણે ઉત્પન્ન અદ્‌ભુતરસની ભ્રાન્તિથી ચંચલ નેત્રવાળી ઈન્દ્રાણીએ, આંખની નિર્મલ કાંતિ વડે ઉજ્જવલ અને ક્ષીરસમુદ્રનું પાણી રહી ગયાની શંકાથી જેમનું મુખ વારંવાર લૂછયું છે, તે શ્રી વર્ધમાનસ્વામી જય પામે છે. (૧)

(સ્તુતિ બોલનાર સ્તુતિ પૂરી કરે એટલે કાઉસ્સગ્ગ કરનાર સહુ ધીમા અવાજે 'નમો અરિહંતાણં' બોલીને પારે.)

૨૪ જિનેશ્વરોની નામ પૂર્વક સ્તુતિ

લોગસ્સ ઉજ્જોઅગરે,
ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. (૧)
ઉસભ મજિઅં ચ *વંદે*, સંભવ મભિણંદણં ચ સુમઈં ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં *વંદે*. (૨)
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ,
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ *વંદામિ*. (૩)

કુંથું અરં ચ મલ્લિં, *વંદે* **મુણિસુવ્વયં નમિજિણં** ચ,
વંદામિ **રિટ્ઠનેમિં, પાસં** તહ **વદ્ધમાણં** ચ. (૪)
એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જર મરણા,
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (૫)
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ. (૬)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (૭)

(કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત (પ્રકાશિત) કરનારા, ધર્મરૂપ તીર્થને કરનારા, રાગદ્વેષને જીતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરોનું હું કીર્તન કરીશ. (૧)

શ્રી ઋષભદેવને તથા **શ્રી અજિતનાથ**ને, **શ્રી સંભવનાથ**ને, **શ્રી અભિનંદનસ્વામી**ને, **શ્રી સુમતિનાથ**ને, **શ્રી પદ્મપ્રભસ્વામી**ને, **શ્રી સુપાર્શ્વનાથ**ને તથા રાગ-દ્વેષને જિતનારા **શ્રી ચંદ્રપ્રભસ્વામી**ને હું વંદન કરું છું. (૨)

શ્રી સુવિધિનાથને (જેમનું બીજું નામ) **પુષ્પદંતસ્વામી**ને, **શ્રી શીતલનાથ**ને, **શ્રી શ્રેયાંસનાથ**ને, **શ્રી વાસુપૂજ્યસ્વામી**ને, **શ્રી વિમલનાથ**ને, **શ્રી અનંતનાથ**ને, જિનેશ્વર **શ્રી ધર્મનાથ**ને તથા **શ્રી શાંતિનાથ**ને હું વંદન કરું છું. (૩)

શ્રી કુંથુનાથને, **શ્રી અરનાથ**ને, **શ્રી મલ્લિનાથ**ને, **શ્રી મુનિસુવ્રતસ્વામી**ને અને **શ્રી નમિનાથ**ને, **શ્રી અરિષ્ટ-નેમિનાથ**ને, **શ્રી પાર્શ્વનાથ**ને અને **શ્રી વર્ધમાનસ્વામી**ને હું વંદન કરું છું. (૪)

આ રીતે મારા વડે સ્તવના કરાયેલ, કર્મરૂપ રજ અને મલ દૂર કર્યા છે એવા, જરા (અને) મૃત્યુ સર્વથા ક્ષીણ થયા છે એવા ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકર દેવો મારી ઉપર પ્રસન્ન થાઓ. (૫)

જેઓ ઈન્દ્રાદિ દેવતાઓ વડે કીર્તન-વંદન-પૂજન કરાયેલા છે, જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે, તેઓ મને આરોગ્ય (સિદ્ધપણું) અને સમ્યગ્દર્શનનો લાભ (બોધિલાભ)અને શ્રેષ્ઠ ભાવ-સમાધિનું વરદાન આપો. (૬)
ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મળ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, મોટા સમુદ્ર જેવા ગંભીર, સિદ્ધ પરમાત્મા મને મોક્ષ આપો. (૭)

પ્રભુજીની વંદના કરવા માટે શ્રદ્ધાદિ દ્વારા આલંબન લઈને કાયોત્સર્ગ કરવાનું વિધાન

સવ્વલોએ અરિહંત ચેઈઆણં,
કરેમિ કાઉસ્સગ્ગં (૧)
વંદણ વત્તિઆએ, પૂઅણ વત્તિઆએ,
સક્કાર વત્તિઆએ, સમ્માણ વત્તિઆએ,
બોહિલાભ વત્તિઆએ, નિરુવસગ્ગ વત્તિઆએ (૨)
સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ,
વડ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં (૩)

હું સર્વ લોકના શ્રી અરિહંત ભગવંતની પ્રતિમા (ચૈત્ય) ને વંદન કરવા, પૂજા કરવા, સત્કાર કરવા, સન્માન કરવા, સમ્યગ્દર્શન (બોધિબીજ) પામવા અને ઉપસર્ગ રહિત (મોક્ષ) સ્થાન પામવા માટે કાર્યોત્સર્ગ કરું છું. (૧,૨)
વધતાં પરિણામ સાથે વધતી શ્રદ્ધા, વધતી બુદ્ધિ, વધતી ધીરજ, વધતી ધારણા, વધતી અનુપ્રેક્ષા (વારંવાર તત્ત્વની વિચારણા) પૂર્વક હું કાર્યોત્સર્ગ કરું છું. (૩)

આ સૂત્રને લઘુચૈત્ય વંદન સૂત્ર પણ કહેવાય છે. અનેક જીનાલયોમાં દર્શન - વંદનનો અવસર એકસાથે આવે, ત્યારે દરેક સ્થળે ચૈત્યવંદન કરવું શક્ય ન હોય ત્યારે ૧૭ સંડાસા (પ્રર્માજના) સાથે ત્રણ વાર ખમાસમણ આપ્યા પછી યોગ મુદ્રામાં આ 'શ્રી અરિહંત ચેઈયાણ સૂત્ર' બોલીને એક શ્રી નવકાર મંત્ર નો કાયોત્સર્ગ કરી સ્તુતિ = થોય બોલીને ફરીવાર એક ખમાસમણ દેવાથી લઘુ ચૈત્યવંદનનો લાભ મળતો હોય છે.

૧) પ્રતિક્રમણ કરવાનો હેતુ શું છે?
ઉત્તર : પ્રતિક્રમણ પંચાચારની શુદ્ધિ માટે છે. પ્રતિક્રમણ પાપથી પાછા હટવા કરાય છે. દિવસ કે રાત્રી કે વર્ષ સંબંધી લાગેલા પાપોની માફી માંગવા કરાય છે. તે પાંચ આચાર : જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર.

કાઉસ્સગ્ગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)
એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી,૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮- ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)
૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દષ્ટિનો સંચાર થવાથી. (૨)
આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)
જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)
ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, વોસિરાવું છું. (૫)

(પૂર્વવત્ એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને, 'સ્નાતસ્યા'ની બીજી થોય બોલવી.)

કાયોત્સર્ગના ઉપયોગથી ઈન્દ્રિયો, કષાયો, રાગદ્વેષ તથા મનને જીતી શકાય છે, સમત્વને સાધી શકાય છે અને પરિણામે સુખ તથા આનંદના અક્ષયધામ સમા આત્માનો સાક્ષાત્કાર કરી પરમસિદ્ધિ પામી શકાય છે.



પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

સ્નાતસ્યાની થોય - ૨

સર્વ પ્રકારના સુર-અસુરના ઈન્દ્રો વડે જન્મ અભિષેકની સ્તુતિ





હંસાં સાહત પદ્મરેણુ કપિશ,
ક્ષીરાર્ણ વામ્ભો ભૃતૈઃ,
કુંભૈ રપ્સરસાં પયોધરભર,
પ્રસ્પર્દ્ધિભિઃ કાંચનૈઃ,
યેષાં મંદર રત્નશૈલ શિખરે, જન્માભિષેકઃ કૃતઃ,
સર્વૈઃ સર્વ સુરાસુરેશ્વર ગણૈ,
સ્તેષાં નતોહં ક્રમાન્ (૨)

હંસ પક્ષીની પાંખો વડે ઉડેલી કમળની રજ વડે પીળા થયેલ ક્ષીરસમુદ્રના પાણી ભરેલા સુવર્ણના કળશો, અપ્સરાઓના સ્તનની સાથે સ્પર્ધા કરે છે, સર્વ પ્રકારના સમગ્ર સુર અને અસુરના ઈન્દ્રના સમુદાય વડે, મેરુ શિખર ઉપર જે તીર્થંકરોનો જન્માભિષેક કરેલો છે, તેઓના ચરણોને હું નમેલો છું.(૨)

(થોય પૂરી થયે 'નમો અરિહંતાણં' બોલીને કાઉસ્સગ્ગ પારી લેવો.)

અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર શ્રુતજ્ઞાનરૂપ આગમની સ્તુતિ (શ્રુત સ્તવ)

પુક્ખર વર દીવડ્ઢે, ધાયઈ સંડે અ જંબૂદ્દીવે અ,
ભર હેર વય વિદેહે,
ધમ્માઈગરે નમંસામિ. (૧)
તમ તિમિર પડલ વિદ્ધં,
સણસ્સ સુર ગણ નરિંદ મહિયસ્સ
સીમા ધરસ્સ વંદે, પપ્ફોડિઅ મોહ જાલસ્સ. (૨)
જાઈ જરા મરણ સોગ પણા સણસ્સ,
કલ્લાણ પુક્ખલ વિસાલ સુહા વહસ્સ,
કો દેવ દાણવ નરિંદ ગણ ચ્ચિઅસ્સ,
ધમ્મસ્સ સાર મુવલબ્ભ કરે પમાયં ? (૩)
સિદ્ધે ભો ! પયઓ ણમો જિણમએ, નંદી સયા સંજમે,
દેવં નાગ સુવન્ન કિન્નર ગણ સબ્ભૂઅ ભાવચ્ચિએ,
લોગો જત્થ પઈટ્ઠિઓ જગમિણં, તેલુક્ક મચ્ચાસુરં,
ધમ્મો વડ્ઢઉ સાસઓ વિજયઓ ધમ્મુત્તરં વડ્ઢઉ. (૪)

પુષ્કર નામના સુંદર અર્ધાદ્વીપમાં, ઘાતકીખંડ ને જંબૂદ્વીપમાં (આવેલ) (પાંચ) ભરત, (પાંચ) ઐરાવત અને (પાંચ) મહાવિદેહ ક્ષેત્રમાં (શ્રી શ્રુત) ધર્મની શરૂઆત કરનારા **(તીર્થંકર ભગવંતો)** ને હું નમસ્કાર કરું છું. (૧)

અજ્ઞાનસ્વરૂપ અંધકારના સમૂહને નાશ કરનાર, દેવતાઓના સમૂહ અને ચક્રવર્તી (રાજા)ઓથી પૂજાયેલ, (આત્માને) મર્યાદામાં રાખનાર અને મોહરૂપી જાળને તોડી નાખનાર એવા **(શ્રી સિદ્ધાંત)**ને હું વંદન કરું છું. (૨)

જન્મ, ઘડપણ, મૃત્યુ અને શોકનો નાશ કરનાર, કલ્યાણકારી (અને) સંપૂર્ણ વિશાળ (મોક્ષ) સુખને આપનાર, દેવ-દાનવ અને રાજાના સમૂહથી

પૂજાયેલ, (એવા) **(શ્રી શ્રુત)** ધર્મના રહસ્યને પામીને કોણ પ્રમાદ કરે ? (અર્થાત્ કોઈ પણ પ્રમાદ ન કરે .) (૩)
હે (જ્ઞાનવંત લોકો) ! સર્વનયથી સિધ્ધ થયેલા એવા શ્રી જિનેશ્વરદેવના સિદ્ધાન્તને આદર સાથે નમસ્કાર થાઓ. (જેમના હોવાથી) ચારિત્રધર્મમાં હંમેશા સમૃદ્ધિ છે, (જે) વૈમાનિક, ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતરદેવના સમૂહથી (હૃદયના) સત્યભાવથી પૂજાયેલા છે. જે **(શ્રુતધર્મ)**માં ત્રણેય લોકનું જ્ઞાન અને મનુષ્યો તથા અસુરોવાળા ત્રણ લોકરૂપ આ જગત (જ્ઞેય -જાણવા યોગ્ય રૂપે) રહેલું છે. (તે) શ્રુત ધર્મ શાશ્વત વૃદ્ધિ પામો, વિજય પામો. (૪)

પ્રથમ સ્તુતિમાં પ્રથમ નમસ્કાર સર્વ તીર્થંકરોને કરવામાં આવ્યા છે. જેમણે ધર્મનો પ્રચાર પવિત્ર આગમોના - પ્રર્વતન દ્વારા કર્યો છે.
બીજી સ્તુતિમાં શ્રુતનું મહત્વ વર્ણવી તેને નમસ્કાર કરવામાં આવ્યો છે.
ત્રીજી સ્તુતિમાં શ્રુત જ્ઞાનના ગુણોનું વિશેષ વર્ણન કરવામાં આવ્યું છે.
ચોથી સ્તુતિમાં શ્રુતને સંયમધર્મનું પોષક તથા ચારિત્ર ધર્મની વૃદ્ધિ કરનારું વર્ણવ્યું છે.
આ સ્તુતિ પૂર્ણ કરીને શ્રુત - ભગવાનનો કાયોત્સર્ગ કરવામાં આવે છે.
શ્રુતસ્તવમાં જૈન શાસ્ત્રોનું સાંગોપાંગ સ્વરૂપ, વર્ણનાત્મક અને અદ્દભુત સ્તુતિ કરવામાં આવી છે. પહેલી ગાથામાં દરેક સર્વજ્ઞોની શ્રુતતામાં એકવાક્યતા જ છે. જરા પણ પરસ્પર વિસંવાદ રહેતો નથી તેથી તેમાં સર્વે તીર્થંકરોને નમસ્કાર કર્યા છે. બીજી અને ત્રીજી ગાથામાં શ્રુતજ્ઞાનની મોહ અને અજ્ઞાન નાશ કરવાની શક્તિ વણેવી છે.

પ્રભુજીની વંદના કરવા માટે શ્રદ્ધાદિ દ્વારા આલંબન લઈને કાયોત્સર્ગ કરવાનું વિધાન

સુઅસ્સ ભગવઓ, કરેમિ કાઉસ્સગ્ગં (૧)
વંદણવત્તિઆએ, પૂઅણ વત્તિઆએ,
સક્કાર વત્તિઆએ, સમ્માણ વત્તિઆએ,
બોહિલાભ વત્તિઆએ, નિરુવસગ્ગ વત્તિઆએ (૨)
સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ,
વઙ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં (૩)

હે ભગવન્ ! શ્રુતધર્મની આરાધના માટે કાઉસ્સગ્ગ કરું છું. (૧)
હું શ્રી અરિહંત ભગવંતની પ્રતિમા (ચૈત્ય) ને વંદન કરવા, પૂજા કરવા, સત્કાર કરવા, સન્માન કરવા, સમ્યગ્દર્શન (બોધિબીજ) પામવા અને ઉપસર્ગ રહિત (મોક્ષ) સ્થાન પામવા માટે કાર્યોત્સર્ગ કરું છું. (૨)

વધતાં પરિણામ સાથે વધતી શ્રદ્ધા, વધતી બુદ્ધિ, વધતી ધીરજ, વધતી ધારણા, વધતી અનુપ્રેક્ષા (વારંવાર તત્ત્વની વિચારણા) પૂર્વક હું કાર્યોત્સર્ગ કરું છું. (૩)

કાઉસ્સગ્ગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)
એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી,૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮-ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)
૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દષ્ટિનો સંચાર થવાથી. (૨)
આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)
જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)
ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, વોસિરાવું છું. (૫)

(એક નવકારનો કાઉસ્સગ્ગ કરીને, પારીને, સ્નાતસ્યાની ત્રીજી થોય કહેવી.)



પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

સ્નાતસ્યાની થોય - ૩



દ્વાદશાંગી - શ્રુતજ્ઞાનને લગતી સ્તુતિ

અર્હદ્વક્ત્ર પ્રસૂતં, ગણધર રચિતં,
દ્વાદશાંગં વિશાલં,
ચિત્રં બહ્વર્થ યુક્તં, મુનિગણ વૃષભૈ ર્ધારિતં બુદ્ધિમદ્‌ભિઃ,
મોક્ષાગ્ર દ્વારભૂતં વ્રત ચરણ ફલં, જ્ઞેય ભાવ પ્રદીપં,
ભકત્યા નિત્યં પ્રપદ્યે, શ્રુત મહ મખિલં, સર્વ લોકૈક સારમ્ (૩)

અરિહંતના મુખમાંથી જન્મેલ, ગણધરોએ રચેલ, આશ્ચર્યકારી, ઘણા અર્થથી યુક્ત, બુદ્ધિમાન એવા સમુદાયના નાયકોએ (આચાર્યોએ) ધારણ કરેલ, મોક્ષના મુખ્ય દ્વાર સમાન, વ્રત અને ચારિત્રના ફળ રૂપ, જાણવા યોગ્ય પદાર્થોને જણાવવામાં દીપક સમાન, સર્વ લોકને વિષે એક સારભૂત એવા વિશાળ દ્વાદશાંગી રૂપ સમસ્ત સિદ્ધાંતને હું અંગીકાર કરું છું. (૩)

(થોય પૂરી કરી 'નમો અરિહંતાણં' બોલીને કાઉસ્સગ્ગ પારવો.)

સિદ્ધ ભગવંતોની સ્તુતિ

સિદ્ધાણં બુદ્ધાણં,
પાર ગયાણં પરંપર ગયાણં,
લોઅગ્ગ મુવગયાણં, નમો સયા સવ્વસિદ્ધાણં (૧)

વર્ધમાન સ્વામીને વંદન

જો દેવાણ વિ દેવો, જં દેવા પંજલી નમંસંતિ,
તં દેવ દેવ મહિઅં, સિરસા વંદે મહાવીરં (૨)
ઈક્કો વિ નમુક્કારો, જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ,
સંસારસાગરાઓ, તારેઈ નરં વ નારિં વા (૩)

ગિરનાર તીર્થના અધિપતિ નેમિનાથ પ્રભુની વંદના

ઉજ્જિંત સેલ સિહરે, દિક્ખા નાણં નિસીહિયા જસ્સ,
તં ધમ્મ ચક્કવટ્ટિં, અરિટ્ઠનેમિં નમંસામિ (૪)

અષ્ટાપદ, નંદિશ્વર તીર્થોની સ્તુતિ

ચત્તારિ અટ્ઠ દસ દોય, વંદિયા જિણવરા ચઉવ્વીસં
પરમટ્ઠ નિટ્ઠિઅટ્ઠા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ (૫)

જેઓએ બંધાયેલ કર્મનો નાશ કર્યો છે, પોતાની મેળે બોધ પામેલા છે, સંસાર સમુદ્રનો પાર પામેલો છે, ગુણસ્થાનકના ક્રમે (અનુક્રમે) મોક્ષે પહોંચેલા (અને) લોકના અગ્રભાગે પહોંચેલા છે, એવા સર્વે સિદ્ધોને હું નમસ્કાર કરું છું. (૧)

જે દેવોના પણ દેવ છે અને જેઓને દેવતાઓ વિનયપૂર્વક હાથ જોડી નમસ્કાર કરે છે, તેવા ઈન્દ્રોથી પૂજાયેલ, શ્રી મહાવીરસ્વામીને હું મસ્તકથી વંદું છું. (૨)

જિનવરમાં શ્રેષ્ઠ એવા વર્ધમાનસ્વામીને (કરેલો) એક નમસ્કાર પણ પુરુષને કે સ્ત્રીને સંસારસમુદ્રથી તારે છે. (૩)

ગિરનાર પર્વતના શિખર ઉપર જે (ભગવંત)ના દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને મોક્ષ (નિર્વાણ) કલ્યાણક થયા છે, તે ધર્મચક્રવર્તી શ્રી અરિષ્ટનેમિ ભગવાનને હું નમસ્કાર કરું છું. (૪)

બાર, આઠ, દશ (અને) બે, એમ વંદના કરાયેલા, જેઓના કાર્યો પરમાર્થથી સિદ્ધ થયા છે (એવા) સિદ્ધ થયેલા ચોવીશે તીર્થંકરો મને સિદ્ધિ પદ આપો.(૫)

જે તીર્થંકરોએ તીર્થ પ્રવર્તાવી જગત ઉપર પરમ ઉપકાર કર્યો છે, તેની આરાધના નિમિત્તે ચૈત્યવંદન આદિ સૂત્રો બોલી, સાક્ષાત તીર્થંકરોના જીવોએ સર્વેની પણ સ્તવના કરી છે. જે તીર્થંકરો આજે સિદ્ધ સ્વરૂપે વિદ્યમાન છે. તેની અને તેના જેવા પવિત્ર સિદ્ધ પરમાત્માઓની સાક્ષાત શબ્દોમાં સ્તુતિ કરવાની ખાસ જરૂરિઆત રહે છે.

શાસનરક્ષક સમ્યગદષ્ટિ દેવોના સ્મરણ દ્વારા ધર્મમાં સ્થિરતાની માંગણી

વૈયાવચ્ચ ગરાણં સંતિ ગરાણં
સમ્મ દિટ્ઠિ સમાહિ ગરાણં
કરેમિ કાઉસ્સગ્ગં (૧)

વૈયાવચ્ચનાં કરનાર, શાંતિનાં કરનાર (અને) સમ્યગ્દષ્ટિ જીવોને સમાધિ દેનાર દેવોને (આશ્રયીને) હું કાર્યોત્સર્ગ કરું છું. (૧)

શાસન પર ભક્તિવાળા સમ્યગ્દષ્ટિ દેવોને શાસન દેવ કહેવામાં આવે છે. આ દેવો નિરંતર ભક્તિ કરતા રહે છે. સંઘમાં ઉપદ્રવ ફેલાતા તેનું નિવારણ કરીને શાંતિ સ્થાપે છે. અને સંઘમાં દુઃખ આવે તો ટાળવાનો નિરંતર પ્રયત્ન કરે છે. આ રીતે શાસન દેવોને યાદ કરવામાં સંઘની સુરક્ષિતતા, શાંતિમય વાતાવરણ તથા વૈયાવૃત્ત્ય કરનારાઓનું કૃતજ્ઞતાથી સ્મરણ કરવાનો ઉદ્દેશ રહેલો છે.

કાઉસ્સગ્ગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)
એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)

જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી, ૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮- ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)
૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દષ્ટિનો સંચાર થવાથી. (૨)
આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)
જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)
ત્યાંસુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, આત્માને વોસિરાવું છું. (૫)

(એક નવકારનો કાઉસ્સગ્ગ કરીને, પારીને, 'નમોર્હત' કહી 'સ્નાતસ્યા'ની ચોથી થોય કહેવી.)

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં,
નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો,સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

પંચપરમેષ્ઠિને નમસ્કાર

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય
સર્વ સાધુભ્યઃ (૧)

(આ સૂત્ર સ્ત્રીઓએ ક્યારેય ન બોલવું)

શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સઘળાય સાધુ ભગવંતને નમસ્કાર થાઓ. (૧)

સ્નાતસ્યાની થોય - ૪

સમ્યગ્દષ્ટિ દેવીદેવીઓને લગતી સ્તુતિ

નિષ્પંક વ્યોમ નીલ દ્યુતિ
મલ સદૃશં બાલચંદ્રા ભદંષ્ટ્રં,
મત્તં ઘંટારવેણ પ્રસૃત મદજલં,
પૂરયન્તં સમન્તાત્,
આરૂઢો દિવ્યનાગં વિચરતિ ગગને કામદઃ કામરૂપી,
યક્ષઃ સર્વાનુભૂતિ ર્દિશતુ મમ સદા, સર્વકાર્યેષુ સિદ્ધિમ્ (૪)

વાદળ રહિત આકાશ જેવા નીલવર્ણવાળા, (મદ વડે) આળસવાળી દષ્ટિવાળા, બીજના ચંદ્રની કાંતિ જેવી ઉજ્જવળ દંતશૂળવાળા, ઘંટના અવાજથી મદોન્મત્ત, ગંડસ્થળમાંથી નીકળતા મદજળને ચારે બાજુ ફેલાવનાર એવા દિવ્ય હાથી ઉપર બેઠેલ, ઈચ્છિત વસ્તુને આપનાર, ઈચ્છા મુજબ રૂપ ધારણ કરનાર, જે આકાશમાં વિચરે છે તેવા સર્વાનુભૂતિ યક્ષ મને હંમેશા સર્વ કાર્યમાં સિદ્ધિને આપો. (૪)

અરિહંત ભગવંતોની સ્તુતિ કયા હેતુથી કરવામાં આવે છે?
ઉત્તર : શ્રી અરિહંત ભગવંતો આદિકર, તીર્થંકર, સ્વયં-સંબુદ્ધ હોય છે, તે તેમની સ્તુતિ કરવા યોગ્ય હોવાનો સામાન્ય હેતુ છે. જેઓ સ્વયં ઉત્તમ હોય તેઓ જ બીજાને ઉત્તમ બનાવી શકે છે, ઉત્તમ બનવાનો રાહ દર્શાવી શકે છે. તેથી જ તેઓ લોકોત્તમ છે.

(થોય પૂરી 'નમો અરિહંતાણં' બોલીને કાઉસ્સગ્ગ પારવો.)

(પછી યોગમુદ્રામાં બેસી બે હાથ જોડી નીચે મુજબ બોલવું.)

શ્રી તીર્થંકર પરમાત્માની તેમના ગુણો દ્વારા સ્તવના

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં (૧)
આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં (૨)
પુરિસુત્તમાણં, પુરિસસીહાણં,
પુરિસ વર પુંડરીયાણં,
પુરિસ વર ગંધ હત્થીણં (૩)
લોગુત્તમાણં, લોગ નાહાણં, લોગ હિઆણં, લોગ પઈવાણં,
લોગ પજ્જોઅ ગરાણં. (૪)
અભય દયાણં, ચક્ખુ દયાણં, મગ્ગ દયાણં,
સરણ દયાણં, બોહિ દયાણં. (૫)
ધમ્મ દયાણં, ધમ્મ દેસયાણં, ધમ્મ નાયગાણં,
ધમ્મ સારહીણં, ધમ્મ વર ચાઉરંત ચક્કવટ્ટીણં. (૬)
અપ્પડિહય વરનાણ દંસણ ધરાણં, વિયટ્ટ છઉમાણં. (૭)
જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં,
મુત્તાણં મોઅગાણં. (૮)
સવ્વન્નૂણં, સવ્વદરિસીણં સિવ મયલ મરુઅ મણંત મક્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઈનામધેયં, ઠાણં સંપત્તાણં,
નમો જિણાણં જિઅભયાણં. (૯)
જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગયે કાલે,
સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. (૧૦)

અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. (૧)
ધર્મની શરૂઆત કરનાર, તીર્થના સ્થાપનાર અને પોતાની મેળે બોધ પામનાર, અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ. (૨)
પુરૂષોમાં ઉત્તમ, પુરૂષોમાં સિંહ સમાન, પુરૂષોમાં ઉત્તમ પુંડરીક (કમળ) સમાન, પુરૂષોમાં શ્રેષ્ઠ ગંધહાથી સમાન, (૩)
લોકમાં ઉત્તમને, લોકનાં નાથ, લોકનું હિત કરનાર, લોકમાં દિપક સમાન, લોકમાં પ્રકાશ કરનાર. (૪)
અભયદાન આપનાર, શ્રુતજ્ઞાન રૂપ ચક્ષુ (આંખ) આપનાર, શરણ આપનાર, સમકિત આપનાર. (૫)
ધર્મને આપનાર, ધર્મનો ઉપદેશ આપનાર, ધર્મના નાયક, ધર્મના સારથી, દાન-શીલ-તપ-ભાવ રૂપ ધર્મમાં ચતુરંત શ્રેષ્ઠ ચક્રવર્તી. (૬)
કોઈથી પણ ન હણાય એવા શ્રેષ્ઠ જ્ઞાન અને શ્રેષ્ઠ દર્શનને ધારણ કરનાર, ચાલ્યું ગયું છે છદ્મસ્થપણું જેમનું. (૭)
રાગદ્વેષને જીતનાર-જીતાડનાર, તરનાર-તારનાર, તત્ત્વના જાણકાર-જણાવનાર, કર્મથી મુક્ત મુકાવનાર. (૮)
સર્વજ્ઞ, સર્વદર્શી, કલ્યાણરૂપ, અચળ (સ્થિર), રોગ રહિત, અનંત (અંત વિનાનું), અક્ષય (નાશ ન પામે તેવું), આવ્યાબાધ (આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત), ફરીથી પાછા આવવાનું નથી એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા, જેઓ રાગદ્વેષને જીતનારા, એવા જિનને અને સર્વ પ્રકારના ભયને જીતનાર (શ્રી અરિહંત પરમાત્મા) ને નમસ્કાર થાઓ. (૯)
અને જેઓ ભૂતકાળમાં સિદ્ધ થયા હોય અને જેઓ ભવિષ્યકાળમાં સિધ્ધિ થવાનાં છે અને જેઓ હમણાં વર્તમાનકાળમાં વિહરી રહ્યા છે, તે સર્વેને હું મન-વચન-કાયારૂપ ત્રણ કરણથી વંદન કરું છું. (૧૦)

જૈનધર્મમાં સ્તુતિ, સ્તોત્રો, સઝ્ઝાયોમાં વિશિષ્ટ ભાવો ભળેલા હોય છે અને તે છે પરમાત્માના ગુણો પ્રાપ્ત કરવાનો. કારણકે ગુણપ્રાપ્તિ વિના મોક્ષમાર્ગમાં આરોહણ ન થઈ શકે. તેથી આપણા સૂત્રમાં અર્થની સાથે સાથે તીર્થંકર પરમાત્માના ગુણોનું વિશદ્ રીતે વર્ણન થયેલું હોય છે. આપણા વંદનમાં માર્ગદર્શક પ્રતીતિ કૃતજ્ઞતાની સાથે સાથે તેમના ગુણોની પ્રાપ્તિની વાત રહેલી હોય છે, તે રીતે આપણા સૂત્ર, સ્તુતિ વગેરે વિશિષ્ટ બની જાય છે અને તે આત્મા ઉપર અનંત ભવોથી લાગેલા કર્મોની નિર્જરા કરવામાં સક્ષમ હોય છે. આ વંદન ઉત્કૃષ્ટ અવસ્થાએ પહોંચી, શુદ્ધ ભાવમય બની, પરમાત્માનાં ગુણો સાથે તાદાત્મ્ય સાધી લે છે.

(પછી એક એક ખમાસમણાએ ભગવાનાદિ ચારને વાંદવા)

સર્વશ્રેષ્ઠ એવા પાંચ પરમેષ્ઠિ ભગવંતોને ભાવ પૂર્ણ હૃદયથી નમસ્કાર

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ,
મત્થએણ વંદામિ. (૧) **ભગવાનૂહં,**

હે ક્ષમાશ્રમણ ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને **(અરિહંત અને સિદ્ધસ્વરૂપ)** ભગવંતોને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ,
મત્થએણ વંદામિ. (૨) **આચાર્યહં**

હે ક્ષમાશ્રમણ ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને **(આચાર્યોને)** વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૨)

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ,
મત્થએણ વંદામિ. (૩) **ઉપાધ્યાયહં**

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને **(ઉપાધ્યાયોને)** વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૩)

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ,
મત્થએણ વંદામિ. (૪) **સર્વ-સાધુહં**

હે ક્ષમાશ્રમણ ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને **(સર્વ સાધુઓને)** વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૪)

અતિશય ઉપયોગી, ખૂબ જ ઓછા શબ્દોમાં અગાધ પાપોની આલોચના

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
દેવસિઅ પડિક્કમણે ઠાઉં ?
ઈચ્છં (૧)

હે ભગવંત, આપ આજ્ઞા આપો, દિવસ સંબંધી પાપોથી પાછો ફરું ? આજ્ઞા માન્ય છે. (૧)

(જમણા હાથની મુઠ્ઠી ચરવળા અથવા કટાસણા પર સ્થાપીને)

(પ્રતિક્રમણ સ્થાપના સૂત્ર)

ત્રિકરણની દુષ્ટ પ્રવૃત્તિના દોષોની માફી

સવ્વસ્સ વિ, દેવસિઅ,
દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ,
ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
ઈચ્છં, તસ્સ મિચ્છા મિ દુક્કડં. (૧)

સર્વ દિવસ સંબંધિત આર્ત –રૌદ્ર ધ્યાન સ્વરૂપ દુષ્ટ ચિંતવનથી, અસત્ય–કઠોર વચન સ્વરૂપ દુષ્ટ ભાષણથી અને ન કરવા યોગ્ય ક્રિયા સ્વરૂપ દુષ્ટ ચેષ્ટા રૂપ પાપથી પાછો ફરૂં ? (ગુરુભગવંત કહે – ભલે ! પાપથી પાછા ફરો) (ત્યારે શિષ્ય કહે–) આપની આજ્ઞા પ્રમાણ છે. હું તે સઘળાય દુષ્કૃત્યથી પાછો ફરું છું અને તેથી મારા દુષ્કૃત્ય મિથ્યા થાઓ. (૧)

આ 'પ્રતિક્રમણસૂત્ર' થી દૈવસિક(રાત્રિક) પ્રતિક્રમણના અતિચારોની આલોચનાનું પ્રારંભ થાય છે, તેથી તેને પ્રતિક્રમણ સૂત્ર કહેવામાં આવે છે. આ 'સવ્વસ વિ' સૂત્ર સકલ પ્રતિક્રમણના બીજરૂપ જાણવું.

સામાયિક મહાસૂત્ર

કરેમિ ભંતે ! સમાઈઅં,
સાવજ્જં જોગં પચ્ચક્ખામિ,
જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, મણેણં,
વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે !
પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ. (૧)

હે ભગવંત ! હું સામાયિક કરું છું. તેમાં પાપ વ્યાપારનું (સાવદ્ય યોગનું) પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) કરું છું. જ્યાં સુધી નિયમમાં રહેલો છું, ત્યાં સુધી બે રીતે, ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી, કાયાથી (પાપવ્યાપારને) સાવદ્ય યોગને હું કરીશ નહિ અને કરાવીશ નહિ.
હે ભગવંત ! ભૂતકાળમાં કરેલા તે પાપોથી હું પાછો ફરું છું. તેની આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુભગવંતની સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. એ પાપરૂપ આત્માનો હું ત્યાગ કરું છું. (૧)

શ્રાવકના બાર વ્રતો સંબંધી લાગેલા અતિચારની ક્ષમાયાચના

ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં,
જો મે, દેવસિઓ અઈયારો કઓ કાઈઓ,
વાઈઓ,



માણસિઓ, ઉસ્સુત્તો,
ઉમગ્ગો અકપ્પો, અકરણિજ્જો, દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ,
અણાયારો, અણિચ્છિઅવ્વો, અસાવગ પાઉગ્ગો, નાણે, દંસણે,
ચરિત્તા ચરિત્તે, સુએ, સામાઈએ, તિણ્હં ગુત્તીણં, ચઉણ્હં
કસાયાણં, પંચણ્હ મણુવ્વયાણં, તિણ્હં ગુણવ્વયાણં, ચઉણ્હં
સિક્ખાવયાણં, બારસ વિહસ્સ સાવગ ધમ્મસ્સ, જં ખંડિઅં જં
વિરાહિઅં,તસ્સ મિચ્છા મિ દુક્કડં. (૧)

હું કાયોત્સર્ગમાં રહેવાને ઈચ્છું છું.
જે મેં દિવસ સંબંધી મનથી, વચનથી અને કાયાથી (અતિચાર કર્યા હોય). શાસ્ત્ર વિરૂદ્ધ, સન્માર્ગ વિરૂદ્ધ, આચાર વિરૂદ્ધ(હોય), ન કરવા યોગ્ય (હોય), આર્ત્તરૌદ્રધ્યાન સ્વરૂપ દુર્ધ્યાનરૂપ, અશુભ ચિંતવનરૂપ, વ્રતાદિના ભંગ કરવા સ્વરૂપ અનાચારરૂપ, (જે) ઈચ્છવા યોગ્ય ન હોય (અને) શ્રાવકને ઉચિત ન હોય તેવું અયોગ્ય કરવાથી (તેવો અતિચાર લાગવાથી) જ્ઞાન ને વિષે, દર્શન ને વિષે, દેશવિરતિ (રૂપ શ્રાવકધર્મ) ને વિષે, સિદ્ધાંતને વિષે, સામાયિકને વિષે અને ત્રણ ગુપ્તિ સંબંધી, ચાર કષાય (ના ત્યાગ) સંબંધી (તેમજ) પાંચ અણુવ્રત સંબંધી, ત્રણ ગુણવ્રત સંબંધી (અને) ચાર શિક્ષાવ્રત સંબંધી, (એ) બાર પ્રકારના શ્રાવક ધર્મ સંબંધી જે દેશ થકી ભાંગવા સ્વરૂપ ખંડિત કર્યું હોય અને જે સર્વ થકી વિરાધના કરવા સ્વરૂપ વિરાધ્યું હોય, તે મારાં પાપ મિથ્યા થાઓ (નિષ્ફળ થાઓ) (દેશ = કાંઈક અંશે, સર્વ=સર્વથા)

આ સૂત્ર પ્રતિક્રમણ પ્રાયશ્ચિત સ્વરૂપનું સૂત્ર છે. પરંતુ કાયોત્સર્ગ પ્રાયશ્ચિત સ્વરૂપે, પ્રતિક્રમણ પ્રાયશ્ચિત કરવું હોય તો તેની પૂર્વે આ સૂત્ર આવે છે. અહિં કાઉસ્સગ્ગમાં સ્થિર થવાને મિચ્છા મિ દુક્કડં દેવું.

જતા-આવતા જીવોની વિરાધનાની વિશેષ માફી

તસ્સ ઉત્તરીકરણેણં,
પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં,
વિસલ્લીકરણેણં,
પાવાણં કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં. (૧)

(જે વિરાધનાનું પાપ થયું હોય) તે પાપને વિશેષ શુદ્ધ કરવા માટે, પ્રાયશ્ચિત્ત માટે આત્માની વિશુદ્ધિ કરવા માટે, આત્માને શલ્યરહિત કરવા માટે, અને પાપ કર્મોનો ઘાત કરવા માટે કાયોત્સર્ગ=કાયાનો ત્યાગ (કાયોત્સર્ગ=કેટલાં આગાર (અપવાદ-વિકલ્પ) રહે છે, તે શ્રી અન્નત્થસૂત્રમાં જણાવેલ છે) કરું છું. (૧)

કાઉસ્સગ્ગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)
એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી,૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮- ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)
૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દૃષ્ટિનો સંચાર થવાથી. (૨)
આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)
જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)
ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, વોસિરાવું છું. (૫)

(આમ કહી અતિચારની આઠ ગાથાનો અને ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી પ્રગટ લોગસ્સ કહેવો.)

પંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણો:
૧. અરિહંત ભગવાનનાં - ૧૨ ગુણ, ૨. સિદ્ધભગવંતના - ૮ ગુણ, ૩. આચાર્યના - ૩૬ ગુણ ૪. ઉપાધ્યાયના - ૨૫ ગુણ ૫. સાધુ ભગવંતના - ૨૭ ગુણ

અતિચારની ગાથા

પાંચ આચારોના પ્રભેદ સાથે વર્ણન અને અતિચારોનું સ્મરણ કરી ગર્ભિત રીતે મિથ્યા દુષ્કૃતની યાચના



નાણંમિ દંસણંમિ અ,
ચરણંમિ તવંમિ તહ ય વીરિયંમિ,
આયરણં આયારો, ઈઅ એસો પંચહા ભણિઓ. (૧)
કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ અનિણ્હવણે,
વંજણ અત્થ તદુભએ, અટ્ઠવિહો નાણમાયારો. (૨)
નિસ્સંકિઅ નિક્કંખિઅ, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી અ,
ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લ પભાવણે અટ્ઠ. (૩)
પણિહાણ જોગ જુત્તો, પંચહિં સમિઈહિં તીહિં ગુત્તીહિં,
એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો. (૪)
બારસ વિહંમિ વિ તવે, સબ્ભિંતર બાહિરે કુસલ દિટ્ઠે,
અગિલાઈ અણાજીવી, નાયવ્વો સો તવાયારો. (૫)
અણસણ મૂણો અરિયા, વિત્તી સંખેવણં રસચ્ચાઓ,
કાય કિલેસો સંલીણયા ય, બજ્ઝો તવો હોઈ. (૬)
પાયચ્છિતં વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ,
ઝાણં ઉસ્સગ્ગો વિ અ, અબ્ભિંતરઓ તવો હોઈ. (૭)
અણિગૂહિઅ બલ વીરિયો, પરક્કમઈ જો જહુત્તમાઉત્તો,
જુંજઈ અ જહા થામં, નાયવ્વો વીરિઆયારો. (૮)

જ્ઞાનને વિષે, દર્શનને વિષે, ચારિત્રને વિષે, તપને વિષે અને વીર્યને વિષે અર્થાત્ જ્ઞાનાદિ પાંચેની બાબતમાં જે આચરણ કરવું તે આચાર કહેવાય છે. આ આચાર પાંચ પ્રકારનો કહેલ છે. - ૧- જ્ઞાનાચાર, ૨- દર્શનાચાર, ૩- ચારિત્રાચાર, ૪- તપાચાર અને ૫- વીર્યાચાર. (૧)

જ્ઞાનાચાર આઠ પ્રકારનો છે - ૧. કાળ-જે કાળે ભણવાની આજ્ઞા હોય તે કાળે ભણવું. ૨. વિનય - જ્ઞાન અને જ્ઞાનીનો વિનય સાચવવો તે. ૩. બહુમાન - જ્ઞાની તથા જ્ઞાન ઉપર અંતરનો પ્રેમ કરવો તે. ૪. ઉપધાન- સૂત્રો ભણવા માટે તપ વગેરે કરવો તે. ૫. અનિહ્નવતા - ભણાવનાર ગુરૂને ઓળખવા તે ૬. વ્યંજન- સૂત્રો શુદ્ધ ભણવા તે. ૭. અર્થ - અર્થ શુદ્ધ ભણવા તે.અને ૮. તદુભય - સૂત્ર અને અર્થ બંને શુદ્ધ ભણવા તે. (વ્યંજન અને અર્થ બંને) (૨)

દર્શનાચાર આઠ પ્રકારનો છે - ૧. નિઃશંકિતા- વીતરાગના વચનમાં શંકા ન કરવી તે. ૨. નિષ્કાંક્ષિતા- જિનમત વિના બીજા મતની ઈચ્છા ન કરવી તે. ૩. નિર્વિચિકિત્સા - પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોના મલ મલિન વસ્ત્ર કે દેહ દેખીને દુર્ગંછા ન કરવી તે અથવા ધર્મના ફળમાં સંદેહ ન લાવવો તે. ૪. અમૂઢદષ્ટિતા - મિથ્યાત્વીઓના ઠાઠમાઠ દેખી સત્યમાર્ગમાં ડામાડોળ ન થવું તે. ૫. ઉપબૃંહણા - સમકિતધારીના થોડા ગુણના પણ વખાણ કરવા. ૬. સ્થિરીકરણ - ધર્મ નહીં પામેલાને અને ધર્મથી પડતા જીવોને સ્થિર કરવા. ૭. વાત્સલ્ય - સાધર્મિક ભાઈઓનું અનેક પ્રકારે હિત ચિંતવવું તે. અને ૮. પ્રભાવના -બીજા લોકો પણ જૈન ધર્મની અનુમોદના કરે તેવા કાર્યો કરવા તે. (૩)

ચારિત્રાચાર આઠ પ્રકારનો જાણવો - પાંચ સમિતિ (ઈર્યા, ભાષા, એષણા, આદાન ભંડમત્ત નિક્ખેવણા અને પારિષ્ઠાપનિકા સમિતિ) અને ત્રણ ગુપ્તિથી (મન, વચન, કાયા)ની એકાગ્રતા અથવા ચિત્તથી સમાધિપૂર્વક - પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન (કરવું તે). (૪)

તપાચારના બાર પ્રકાર - શ્રી તીર્થંકર ભગવંતે પ્રરૂપેલ (છ પ્રકારના) અભ્યંતરતપ અને (છ પ્રકારના) બાહ્યતપ રૂપ બાર પ્રકારના તપના વિષયમાં ખેદરહિત (તેમજ) હું તપ કરું તો આજીવિકા ચાલે એવી આજીવિકાની ઈચ્છારહિતનું (જે આચરણ) તે તપાચાર છે. (૫)

બાહ્યતપ છ પ્રકારે છે - ૧. અનશન-બીયાસણું, એકાસણું, આયંબિલ, ઉપવાસ વગેરે તપ તે. ૨. ઉણોદરી- નિયત ભોજન પરિમાણથી (માપથી) ઓછું લેવું તે. ૩. વૃત્તિસંક્ષેપ- જરૂરિયાત ઓછી રાખવી તે. ૪. રસ ત્યાગ- ઘી, દૂધ, દહીં આદિ વિગઈનો ત્યાગ કરવો તે. ૫. કાયક્લેશ- કાયાને દમવી તે અને ૬. સંલીનતા - વિષય વાસના રોકવી અથવા અંગોપાંગ સંકોચવા તે. (૬)

અભ્યંતર તપ છ પ્રકારે કહ્યો છે - ૧. પ્રાયશ્ચિત- લાગેલા દોષની ગુરૂ પાસે આલોચના કરી તેની શુદ્ધિ માટે તપ કરવો તે. ૨. વિનય - દેવ, ગુરૂ, સંઘ, સાધર્મિક આદિ તરફ નમ્રતા- ભક્તિભાવ ધરાવવો તે. ૩. વૈયાવૃત્ય- અરિહંત-આચાર્ય-સાધુ-સાધ્વી વગેરેની સેવા ભક્તિ કરવી તે. ૪. સ્વાધ્યાય- વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મ કથા રૂપ પાંચ પ્રકારનો અભ્યાસ કરવો તે. ૫. ધ્યાન - આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી ધર્મ અને શુક્લ ધ્યાનમાં પ્રવર્તવું તે. અને ૬. ઉત્સર્ગ- કર્મના ક્ષય માટે કાઉસ્સગ્ગ કરવો તે કાયોત્સર્ગ. (૭)

વીર્યાચારના ત્રણ પ્રકાર - (પોતાનું) બળ તથા વીર્યને છૂપાવ્યા વિના શાસ્ત્રાજ્ઞા મુજબ (જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ પૂર્વોક્ત આચારોમાં) સાવધાન થઈને ઉદ્યમ કરવો અને શક્તિ મુજબ પ્રવૃત્તિ કરવી (તે રૂપ જે આચાર) તે વીર્યાચાર જાણવો. (૮)

આ પાંચ આચારોનાં પાલનમાં જૈન ધર્મના તમામ આચારો સમાય છે. આ પાંચે આચારોનું પાલન એ સમ્યગ્ચારિત્ર પણ છે. આ સૂત્રમાં ધર્મ પાળવાની બહુ જ વ્યવહારુ સગવડો ગોઠવી આપી છે.

બીજું આવશ્યક ચોવિસત્થો લોગસ્સ

(અતિચારની આઠ ગાથા બોલી, 'નમો અરિહંતાણં' બોલી કાઉસ્સગ્ગ પારીને પ્રગટ લોગસ્સ કહેવો)

૨૪ જિનેશ્વરોની નામ પૂર્વક સ્તુતિ

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. (૧)
ઉસભ મજિઅં ચ વંદે,
સંભવ મભિણંદણં ચ સુમઈ ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ **ચંદપ્પહં** વંદે. (૨)
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ,
વિમલમણંતં ચ જિણં, **ધમ્મં સંતિં** ચ વંદામિ. (૩)

કુંથું અરં ચ મલ્લિં, *વંદે,* **મુણિસુવ્વયં નમિજિણં ચ,**
વંદામિ **રિટ્ઠનેમિં, પાસં** તહ **વદ્ધમાણં ચ.** (૪)
એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જર મરણા,
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (૫)
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ. (૬)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (૭)

(કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત (પ્રકાશિત) કરનારા, ધર્મરૂપ તીર્થને કરનારા, રાગદ્વેષને જીતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરોનું હું કીર્તન કરીશ. (૧)
શ્રી ઋષભદેવને તથા **શ્રી અજિતનાથ**ને, **શ્રી સંભવનાથ**ને, **શ્રી અભિનંદનસ્વામી**ને, **શ્રી સુમતિનાથ**ને, **શ્રી પદ્મપ્રભસ્વામી**ને, **શ્રી સુપાર્શ્વનાથ**ને તથા રાગ-દ્વેષને જિતનારા **શ્રી ચંદ્રપ્રભસ્વામી**ને હું વંદન કરું છું. (૨)
શ્રી સુવિધિનાથને (જેમનું બીજું નામ) **પુષ્પદંતસ્વામી**ને, **શ્રી શીતલનાથ**ને, **શ્રી શ્રેયાંસનાથ**ને, **શ્રી વાસુપૂજ્યસ્વામી**ને, **શ્રી વિમલનાથ**ને, **શ્રી અનંતનાથ**ને, જિનેશ્વર **શ્રી ધર્મનાથ**ને તથા **શ્રી શાંતિનાથ**ને હું વંદન કરું છું. (૩)
શ્રી કુંથુનાથને, **શ્રી અરનાથ**ને, **શ્રી મલ્લિનાથ**ને, **શ્રી મુનિસુવ્રતસ્વામી**ને અને **શ્રી નમિનાથ**ને, **શ્રી અરિષ્ટ-નેમિનાથ**ને, **શ્રી પાર્શ્વનાથ**ને અને **શ્રી વર્ધમાનસ્વામી**ને હું વંદન કરું છું. (૪)
આ રીતે મારા વડે સ્તવના કરાયેલ, કર્મરૂપ રજ અને મલ દૂર કર્યા છે એવા, જરા (અને) મૃત્યુ સર્વથા ક્ષીણ થયા છે એવા ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકર દેવો મારી ઉપર પ્રસન્ન થાઓ. (૫)
જેઓ ઈન્દ્રાદિ દેવતાઓ વડે કીર્તન-વંદન-પૂજન કરાયેલા છે, જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે, તેઓ મને આરોગ્ય (સિદ્ધપણું) અને સમ્યગ્દર્શનનો લાભ (બોધિલાભ)અને શ્રેષ્ઠ ભાવ-સમાધિનું વરદાન આપો. (૬)
ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મળ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, મોટા સમુદ્ર જેવા ગંભીર, સિદ્ધ પરમાત્મા મને મોક્ષ આપો. (૭)

ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહવી

(આલોચના પ્રાયશ્ચિત પૂર્વે ગુરૂવંદન કરવું જરૂરી છે.)
(વંદન પૂર્વે શરીરની પડિલેહણા કરવા મુહપત્તિનું પડિલેહણ કરાય છે.)
(નીચે બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહવી. અને પછી બે વાંદણા કહેવા.)

મુહપત્તિ પડિલેહણના ૨૫ બોલ
૧- સૂત્ર, અર્થ, તત્ત્વ કરી સદ્દહું,
૨- સમ્યક્ત્વ મોહનીય, ૩- મિશ્ર મોહનીય,
૪- મિથ્યાત્વ મોહનીય પરિહરું,



૫- કામરાગ, ૬- સ્નેહરાગ, ૭- દૃષ્ટિરાગ પરિહરું,



૮- સુદેવ, ૯- સુગુરુ, ૧૦- સુધર્મ આદરું,
૧૧- કુદેવ, ૧૨- કુગુરુ, ૧૩- કુધર્મ પરિહરું,
૧૪- જ્ઞાન, ૧૫- દર્શન, ૧૬- ચારિત્ર આદરું,
૧૭- જ્ઞાન-વિરાધના, ૧૮- દર્શન-વિરાધના,
૧૯- ચારિત્ર-વિરાધના પરિહરું,
૨૦- મનગુપ્તિ, ૨૧- વચનગુપ્તિ, ૨૨- કાયગુપ્તિ આદરું,
૨૩- મનદંડ, ૨૪- વચનદંડ, ૨૫- કાયદંડ પરિહરું.

શરીરના અંગોના પડિલેહણના ૨૫ બોલ
(ડાબો હાથ પડિલેહતાં)
૧- હાસ્ય, ૨- રતિ, ૩- અરતિ પરિહરું.

(જમણો હાથ પડિલેહતાં),
૪-ભય, ૫- શોક, ૬- દુર્ગંછા પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) (કપાળે પડિલેહતાં)

{ ૭- કૃષ્ણલેશ્યા, ૮- નીલલેશ્યા,
૯- કાપોતલેશ્યા પરિહરું.}

(મોઢે પડિલેહતાં)
૧૦- રસગારવ, ૧૧- ઋદ્ધિગારવ,
૧૨- સાતાગારવ પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) (છાતી આગળ પડિલેહતાં)
{૧૩- માયાશલ્ય, ૧૪- નિયાણશલ્ય,
૧૫- મિથ્યાત્વશલ્ય પરિહરું.}

(સ્ત્રીઓએ બોલવાનું નથી)
{(જમણા ખભે પડિલેહતાં),
૧૬- ક્રોધ, ૧૭- માન પરિહરું.

(ડાબા ખભે પડિલેહતાં)
૧૮- માયા, ૧૯- લોભ પરિહરું.}

(ચરવળાથી જમણો પગ પડિલેહતાં)
૨૦- પૃથ્વીકાય, ૨૧- અપ્‌કાય,
૨૨- તેઉકાયની જયણા કરું

(ચરવળાથી ડાબો પગ પડિલેહતાં)
૨૩- વાયુકાય, ૨૪- વનસ્પતિ-કાય,
૨૫- ત્રસકાયની રક્ષા કરું.

(વાંદણા દેતા પહેલા શરીરનું પડિલેહણ કરવું જરૂરી છે.)

આપણો આત્મા કર્મોથી ખરડાયેલો છે. અને સકળ કર્મક્ષય કર્યા વિના કોઈનો મોક્ષ થયો નથી અને થવાનો નથી. જીવે કર્મરહિત થવા માટે બે પાંખિયો વ્યુહ અપનાવવો ઘટે. એક તો નવા કર્મોને આવતાં રોકવાનો અને બીજો સદંતર રોકી ન શકાય તો ઓછામાં ઓછા કર્મોનો આસ્રવ થાય તેવી વ્યવસ્થા કરવાનો અને બીજી બાજુ જીવે ભવોભવ સંચિત કરેલા કર્મોને આત્મા ઉપરથી છૂટા પાડી ખંખેરી નાખવાનો જેને નિર્જરા કહેવાય છે. પ્રતિક્રમણ જેવી ધાર્મિક ક્રિયાઓ આ વાતને સિદ્ધ કરવા માટે જ આરાધવાની છે.

જો આપણે સૂત્રોને સમજીને ભાવપૂર્વક ધર્મક્રિયાઓ કરીએ તો થોકબંધ કર્મોની નિર્જરા થાય. વળી ભાવપૂર્વક બોલાયેલા સૂત્રોથી નવા આવતા કર્મો રોકાય તેથી સંવર સધાય છે અને જે કર્મોનો આસ્રવ થાય છે, તે પણ શુભ કર્મોનો આસ્રવ હોય છે.

ત્રીજું આવશ્યક વાંદણા

વાંદણા-૨૫ આવશ્યકો સાથે બત્રીસ દોષ રહિત વિનયભાવ યુક્ત દ્વાદશાવર્ત્ત વંદનનું વર્ણન

પહેલું વંદન

(૧-ઈચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)

નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં

કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! દિવસો વઈક્કંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઈક્કમં (૬)

આવસ્સિઆએ

(અવગ્રહમાંથી બહાર નીકળી, ફરી આવવાનું છે તે ભાવ દર્શાવવા શરીરને થોડું પાછળ કરવું)

પડિક્કમામિ, ખમાસમણાણં,

દેવસિઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,

જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ,
કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,
સવ્વકાલિઆએ,સવ્વમિચ્છો વયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ,
આસાયણાએ, જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો !
પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ,
અપ્પાણં વોસિરામિ (૭)

બીજું વંદન

(૧-ઈચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)
નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં
કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! દિવસો વઈક્કંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો !

દેવસિઅં વઈક્કમં (૬)

પડિક્કમામિ, ખમાસમણાણં,

દેવસિઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,

જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ,

કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,

સવ્વકાલિઆએ, સવ્વમિચ્છો વયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ,

આસાયણાએ, જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો !

પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ,

અપ્પાણં વોસિરામિ (૭)

(શિષ્ય કહે) હે ક્ષમા પ્રધાન સાધુજી ! (હું) પાપ વ્યાપારનો ત્યાગ કરી શક્તિ સહિત વંદન કરવાને ઈચ્છું છું. (૧)

(ગુરુ કહે- છંદેણ = ઈચ્છાપૂર્વક = સ્વખુશી થી કરો) (ત્યારે શિષ્ય કહે) મને મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણ) માં પ્રવેશ કરવાની રજા આપશોજી. (ગુરુ કહે - અણુજાણામિ (હું આજ્ઞા આપું છું) (શિષ્ય કહે-) ગુરુવંદન સિવાય બીજો વ્યાપાર નિષેધીને. (૨)

આપના શરીર (રૂપ ચરણ) ને (મારા મસ્તક રૂપ) શરીરના સ્પર્શથી આપને (કંઈ) કિલામણા (થાય તે) ક્ષમા યોગ્ય છે અર્થાત્ ક્ષમા આપવા જેવી છે. થોડા થાકવાળા આપને હે ભગવંત ! ઘણા શુભ ભાવથી દિવસ પસાર થયો છે ને? (ગુરુ કહે- તહત્તિ = તે પ્રકારે જ છે.) (૩)

(શિષ્ય કહે) આપની સંયમયાત્રા બરાબર ચાલે છે ને? (ગુરૂ કહે - તુબ્ભં પિ વટ્ટએ = તમારી સંયમયાત્રા પણ બરાબર ચાલે છે ને?) (૪)

(શિષ્ય કહે) આપનું શરીર ઇન્દ્રિયો અને મનથી પીડા પામતુ નથી ને? (ગુરુ કહે- 'એવં'=એમ જ છે) (૫)

(શિષ્ય કહે) - હે ક્ષમાશ્રમણ ! મારો દિવસ સંબંધી (જે કંઈ) અપરાધ થયો હોય, તેની હું ક્ષમા માગું છું. (ગુરુ કહે 'અહમપિ ખામેમિ તુમં - હું પણ તને ખમાવું છું.) (૬)

આવશ્યક ક્રિયા માટે (હું અવગ્રહની બહાર જાઉં છું) આપ ક્ષમાશ્રમણનું દિવસ સંબંધી થયેલી તેત્રીશમાંથી (કોઈપણ) આશાતના દ્વારા (લાગેલ દોષનું) પ્રતિક્રમણ કરું છું.(હે ક્ષમાશ્રમણ !) જે કંઇ મિથ્યાત્વથી, મન સંબંધી દુષ્કૃત્ય, વચન સંબંધી દુષ્કૃત્ય, અને શરીર સંબંધી દુષ્કૃત્ય રૂપ આશાતનાથી, ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી થયેલ આશાતનાથી સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર (=કૂડ-કપટરૂપ) સંબંધી, સર્વ (અષ્ટપ્રવચન માતા રૂપ)ધર્મને ઓળંગવારૂપ આશાતનાથી, મે જે (કોઈ) અતિચાર કર્યો હોય, હે ક્ષમાશ્રમણ ! તે સંબંધી પાપોથી હું પાછો હટું છું, આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુસાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું અને એવા પાપરૂપ મારા આત્માનો હું ત્યાગ કરું છું. (૭)

આલોચના પ્રતિક્રમણરૂપ ક્રિયામાં પ્રવેશતા પહેલા ગુરૂવંદન - વાંદણા, પ્રવેશ સૂચક છે. અને પ્રતિક્રમણ ક્રિયાનું સ્વતંત્ર પ્રર્માજન અને પ્રતિલેખના સૂચક છે.

ચોથું આવશ્યક પ્રતિક્રમણ

(ચરવળો હોય તો ઉભા થઈને અડધું અંગ નમાવી હાથ જોડીને બોલે, નહીં તો બેસીને બોલે)

વ્રતોમાં લાગેલ અતિચારની આલોચના સાથે ક્ષમાયાચના

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !

દેવસિઅં આલોઉં ?

ઈચ્છં, આલોએમિ

હે ભગવંત ! આપ આજ્ઞા આપો, દિવસ સંબંધી લાગેલા પાપોની આલોચના કરું. આજ્ઞા છે. આલોચના કરો.

દરેક પાપોનું કથન

જો મે દેવસિઓ અઈયારો કઓ,
કાઈઓ, વાઈઓ,
માણસિઓ, ઉસ્સુત્તો , ઉમ્મગ્ગો, અકપ્પો, અકરણિજ્જો,
દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ, અણાયારો, અણિચ્છિઅવ્વો,
અસાવગપાઉગ્ગો, નાણે, દંસણે, ચરિત્તાચરિત્તે, સુએ,
સામાઈએ, તિણ્હં ગુત્તીણં, ચઉણ્હં કસાયાણં,
પંચણ્હમણુવ્વયાણં, તિણ્હં ગુણવ્વયાણં,
ચઉણ્હં સિક્ખાવ્વયાણં, બારસવિહસ્સ સાવગ ધમ્મસ્સ,
જં ખંડિઅં, જં વિરાહિઅં,
તસ્સ મિચ્છા મિ દુક્કડં.

મેં દિવસ સંબંધી કાયિક, વાચિક, માનસિક ઉત્સૂત્રરૂપ અને ઉન્માર્ગરૂપ, અકલ્પ્ય અને ન કરવા યોગ્ય આચરણ, દુર્ધ્યાન અને દુષ્ટ ચિંતનરૂપ, અનાચારરૂપ, અનિચ્છિનીય આચરણરૂપ અને શ્રાવકને અણછાજતા આચરણરૂપ જે અતિચાર કર્યા હોય, તથા જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, શ્રુતજ્ઞાનની આરાધનામાં અને સામાયિક ધર્મની આરાધનામાં, તથા ત્રણ ગુપ્તિનું પાલન કરવામાં અને ચાર કષાયોના ત્યાગ સંબંધી, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ બાર પ્રકારના શ્રાવક ધર્મ સંબંધી જે ખંડિત કર્યું હોય જે વિરાધ્યું હોય, તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

આ સુત્રનું બીજું નામ 'અતિચાર આલોચના સૂત્ર' પણ છે. જે કારણોથી કે કષાયોના ઉદયથી થયેલા સર્વ અતિચારો માટે સાધકે અત્યંત દિલગીર થવાનું છે અને ફરી તેવું ન કરવાના ભાવ સાથે 'તસ્સ મિચ્છા મિ દુક્કડં' તે શબ્દો બોલવાના છે.

આ સૂત્રમાં પાંચ આચારોના અતિચારોના આલોચન તથા પ્રતિક્રમણમાં મિચ્છા મિ દુક્કડં દઈ વિશેષ શુદ્ધિરૂપ સામાયિક માટે કાયોત્સર્ગ કરવાનો છે.

સાત લાખ

(હાથ જોડીને)

સમસ્ત જીવરાશિ પ્રતિ થયેલા હિંસા દોષ સ્વરૂપ પ્રથમ પાપ સ્થાનકની વિસ્તારથી આલોચના

સાત લાખ પૃથ્વીકાય,
સાત લાખ અપ્‌કાય,
સાત લાખ તેઉકાય,
સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય,
ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય,
બે લાખ બેઈંદ્રિય, બે લાખ તેઈંદ્રિય, બે લાખ ચઉરિંદ્રિય,
ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી,
ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય, ચૌદ લાખ મનુષ્ય,
એવંકારે ચોરાશી લાખ જીવાયોનિમાંહિ,
મારે જીવે જે કોઈ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય,
હણતાં પ્રત્યે અનુમોદ્યો હોય,
તે સવિ હુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

સાત લાખ પ્રકારના **(પૃથ્વીરૂપ-જીવ)** પૃથ્વીકાયના જીવો -(માટી, ઢેફૂં, પથ્થર વગેરે), સાત લાખ પ્રકારના **(પાણીરૂપ-જીવ)** અપ્‌કાયના જીવો-(પાણી, ઝાકળ, બરફ, ધુમ્મસ વગેરે), સાત લાખ પ્રકારના **(અગ્નિરૂપ-જીવ)** અગ્નિકાયના જીવો -(લાઈટ, બલ્બ, બેટરી, મશાલ વગેરે), સાત લાખ પ્રકારના **(પવનરૂપ-જીવ)** વાયુકાય જીવો -(હવા, વાયરો, પવન, વંટોળ વગેરે), દશ લાખ પ્રકારના એક શરીરમાં એક જીવ રૂપ પ્રત્યેક **વનસ્પતિકાય**ના જીવો -(ફળ, ફૂલ, બી, પાંદડું, છાલ વગેરે), ચૌદ લાખ પ્રકારના (એક શરીરમાં-અનંત જીવો રૂપ) સાધારણ વનસ્પતિ-કાયના જીવો -(કંદમૂળ, નીલ, નિગોદ વગેરે), બે લાખ પ્રકારના (ફક્ત સ્પર્શ અને

રસનો અનુભવ કરી શકે, તેવા જીવરૂપ) **બેઈન્દ્રિય જીવો** -(શંખ, કોડી, અળસીયા વગેરે), બે લાખ પ્રકારના (ફક્ત સ્પર્શ, રસ અને ગંધનું સંવેદન કરવા સમર્થ એવા જીવરૂપ) **તેઈન્દ્રય જીવો** -(કીડી, મંકોડા, છાણના કીડા, ધનેરા, કંથુઆ, ઈયળ વગેરે), બે લાખ પ્રકારના (ફક્ત સ્પર્શ, રસ, ગંધ અને રૂપનું જ સંવેદન કરવા સમર્થ એવા જીવરૂપ) **ચઉરિંદ્રિય જીવો**, -(વીંછી, ભમરો, તીડ, માખી, ડાંસ, મચ્છર વગેરે), ચાર લાખ પ્રકારના દેવતાઓ -(વૈમાનિક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી **દેવતાઓ**), ચાર લાખ પ્રકારના **નારકીઓ**, ચાર લાખ પ્રકારના (સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને વાચારૂપ પાંચેય - ઈન્દ્રિયનું સંવેદન કરવા સમર્થ પશુઓ રૂપ) **તિર્યંચ પંચેન્દ્રિય જીવો** (સર્પ, પંખી, માછલી, હાથી, ઘોડા, કુતરા વગેરે), ચૌદ લાખ પ્રકારના **મનુષ્યો** એ પ્રમાણે ૭ + ૭ + ૭ + ૭+ ૧૦+ ૧૪ + ૨ + ૨ + ૨ + ૪ + ૪ + ૪ + ૧૪ = ૮૪ લાખ પ્રકારની જીવોની યોનિ (ઉત્પત્તિ સ્થાન) હોય છે.તેમાંથી મારા જીવે (થી) જે કોઈ જીવને હણ્યો હોય, બીજા પાસે હણાવ્યો હોય અને હણનારની અનુમોદના (પ્રશંસા-તારીફ) કરી હોય, તે સર્વ પ્રકારના (કરણ-કરાવણ-અનુમોદનરૂપ) ખરેખર મન, વચન અને કાયાથી પાપ કર્યું હોય તો તે **મારું પાપ મિથ્યા થાઓ** (નિષ્ફળ થાઓ).

૮૪ લાખ 'જીવાયોનિ'માં ઉત્પન્ન થતા વિશ્વના સમસ્ત જીવો પ્રત્યે મૈત્રીભાવ હોવો ઘટે, છતાં કોઈ પણ કારણસર તેમાંના કોઈપણ જીવની કોઈપણ પ્રકારે હિંસા કરી હોય, કરાવી હોય કે તે પ્રત્યે અનુમતિ દાખવી હોય તો તે માટે મિથ્યા દુષ્કૃત દેવું એ આ સમગ્ર સૂત્રનો સાર છે.

અઢાર પાપ સ્થાનક

(હાથ જોડીને)

સઘળાંય પાપસ્થાનકોની ગુરૂ સમક્ષ નિવેદના કરી મિથ્યા દુષ્કૃત કહેવું.

પહેલે પ્રાણાતિપાત,

બીજે મૃષાવાદ,

ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ,

છઠ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ,
દશમે રાગ, અગ્યારમે દ્વેષ, બારમે કલહ,
તેરમે અભ્યાખ્યાન, ચૌદમે પૈશુન્ય, પંદરમે રતિ અરતિ,
સોળમે પરપરિવાદ, સત્તરમે માયા મૃષાવાદ,
અઢારમે મિથ્યાત્વશલ્ય.
એ અઢાર પાપસ્થાનકમાંહિ મારે જીવે કે કોઈ પાપ સેવ્યું હોય,
સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યું હોય,
તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

૧- જીવ હિંસા કરવી- તે **પ્રાણાતિપાત**; ૨- અસત્ય વચન બોલવું- તે **મૃષાવાદ**; ૩- ચોરી કરવી- તે **અદત્તાદાન**; ૪- કામ-વિષય સેવન- તે **મૈથુન**; ૫-ધન-ધાન્ય આદિની મમતા- તે **પરિગ્રહ**; ૬- ગુસ્સો કરવો- તે **ક્રોધ**; ૭- અહંકાર કરવો- તે **માન**; ૮-કપટ-પ્રંપચ કરવું- તે **માયા**; ૯- સંગ્રહવૃત્તિ-અસંતોષ- તે **લોભ**; ૧૦- (પ્રીતિ) મોહ રાખવો- તે **રાગ**; ૧૧- અરૂચિ (તિરસ્કાર) રાખવી- તે **દ્વેષ**; ૧૨- કજીયો કરવો- તે **કલહ**; ૧૩- ખોટું આળ દેવું- તે **અભ્યાખ્યાન**; ૧૪- ચાડી ખાવી- તે **પૈશુન્ય**; ૧૫- સુખ આવે ત્યારે હર્ષ કરવો- તે **રતિ**; દુઃખ આવે ત્યારે શોક કરવો- તે **અરતિ**; ૧૬- પારકી નિંદા કરવી- તે **પરપરિવાદ**; ૧૭- કપટ પૂર્વક જુઠ્ઠં બોલવું- તે **માયા-મૃષાવાદ** અને ૧૮- દેવ-ગુરૂ અને ધર્મ ઉપર અશ્રદ્ધારૂપ ડખલ- તે **મિથ્યાત્વ-શલ્ય** કહેવાય છે.

આ અઢાર પાપસ્થાનકમાંથી મારા જીવે જે કોઈ પાપ સેવ્યુ હોય, બીજા પાસે સેવરાવ્યુ હોય અને સેવનારની પ્રશંસા (અનુમોદના-તારીફ) કરી હોય, તે સર્વ પ્રકારના - (કરણ-કરાવણ-અનુમોદનરૂપ) પાપ ખરેખર મનથી, વચનથી કે કાયાથી આચર્યા હોય તે સર્વ **મારા પાપ મિથ્યા થાઓ.** (નિષ્ફળ થાઓ.)

જેનું સેવન કરવાથી અથવા જે ભાવોમાં રહેવાથી પાપો બંધાય, તે પાપસ્થાનક છે. તેવા અઢાર પાપ સ્થાનકોની સંખ્યા આ સૂત્રમાં બતાવવામાં આવી છે. આ પાપસ્થાનકો ધર્મ અને નીતિના સાર - નિચોડરૂપ છે.

સંક્ષિપ્ત પ્રતિક્રમણ સ્થાપના સૂત્ર

સવ્વસ્સ વિ, દેવસિઅ,
દુચ્ચિંતિઅ,
દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ,
ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈચ્છં,
તસ્સ મિચ્છા મિ દુક્કડં. (૧)

સર્વેય દિવસ સંબધીના સાવદ્ય વિચારો, સાવદ્ય ભાષા અને સાવદ્ય કાયચેષ્ટા, એ સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

અહિં સર્વે એટલે ફક્ત કાયા નહીં, પણ મન, વચન, કાયારૂપી ત્રિકરણ દોષોનું મિચ્છા મિ દુક્કડં.
આ સૂત્ર સંક્ષિપ્તમાં સંક્ષિપ્ત દેવસિઅ પ્રતિક્રમણરૂપે છે. સવ્વસવિ = સવ્વ (દેવસિઅ દુચ્ચિંતિય, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ) સવિ.
સાવદ્ય પાપો ઉપર ઉપરથી ધ્યાનમાં નહીં લઈને, પણ સર્વેય લેવા. વળી સવ્વ એટલે મન, વચન અને કાયા- સર્વેના સાવદ્ય પાપોનું મિચ્છા મિ દુક્કડં

(પછી જમણો ઢીંચણ ઉંચો કરીને નીચે પ્રમાણે કહેવું.)

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં,
નમો સિદ્ધાણં, નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

સામાયિક મહાસૂત્ર

કરેમિ ભંતે! સામાઈઅં,
સાવજ્જં જોગં પચ્ચક્ખામિ,
જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, મણેણં,
વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે !
પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ. (૧)

હે ભગવંત ! હું સામાયિક કરું છું. તેમાં પાપ વ્યાપારનું (સાવદ્ય યોગનું) પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) કરું છું. જ્યાં સુધી નિયમમાં રહેલો છું, ત્યાં સુધી બે રીતે, ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી, કાયાથી (પાપવ્યાપારને) સાવદ્ય યોગને હું કરીશ નહિ અને કરાવીશ નહિ. હે ભગવંત ! ભૂતકાળમાં કરેલા તે પાપોથી હું પાછો ફરું છું. તેની આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુભગવંતની સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. એ પાપરૂપ આત્માનો હું ત્યાગ કરું છું. (૧)

અતિચારોને સંક્ષેપમાં સમજાવતું સૂત્ર

ઈચ્છામિ પડિક્કમિઉં.
જો મે દેવસિઓ અઈયારો કઓ,
કાઈઓ, વાઈઓ, માણસિઓ, ઉસ્સુત્તો , ઉમ્મગ્ગો,
અકપ્પો, અકરણિજ્જો દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ, આણાયારો,
અણિચ્છિઅવ્વો, અસાવગપાઉગ્ગો, નાણે, દંસણે,
ચરિત્તાચરિત્તે, સુએ, સામાઈએ, તિણ્હં ગુત્તીણં,
ચઉણ્હં કસાયાણં, પંચણ્હમણુવ્વયાણં, તિણ્હં ગુણવ્વયાણં,
ચઉણ્હં સિક્ખાવયાણં, બારસવિહસ્સ સાવગ ધમ્મસ્સ,
જં ખંડિઅં, જં વિરાહિઅં,
તસ્સ મિચ્છા મિ દુક્કડં.

હું પ્રતિક્રમણ કરવાને ઈચ્છું છું - કારણકે મેં દિવસ સંબંધી કાયિક, વાચિક, માનસિક ઉત્સૂત્રરૂપ અને ઉન્માર્ગરૂપ, અકલ્પ્ય અને ન કરવા યોગ્ય આચરણ, દુર્ધ્યાન અને દુષ્ટ ચિંતનરૂપ, અનાચારરૂપ, અનિચ્છિનીય આચરણરૂપ અને શ્રાવકને અણછાજતા આચરણરૂપ જે અતિચાર કર્યા હોય, તથા જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, શ્રુતજ્ઞાનની આરાધનામાં અને સામાયિક ધર્મની આરાધનામાં, તથા ત્રણ ગુપ્તિનું પાલન કરવામાં અને ચાર કષાયોના ત્યાગ સંબંધી, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ બાર પ્રકારના શ્રાવક ધર્મ સંબંધી જે ખંડિત કર્યું હોય, જે વિરાધ્યું હોય, તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

(આ સૂત્ર શ્રાવકનું છે. આમાં મુખ્ય બાર વ્રતધારી તથા વ્રત વિનાનાં શ્રાવક-શ્રાવિકાનાં જીવન વહેવારો કેવા હોવા જોઈએ, પંચાચારનાં આચરણમાં લાગેલાં દોષો, આ બધાયનું નિંદા-ગર્હા દ્વારા પ્રતિક્રમણ કરવાનું બતાવ્યું છે.)

આચાર તથા વ્રતોમાં લાગેલ અતિચારની નિંદા - ગર્હા તથા આત્માને પવિત્ર કરે તેવી ભાવનાઓ છે.



વંદિત્તુ સવ્વસિદ્ધે,

ધમ્માયરિએ અ સવ્વસાહૂ અ,

ઈચ્છામિ પડિક્કમિઉં, સાવગ ધમ્માઈ આરસ્સ. (૧)

સર્વજ્ઞ એવા શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિદ્ધ ભગવંત, શ્રી ધર્માચાર્ય, શ્રી ઉપાધ્યાય ભગવંત અને સર્વ સાધુ-ભગવંતને વંદન કરીને (હું) શ્રાવકધર્મમાં લાગેલા અતિચારો (રૂપ પાપ) થી પાછો હટવા (ફરવા) ઈચ્છું છું. (૧)

(સામાન્યથી સર્વ વ્રતના અતિચાર)

જો મે વયાઈઆરો,

નાણે તહ દંસણે ચરિત્તે અ,

સુહુમો અ બાયરો વા, તં નિંદે તં ચ ગરિહામિ. (૨)

વ્રતોમાં, જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચરિત્રાચાર સંબંધી આચારમાં (તપાચાર, વીર્યાચાર અને સંલેખનામાં) જાણવામાં ન આવે તેવા સૂક્ષ્મ પ્રકારના અને જાણી શકાય તેવા બાદર પ્રકારના અતિચાર જે (કંઈ) મને લાગ્યા હોય, તેની હું આત્મ સાક્ષીએ નિંદા કરું છું અને ગુરુની સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. (૨)

(પરિગ્રહના અતિચાર)

દુવિહે પરિગ્ગહંમિ, સાવજ્જે બહુવિહે અ આરંભે,
કારાવણે અ કરણે, પડિક્કમે દેસિઅં સવ્વં. (૩)

બે પ્રકારના પરિગ્રહને વિષે – ૧– સાવદ્ય એટલે પાપવાળો પરિગ્રહ અને ૨– અનેક પ્રકારના આરંભ સ્વરૂપ પરિગ્રહ, આ બન્નેને પોતે જાતે કરવાથી અને બીજા પાસે કરાવવાથી અને બીજા કરનારાઓને અનુમોદવાથી હું તે દિવસ સંબંધી સર્વ અતિચારોથી પાછો ફરું છું. (૩)

(જ્ઞાનના અતિચાર)

જં બદ્ધ મિંદિ એ હિં, ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં,
રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ. (૪)

અપ્રશસ્ત (અશુભ) ભાવથી પ્રવર્ત્તેલ પાંચ ઈન્દ્રિયો, ચાર કષાયો (ક્રોધ, માન, માયા અને લોભ) રાગ અથવા દ્વેષથી જે (કર્મ) બાંધ્યું હોય, તેની હું નિંદા કરું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું. (૪)

(સમ્યગ્ દર્શનના અતિચાર)

આગમણે નિગ્ગમણે, ઠાણે ચંકમણે અણાભોગે,
અભિઓગે અ નિઓગે, પડિક્કમે દેસિઅં સવ્વં. (૫)

શૂન્ય ચિત્તથી, રાજાદિકના આગ્રહથી અને નોકરી વગેરેની પરાધીનતાથી, મિથ્યાદષ્ટિઓના સ્થાન આદિમાં આવવામાં, નીકળવામાં, ઉભા રહેવામાં, તેમજ ફરવામાં દિવસ સંબંધી લાગેલા સર્વ અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. (૫)

(સમ્યક્ત્વના અતિચાર)

સંકા કંખ વિગિચ્છા, પસંસ તહ સંથવો કુલિંગીસુ,
સમ્મત્તસ્સ ઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. (૬)
છક્કાય સમારંભે, પયણે અ પયાવણે અ જે દોસા,
અત્તટ્ઠા ય પરટ્ઠા, ઉભયટ્ઠા ચેવ તં નિંદે. (૭)

૧- શ્રી વિતરાગના વચનમાં ખોટી શંકા કરવી. ૨- અન્યમતની ઈચ્છા કરવી, ૩- સાધુ-સાધ્વીજી ભગવંતના મલ-મલીન શરીર-વસ્ત્ર દેખી દુર્ગંછા કરવી અથવા ધર્મના ફળમાં સંદેહ કરવો, ૪- મિથ્યાત્વીની પ્રશંસા (વખાણ) કરવી તથા ૫- જુદા-જુદા વેષ ધારણ કરી ધર્મના બહાને ઠગનાર પાખંડીઓનો પરિચય કરવો, આ પાંચ પ્રકારના સમ્યક્ત્વવ્રતના અતિચાર છે, હું દિવસ સંબંધી તે સર્વ અતિચારથી પાછો ફરું છું. (૬)
પોતાને માટે, બીજાને માટે (અને) (તે) બંનેને માટે (જાતે) રાંધતાં, (બીજા પાસે) રંધાવતાં (અને રાંધનારની અનુમોદના કરતા) છ જીવ નિકાય {૧- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, ૨-વનસ્પતિકાય સ્વરૂપ એકેન્દ્રિય, ૩- બેઈન્દ્રિય, ૪- તેઈન્દ્રિય, ૫- ચઉરિંદ્રિય અને ૬- પંચેન્દ્રિય સ્વરૂપ ત્રસકાયના જીવો = ૬ જીવ નિકાય} ના સમારંભ (=પ્રાણીના વધનો સંકલ્પ- તે સરંભ, તેને પરિતાપ ઉપજાવો- તે સમારંભ અને પ્રાણીનો વધ કરવો- તે આરંભ કહેવાય છે) માં મારાથી જે કાંઈ દોષ લાગ્યો હોય, તેની હું નિંદા કરું છું. (૭)

(સામાન્યથી બાર વ્રતના અતિચાર)

પંચણ્હ મણુવ્વયાણં, ગુણ વ્વયાણં ચ તિણ્હ મઈયારે,
સિક્ખાણં ચ ચઉણ્હં, પડિક્કમે દેસિઅં સવ્વં. (૮)

(પ્રાણાતિપાત વ્રતના અતિચાર)

પઢમે અણુવ્વયમ્મિ, થૂલગ પાણાઈ વાય વિરઈઓ,
આયરિય મપ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૯)
વહ બંધ છવિચ્છેએ, અઈભારે ભત્ત પાણ વુચ્છેએ,
પઢમ વયસ્સઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. (૧૦)

પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો (અને) ચાર શિક્ષાવ્રતો સંબંધી અતિચારોમાંથી દિવસ સંબંધી લાગેલા સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૮)
પહેલા અણુવ્રતમાં પ્રાણોના વિનાશથી સ્થૂલ વિરતિને આશ્રયીને આચરણ થાય છે, તેમાં પ્રમાદના પ્રસંગથી, અપ્રશસ્ત ભાવથી ૧- જીવનો વધ, ૨- બંધન, ૩- અવયવ છેદન, ૪- અતિભાર (આરોપણ) અને ૫) અન્ન-જળ અટકાવવારૂપ પહેલા અણુ વ્રતના અતિચારો છે, (તેમાં) દિવસ સંબંધી લાગેલા સર્વ અતિચારો નું હું પ્રતિક્રમણ કરું છું. (૯,૧૦)

(મૃષાવાદના અતિચાર)

બીએ અણુવ્વયમ્મિ, પરિથૂલગ અલિઅ વયણ વિરઈઓ,
આયરિય મપ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૧)
સહસા રહસ્સ દારે, મોસુવએસે અ કૂડલેહે અ
બીય વયસ્સઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં (૧૨)

બીજા અણુવ્રતમાં સ્થૂલ (અતિશય મોટા) રીતે અસત્ય વચનથી વિરતિને આશ્રયીને આચરણ થાય છે. એમાં પ્રમાદના પ્રસંગથી, અપ્રશસ્ત ભાવથી ૧- વગર વિચાર્યે કોઈના ઉપર ખોટી (જુઠ્ઠું) આળ મૂકવી, ૨- ખાનગી વાત બહાર પાડવી, ૩- પોતાની સ્ત્રી સંબંધી ગુપ્ત વાત બીજાને કહી દેવી, ૪- ખોટો (જુઠ્ઠો) ઉપદેશ આપવો અને ૫- જુટ્ઠા લેખ અથવા દસ્તાવેજ લખવા રૂપ બીજા વ્રતના અતિચારો છે. તેમાં દિવસ સંબંધી સર્વ અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. (૧૧,૧૨)

(અદત્તાદાનના અતિચાર)

તઈએ અણુવ્વયમ્મિ, થૂલગ પર દવ્વ હરણ વિરઈઓ,
આયરિય મપ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૩)
તેના હડપ્પઓગે, તપ્પડિરૂવે વિરુદ્ધગમણે અ,
કૂડતુલ કૂડમાણે, પડિક્કમે દેસિઅં સવ્વં. (૧૪)

ત્રીજા અણુવ્રતના સ્થૂળ રીતે બીજાના દ્રવ્યના હરણથી વિરતિને આશ્રયીને આચરણ થયું હોય, તેમાં પ્રમાદના વશથી, અપ્રશસ્ત ભાવથી ૧- ચોરે

ચોરેલી વસ્તુ લીધી હોય, ૨- ચોરને ચોરી કરવા પ્રેરણા કરી હોય, ૩- મૂળ વસ્તુના બદલે ભળતી વસ્તુ આપી હોય, ૪- દાણચોરી વગેરે રાજવિરૂદ્ધ આચરણ કર્યું હોય અને ૫- ખોટા તોલ અને ખોટા માપથી વ્યાપાર કર્યો હોય, તે પાંચ પ્રકારના ત્રીજા અણુવ્રતનાં અતિચારમાં દિવસ સંબંધી સર્વેને હું પડિક્કમું છું. (૧૩,૧૪)

(મૈથુનના અતિચાર)

ચઉત્થે અણુવ્વયમ્મિ, નિચ્ચં પર દાર ગમણ વિરઈઓ,
આયરિય મપ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૫)
અપરિગ્ગહિઆ ઈત્તર, અણંગ વિવાહ તિવ્વ અણુરાગે,
ચઉત્થ વયસ્સઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. (૧૬)

ચોથા અણુવ્રતમાં સદાની (હંમેશા) પારકી સ્ત્રી અથવા પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રી સાથે ગમન કરવાની વિરતિને આશ્રયીને આચરણ કર્યું હોય. આમાં પ્રમાદના પ્રસંગથી, અપ્રશસ્ત ભાવથી ૧- અપરિગૃહીતાગમન = કોઈએ પણ જે સ્ત્રીને ગ્રહણ નથી કરી એવી કુંવારી કન્યા અથવા વિધવા સ્ત્રી આદિ સાથે મૈથુન સેવન કરવું તે, ૨- ઈત્વર- પરિગૃહિતાગમન=અમુક દિવસ સુધી બીજાએ રાખેલી વેશ્યા સાથે મૈથુન સેવન કરવું તે, (સ્વદારા સંતોષના નિયમવાળાને આ બંને અતિચારો અનાચાર તરીકે સમજવા), ૩- અનંગ ક્રીડા= પારકી સ્ત્રીઓના અંગોપાંગ વિકાર દૃષ્ટિથી જોવા તથા સૃષ્ટિ વિરુદ્ધ કામચેષ્ટા કરવી તે, ૪- પરવિવાહકરણ= પોતાના પુત્રાદિ સિવાય પારકા વિવાહ પ્રમુખ કરવા તે અને ૫) કામભોગ-તીવ્ર-અભિલાષા= કામ-ભોગની તીવ્ર અભિલાષા કરવી તે (રૂપ) ચોથા અણુ વ્રતના અતિચારો છે. (તેમાં) દિવસ સંબંધી લાગેલા સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૧૫,૧૬)

(પરિગ્રહના અતિચાર)

ઈત્તો અણુવ્વએ પંચમમ્મિ, આયરિય મપ્પસત્થમ્મિ,
પરિમાણ પરિચ્છેએ, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૭)

ધણ, ધન્ન, ખિત્ત, વત્થુ, રૂપ્પ, સુવન્ને અ કુવિઅ-પરિમાણે,
દુપએ ચઉપ્પયમ્મિ ય, પડિક્કમે દેસિઅં સવ્વં. (૧૮)

એ પછી પાંચમા અણુવ્રત સંબંધી ધન-ધાન્યાદિના પરિગ્રહ પરિમાણ વિરતિ આશ્રયી આચરણ (થાય છે.) એમાં પ્રમાદના પ્રસંગથી, અપ્રશસ્ત ભાવથી (પરિગ્રહના) પ્રમાણનો ભંગ થવાથી ૧- ધન-ધાન્ય ૨- ખેતર-ઘર વગેરે ૩- રૂપુ-સોનું ૪- તાંબુ-કાંસું જેવી હલકી ધાતુઓના પરિમાણ અને રાચરચીલું અને ૫) બે પગા (નોકર-ચાકર વગેરે) અને ચોપગા (ગાય-ભેંસ-ઘોડા વગેરે) ના પરિમાણમાં (જે અતિચાર) ચોથા અણુ વ્રત સંબંધી દિવસ દરમ્યાન લાગ્યા હોય, તે સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૧૭,૧૮)

(જવા આવવાના નિયમોના અતિચાર)

ગમણસ્સ ય પરિમાણે, દિસાસુ ઉડ્ઢં અહે અ તિરિઅં ચ,
વુડ્ઢિ સઈ અંતરદ્ધા, પઢમમ્મિ ગુણવ્વએ નિંદે. (૧૯)

૧- ઉપરની ૨- નીચેની અને ૩- તિર્છી દિશામાં (જવાના પરિમાણથી) અધિક જવાથી, (એક દિશામાંથી બીજી દિશામાં), ૪- વધારવાથી અને ૫- (વધારે જતાં) ભૂલી જવાથી પહેલા ગુણવ્રત (દિક્પરિમાણવ્રત)માં (લાગેલા અતિચારોની) હું નિંદા કરું છું. (૧૯)

(ભોગ ઉપભોગના અતિચાર)

મજ્જંમિ અ, મંસંમિ અ, પુપ્ફે અ ફલે અ ગંધ મલ્લે અ,
ઉવભોગ પરિભોગે , બીયમ્મિ ગુણવ્વએ નિંદે. (૨૦)
સચ્ચિત્તે પડિબદ્ધે, અપોલિ દુપ્પોલિઅં ચ આહારે,
તુચ્છો સહિ ભક્ખણયા, પડિક્કમે દેસિઅં સવ્વં. (૨૧)

મદિરા, માંસ (અને બીજા પણ અભક્ષ્ય પદાર્થો), પુષ્પ, ફળ, સુગંધી પદાર્થો અને ફૂલની માળાનો ઉપભોગ (=એકવાર ઉપયોગમાં આવે તે, જેમકે ખોરાક, પાણી, ફૂલ, ફળ વગેરે) અને પરિભોગ (= વારંવાર ઉપયોગમાં

આવે તે. જેમકે ઘર, પુસ્તક, વસ્ત્ર, ઝવેરાત વગેરે)થી બીજા ભોગોપભોગ પરિમાણ રૂપ ગુણવ્રતમાં (લાગેલ અતિચારોની) હું નિંદા કરું છું. (૨૦)

૧- સચિત્ત-આહાર = સચિત્ત વસ્તુનો ત્યાગ હોવા છતાં વાપરવી અથવા નિયમ ઉપરાંત વાપરવી તે ૨- સચિત્ત સંબદ્ધ = સચિત્ત સાથે વળગેલી વસ્તુ વાપરવી જેમકે ગોટલી સહિત કેરી વગેરે ૩- અપક્વ-આહાર = તદ્દન અપક્વ = કાચી વસ્તુ વાપરવી, જેમકે તરતનો દળેલો તથા ચાળ્યા વગરનો લોટ વગેરે ૪- દુષ્પક્વ-આહાર= અડધી કાચી-પાકી વસ્તુ વાપરવી, જેમકે, ઓળો, પુંખ, થોડો શેકેલો મકાઈનો ડોડો વગેરે ૫ - તુચ્છૌષધિ ભક્ષણ = તુચ્છ પદાર્થો (જેમાં ખાવાનું ઓછું અને બહાર ફેંકવાનું વધારે હોય તે) નું ભક્ષણ કરવું તે, જેમકે બોર, સીતાફળ વગેરે (આ પાંચ અતિચારમાંથી) દિવસ સંબંધી લાગેલા સર્વ અતિચારો નું હું પ્રતિક્રમણ કરું છું. (૨૧)

ઈંગાલી વણ સાડી, ભાડી ફોડી સુવજ્જએ કમ્મં:,
વાણિજ્જં ચેવ દંત, લક્ખ રસ કેસ વિસ વિસયં. (૨૨)
એવં ખુ જંત પિલ્લણ, કમ્મં નિલ્લંછણં ચ દવ દાણં,
સર દહ તલાય સોસં, અસઈ પોસં ચ વજ્જિજ્જા (૨૩)

૧- કુંભાર, ભાડભુંજા-ચુનારા વગેરેનાં અગ્નિ સંબંધી કામ- તે અંગારકર્મ ૨- ખેડૂત, કઠિયારા વગેરેનું વનસ્પતિને ઉગાડવાં તથા છેદાવવાં તથા વેચવાથી કે તેમાં સહયોગથી થતાં કામ- તે વનકર્મ ૩- સુથાર, લુહાર, ઓટો મોબાઈલ્સ, સ્પેર પાર્ટસ, વગેરેના વાહન બનાવવાં તથા વેચાણથી કે તેમાં સહયોગથી થતાં કામ- તે શકટકર્મ ૪- વણઝારા, રાવળ વગેરેનું ઘોડા, ઊંટ, બળદ વગેરેને ભાડે આપવાનું અથવા સાયકલ-સ્કુટર, બસ, ટ્રેન આદિ ભાડેથી આપવાનું કામ- તે ભાટકકર્મ ૫- ઓડ-કોન્ટ્રાક્ટર વગેરેનું કૂવા-વાવ, તળાવ, વગેરે ખોદવા-ખોદાવવાથી થતાં કામ - તે સ્ફોટકકર્મ એ પાંચેય કર્મ શ્રાવકે અત્યન્તપણે છોડી દેવાં જોઈએ. (વળી) ૧- દંતવાણિજ્ય= હાથીદાંત વગેરે દાંતનો વ્યાપાર ૨- લક્ખ-

વાણિજ્ય=લાખ, કુસુંબો, હરતાળ વગેરેનો વ્યાપાર ૩- રસ-વાણિજ્ય= ઘી, તેલ વગેરેનો વ્યાપાર ૪- કેશ વાણિજ્ય = મોર, પોપટ, ગાય, ઘોડા, ઘેટા વગેરેના વાળનો વ્યાપાર અને ૫- વિસ વિસયં-વાણિજ્ય= 'વિસ'- અફીણ, સોમલ વગેરે ઝેરી પદાર્થો અને જંતુનાશક દવાઓ પ્રવાહી-પાવડર કે ગોળી આકારમાં વ્યાપાર અને 'વિસયં'- તલવાર, છરી, ધનુષ્ય, ગન, બંદુક, મશીનગન, ભાલા વગેરે શસ્ત્રોનો વ્યાપાર, (આ પ્રમાણે) પાંચેય પ્રકારના વ્યાપારને પણ શ્રાવકે અત્યન્ત વર્જવા જોઈએ. (૨૨)

એ જ પ્રમાણે ૧- યંત્ર પીલન કર્મ=ઘંટી, ચરખા, ઘાણી-મિલ વગેરે ચલાવવાથી લાગતું કર્મ ૨- નિર્લાંછનકર્મ= તે ઊંટ, બળદ વગેરેના નાક-કાન વીંધવાથી લાગતું કર્મ ૩- દવ-દાન-કર્મ = જંગલ, ઘર વગેરેમાં આગ લગાડવાથી લાગતું કર્મ ૪- શોષણ કર્મ = સરોવર-ઝરા તથા તળાવ વગેરેનું પાણી સુકાવી નાખવાથી લાગતું કર્મ અને ૫- અસતિ પોષણ કર્મ =કુતરા-બિલાડા વગેરે હિંસક પ્રાણીઓનું અને દુરાચારી માણસો (વ્યભિચારી સ્ત્રી આદિ)નું પોષણ કરવાથી લાગતું કર્મ, આ પાંચેય પ્રકારનું કર્મ શ્રાવકે વર્જવું જોઈએ. (૨૩)

(આ રીતે સાતમા વ્રત (બીજા ભોગોપભોગ પરિમાણ ગુણવ્રત) ના મૂળ સચિત્ત - આહાર આદિ ૫ અતિચાર અને ૧૫ કર્માદાનના મળીને ૨૦ અતિચાર થાય છે)

(અનર્થ વિરમણ વ્રતના અતિચાર)

સત્થગ્ગિ મુસલ જંતગ, તણ કટ્ઠે મંત મૂલ ભેસજ્જે,
દિન્ને દવાવિએ વા, પડિક્કમે દેસિઅં સવ્વં. (૨૪)
ન્હાણુ વ્વટ્ટણ વન્નગ, વિલેવણે સદ્દ રૂવ રસ ગંધે,
વત્થાસણ આભરણે, પડિક્કમે દેસિઅં સવ્વં. (૨૫)
કંદપ્પે કુક્કુઈએ, મોહરિ અહિગરણ, ભોગ અઈરિત્તે,
દંડમ્મિ અણટ્ઠાએ, તઈઅમ્મિ ગુણવ્વએ નિંદે. (૨૬)

શસ્ત્ર, અગ્નિ, સાંબેલું અને યંત્ર વગેરે તેમજ ઘાસ, કાષ્ટ, મંત્ર, જડીબુટ્ટી અને ઔષધ (પ્રયોજન વિના બીજાને) આપતાં અથવા બીજા પાસે અપાવતાં (અને આપનારની અનુમોદના કરવાથી) આઠમા વ્રત (ત્રીજા

અનર્થદંડ વિરમણ ગુણવ્રત)માં લાગેલા દિવસ સંબંધી (સર્વ અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૨૪)
જયણા વિના (અળગણ પાણીથી) ૧- ન્હાવું ૨- પીઠી વગેરે ચોળી, મેલ ઉતારવો ૩- અબીલ, ગુલાલ વગેરેથી રંગ કરવો ૪- કેશર-ચંદનથી વિલેપન કરવું ૫- વાજીંત્રના શબ્દો સાંભળવાં ૬- રૂપ નિરખવાં ૭ - અનેક રસનો સ્વાદ કરવો ૮- અનેક જાતના સુગંધી પદાર્થો સુંઘવા ૯ - વસ્ત્ર, આસન અને ઘરેણામાં આસક્તિ કરવાથી તથા આરંભ કરવાથી દિવસ સંબંધી લાગેલા સર્વ અતિચારોને પડિક્કમું છું. (૨૫)
૧-કંદર્પ= વિકાર વધે તેવી વાતો કરવી ૨- કૌકુચ્ચ = કામ ઉત્પન્ન કરનારી કુચેષ્ટા કરવી ૩-મૌખર્ય = મુખથી હાસ્યાદિક દ્વારા જેમ તેમ બોલવું ૪- સંયુક્તાધિકરણ = પોતાના ખપ (જરૂર) કરતાં વધારે શસ્ત્રો મેળવવાં ૫- ઉપભોગ-પરિભોગાતિરિક્તતા = ઉપભોગ તથા પરિભોગમાં વપરાતી ચીજો ખપ (જરૂર) કરતાં વધારે રાખવી, આ પાંચ પ્રકારના ત્રીજા અનર્થદંડ વિરમણવ્રત ને વિષે જણાવ્યાં છે. તેમાં મને જે દોષ લાગ્યો હોય, તેને હું નિંદુ છું. (૨૬)

(સામાયિક વ્રત વિષેના અતિચાર)

તિવિહે દુપ્પણિહાણે, અણવટ્ઠાણે તહા સઈ વિહૂણે,
સામાઈઅ વિતહ કએ, પઢમે સિક્ખાવએ નિંદે. (૨૭)

૧-મનનું દુષ્ટ પ્રણિધાન ૨- વચનનું દુષ્ટ પ્રણિધાન ૩- કાયાનું દુષ્ટ પ્રણિધાન (વ્યાપાર) ૪- અવિનય પણે (બે ઘડી કરતાં વહેલું) સામાયિક કરવું ૫) યાદ ન રહેવાથી સામાયિક વ્રતને ભૂલી જવા સ્વરૂપ સ્મૃતિભ્રંશ, આ રીતે સામાયિક ખોટી રીતે કર્યું હોય તો તે પહેલાં સામાયિક શિક્ષાવ્રતને વિષે લાગેલા પાંચ અતિચારોમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય તેની હું આત્મસાક્ષીએ નિંદા કરું છું. (૨૭)

(દેશાવગાસિક વ્રતના અતિચાર)

આણવણે પેસવણે, સદ્દે રૂવે અ પુગ્ગલક્ખેવે,
દેસાવગા સિઅમ્મિ, બીએ સિક્ખાવએ નિંદે. (૨૮)

૧- આનયન પ્રયોગ = નિયમ બહારની ભૂમિમાંથી વસ્તુ મંગાવવી ૨- પ્રેષ્ય-પ્રયોગ = હદ બહાર વસ્તુ મોકલવી ૩- શબ્દાનુપાત = ખોંખારો આદિ પ્રમુખ કરી બોલાવવાથી ૪- રૂપાનુપાત = રૂપ દેખાડવાથી અને ૫- પુદ્ગલ પ્રક્ષેપ = કાંકરો આદિ નાંખી પોતાપણું જણાવવાથી. આ પ્રમાણે બીજા દેશાવગાસિક ગુણવ્રતના પાંચ અતિચારોમાંથી મને કોઈ દોષ લાગ્યો હોય, તેની હું નિંદા કરું છું. (૨૮)

(પૌષધોપવાસ વ્રત વિશેના અતિચાર)

સંથારુચ્ચાર વિહિ, પમાય તહ ચેવ ભોયણા ભોએ,
પોસહ વિહિ વિવરીએ, તઈએ સિક્ખાવએ નિંદે. (૨૯)

સંથારા સંબંધી વિધિમાં ૧- પડિલેહણ-પ્રમાર્જન ન કરવારૂપ ૨- પડિલેહણ-પ્રમાર્જન જેમ-તેમ કરવારૂપ, પ્રમાદ કરવાથી, તેમજ લઘુનીતિ (પેશાબ) અને વડીનીતિ (ઝાડો) સંબંધી વિધિમાં (પરઠવવાની ભૂમિને) ૩- પડિલેહણ-પ્રમાર્જન ન કરવારૂપ તેમજ ૪- પડિલેહણ-પ્રમાર્જન જેમ-તેમ કરવારૂપ પ્રમાદ કરવાથી અને ૫- ભોજનની ચિંતા કરવાથી, આ રીતે પૌષધ વિધિ વિપરીત કરવાથી ત્રીજા (પૌષધોપવાસ) શિક્ષાવ્રતમાં લાગેલા અતિચારોની હું નિંદા કરું છું. (૨૯)

(અતિથિ સંવિભાગના અતિચાર)

સચ્ચિત્તે નિક્ખિવણે, પિહિણે વવએસ મચ્છરે ચેવ,
કાલાઈક્કમ દાણે, ચઉત્થે સિક્ખાવએ નિંદે. (૩૦)
સુહિએસુ અ દુહિએસુ અ, જા મે અસ્સંજએસુ અણુકંપા,
રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ. (૩૧)
સાહૂસુ સંવિભાગો, ન કઓ તવ ચરણ કરણ જુત્તેસુ,
સંતેફાસુઅ દાણે, તં નિંદે તં ચ ગરિહામિ. (૩૨)

૧-સાધુને દેવા યોગ્ય ભોજન ઉપર સચિત્ત વસ્તુ મૂકવાથી ૨- દેવા યોગ્ય વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ ઢાંકવાથી ૩- ફેરફાર બોલવાથી

(=દેવાની બુદ્ધિએ પારકી વસ્તુ પોતાની કહેવાથી અને નહિ દેવાની બુદ્ધિએ પોતાની વસ્તુ પારકી કહેવાથી) ૪-ક્રોધ, ઈર્ષ્યા અને ગર્વ કરીને નિશ્ચે દાન આપવાથી અને ૫- મુનિને ગોચરીનો વખત વીતી ગયે તેડવા જવાથી. ચોથા 'અતિથિ-સંવિભાગ' નામના શિક્ષાવ્રતમાં લાગેલા અતિચારોને હું નિંદુ છું. (૩૦)

જ્ઞાનાદિમાં જેનું હિત છે, એવા સુવિહિતોને વિષે, વ્યાધિથી પીડાયેલા, તપ વડે દુર્બળ અને તુચ્છ ઉપાધિવાળા દુઃખીને વિષે, તેમજ ગુરુ નિશ્રાએ વિચરનારા સુસાધુને વિષે અથવા વસ્ત્રાદિકથી સુખી, રોગાદિકથી દુઃખી, એવા અસંયતી-પાસત્થા (=છ જીવ નિકાયનો વધ કરનાર) જીવો ઉપર રાગથી અથવા દ્વેષથી જે (અન્ન આદિ આપવા રૂપ) અનુકંપા (દયા) થઈ હોય, તેને હું નિંદું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. (૩૧)

નિર્દોષ આહાર વગેરે હોવા છતાં તપ, ચરણ સિત્તરી અને કરણ સિત્તરીથી યુક્ત એવા સાધુઓ વિષે દાન કર્યું ન હોય, તેની હું નિંદા કરું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું. (૩૨)

(સંલેષણાના અતિચાર)

ઈહલોએ, પરલોએ, જીવિઅ મરણે અ આસંસ પઓગે,
પંચવિહો અઈયારો, મા મજઝ હુજ્જ મરણંતે. (૩૩)

૧- આલોક (ધર્મના પ્રભાવથી આલોકમાં સુખી થવાની ઈચ્છા કરવી) સંબંધી ૨- પર-લોક (ધર્મના પ્રભાવથી પરલોકમાં દેવ-દેવેન્દ્ર વગેરે જેવા સુખ મળે એવી ઈચ્છા કરવા) સંબંધી ૩- જીવિત (અનશન આદિ તપને લીધે સન્માન દેખી જીવવાની ઈચ્છા કરવા) સંબંધી ૪- મરણ (અનશન વ્રતના દુઃખથી ગભરાઈ મરણની ઈચ્છા કરવા) સંબંધી અને ૫- કામભોગની વાંચ્છા (આશંસા) કરવી, એ સંલેષણાના પાંચ પ્રકારના અતિચાર (માંથી એક પણ) મને મરણાંત સુધી ન હોજો. (૩૩)

(ત્રણ યોગ વડે સર્વ વ્રતના અતિચાર)

કાએણ કાઈઅસ્સ, પડિક્કમે વાઈઅસ્સ વાયાએ,
મણસા માણસિઅસ્સ, સવ્વસ્સ વયાઈ આરસ્સ. (૩૪)

૧- અશુભ કાયાથી લાગેલા અતિચારને શુભ કાયયોગથી ૨- અશુભ વચનથી લાગેલા અતિચારને શુભ-વચનયોગથી અને ૩- અશુભ મનથી લાગેલા અતિચાર ને શુભ-મનયોગથી, એમ સર્વવ્રતનાં અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. (૩૪)

(વંદન, વ્રત, શિક્ષા, ગૌરવ, સંજ્ઞા, કષાય, દંડા, સમિતિ, ગુપ્તિનાં અતિચાર

વંદણ વય સિક્ખા, ગારવેસુ સન્ના કસાય દંડેસુ,
ગુત્તીસુ અ સમિઈસુ અ , જો અઈઆરો અ તં નિંદે. (૩૫)

૧ - વંદન (બે પ્રકારનાં દેવવંદન, ગુરુવંદન) ૨- વ્રત (બાર પ્રકારનાં, ૫- અણુવ્રત, ૩- ગુણવ્રત અને ૪ - શિક્ષાવ્રત) ૩- શિક્ષા (બે પ્રકારની, ગ્રહણ શિક્ષા= સૂત્ર અને અર્થનો અભ્યાસ કરવો તે અને આસેવન શિક્ષા = કર્તવ્યોનું પાલન કરવું તે) ૪-ગારવ (ત્રણ પ્રકારના ૧-રસગારવ = ઘી, દુધ, દહીં આદિ રસવાળા પદાર્થો મળતાં અભિમાન કરવું અને ન મળે તો તેની (લાલસા) ઈચ્છા કરવી તે, ૨ -ઋદ્ધિગારવ = ધન વગેરે મળતાં અભિમાન અને ન મળે તો તેની ઈચ્છા કરવી તે અને ૩- શાતાગારવ = સુખ, આરોગ્ય વગેરે મળતાં અભિમાન અને ન મળે તો તેની ઈચ્છા કરવી તે) ૫- સંજ્ઞા (સંક્ષેપથી ચાર પ્રકારે છે. ૧- આહાર સંજ્ઞા ૨- ભય સંજ્ઞા ૩- મૈથુન સંજ્ઞા અને ૪- પરિગ્રહ સંજ્ઞા, વળી દશ, પંદર અને સોળ પ્રકારો પણ કહેલાં છે.) ૬- કષાય (=જેનાથી સંસાર વધે તે કષાય ચાર પ્રકારે છે. ૧-ક્રોધ ૨- માન ૩- માયા અને ૪-લોભ) ૭- દંડ (જે અશુભયોગથી આત્મા ધર્મભ્રષ્ટ થાય તે દંડ પણ ત્રણ પ્રકારે છે.૧- મનદંડ, ૨- વચનદંડ અને ૩- કાયદંડ) ૮- ગુપ્તિ (જે શુભ યોગથી આત્મા ધર્મોત્થાન પામે, તે ગુપ્તિ ત્રણ પ્રકારે છે. ૧- મનગુપ્તિ ૨- વચનગુપ્તિ અને ૩- કાયગુપ્તિ) અને ૯- સમિતિ (જેના પાલનથી સારી ગતિ નિશ્ચિત થાય છે, તે સમિતિ પાંચ પ્રકારે છે. ૧- ઈર્યાસમિતિ, ૨- ભાષાસમિતિ, ૩- એષણા સમિતિ, ૪- આદાન-ભંડમત્ત-નિક્ષેપણા સમિતિ અને ૫- પારિષ્ઠાપનિકા સમિતિ) આ વિષે કરવા યોગ્ય ન કરવાથી અને ન કરવા યોગ્ય કરવાથી જે અતિચાર લાગ્યો હોય, તેની હું નિંદા કરું છું. (૩૫)

સમ્મદિટ્ઠી જીવો, જઈ વિ હુ પાવં સમાયરે કિંચિ,
અપ્પો સિ હોઈ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઈ. (૩૬)

સમ્યગદષ્ટિ (સમ્યક્ત્વી) જીવ જો કે કંઈ પાપ કરે, તો પણ તેને કર્મનો બંધ ઓછો (અલ્પ) થાય છે, કારણકે (તે) નિર્દય પણે (ક્યારેય) પાપ કરતો નથી. (૩૬)

તં પિ હુ સપડિક્કમણં, સપ્પરિઆવં સ ઉત્તરગુણં ચ,
ખિપ્પં ઉવસામેઈ, વાહિવ્વ સુ સિક્ખિઓ વિજ્જો. (૩૭)

પાછા ફરવાથી યુક્ત, પશ્ચાતાપ કરવાથી યુક્ત, ગુરૂએ આપેલા પ્રાયશ્ચિત કરવાથી યુક્ત એવો શ્રાવક, જેમ સારી રીતે શીખેલો વૈદ્ય વ્યાધિને ઉપશમાવે છે તેમ નિશ્ચયથી તે અલ્પ કર્મના બંધને પણ શીઘ્રપણે ઉપશમાવે છે. (૩૭)

જહા વિસં કુટ્ઠગયં, મંત મૂલ વિસારયા,
વિજ્જા હણંતિ મંતેહિં, તો તં હવઈ નિવ્વિસં. (૩૮)
એવં અટ્ઠવિહં કમ્મં, રાગ દોસ સમજ્જિઅં,
આલોઅંતો અ નિંદંતો, ખિપ્પં હણઈ સુસાવઓ. (૩૯)

મંત્ર અને જડીબુટ્ટીના જાણકાર વૈદ્યો જેમ શરીરમાં વ્યાપેલા ઝેરનો મંત્રો (અને જડીબુટ્ટીઓ)થી નાશ કરે છે, તેથી તે ઝેર વગરનું થાય છે, તેમ ગુરૂની પાસે આલોચના કરતો અને આત્મસાક્ષીએ નિંદા કરતો સુશ્રાવક રાગ-દ્વેષથી બાંધેલ આઠ પ્રકારના કર્મનો જલ્દી નાશ કરે છે. (૩૮,૩૯)

કયપાવો વિ મણુસ્સો, આલોઈઅ નિંદિઅ ગુરુસગાસે,
હોઈ અઈરેગ લહુઓ, ઓહરિઅ ભરુવ્વ ભારવહો. (૪૦)
આવસ્સ એણ એએણ, સાવઓ જઈ વિ બહુરઓ હોઈ,
દુક્ખાણ મંત કિરિઅં, કાહી અચિરેણ કાલેણ. (૪૧)

જેમ ભાર ઉપાડનાર (મજાુર આદિ) ભાર ઉતારીને હળવો થાય છે, તેમ પાપ કરનારો મનુષ્ય પણ ગુરૂભગવંતની પાસે પાપ આલોચીને અને આત્મસાક્ષીએ નિંદા કરીને અત્યંત હલકો (હળવો) થાય છે. (૪૦)
શ્રાવક કદાચ ઘણા પાપ વાળો હોય (તો પણ) આ (પ્રતિક્રમણ) આવશ્યકથી થોડા જ સમયમાં દુઃખો નાશ કરશે. (૪૧)

(વિસ્મૃત થયેલા અતિચાર)

આલોયણા બહુવિહા, ન ય સંભરિઆ પડિક્કમણ કાલે,
મૂલગુણ ઉત્તરગુણે, તં નિંદે તં ચ ગરિહામિ. (૪૨)

પ્રતિક્રમણ આવશ્યક સમયે મૂળ ગુણ અને ઉત્તર ગુણને વિષે જે અનેક પ્રકારની આલોચના યાદ ન આવી હોય, તેની હું આત્મ સાક્ષીએ નિંદા કરું છું ને ગુરૂસાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. (૪૨)

(પછી ઊભા થઈને અથવા જમણો ઢીંચણ નીચે કરી બોલવું)
(પાપોની નિંદા કરતા કરતા આત્મા હલકો થયો હોવાથી આરાધના માટે ઊભા થવું)

(ચોવીસે જિનોને વંદન)

તસ્સ ધમ્મસ્સ કેવલિ પન્નત્તસ્સ
અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ, વિરઓમિ વિરાહણાએ,
તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં. (૪૩)

તે કેવળી ભગવંતે ઉપદેશેલ ધર્મની આરાધના માટે હું ઉભો (તત્પર) થાઉં છું, તે ધર્મની વિરાધનાથી અટક્યો છું અને મન, વચન, અને કાયાથી થતા પાપોથી પાછો ફરતો હું ચોવીશ જિનેશ્વરોને વંદન કરું છું. (૪૩)

('અભ્યુટ્ઠિઓમિ' બોલતાં ઊભા થઈને યોગ મુદ્રાએ શેષ સૂત્ર બોલવું.)
(સર્વ ચૈત્ય વંદન)

જાવંતિ ચેઈઆઈ, ઉઢ્ઢે અ અહે અ તિરિઅલોએ અ,
સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ. (૪૪)

(સર્વ સાધુઓને વંદન)

જાવંત કે વિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે અ,
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં. (૪૫)

ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકને વિષે જેટલી જિન પ્રતિમાઓ છે, તેને અહીં રહેલો એવો હું ત્યાં રહેલી સર્વ પ્રતિમાઓને ભાવપૂર્વક વંદન કરું છું. (૪૪)
(પાંચ) ભરત ક્ષેત્ર, (પાંચ) ઐરાવત ક્ષેત્ર અને (પાંચ) મહાવિદેહ ક્ષેત્રને વિષે જે કોઈ સાધુભગવંતો મન, વચન, કાયાથી, મનદંડ, વચનદંડ કાયદંડથી વિરામ પામેલા છે, સર્વને હું નમું છું. (૪૫)

(શુભ ભાવની પ્રાર્થના)

ચિર સંચિય પાવ પણાસણીઈ, ભવ સય સહસ્સ મહણીએ,
ચઉવીસ જિણ વિણિગ્ગય કહાઈ, વોલંતુ મે દિઅહા. (૪૬)

(સમક્તિ અને બોધિની માંગણી)

મમ મંગલમરિહંતા, સિદ્ધા સાહૂ સુઅં ચ ધમ્મો અ,
સમ્મદિટ્ઠી દેવા, દિંતુ સમાહિં ચ બોહિં ચ. (૪૭)

લાંબા કાળથી એકઠાં કરાયેલ પાપોનો નાશ કરનારી, લાખો (અનંતા) ભવોનો નાશ કરનારી એવી ચોવીશે તીર્થંકરભગવંતોના શ્રીમુખેથી નીકળેલી ધર્મકથામાં મારા દિવસો પસાર થાઓ. (૪૬)
૧-અરિહંત ભગવંત ૨-સિદ્ધ ભગવંત ૩-સાધુ ભગવંત ૪-શ્રુત (જ્ઞાન) ધર્મ અને ૫- ચારિત્રધર્મ : આ પાંચેય મને મંગલ ભૂત હો. (વળી) સમ્યગ્દષ્ટિ દેવતાઓ (મને) સમાધિ અને સમક્તિ આપો. (૪૭)

(કયા કારણે પ્રતિક્રમણ કરવું)

પડિસિદ્ધાણં કરણે, કિચ્ચાણમકરણે પડિક્કમણં,
અસદ્દહણે અ તહા, વિવરીઅ પરૂવણાએ અ. (૪૮)

૧- શાસ્ત્રમાં ના પાડેલ કામ કર્યું હોય ૨- શાસ્ત્રમાં કહેલ કરવા યોગ્ય શુભ કામ ન કર્યું હોય ૩- જિનેશ્વર પરમાત્માના વચનમાં વિશ્વાસ ન કર્યો હોય

અને ૪- શાસ્ત્રથી વિરૂદ્ધ પ્રરૂપણા કરી હોય, આ ચાર કારણોથી ઉપજેલા પાપથી પાછા ફરવા પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈએ. (૪૮)

(સર્વ જીવ પ્રત્યે ક્ષમાપના)

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે,
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ. (૪૯)

(ઉપસંહાર)

એવમહં આલોઈઅ, નિંદિઅ ગરહિઅ દુગંછિઅં સમ્મં,
તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં. (૫૦)

હું બધા જીવોને ખમાવું છું, બધા જીવો મને ક્ષમા આપો, મારે બધા જીવો ઉપર મૈત્રી ભાવ છે, કોઈ જીવ સાથે મારે વૈર નથી. (૪૯)
આ પ્રમાણે (પાપોની) આલોચના કરી, નિંદા કરી, ગર્હા કરી (અને) સારી રીતે દુર્ગંછા કરીને મન-વચન-કાયારૂપ ત્રિવિધે પાછો ફરતો (પ્રતિક્રમણ કરતો) હું ચોવીશે જિનેશ્વરને વંદન કરું છું. (૫૦)

જે વીસ સ્થાનકોનું ઉલ્લાસપૂર્વક આરાધન કરવાથી 'પુરુષોત્તમપદ' ની પ્રાપ્તિ થાય છે, તેમાનું એક સ્થાનક 'વંદિતુ સૂત્ર' એ પ્રતિક્રમણ સૂત્રમાં આવશ્યક સૂત્ર છે. એટલે તેની ઉપાદેયતા શ્રમણ અને શ્રાવક એ ઉભયને માટે એક સરખી છે. શ્રાવક ધર્મને લગતા સંભવિત અતિચારોના આલાપકો આ સૂત્રમાં સર્વેને આપ્યા છે. તેથી શ્રાવકોએ પ્રતિદિન પોતાના વ્રતમાં લાગેલા અતિચારોની નિંદા અને ગર્હા દ્વારા પ્રતિક્રમણ કરવું સમુચિત છે.

અહીયાં સુધી દૈવસિક પ્રતિક્રમણની વિધિ કરી અને હજુ એ ક્રિયા બાકી રહી છે જે આગળ ઉપર શરૂ થવાની છે. એ દરમિયાન વચગાળામાં દેવસિની ક્રિયા મુલતવી રાખી સંવત્સરી પ્રતિક્રમણની ક્રિયા કરી લેવાની છે. તેથી બાર મહિનામાં આડા અવળા અનેક જાતનાં લાગેલા પાપોનો ક્ષય કરવા અને આત્મિક શુદ્ધિ મેળવવા અહીંથી આ ક્રિયાનો પ્રારંભ થાય છે. (અહીંથી છીંકનો ઉપયોગ રાખવાનો છે કારણકે કોઈ પણ સારું કાર્ય કરવામાં છીંક અપશુકન છે.)

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

દેવસિઅ આલોઈઅ પડિક્કંતા
ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સંવચ્છરી મુહપત્તિ પડિલેહું ?
'ઈચ્છં'

દિવસ સંબંધી થયેલા દુષ્કૃત્યોની આલોચના કરવા, હે ભગવંત, સંવત્સરી મુહપત્તિ પડિલેહું ?

(કહી મુહપત્તિ પડિલેહવી. પછી બે વાંદણા દેવા.)

મુહપત્તિ પડિલેહણના ૨૫ બોલ

૧- સૂત્ર, અર્થ, તત્ત્વ કરી સદ્દહું,
૨- સમ્યક્ત્વ મોહનીય, ૩- મિશ્ર મોહનીય,
૪- મિથ્યાત્વ મોહનીય પરિહરું,



૫- કામરાગ, ૬- સ્નેહરાગ, ૭- દૃષ્ટિરાગ પરિહરું,



૮- સુદેવ, ૯- સુગુરુ, ૧૦- સુધર્મ આદરું,
૧૧- કુદેવ, ૧૨- કુગુરુ, ૧૩- કુધર્મ પરિહરું,
૧૪- જ્ઞાન, ૧૫- દર્શન, ૧૬- ચારિત્ર આદરું,
૧૭- જ્ઞાન-વિરાધના, ૧૮- દર્શન-વિરાધના,
૧૯- ચારિત્ર-વિરાધના પરિહરું,
૨૦- મનગુપ્તિ, ૨૧- વચનગુપ્તિ, ૨૨- કાયગુપ્તિ આદરું,
૨૩- મનદંડ, ૨૪- વચનદંડ, ૨૫- કાયદંડ પરિહરું.

શરીરના અંગોના પડિલેહણના ૨૫ બોલ
(ડાબો હાથ પડિલેહતાં)

૧- હાસ્ય, ૨- રતિ, ૩- અરતિ પરિહરું.

(જમણો હાથ પડિલેહતાં),
૪-ભય, ૫- શોક, ૬- દુર્ગંછા પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) (કપાળે પડિલેહતાં)
{ ૭- કૃષ્ણલેશ્યા, ૮- નીલલેશ્યા, ૯- કાપોતલેશ્યા પરિહરું.}

(મોઢે પડિલેહતાં)
૧૦- રસગારવ, ૧૧- ઋદ્ધિગારવ,
૧૨- સાતાગારવ પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) (છાતી આગળ પડિલેહતાં)
{૧૩- માયાશલ્ય, ૧૪- નિયાણશલ્ય,
૧૫- મિથ્યાત્વશલ્ય પરિહરું.}

(સ્ત્રીઓએ બોલવાનું નથી)
{(જમણા ખભે પડિલેહતાં),
૧૬- ક્રોધ, ૧૭- માન પરિહરું.

(ડાબા ખભે પડિલેહતાં)
૧૮- માયા, ૧૯- લોભ પરિહરું.}

(ચરવળાથી જમણો પગ પડિલેહતાં)
૨૦- પૃથ્વીકાય, ૨૧- અપ્‌કાય,
૨૨- તેઉકાયની જયણા કરું

(ચરવળાથી ડાબો પગ પડિલેહતાં)
૨૩- વાયુકાય, ૨૪- વનસ્પતિ-કાય,
૨૫- ત્રસકાયની રક્ષા કરું.

-મુહપત્તિનું પડલહેણ ઉભડક પગે કરવાનું હોય છે. ૨ હાથને બે પગ વચ્ચે રાખી મસ્તક નીચું રાખી મુહપત્તનું પડિલહેણ કરવાનું છે. આ મુદ્રા 'સંલીનતા'નામનાં એક તપના ભાગરૂપે છે. તેનાથી અંગોપાંગની ચંચળતા દ્વારા થતી જીવહિંસાદિ પાપથી બચાય છે અને તેનાથી સૂક્ષ્મ પ્રમત્તતા પણ પરાસ્ત થાય છે.

-મુહપત્તિ - સૂત્રો બોલતાં સૂક્ષ્મ જીવો મુખમાં ન ચાલ્યા જાય અને તેમની રક્ષા થાય તે મુહપત્તીનો મુખ્ય ઉપયોગ છે વળી રજ ધૂળની પ્રમાર્જના કરવી તે પણ તેની ઉપયોગિતા છે. મુહપત્તિ સામાન્ય રીતે એક વેંત અને ચાર આંગળણી રાખવાની હોય છે. તે સુતરાઉ કપડાની હોવી જોઈએ.

વાંદણા-૨૫ આવશ્યકો સાથે બત્રીસ દોષ રહિત વિનયભાવ યુક્ત દ્વાદશાવર્ત્ત વંદનનું વર્ણન

પહેલું વંદન

(૧-ઈચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)

નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં

કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! સંવચ્છરો વઈક્કંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો ! સંવચ્છરીઅં વઈક્કમં (૬)

આવસ્સિઆએ

(અવગ્રહમાંથી બહાર નીકળી, ફરી આવવાનું છે તે ભાવ દર્શાવવા શરીરને થોડું પાછળ કરવું)

પડિક્કમામિ, ખમાસમણાણં,

સંવચ્છરીઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,

જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ,
કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,
સવ્વકાલિઆએ,સવ્વમિચ્છો વયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ,
આસાયણાએ, જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો !
પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ,
અપ્પાણં વોસિરામિ (૭)

બીજું વંદન

(૧-ઇચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)

નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં

કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! સંવચ્છરો વઈક્કંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો !

સંવચ્છરીઅં વઈક્કમં (૬)

પડિક્કમામિ, ખમાસમણાણં,

સંવચ્છરીઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,

જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ,

કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,

સવ્વકાલિઆએ, સવ્વમિચ્છો વયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ,

આસાયણાએ, જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો !

પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ,

અપ્પાણં વોસિરામિ (૭)

(શિષ્ય કહે) હે ક્ષમા પ્રધાન સાધુજી ! (હું) પાપ વ્યાપારનો ત્યાગ કરી શક્તિ સહિત વંદન કરવાને ઈચ્છું છું. (૧)

(ગુરુ કહે- છંદેણ = ઈચ્છાપૂર્વક = સ્વખુશી થી કરો) (ત્યારે શિષ્ય કહે) મને મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણ) માં પ્રવેશ કરવાની રજા આપશોજી. (ગુરુ કહે - અણુજાણામિ (હું આજ્ઞા આપું છું) (શિષ્ય કહે-) ગુરુવંદન સિવાય બીજો વ્યાપાર નિષેધીને. (૨)

આપના શરીર (રૂપ ચરણ) ને (મારા મસ્તક રૂપ) શરીરના સ્પર્શથી આપને (કંઈ) કિલામણા (થાય તે) ક્ષમા યોગ્ય છે અર્થાત્ ક્ષમા આપવા જેવી છે. થોડા થાકવાળા આપને હે ભગવંત ! ઘણા શુભ ભાવથી દિવસ પસાર થયો છે ને ? (ગુરુ કહે- તહત્તિ = તે પ્રકારે જ છે.) (૩)

(શિષ્ય કહે) આપની સંયમયાત્રા બરાબર ચાલે છે ને ? (ગુરૂ કહે - તુબ્ભં પિ વટ્ટએ = તમારી સંયમયાત્રા પણ બરાબર ચાલે છે ને ?) (૪)

(શિષ્ય કહે) આપનું શરીર ઇન્દ્રિયો અને મનથી પીડા પામતુ નથી ને? (ગુરુ કહે- 'એવં'=એમ જ છે) (૫)

(શિષ્ય કહે) - હે ક્ષમાશ્રમણ ! મારો વર્ષ સંબંધી (જે કંઈ) અપરાધ થયો હોય, તેની હું ક્ષમા માગું છું. (ગુરુ કહે 'અહમપિ ખામેમિ તુમં - હું પણ તને ખમાવું છું.) (૬)

આવશ્યક ક્રિયા માટે (હું અવગ્રહની બહાર જાઉં છું) આપ ક્ષમાશ્રમણનું વર્ષ સંબંધી થયેલી તેત્રીશમાંથી (કોઈપણ) આશાતના દ્વારા (લાગેલ દોષનું) પ્રતિક્રમણ કરું છું.(હે ક્ષમાશ્રમણ !) જે કંઈ મિથ્યાત્વથી, મન સંબંધી દુષ્કૃત્ય, વચન સંબંધી દુષ્કૃત્ય, અને શરીર સંબંધી દુષ્કૃત્ય રૂપ આશાતનાથી, ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી થયેલ આશાતનાથી સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર (=કૂડ-કપટરૂપ) સંબંધી, સર્વ (અષ્ટપ્રવચન માતા રૂપ)ધર્મને ઓળંગવારૂપ આશાતનાથી, મે જે (કોઈ) અતિચાર કર્યો હોય, હે ક્ષમાશ્રમણ ! તે સંબંધી પાપોથી હું પાછો હટું છું, આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુસાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું અને એવા પાપરૂપ મારા આત્માનો હું ત્યાગ કરું છું. (૭)

('અબ્ભુટ્ઠિઓમિ' સૂત્ર ગુરૂ ક્ષમાપનારૂપ હોવાથી ચરવળાવાળાએ ઉભા થઈ જવું જોઈએ.)

ગુરુની સમક્ષ કૃતજ્ઞભાવ વ્યક્ત કરવા સ્વરૂપ સૂત્ર

ઇચ્છાકારેણ
સંદિસહ ભગવન્ !
સંબુદ્ધા, ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર સંવચ્છરીઅં ખામેઉં ? 'ઇચ્છં' ખામેમિ સંવચ્છરીઅં.

(ચરવળા કે કટાસણા ઉપર જમણો હાથ સ્થાપી)

બારમાસાણં, ચોવીસ પક્ખાણં,
ત્રણસો સાઠ રાઈદિવસાણં,
જંકિંચિ અપત્તિઅં પરપત્તિઅં, ભત્તે, પાણે, વિણએ,

**વેયાવચ્ચે, આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે,
અંતરભાસાએ, ઉવરિભાસાએ,
જંકિંચિ મજ્ઝ વિણયપરિહીણં
સહુમં વા બાયરં વા તુબ્ભે જાણહ અહં ન જાણામિ
તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

હે ભગવન ! ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો, સંવત્સરી (વર્ષ)ના અપરાધને ખમાવવા માટે ઉપસ્થિત થયો છું. (ગુરૂ આજ્ઞા આપે.) આજ્ઞા પ્રમાણ છે. સંવત્સરી દિવસના અપરાધને ખમાવું છું.
જે કોઈ ભોજનને વિષે, પાણીને વિષે, વિનયને વિષે, વૈયાવચ્ચને વિષે, એકવાર બોલવાથી, વારંવાર બોલવાથી, ગુરૂથી ઉંચે આસન બેસવાથી, ગુરૂની સમાન આસને બેસવાથી, ગુરૂ બોલતા હોય ત્યારે વચ્ચે બોલવાથી, ગુરૂએ કહેલી વાત ને વધારીને કહેવાથી, અપ્રીતિ ભાવ કે વિશેષ અપ્રીતિ ભાવ ઉપજાવ્યો હોય એવી રીતે જે કાંઈ પણ નાનું કે મોટું, મારાથી વિનય રહિતપણું થયું હોય, જે તમે જાણો છો, હું જાણતો નથી તે મારું દુષ્કૃત્ય (અપરાધ) મિથ્યા થાઓ.

આ સૂત્ર લઘુ ગુરૂવંદન સૂત્ર કહેવાય છે. આ જગતમાં ગુરૂ મહારાજ સિવાય તીર્થંકર ભગવંતોને તેમજ તેમના ધર્મને તથા શાસ્ત્રોને ઓળખાવનાર બીજું કોઈ સાધન નથી જ. માટે તે ઉપકારના બદલામાં તેમની સારસંભાળ અને બહુમાનના પ્રશ્નો પુછી તેમની અગવડો દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સર્વજ્ઞ કથિત ધર્મનું મૂળ વિન છે. તેનાથી ગ્રહણ કરવા યોગ્ય અને આચરવા યોગ્ય, બંને પ્રકારની શિક્ષા પ્રાપ્ત થાય છે કે જે પરિણામે અવિચલ મુક્તિ-સુખને આપનારી છે. તેથી મોક્ષસુખ કે નિર્વાણનું સુખ ઈચ્છનાર સાધકે ગુરુનો વિનય દરેક પ્રકારે નિરંતર કરવો જોઈએ. ગુરુનો યથાર્થ વિનય નહીં કરનાર પોતાની સાધનાના ફળથી ભ્રષ્ટ થાય છે અને માનવભવ આદિ અમૂલ્ય સામગ્રીને હારી જાય છે. આ કારણે ગુરુને વંદન કરતા રાઈ, દેવસિ, પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરી પ્રતિક્રમણમાં થયેલા અપરાધોની આલોચના કરતા ગુરુ-ખામણા-સૂત્ર અથવા અબ્ભુટ્ઠિઓમિ સૂત્ર બોલીને ગુરુને ખમાવવાનો વિધિ છે.

(આ સૂત્ર ગુરૂ ક્ષમાપનારૂપ હોવાથી ચરવળાવાળાએ ઉભા થઈ જવું જોઈએ.)

(ચરવળો હોય તો ઉભા થઈને અડધું અંગ નમાવી હાથ જોડીને બોલે, નહીં તો બેસીને બોલે)

અતિચારોને સંક્ષેપમાં સમજાવતું સૂત્ર

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સંવચ્છરીઅં આલોઉં ?
ઈચ્છં, આલોએમિ.

જો મે સંવચ્છરીઓ અઈયારો કઓ,
કાઈઓ, વાઈઓ, માણસિઓ, ઉસ્સુત્તો , ઉમ્મગ્ગો, અકપ્પો,
અકરણિજ્જો દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ, આણાયારો,
અણિચ્છિઅવ્વો, અસાવગપાઉગ્ગો, નાણે, દંસણે,
ચરિત્તાચરિત્તે, સુએ, સામાઈએ, તિણ્હં ગુત્તીણં,
ચઉણ્હં કસાયાણં, પંચણ્હમણુવ્વયાણં, તિણ્હં ગુણવ્વયાણં,
ચઉણ્હં સિક્ખાવયાણં, બારસવિહસ્સ સાવગ ધમ્મસ્સ,
જં ખંડિઅં, જં વિરાહિઅં, તસ્સ મિચ્છા મિ દુક્કડં.

હે ભગવન્ ! મેં સંવત્સરી (વર્ષ) સંબંધી કાયિક, વાચિક, માનસિક ઉત્સૂત્રરૂપ અને ઉન્માર્ગરૂપ, અકલ્પ્ય અને ન કરવા યોગ્ય આચરણ, દુર્ધ્યાન અને દુષ્ટ ચિંતનરૂપ, અનાચારરૂપ, અનિચ્છિનીય આચરણરૂપ અને શ્રાવકને અણછાજતા આચરણરૂપ જે અતિચાર કર્યા હોય, તથા જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, શ્રુતજ્ઞાનની આરાધનામાં અને સામાયિક ધર્મની આરાધનામાં, તથા ત્રણ ગુપ્તિનું પાલન કરવામાં અને ચાર કષાયોના ત્યાગ સંબંધી, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ બાર પ્રકારના શ્રાવક ધર્મ સંબંધી જે ખંડિત કર્યું હોય જે વિરાધ્યું હોય, તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સંવચ્છરી અતિચાર આલોઉં ? 'ઈચ્છં'

હે ભગવંત ! સંવત્સરી (વર્ષ)ના અતિચારની આલોચના કરવાં ઈચ્છું છું. આજ્ઞા માન્ય છે.

(આમ કહી સંવચ્છરી અતિચાર કહેવા.)

સંવત્સરી અતિચાર (મોટા અતિચાર)

સમ્યક્ત્વ સહિતનાં બાર વ્રતના ૧૨૪ અતિચારોનું વિશેષ સ્વરૂપે વર્ણન

નાણંમિ દંસણંમિ અ,
ચરણંમિ તવંમિ તહ ય વીરિયમ્મિ,
આયરણં આયારો, ઈઅ એસો પંચહા ભણિઓ (૧)

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર એ પંચવિધ આચાર માંહિ અનેરો **જે કોઈ અતિચાર સંવચ્છરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર, જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હુ મન,વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૧)

તત્ર '**જ્ઞાનાચારે**' આઠ અતિચાર-

કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ અનિણ્હવણે,
વંજણ અત્થ તદુભએ, અટ્ઠવિહો નાણ-માયારો (૧)

જ્ઞાન કાળવેળાએ ભણ્યો ગણ્યો નહીં, અકાળે ભણ્યો, વિનયહીન, બહુમાનહીન, યોગ ઉપધાનહીન, અનેરા કન્હે ભણી અનેરો ગુરુ કહ્યો. દેવ-ગુરુ વાંદણે, પડિક્કમણે, સજ્ઝાય કરતાં, ભણતાં, ગણતાં, કૂડો અક્ષર કાને માત્રાએ અધિકો ઓછો ભણ્યો, સૂત્ર કૂડું કહ્યું, અર્થ કૂડો કહ્યો, તદુભય કૂડાં કહ્યાં, ભણીને

વિસાર્યાં, સાધૂતણે ધર્મે કાજો અણઉદ્ધર્યે, દાંડો અણપડિલેહે, વસતિ અણશોધે, અણપવેસે, અસજ્ઝાય અણોજ્ઝાય માંહે શ્રી દશવૈકાલિક પ્રમુખ સિદ્ધાંત ભણ્યો ગણ્યો, શ્રાવકતણે ધર્મે સ્થવિરાવલિ, પડિક્કમણા, ઉપદેશમાલા પ્રમુખ સિદ્ધાંત ભણ્યો ગણ્યો, કાળવેળાએ કાજો અણઉદ્ધર્યે પઢ્યો.

જ્ઞાનોપગરણ પાટી, પોથી, ઠવણી, કવલી, નવકારવાલી, સાપડા, સાપડી, દસ્તરી, વહી, ઓલિયા પ્રમુખ પ્રત્યે પગ લાગ્યો, થૂંક લાગ્યું, થૂંકે કરી અક્ષર માંજ્યો, ઓશીસે ધર્યો, કન્હે છતાં આહાર નિહાર કીધો. જ્ઞાન-દ્રવ્ય ભક્ષતાં ઉપેક્ષા કીધી. પ્રજ્ઞાપરાધે વિણાસ્યો, વિણસતાં ઉવેખ્યો, છતી શક્તિએ સારસંભાળ ન કીધી. જ્ઞાનવંત પ્રત્યે દ્વેષ મત્સર ચિંતવ્યો, અવજ્ઞા આશાતના કીધી. કોઈ પ્રત્યે ભણતાં ગણતાં અંતરાય કીધો. આપણા જાણપણા-તણો ગર્વ ચિંતવ્યો. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન એ પંચવિધ જ્ઞાન-તણી અસદ્દહણા કીધી. કોઈ તોતડો, બોબડો દેખી હસ્યો, વિતર્ક્યો, અન્યથા પ્રરૂપણા કીધી.
જ્ઞાનાચાર વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૧)

દર્શનાચારે આઠ અતિચાર -

નિસ્સંકિય નિક્કંખિય, નિવ્વિ તિગિચ્છા અમૂઢ દિટ્ઠિ અ,
ઉવવૂહ થિરી કરણે, વચ્છલ્લ પભાવણે અટ્ઠ (૨)

દેવ ગુરુ ધર્મ તણે વિષે નિઃશંકપણું ન કીધું, તથા એકાંત નિશ્ચય ન કીધો. ધર્મ સંબંધીયા ફલ તણે વિષે નિઃસંદેહ બુદ્ધિ ધરી નહીં. સાધુ-સાધ્વીનાં મલ-મલિન ગાત્ર દેખી દુર્ગંછા નિપજાવી. કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર અભાવ હુઓ. મિથ્યાત્વીતણી પૂજા પ્રભાવના દેખી મૂઢદૃષ્ટિપણું કીધું તથા સંઘમાંહે ગુણવંત-તણી અનુપબૃંહણા કીધી. અસ્થિરીકરણ, અવાત્સલ્ય, અપ્રીતિ, અભક્તિ નિપજાવી. અબહુમાન કીધું. તથા દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય,જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય, ભક્ષિત ઉપેક્ષિત પ્રજ્ઞાપરાધે વિણાશ્યાં,

વિણસતાં ઉવેખ્યાં, છતી શક્તિએ સારસંભાળ ન કીધી, તથા સાધર્મિક સાથે કલહ-કર્મ-બંધ કીધો. અધોતી, અષ્ટપડ મુખકોશ પાખે દેવપૂજા કીધી. બિંબ પ્રત્યે વાસકુંપી, ધૂપધાણું, કળશ તણો ઠબકો લાગ્યો. બિંબ હાથ થકી પાડ્યું, ઉસાસ નિઃસાસ લાગ્યો. દેહરે, ઉપાશ્રયે, મલ-શ્લેષ્માદિક લોહ્યું. દેહરામાંહે હાસ્ય, ખેલ, કેલિ, કુતૂહલ, આહાર, નિહાર કીધાં. પાન સોપારી, નિવેદીયાં ખાધાં. ઠવણાયરિય હાથ થકી પાડ્યાં, પડિલેહવા વિસાર્યાં. જિનભવને ચોરાશી આશાતના, ગુરૂ ગુરૂણી પ્રત્યે તેત્રીશ આશાતના કીધી હોય, ગુરુવચન 'તહ ત્તિ' કરી પડિવજ્યું નહીં .

દર્શનાચાર વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૨)

ચારિત્રાચારે આઠ અતિચાર-

પણિહાણ જોગ જુત્તો, પંચહિં સમિઈહિં તીહિં ગુત્તીહિં ,
એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો (૩)

ઈર્યાસમિતિ તે અણજોયે હિંડ્યા. **ભાષાસમિતિ** તે સાવદ્ય વચન બોલ્યા. **એષણાસમિતિ** તે તૃણ, ડગલ, અન્ન, પાણી અસૂઝતું લીધું. **આદાનભંડમત્ત નિક્ખેવણા સમિતિ** તે આસન, શયન, ઉપકરણ, માતરું પ્રમુખ અણપૂંજી જીવાકુલ ભૂમિકાએ મૂક્યું, લીધું. **પારિષ્ઠાપનિકા-સમિતિ** તે મલ, મૂત્ર, શ્લેષ્માદિક અણપૂંજી જીવાકુલ ભૂમિકાએ પરઠવ્યું. **મનોગુપ્તિ** = મનમાં આર્ત્ત-રૌદ્ર ધ્યાન ધ્યાયાં. **વચન-ગુપ્તિ** = સાવદ્ય-વચન બોલ્યાં, **કાયગુપ્તિ** = શરીર અણપડિલેહ્યું હલાવ્યું, અણપૂંજે બેઠા. એ અષ્ટ પ્રવચનમાતા સાધુતણે ધર્મે સદૈવ અને શ્રાવકતણે ધર્મે સામાયિક પોસહ લીધે, રૂડી પેરે પાળ્યાં નહીં, ખંડણા વિરાધના હુઈ.

ચારિત્રાચાર વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૩)

વિશેષતઃ શ્રાવકતણે ધર્મે **શ્રી સમ્યક્ત્વ** મૂલ બાર વ્રત સમ્યક્ત્વતણા પાંચ અતિચાર - **શંકા કંખ વિગિચ્છા.**

શંકા - શ્રી અરિહંતતણાં બળ, અતિશય, જ્ઞાનલક્ષ્મી, ગાંભીર્યાદિક ગુણ, શાશ્વતી પ્રતિમા, ચારિત્રિયાનાં ચારિત્ર, શ્રી જિનવચનતણો સંદેહ કીધો.

આકાક્ષાં = બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ક્ષેત્રપાલ, ગોગો, આસપાલ, પાદરદેવતા, ગોત્રદેવતા, ગ્રહપૂજા, વિનાયક, હનુમંત, સુગ્રીવ, વાલી, નાહ, ઈત્યેવમાદિક દેશ, નગર, ગામ, ગોત્ર, નગરી, જુજુઆ, દેવ દેહરાના પ્રભાવ દેખી રોગ, આતંક, કષ્ટ, આવ્યે ઇહલોક-પરલોકાર્થે પૂજ્યા, માન્યા. પ્રસિદ્ધ વિનાયક જીરાઉલાને માન્યું -ઈચ્છ્યું.

બૌદ્ધ, સાંખ્યાદિક, સંન્યાસી, ભરડા, ભગત, લિંગિયા, જોગીયા, જોગી, દરવેશ, અનેરા દર્શનીયાતણો કષ્ટ, મંત્ર, ચમત્કાર દેખી, પરમાર્થ જાણ્યા વિના ભુલાયા, મોહ્યા. કુશાસ્ત્ર શીખ્યાં, સાંભળ્યાં. શ્રાદ્ધ, સંવત્સરી, હોળી, બળેવ, માહિપૂનમ, અજા-પડવો, પ્રેત-બીજ, ગૌરી-ત્રીજ, વિનાયક ચોથ, નાગ-પંચમી, ઝીણલા-છટ્ઠી, શીલ-સાતમી, ધ્રૂવ-આઠમી, નૌલી-નવમી, અહવા-દશમી, વ્રત-અગ્યારશી, વચ્છ-બારશી, ધન-તેરશી, અનંત-ચઉદશી, અમાવસ્યા, આદિત્યવાર, ઉત્તરાયણ નૈવેદ્ય કીધાં. નવોદક, યોગ, ભોગ, ઉતારણાં કીધાં, કરાવ્યાં, અનુમોદ્યા. પીંપળે પાણી ઘાલ્યાં, ઘલાવ્યાં, ઘર બાહિર ક્ષેત્રે, ખલે, કૂવે, તળાવે, નદીએ, દ્રહે, વાવીએ સમુદ્રે, કુંડે, પુન્યહેતુ સ્નાન કીધાં, કરાવ્યાં, અનુમોદ્યા, દાન દીધાં. ગ્રહણ, શનૈશ્ચર, માહ માસે નવરાત્રિએ ન્હાયાં. અજાણતા થાપ્યાં, અનેરા વ્રત વ્રતોલાં કીધાં, કરાવ્યાં.

'વિતિગિચ્છા' = ધર્મ સંબંધીયા ફલતણે વિષે સંદેહ કીધો. જિન અરિહંત ધર્મના આગાર, વિશ્વોપકારસાગર, મોક્ષમાર્ગના દાતાર ઈસ્યા, ગુણ ભણી ન માન્યા, ન પૂજ્યા. મહાસતી-મહાત્માની, ઈહલોક પરલોક સંબંધીયા ભોગવાંછિત પૂજા કીધી. રોગ, આતંક કષ્ટ આવ્યે ખીણ વચન ભોગ માન્યા, મહાત્માના ભાત, પાણી, મળ, શોભાતણી નિંદા કીધી. કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર કુભાવ હુઓ. મિથ્યાત્વી તણી પૂજા પ્રભાવના દેખી પ્રશંસા કીધી, પ્રીતિ માંડી. દાક્ષિણ્ય લગે તેહનો ધર્મ માન્યો, કીધો.

શ્રી સમ્યક્ત્વ વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન,કાયાએ કરી, મિચ્છા મિ દુક્કડં.** (૩)

પહેલે **સ્થૂલ પ્રાણાતિપાત** વિરમણ વ્રતે પાંચ અતિચાર **વહબંધ છવિચ્છેએ.** (૧)

દ્વિપદ, ચતુષ્પદ પ્રત્યે રીસ-વશે ગાઢો ઘાવ ઘાલ્યો, ગાઢે બંધને બાંધ્યો, અધિક ભાર ઘાલ્યો. નિર્લાંછન કર્મ કીધાં. ચારાપાણી તણી વેળાએ સારસંભાળ ન કીધી. લેહણે દેહણે કિણહિ પ્રત્યે લંઘાવ્યો, તેણે ભૂખ્યે આપણે જમ્યા. કન્હે રહી મરાવ્યો. બંદીખાને ઘલાવ્યો. સળ્યાં ધાન્ય તડકે નાખ્યાં, દળાવ્યાં, ભરડાવ્યાં, શોધી ન વાવર્યાં. ઈંધણ, છાણાં અણશોધ્યાં બાળ્યાં. તે માંહિ સાપ, વિંછી, ખજૂરા, સરવલા, માંકડ, જુઆ, ગીંગોડા સાહતાં મૂઆ, દુહવ્યા, રૂડે સ્થાનકે ન મૂક્યા. કીડી મંકોડીનાં ઈંડાં વિછોહ્યાં, લીખ ફોડી, ઉદ્દેહી, કીડી, મંકોડી, ઘીમેલ, કાતરા, ચુડેલ, પતંગીયા, દેડકાં, અળસીયાં, ઈયળ, કુંતા, ડાંસ, મસા, બગતરા, માખી, તીડ પ્રમુખ જીવ વિણટ્ઠા. માળા હલાવતાં, ચલાવતાં પંખી, ચકલાં, કાગતણાં ઈંડાં ફોડ્યા. અનેરા અકેંદ્રિયાદિક જીવ વિણાસ્યા, ચાંપ્યા, દુહવ્યા. કાંઈ હલાવતાં, ચલાવતાં, પાણી છાંટતાં, અનેરા કાંઈ કામકાજ કરતાં, નિર્ધ્વંસપણું કીધું, જીવરક્ષા રૂડી ન કીધી. સંખારો સૂકવ્યો. રૂડું ગળણું ન કીધું. અણગળ પાણી વાવર્યું. રૂડી જયણા ન કીધી. અણગળ પાણીએ ઝીલ્યા, લુગડાં ધોયાં. ખાટલા તડકે નાખ્યા, ઝાટક્યા. જીવાકુલ ભૂમિ લીંપી. વાશી ગાર રાખી. દળણે, ખાંડણે, લીંપણે રૂડી જયણા ન કીધી. આઠમ ચઉદશના નિયમ ભાંગ્યા. ધૂણી કરાવી.

પહેલે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન,વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૧)

બીજે **સ્થૂલ મૃષાવાદ** વિરમણ વ્રતે પાંચ અતિચાર **સહસા રહસ્સ દારે**. (૨)

સહસાત્કારે કુણહી પ્રત્યે અજુગતું આળ અભ્યાખ્યાન દીધું. સ્વદારા-

મંત્રભેદ કીધો. અનેરા કુણહીનો મંત્ર, આલોચ મર્મ પ્રકાશ્યો. કુણહીને અનર્થ પાડવા કૂડી બુદ્ધિ દીધી. કૂડો લેખ લખ્યો, કૂડી સાખ ભરી, થાપણ મોસો કીધો. કન્યા, ગૌ, ઢોર, ભૂમિ સંબંધી લેહણે દેહણે વ્યવસાયે વાદ વઢવાડ કરતાં મોટકું જૂઠું બોલ્યા. હાથ પગ તણી ગાળ દીધી. કડકડા મોડ્યા. મર્મવચન બોલ્યા.

બીજે સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન,વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૨)

ત્રીજે **સ્થૂલ અદત્તાદાન વિરમણ** વ્રતે પાંચ અતિચાર **તેના હડપ્પઓગે.** (૩)

ઘર, બાહિર, ક્ષેત્રે, ખળે પરાઈ વસ્તુ અણમોકલી લીધી, વાપરી, ચોરેલી વસ્તુ વહોરી. ચોર ધાડ પ્રત્યે સંકેત કીધો, તેહને સંબલ દીધું, તેહની વસ્તુ લીધી. વિરૂદ્ધ રાજ્યાતિક્રમ કીધો. નવા, પુરાણા, સરસ, વિરસ, સજીવ, નિર્જીવ વસ્તુના ભેળસંભેળ કીધાં. કૂડે કાટલે, તોલે, માને, માપે વહોર્યાં, દાણચોરી કીધી. કુણહીને લેખે વરાંસ્યો. સાટે લાંચ લીધી. કૂડો કરહો કાઢ્યો, વિશ્વાસઘાત કીધો, પરવંચના કીધી. પાસંગ કૂડાં કીધાં. દાંડી ચઢાવી. લહકે ત્રહકે કૂડાં કાટલાં માન માપાં કીધાં. માતા, પિતા, પુત્ર, મિત્ર, કલત્ર, વંચી કુણહિને દીધું. જુદી ગાંઠ કીધી. થાપણ ઓળવી. કુણહીને લેખે પલેખે ભૂલવ્યું. પડી વસ્તુ ઓળવી લીધી.

ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૩)

ચોથે **સ્વદારાસંતોષ, પરસ્ત્રીગમન વિરમણ**વ્રતે પાંચ અતિચાર **અપરિગ્ગહિયા ઈત્તર** .(૪)

અપરિગૃહીતાગમન, ઈત્વરપરિગૃહિતાગમન કીધું. વિધવા, વેશ્યા, પરસ્ત્રી કુલાંગના, સ્વદારા-શોક્યતણે વિષે દૃષ્ટિ વિપર્યાસ કીધો. સરાગ વચન બોલ્યા. આઠમ ચૌદશ, અનેરી પર્વતિથિના નિયમ લઈ ભાગ્યાં. ઘરઘરણાં કીધાં, કરાવ્યાં, વર-વહુ વખાણ્યાં. કુવિકલ્પ ચિંતવ્યો.

અનંગક્રીડા કીધી. સ્ત્રીનાં અંગોપાંગ નીરખ્યાં. પરાયા વિવાહ જોડ્યા. ઢીંગલા ઢીંગલી પરણાવ્યાં. કામભોગતણે વિષે તીવ્ર અભિલાષ કીધો. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર સુહણે સ્વપ્નાંતરે હુઆ, કુસ્વપ્ન લાધ્યાં. નટ, વિટ, સ્ત્રીશું હાંસું કીધું.
ચોથે સ્વદારા સંતોષ પરસ્ત્રી ગમનવિરમણ વ્રત વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૪)

પાંચમે **પરિગ્રહ પરિમાણ**વ્રતે પાંચ અતિચાર – **ધણ ધન્ન ખિત્ત વત્થુ.** (૫)

ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપ્ય, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ, ચતુષ્પદ, એ નવવિધ પરિગ્રહતણા નિયમ ઉપરાંત વૃદ્ધિ દેખી મૂર્ચ્છા લગે સંક્ષેપ ન કીધો. માતા, પિતા, પુત્ર, સ્ત્રીતણે લેખે કીધો. પરિગ્રહ પરિમાણ લીધું નહીં, લઈને પઢ્યું નહીં, પઢવું વિસાર્યું, અલીધું મેલ્યું. નિયમ વિસાર્યા.
પાંચમે પરિગ્રહ પરિમાણ વ્રત વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૫)

છઠ્ઠે **દિક્પરિમાણ** વ્રતે પાંચ અતિચાર – **ગમણસ્સ ય પરિમાણે.** (૬)

ઊર્ધ્વ દિશિ, અધો દિશિ, તિર્યગ્ દિશિએ જાવા આવવા તણા નિયમ લઈ ભાંગ્યા. અનાભોગે વિસ્મૃત લગે અધિક ભૂમિ ગયા. પાઠવણી આઘી પાછી મોકલી. વહાણ વ્યવસાય કીધો. વર્ષાકાલે ગામતરું કીધું. ભૂમિકા એક ગમા સંક્ષેપી, બીજી ગમા વધારી.
છઠ્ઠે દિક્પરિમાણ વ્રત વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૬)

સાતમે **ભોગોપભોગ-વિરમણ વ્રતે** ભોજન આશ્રયી પાંચ અતિચાર અને કર્મહુંતી પંદર અતિચાર, એવં વીશ અતિચાર– **સચ્ચિત્તે-પડિબદ્ધે.** (૭)

સચિત્ત નિયમ લીધે અધિક સચિત્ત લીધું. અપક્વાહાર, દુપક્વાહાર, તુચ્છૌષધિતણું ભક્ષણ કીધું. ઓળા, ઉંબી, પોંક, પાપડી ખાધાં.

સચિત્ત દવ્વ વિગઈ, વાણહ-તંબોલ-વત્થ-કુસુમેસુ,

વાહણ-સયણ-વિલેવણ, બંભ-દિસિ-ન્હાણ-ભત્તેસુ.

એ ચૌદ નિયમ દિનગત, રાત્રિગત લીધા નહીં, લઈને ભાંગ્યા. બાવીશ અભક્ષ્ય, બત્રીશ અનંતકાય માંહિ આદુ, મૂળા, ગાજર, પિંડ, પિંડાળુ, કચૂરો, સૂરણ, કુણી આંબલી, ગળો વાઘરડાં ખાધાં. વાશી કઠોળ, પોલી રોટલી, ત્રણ દિવસનું ઓદન લીધું. મધુ મહુડાં, માખણ, માટી, વેંગણ, પીલુ, પીચુ, પંપોટા, વિષ, હિમ, કરહા, ઘોલવડાં, અજાણ્યાં ફલ, ટિંબરું, ગુંદાં, મહોર, બોળ અથાણું, આમ્બલબોર, કાચું મીઠું, તિલ, ખસખસ, કોઠિંબડાં ખાધાં. રાત્રિ ભોજન કીધાં. લગભગ વેળાએ વાળુ કીધું. દિવસ વિણ ઊગે શીરાવ્યા.

તથા કર્મતઃ **પન્નર-કર્માદાન,** ઈંગાલ-કમ્મે, વણ-કમ્મે, સાડી-કમ્મે, ભાડી-કમ્મે, ફોડી-કમ્મે, એ પાંચ કર્મ. દંત-વાણિજ્જે, લક્ખ વાણિજ્જે, રસ વાણિજ્જે, કેસ વાણિજ્જે, વિસ વાણિજ્જે, એ પાંચ વાણિજ્ય, જંત-પિલ્લણકમ્મે, નિલ્લંછણકમ્મે, દવગ્ગિદાવણયા, સર-દહ-તલાય-સોસણયા, અસઈ-પોસણયા, એ પાંચ કર્મ, પાંચ વાણિજ્ય, પાંચ સામાન્ય, એવં પન્નર કર્માદાન બહુ સાવદ્ય મહારંભ, રાંગણ લીહાલા, કરાવ્યા. ઈંટ નિભાડા પકાવ્યાં. ધાણી, ચણા, પક્વાન્ન કરી વેચ્યાં, વાશી માખણ તવાવ્યાં. તિલ વહોર્યા, ફાગણ માસ ઉપરાંત રાખ્યા, દલીદો કીધો. અંગીઠા કરાવ્યાં. શ્વાન, બિલાડા, સૂડા, સાલહી પોષ્યા. અનેરા જે કાંઈ બહુ સાવદ્ય ખર કર્માદિક સમાચર્યા. વાશી ગાર રાખી, લીંપણે ગૂંપણે મહારંભ કીધો. અણશોધ્યા ચૂલા સંધૂક્યા. ઘી, તેલ, ગોળ, છાશતણાં ભાજન ઉઘાડાં મૂક્યા. તે માંહિ માખી, કુંતિ, ઉંદર, ગીરોલી પડી, કીડી ચડી, તેની જયણા ન કીધી.

સાતમે ભોગોપભોગ વિરમણ વ્રત વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૭)

આઠમે **અનર્થદંડવિરમણ** વ્રતે પાંચ અતિચાર- **કંદપ્પે કુક્કુઈએ.**(૮)

કંદર્પ્પ લગે વિટચેષ્ટા, હાસ્ય, ખેલ, કુતૂહલ કીધાં. પુરુષ સ્ત્રીના હાવભાવ, રૂપ, શૃંગાર, વિષયરસ વખાણ્યા. રાજકથા, ભક્તકથા, દેશકથા, સ્ત્રીકથા કીધી. પરાઈ તાંત કીધી તથા પૈશુન્યપણું કીધું, આર્ત્ત-રૌદ્રધ્યાન ધ્યાયાં. ખાંડા, કટાર, કોશ, કુહાડા, રથ, ઉખલ, મુશલ, અગ્નિ, ઘરંટી, નિસાહ, દાતરડાં, પ્રમુખ અધિકરણ મેલી, દાક્ષિણ્ય લગે માગ્યાં આપ્યાં. પાપોપદેશ કીધો. અષ્ટમી ચતુર્દશીએ ખાંડવા, દળવાતણા નિયમ ભાંગ્યા. મુખરપણા લગે અસંબદ્ધ વાક્ય બોલ્યા. પ્રમાદાચરણ સેવ્યાં. અંઘોલે, નાહણે, દાતણે, પગ ધોઅણે, ખેલ, પાણી, તેલ છાંટ્યાં. ઝીલણે ઝીલ્યાં, જુગટે રમ્યા, હિંચોલે હિંચ્યા. નાટક પ્રેક્ષણક જોયાં. કણ, કુવસ્તુ, ઢોર લેવરાવ્યાં. કર્કશ વચન બોલ્યાં. આક્રોશ કીધા, અબોલા લીધા. કરકડા મોડ્યા, મચ્છર ધર્યો, સંભેડા લગાડ્યા, શ્રાપ દીધા, ભેંસા, સાંઢ, હુડુ, કૂકડા, શ્વાનાદિક ઝુઝાર્યા, ઝૂઝતાં જોયાં. ખાદી લગે અદેખાઈ ચિંતવી. માટી, મીઠું, કણ, કપાશીયા, કાજ વિણ ચાંપ્યા, તે પર બેઠા, આલી વનસ્પતિ ખૂંદી. સૂઈ, શસ્ત્રાદિક નિપજાવ્યાં. ઘણી નિદ્રા કીધી. રાગ દ્વેષ લગે એકને ઋદ્ધિ પરિવાર વાંછી, એકને મૃત્યુ હાનિ વાંછી .

આઠમે અનર્થદંડ-વિરમણવ્રત વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૮)

નવમે **સામાયિક-વ્રતે** પાંચ અતિચાર – **તિવિહે દુપ્પણિહાણે.** (૯)

સામાયિક લીધે મને આહટ્ટ, દોહટ્ટ ચિંતવ્યું. સાવદ્ય વચન બોલ્યાં. શરીર અણપડિલેહ્યું હલાવ્યું. છતી વેળાએ સામાયિક ન લીધું. સામાયિક લઈ ઉઘાડે મુખે બોલ્યા. ઊંઘ આવી. વાત વિકથા ઘરતણી ચિંતા કીધી. વીજ, દીવા તણી ઉજેહિ હુઈ. કણ કપાશીયા, માટી, મીઠું, ખડી, ધાવડી, અરણેટો, પાષાણ પ્રમુખ ચાંપ્યા. પાણી, નીલ, ફૂલ, સેવાલ, હરિયકાય, બીજકાય ઈત્યાદિક આભડ્યાં, સ્ત્રી, તિર્યંચ તણા નિરંતર પરંપર સંઘટ્ટ હુઆ. મુહપત્તિઓ સંઘટ્ટી, સામાયિક અણપૂગ્યું પાર્યું, પારવું વિસાર્યું .

નવમે સામાયિક વ્રત વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૯)

દશમે **દેશાવગાસિક-વ્રતે** પાંચ અતિચાર – **આણવણે પેસવણે.** (૧૦)

આણવણ પ્પઓગે, પેસવણ પ્પઓગે, સદ્દાણુ વાઈ, રૂવાણુ વાઈ, બહિયા પુગ્ગલ પક્ખેવે. નિયમિત ભૂમિકામાંહિ બાહેરથી કાંઈ અણાવ્યું. આપણ કન્હે થકી બાહેર કાંઈ મોકલ્યું અથવા રૂપ દેખાડી, કાંકરો નાખી, સાદ કરી આપણપણું છતું જણાવ્યું .

દશમે દેશાવગાશિક વ્રત વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૧૦)

અગ્યારમે **પૌષધોપવાસ વ્રતે** પાંચ અતિચાર – **સંથારુચ્ચારવિહિ .**

અપ્પડિલેહિય દુપ્પડિલેહિય સિજ્જાસંથારએ,

અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ. (૧૧)

પોસહ લીધે સંથારા તણી ભૂમિ ન પૂંજી, બાહિરલા લહુડાં વડાં સ્થંડિલ દિવસે શોધ્યાં નહીં, પડિલેહ્યાં નહીં. માતરું અણપૂંજ્યું હલાવ્યું. અણપૂંજી ભૂમિકાએ પરઠવ્યું, પરઠવતાં 'અણુજાણહ જસ્સુગ્ગહો' ન કહ્યો, પરઠવ્યા પૂંઠે વાર ત્રણ 'વોસિરે વોસિરે' ન કહ્યો, પૌષધશાલા માંહિ પેસતાં 'નિસીહિ', નીસરતાં 'આવસ્સહિ' વાર ત્રણ ભણી નહીં. પુઢવી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ, ત્રસકાયતણા સંઘટ્ટ, પરિતાપ, ઉપદ્રવ હુઆ. સંથારા પોરિસી તણો વિધિ ભણવો વિસાર્યો. પોરિસીમાંહિ ઊંઘ્યા, અવિધે સંથારો પાથર્યો. પારણાદિકતણી ચિંતા કીધી. કાળવેળાએ દેવ ન વાંદ્યાં. પડિક્કમણું ન કીધું. પોસહ અસુરો લીધો, સવેરો પાર્યો. પર્વતિથિએ પોસહ લીધો નહીં.

અગ્યારમે પૌષધોપવાસવ્રત વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૧૧)

બારમે **અતિથિ સંવિભાગ વ્રતે** પાંચ અતિચાર - **સચ્ચિત્તે નિક્ખિવણે.** (૧૨)

સચિત્ત વસ્તુ હેઠ ઉપર છતાં મહાત્મા મહાસતી પ્રત્યે અસૂઝતું દાન દીધું, દેવાની બુદ્ધિએ અસૂઝતું ફેડી સૂઝતું કીધું, પરાયું ફેડી આપણું કીધું, અણદેવાની બુદ્ધિએ સૂઝતું ફેડી અસૂઝતું કીધું, આપણું ફેડી પરાયું કીધું. વહોરવા વેળા ટળી રહ્યા. અસુર કરી મહાત્મા તેડ્યા. મત્સર ધરી દાન દીધું. ગુણવંત આવ્યે ભક્તિ ન સાચવી. છતી શક્તિએ સાહમ્મિ વચ્છલ્લ ન કીધું. અનેરા ધર્મક્ષેત્ર સીદાતાં છતી શક્તિએ ઉદ્ધર્યા નહીં. દીન, ક્ષીણ પ્રત્યે અનુકંપા દાન ન દીધું.
બારમે અતિથિ-સંવિભાગ વ્રત વિષઇઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૧૨)

સંલેષણા તણા પાંચ અતિચાર - **ઈહલોએ પરલોએ.** (૧૩)

ઈહલોગા-સંસપ્પઓગે, પરલોગા સંસપ્પઓગે, જીવિઆ-સંસપ્પઓગે, મરણા-સંસપ્પઓગે, કામભોગાસંસપ્પઓગે. ઈહલોકે ધર્મના પ્રભાવ લગે રાજ ૠદ્ધિ, સુખ, સૌભાગ્ય, પરિવાર વાંછ્યા, પરલોકે દેવ, દેવેન્દ્ર, વિદ્યાધર, ચક્રવર્તી તણી પદવી વાંછી, સુખ આવ્યે જીવિતવ્ય વાંછ્યું, દુઃખ આવ્યે મરણ વાંછ્યું. કામભોગ તણી વાછાં કીધી.
સંલેષણા વ્રત વિષઇઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૧૩)

તપાચાર બાર ભેદ-છ બાહ્ય, છ અભ્યંતર. **અણસણ- મૂણોઅરિઆ.** (૧૪)

અણસણ ભણી ઉપવાસ વિશેષ પર્વ તિથિએ છતી શક્તિએ કીધો નહીં. ઊણોદરીવ્રત તે કોળિયા પાંચ સાત ઊણા રહ્યા નહીં. વૃત્તિસંક્ષેપ તે દ્રવ્યભણી સર્વ વસ્તુઓનો સંક્ષેપ કીધો નહીં. રસત્યાગ તે વિગયત્યાગ ન કીધો. કાયક્લેશ તે લોચાદિક કષ્ટ સહન કર્યાં નહીં. સંલીનતા-અંગોપાંગ સંકોચી રાખ્યાં નહીં, પચ્ચક્ખાણ ભાંગ્યા. પાટલો ડગડગતો ફેડ્યો નહીં. ગંઠસી, પોરિસી, સાઢપોરિસી, પુરિમઢ્ઢ, એકાસણું, બિઆસણું, નીવિ,

આયંબિલ પ્રમુખ પચ્ચક્ખાણ પારવું વિસાર્યું. બેસતાં નવકાર ન ભણ્યો. ઊઠતાં પચ્ચક્ખાણ કરવું વિસાર્યું. ગંઠસીયું ભાંગ્યું. નીવિ, આંબિલ ઉપવાસાદિ તપ કરી કાચું પાણી પીધું. વમન હુઓ.

બાહ્ય તપ વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૧૪)

અભ્યંતર તપ-પાયચ્છિત્તં વિણઓ. (૧૫)

મન-શુદ્ધે ગુરૂ કન્હે આલોયણા લીધી નહીં, ગુરૂ-દત્ત પ્રાયશ્ચિત્ત-તપ લેખા શુદ્ધે પહોંચાડ્યો નહીં. દેવ, ગુરૂ, સંઘ, સાહમ્મીઅ પ્રત્યે વિનય સાચવ્યો નહીં. બાલ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી પ્રમુખનું વેયાવચ્ચ ન કીધું. વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા-લક્ષણ પંચવિધ સ્વાધ્યાય ન કીધો, ધર્મધ્યાન, શુક્લધ્યાન ન ધ્યાયાં, આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન ધ્યાયાં. કર્મક્ષય નિમિત્તે લોગસ્સ દશ-વીશનો કાઉસ્સગ્ગ ન કીધો.

અભ્યંતર તપ વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૧૫)

વીર્યાચારના ત્રણ અતિચાર - **અણિગૂહિઅ બલવીરિઓ.** (૧૬)

પઢવે, ગુણવે, વિનય, વેયાવચ્ચ, દેવપૂજા, સામાયિક, પોસહ, દાન, શીલ, તપ, ભાવનાદિક ધર્મકૃત્યને વિષે મન-વચન-કાયા તણું છતું બળ, છતું વીર્ય ગોપવ્યું. રૂડાં પંચાંગ ખમાસમણ ન દીધાં. વાંદણા-તણા આવર્ત્ત- વિધિ સાચવ્યા નહીં. અન્યચિત્ત નિરાદરપણે બેઠા. ઉતાવળું દેવવંદન, પડિક્કમણું કીધું.

વીર્યાચાર વિષઈઓ અનેરો **જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૧૬)

નાણાઈઅટ્ઠ-પઈવય, સમ્મસંલેહણ પણ પન્નર-કમ્મેસુ,
બારસ તપ વીરિ-અતિગં, ચઉવ્વીસ સયં અઈયારા. પડિસિદ્ધાણં કરણે. (૧૭)

પ્રતિષેધ અભક્ષ્ય, અનંતકાય, બહુબીજભક્ષણ, મહારંભ પરિગ્રહાદિક કીધાં. જીવાજીવાદિક સૂક્ષ્મવિચાર સદહ્યા નહીં. આપણી કુમતિ લગે ઉત્સૂત્ર પ્રરૂપણા કીધી. તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ, અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાન કીધાં, કરાવ્યાં, અનુમોધાં હોય. દિનકૃત્ય-પ્રતિક્રમણ, વિનય, વેયાવચ્ચ ન કીધાં. અનેરું જે કાંઈ વીતરાગની આજ્ઞા વિરુદ્ધ કીધું, કરાવ્યું, અનુમોદ્યું હોય. **એ ચિહું પ્રકારમાંહે અનેરો જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** (૧૭)

એવંકારે શ્રાવકતણે ધર્મે શ્રી સમ્યક્ત્વ મૂલ બાર વ્રત, એકસો ચોવીસ અતિચાર માંહિ અનેરો જે કોઈ અતિચાર સંવત્સરી દિવસમાંહિ સૂક્ષ્મ-બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

ઈતિ શ્રી સંવચ્છરી અતિચાર સમાપ્ત.

પ્રતિક્રમણ સ્થાપના સૂત્ર

સવ્વસ્સ વિ, સંવચ્છરીઅ દુચ્ચિંતિઅ,
દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ,
ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈચ્છં,
તસ્સ મિચ્છા મિ દુક્કડં.
ઈચ્છાકારી ભગવન્ !
પસાય કરી સંવચ્છરીતપ પ્રસાદ કરશોજી.

આપ સ્વેચ્છાએ મને અનુમતિ આપો કે સંવત્સરી દિવસ સંબંધિત આર્ત-રૌદ્ર ધ્યાન સ્વરૂપ દુષ્ટ ચિંતવનથી, અસત્ય-કઠોર વચન સ્વરૂપ દુષ્ટ ભાષણથી અને ન કરવા યોગ્ય ક્રિયા સ્વરૂપ દુષ્ટ ચેષ્ટા રૂપ પાપથી પાછો ફરૂં ? (ગુરુભગવંત કહે - ભલે ! પાપથી પાછા ફરો) (ત્યારે શિષ્ય કહે -) આપની આજ્ઞા પ્રમાણ છે. હું તે સઘળાય દુષ્કૃત્યથી પાછો ફરું છું અને મારા દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

હે ભગવંત ! કૃપા કરી સંવત્સરી તપ પ્રસાદ કરશોજી.

(ગુરૂજી હોય તો તે કહે, નહીં તો પોતે નીચે પ્રમાણે કહે.)

અટ્ઠમભત્તેણં, ત્રણ ઉપવાસ,
છ આયંબિલ, નવ નીવિ,
બાર એકાસણાં, ચોવીસ બેઆસણાં,
છ હજાર સજ્ઝાય, યથાશક્તિ તપ કરી પહોંચાડજો.

ત્રણ ઉપવાસના એક સાથેના પચ્ચક્ખાણ = અઠ્ઠમ/સળંગ ત્રણ ઉપવાસ = અઠ્ઠમ, ત્રણ છૂટા ઉપવાસ, છ આયંબિલ, નવ નીવિ, બાર એકાસણા, ચોવિસ બેઆસણા, છ હજાર સઝ્ઝાય, તપ કર્યું હોય તો 'પઈઠ્ઠિઓ' કહેવું અને કરવાનું હોય તો 'તહ ત્તિ' કહેવું અને ન કરવાનું હોય તો 'યથાશક્તિ' કહેવું અથવા માત્ર મૌન રહેવું.

આ 'પ્રતિક્રમણ સૂત્ર'થી રાત્રિક પ્રતિક્રમણના અતિચારોની આલોચનાનો પ્રારંભ થાય છે, તેથી તેને પ્રતિક્રમણ સૂત્ર કહેવામાં આવે છે.

'સવ્વસવિ' સૂત્રથી પ્રતિક્રમણની ક્રિયા માટે ગુરુઆજ્ઞા લેવાય છે. અહિં શિષ્ય અર્ધુ અંગ નમાવીને ઉત્તરોત્તર વધતા વૈરાગ્યવાળો, માયા, અભિમાન આદિથી રહિત બની પોતાના સર્વ અતિચારોની સવિશેષ વિશુદ્ધિ માટે આ પાઠ બોલે છે. વળી શિષ્ય અત્યંત વિનયપૂર્વક પોતાના ત્રિકરણ અતિચારોની માફી માંગતા નિવેદન કરે છે કે મારા બળાત્કારથી નહીં પણ આપની ઈચ્છાથી મને પ્રતિક્રમણ માટે-દોષથી પાછા હટવા માટે અનુભુતિ આપો. ત્યારે ગુરુ 'પ્રતિક્રમણ કરો' એમ કહે અને શિષ્ય વચનનો સ્વીકાર કરવા માટે 'ઈચ્છં' કહી પ્રાયશ્ચિત માટે તૈયાર થાય છે.

વાંદણા-૨૫ આવશ્યકો સાથે બત્રીસ દોષ રહિત વિનયભાવ યુક્ત દ્વાદશાવર્ત્ત વંદનનું વર્ણન

પહેલું વંદન

(૧-ઈચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)

નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં

કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! સંવચ્છરો વઈકકંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો ! સંવચ્છરીઅં વઈક્કમં (૬)

આવસ્સિઆએ

(અવગ્રહમાંથી બહાર નીકળી, ફરી આવવાનું છે તે ભાવ દર્શાવવા શરીરને થોડું પાછળ કરવું)

પડિક્કમામિ, ખમાસમણાણં,

સંવચ્છરીઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,

જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ, કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ, સવ્વકાલિઆએ,સવ્વમિચ્છો વયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ, આસાયણાએ, જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ (૭)

બીજું વંદન

(૧-ઇચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)

નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં

કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! સંવચ્છરો વઈક્કંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો !

સંવચ્છરીઅં વઈક્કમં (૬)

પડિક્કમામિ, ખમાસમણાણં,

સંવચ્છરીઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,

જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ,

કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,

સવ્વકાલિઆએ, સવ્વમિચ્છો વયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ,

આસાયણાએ, જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો !

પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ,

અપ્પાણં વોસિરામિ (૭)

(શિષ્ય કહે) હે ક્ષમા પ્રધાન સાધુજી ! (હું) પાપ વ્યાપારનો ત્યાગ કરી શક્તિ સહિત વંદન કરવાને ઈચ્છું છું. (૧)
(ગુરુ કહે- છંદેણ = ઈચ્છાપૂર્વક = સ્વખુશી થી કરો) (ત્યારે શિષ્ય કહે) મને મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણ) માં પ્રવેશ કરવાની રજા આપશોજી. (ગુરુ કહે - અણુજાણામિ (હું આજ્ઞા આપું છું) (શિષ્ય કહે-) ગુરુવંદન સિવાય બીજો વ્યાપાર નિષેધીને. (૨)
આપના શરીર (રૂપ ચરણ) ને (મારા મસ્તક રૂપ) શરીરના સ્પર્શથી આપને (કંઈ) કિલામણા (થાય તે) ક્ષમા યોગ્ય છે અર્થાત્ ક્ષમા આપવા જેવી છે. થોડા થાકવાળા આપને હે ભગવંત ! ઘણા શુભ ભાવથી દિવસ પસાર થયો છે ને ? (ગુરુ કહે- તહત્તિ = તે પ્રકારે જ છે.) (૩)
(શિષ્ય કહે) આપની સંયમયાત્રા બરાબર ચાલે છે ને ? (ગુરૂ કહે - તુબ્ભં પિ વટ્ટએ = તમારી સંયમયાત્રા પણ બરાબર ચાલે છે ને ?) (૪)

(શિષ્ય કહે) આપનું શરીર ઈન્દ્રિયો અને મનથી પીડા પામતુ નથી ને? (ગુરુ કહે- 'એવં '=એમ જ છે) (૫)
(શિષ્ય કહે) - હે ક્ષમાશ્રમણ ! મારો વર્ષ સંબંધી (જે કંઈ) અપરાધ થયો હોય, તેની હું ક્ષમા માગું છું. (ગુરુ કહે 'અહમપિ ખામેમિ તુમં - હું પણ તને ખમાવું છું.) (૬)
આવશ્યક ક્રિયા માટે (હું અવગ્રહની બહાર જાઉં છું) આપ ક્ષમાશ્રમણનું વર્ષ સંબંધી થયેલી તેત્રીશમાંથી (કોઈપણ) આશાતના દ્વારા (લાગેલ દોષનું) પ્રતિક્રમણ કરું છું.(હે ક્ષમાશ્રમણ !) જે કંઇ મિથ્યાત્વથી, મન સંબંધી દુષ્કૃત્ય, વચન સંબંધી દુષ્કૃત્ય, અને શરીર સંબંધી દુષ્કૃત્ય રૂપ આશાતનાથી, ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી થયેલ આશાતનાથી સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર (=કૂડ-કપટરૂપ) સંબંધી, સર્વ (અષ્ટપ્રવચન માતા રૂપ)ધર્મને ઓળંગવારૂપ આશાતનાથી, મે જે (કોઈ) અતિચાર કર્યો હોય, હે ક્ષમાશ્રમણ ! તે સંબંધી પાપોથી હું પાછો હટું છું, આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુસાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું અને એવા પાપરૂપ મારા આત્માનો હું ત્યાગ કરું છું. (૭)

હવે સંવત્સરી ખામણા કરવાનાં હોવાથી ચરવળાવાળાઓએ ઉભા થઈ જવું. પ્રથમ ગુરૂદેવો સાથે અવિનય, આશાતના, વૈર-વિરોધ આદિ થયું હોય તેની અને તે બાદ સમગ્ર વિશ્વનાં પ્રાણીમાત્ર પ્રત્યે ક્રોધાદિ કષાયો થઈ ગયા હોય, વૈર-વિરોધાદિ બન્યું હોય તે બધાની ક્ષમાપના માંગવાની છે.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !

પત્તેઅ ખામણેણં

અબ્ભુટ્ઠિઓ મિ અબ્ભિંતર

સંવચ્છરીઅં ખામેઉં ? 'ઈચ્છં'

ખામેમિ સંવચ્છરીઅં, બાર માસાણં, ચોવીસ પક્ખાણં,

ત્રણસો સાઠ રાઈ દિવસાણં

જંકિંચિ અપત્તિઅં પરપત્તિઅં,

ભત્તે, પાણે, વિણએ, વેયાવચ્ચે, આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિભાસાએ, જંકિંચિ મજઝ વિણયપરિહીણં સહુમં વા બાયરં વા તુબ્ભે જાણહ અહં ન જાણામિ

તસ્સ મિચ્છા મિ દુક્કડં.

હે ભગવન્ ! ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો, પ્રત્યેક/વ્યક્તિગતને દિવસના અપરાધ ખમાવવા માટે ઉપસ્થિત થયો છું. (ગુરૂ આજ્ઞા આપે) આજ્ઞા પ્રમાણ છે, સંવત્સરી દિવસના અપરાધને ખમાવું છું. બારે માસ, ચોવીસ પક્ષ, ત્રણસો સાઠ રાઈ-દેવસિઅ પ્રતિક્રમણમાં આહાર-પાણીમાં, વિનયમાં, વૈયાવૃત્યમાં, બોલવામાં, વાતચીત કરવામાં, ઉંચું આસન રાખવામાં, સમાન આસન રાખવામાં, વચ્ચે બોલી ઉઠવામાં, ગુરૂની ઉપરવટ થઈને બોલવામાં, અને ગુરૂવચન ઉપર ટીકા ટીપ્પણ કરવામાં જે કાંઈ અપ્રીતિ કે વિશેષ અપ્રીતિ ઉપજાવે તેવું કર્યું હોય, તથા મારા વડે સુક્ષ્મ કે સ્થુળ, થોડું કે વધારે જે કાંઈ વિનય રહિત વર્તન થયું હોય, તમે જાણો છો પણ હું જાણતો નથી, તેવા કોઈ અપરાધ થયા હોય, તે સંબંધી મારું સઘળું પાપ મિથ્યા થાઓ.

'અબ્ભુટ્ઠિઓમિ' સૂત્ર વડે શિષ્ય, ગુરુ પ્રત્યે થયેલ નાના-મોટા અપરાધોને ખમાવે છે. તથા ગુરુ પણ સામેથી તેને ખમાવે છે. એટલે આ સૂત્ર ખામણા-ક્ષમાપના-સૂત્ર કહેવાય છે.

ખમવું એટલે સહનશીલતા રાખવી, ઉદારતા રાખવી, ખામોશી રાખવી કે વૈર લેવાની વૃત્તિનો ત્યાગ કરવો. એટલે સામાની પાસેથી ક્ષમાની અપેક્ષા રાખવી, ઉદારતાની માગણી કરવી તથા સામાવાળો વૈરનો ત્યાગ કરે એવી કલુષિત લાગણીનો-વૈરનો ત્યાગ કરે તેવી ભાવના રાખવી, એવા વિચારોનો ત્યાગ કરવો. આ પ્રક્રિયાને ખમાવવાની પ્રક્રિયા કહેવાય છે. અભ્યુત્થિ શબ્દ માત્ર ઈચ્છા કે માત્ર અભિલાષાનો વ્યપોહ કરીને ક્રિયા કરવાની તત્પરતા બતાવે છે અહીં ગુરુ પાસેથી ક્ષમા માગવાની માત્ર ઈચ્છા જ નથી પણ તત્પરતા છે, તે દર્શાવવા માટે એ યોજાયેલો છે. અથવા અભ્યુત્થિત શબ્દ આદરપૂર્વક ઊભા થવાનો-ખડા રહેવાનો ભાવ સૂચવે છે અને તે અર્થ પણ અહીં સંગત છે, કારણકે ગુરુની ક્ષમા દબાણવશ કે બાહ્યોપચારથી માગવાની નથી પણ તેમના પ્રત્યે સંપૂર્ણ આદરભાવથી માગવાની છે.

(સકળ સંઘને મિચ્છા મિ દુક્કડં)

વાંદણા-૨૫ આવશ્યકો સાથે બત્રીસ દોષ રહિત વિનયભાવ યુક્ત દ્વાદશાવર્ત્ત વંદનનું વર્ણન

પહેલું વંદન

(૧-ઈચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)

નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં

કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! સંવચ્છરો વઈક્કંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો ! સંવચ્છરીઅં વઈક્કમં (૬)

આવસ્સિઆએ

(અવગ્રહમાંથી બહાર નીકળી, ફરી આવવાનું છે તે ભાવ દર્શાવવા શરીરને થોડું પાછળ કરવું)

પડિક્કમામિ, ખમાસમણાણં,

સંવચ્છરીઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,

જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ,
કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,
સવ્વકાલિઆએ,સવ્વમિચ્છો વયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ,
આસાયણાએ, જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો !
પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ,
અપ્પાણં વોસિરામિ (૭)

બીજું વંદન
(૧-ઇચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)

નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં

કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! સંવચ્છરો વઈક્કંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો !

સંવચ્છરીઅં વઈક્કમં (૬)

પડિક્કમામિ, ખમાસમણાણં,

સંવચ્છરીઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,

જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ,

કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,

સવ્વકાલિઆએ, સવ્વમિચ્છો વયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ,

આસાયણાએ, જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો !

પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ,

અપ્પાણં વોસિરામિ (૭)

(શિષ્ય કહે) હે ક્ષમા પ્રધાન સાધુજી ! (હું) પાપ વ્યાપારનો ત્યાગ કરી શક્તિ સહિત વંદન કરવાને ઈચ્છું છું. (૧)

(ગુરુ કહે- છંદેણ = ઈચ્છાપૂર્વક = સ્વખુશી થી કરો) (ત્યારે શિષ્ય કહે) મને મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણ) માં પ્રવેશ કરવાની રજા આપશોજી. (ગુરુ કહે - અણુજાણામિ (હું આજ્ઞા આપું છું) (શિષ્ય કહે-) ગુરુવંદન સિવાય બીજો વ્યાપાર નિષેધીને. (૨)

આપના શરીર (રૂપ ચરણ) ને (મારા મસ્તક રૂપ) શરીરના સ્પર્શથી આપને (કંઈ) કિલામણા (થાય તે) ક્ષમા યોગ્ય છે અર્થાત્ ક્ષમા આપવા જેવી છે. થોડા થાકવાળા આપને હે ભગવંત ! ઘણા શુભ ભાવથી દિવસ પસાર થયો છે ને ? (ગુરુ કહે- તહત્તિ = તે પ્રકારે જ છે.) (૩)

(શિષ્ય કહે) આપની સંયમયાત્રા બરાબર ચાલે છે ને ? (ગુરૂ કહે - તુબ્ભં પિ વટ્ટએ = તમારી સંયમયાત્રા પણ બરાબર ચાલે છે ને ?) (૪)

(શિષ્ય કહે) આપનું શરીર ઇન્દ્રિયો અને મનથી પીડા પામતુ નથી ને? (ગુરુ કહે- 'એવં'=એમ જ છે) (૫)

(શિષ્ય કહે) - હે ક્ષમાશ્રમણ ! મારો વર્ષ સંબંધી (જે કંઈ) અપરાધ થયો હોય, તેની હું ક્ષમા માગું છું. (ગુરુ કહે 'અહમપિ ખામેમિ તુમં - હું પણ તને ખમાવું છું.) (૬)

આવશ્યક ક્રિયા માટે (હું અવગ્રહની બહાર જાઉં છું) આપ ક્ષમાશ્રમણનું વર્ષ સંબંધી થયેલી તેત્રીશમાંથી (કોઈપણ) આશાતના દ્વારા (લાગેલ દોષનું) પ્રતિક્રમણ કરું છું.(હે ક્ષમાશ્રમણ !) જે કંઈ મિથ્યાત્વથી, મન સંબંધી દુષ્કૃત્ય, વચન સંબંધી દુષ્કૃત્ય, અને શરીર સંબંધી દુષ્કૃત્ય રૂપ આશાતનાથી, ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી થયેલ આશાતનાથી સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર (=કૂડ-કપટરૂપ) સંબંધી, સર્વ (અષ્ટપ્રવચન માતા રૂપ)ધર્મને ઓળંગવારૂપ આશાતનાથી, મે જે (કોઈ) અતિચાર કર્યો હોય, હે ક્ષમાશ્રમણ ! તે સંબંધી પાપોથી હું પાછો હટું છું, આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુસાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું અને એવા પાપરૂપ મારા આત્માનો હું ત્યાગ કરું છું. (૭)

દેવસિઅ આલોઇઅં પડિક્કંતા ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સંવચ્છરીઅં પડિક્કમુ ? (પડિક્કમ્મામિ) સમ્મં પડિક્કમેહ, ઈચ્છં

દિવસ સંબંધી દુષ્કૃત્યોની આલોચનાનું પ્રતિક્રમણ કર્યું છે હવે, હે ભગવંત, સંવત્સરી (વર્ષ) સંબંધી પ્રતિક્રમણ કરાવો. ગુરૂ કહે છે - સમ્યક્ રીતે પ્રતિક્રમણ કરો. શિષ્ય કહે છે - હા, સારી રીતે પ્રતિક્રમણ કરું છું.

આત્મા જે દોષોને લીધે, જે સ્ખલનાઓને લીધે કે જે અતિચારોને લીધે મલિન બને છે, તેને દૂર કરવા-તેનાથી બચી જવું તે આત્મ શોધનની ક્રિયા છે. તે માટે પ્રથમ આત્મામાં કેવી રીતે અતિચાર લાગે છે તે જાણવાની જરૂર છે અને તે જાણતાં જ તેની આલોચના કરી શકાય છે.

સામાયિક મહાસૂત્ર

કરેમિ ભંતે! સામાઈઅં,
સાવજ્જં જોગં પચ્ચક્ખામિ,
જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, મણેણં,
વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે !
પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ. (૧)

હે ભગવંત ! હું સામાયિક કરું છું. તેમાં પાપ વ્યાપારનું (સાવદ્ય યોગનું) પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) કરું છું. જ્યાં સુધી નિયમમાં રહેલો છું, ત્યાં સુધી બે રીતે, ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી, કાયાથી (પાપવ્યાપારને) સાવદ્ય યોગને હું કરીશ નહિ અને કરાવીશ નહિ. હે ભગવંત ! ભૂતકાળમાં કરેલા તે પાપોથી હું પાછો ફરું છું. તેની આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુભગવંતની સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. એ પાપરૂપ આત્માનો હું ત્યાગ કરું છું. (૧)

(ચરવળો હોય તો ઉભા થઈને, અડધું અંગ નમાવી હાથ જોડીને બોલે,
નહીં તો બેસીને બોલે)

અતિચાર નિમિત્તે કાઉસ્સગ્ગ

ઈચ્છામિ પડિક્કમિઉં.
જો મે સંવચ્છરીઓ અઈયારો કઓ,
કાઈઓ, વાઈઓ, માણસિઓ,
ઉસ્સુત્તો, ઉમ્મગ્ગો, અકપ્પો, અકરણિજ્જો, દુજ્ઝાઓ,
દુવ્વિચિંતિઓ, અણાયારો, અણિચ્છિઅવ્વો, અસાવગપાઉગ્ગો,
નાણે, દંસણે, ચરિત્તાચરિત્તે, સુએ, સામાઈએ, તિણ્હં ગુત્તીણં,
ચઉણ્હં કસાયાણં, પંચણ્હમણુવ્વયાણં, તિણ્હં ગુણવ્વયાણં,
ચઉણ્હં સિક્ખાવયાણં, બારસ વિહસ્સ સાવગ ધમ્મસ્સ,

જં ખંડિઅં, જં વિરાહિઅં,
તસ્સ મિચ્છા મિ દુક્કડં.

હું ઈચ્છું છું કે – હું કાઉસ્સગ્ગમાં સ્થિર થાઉં. કારણકે મેં સંવત્સરી દિવસ સંબંધી કાયિક, વાચિક, માનસિક ઉત્સૂત્રરૂપ અને ઉન્માર્ગરૂપ, અકલ્પ્ય અને ન કરવા યોગ્ય આચરણ, દુર્ધ્યાન અને દુષ્ટ ચિંતનરૂપ, અનાચારરૂપ, અનિચ્છિનીય આચરણરૂપ અને શ્રાવકને અણછાજતા આચરણરૂપ જે અતિચાર કર્યા હોય, તથા જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, શ્રુતજ્ઞાનની આરાધનામાં અને સામાયિક ધર્મની આરાધનામાં, તથા ત્રણ ગુપ્તિનું પાલન કરવામાં અને ચાર કશાયોના ત્યાગ સંબંધી, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ બાર પ્રકારના શ્રાવક ધર્મ સંબંધી જે ખંડિત કર્યું હોય, જે વિરાધ્યું હોય, તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

હે ભગવંત ! આપ (મને) ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો કે (હું) સંવત્સરી (દિવસ) સંબધી પાપોની આલોચના કરું ? (ત્યારે ગુરૂભગવંત કહે. આલોવેહ – આલોચના ભલે કરો) ત્યારે (શિષ્ય કહે) મને આપની આજ્ઞા પ્રમાણ છે. જે (કંઈ) સંવત્સરી દિવસ સંબંધી વ્રતોમાં અતિચાર રૂપ પાપ લાગ્યા હોય તેની હું આલોચના કરું છું.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સંવચ્છરી સુત્તં કઢું ?'ઈચ્છં'

હે ભગવંત, સંવત્સરી સૂત્ર બોલવાની આજ્ઞા આપો. આજ્ઞા પ્રમાણ છે.

(પછી ત્રણ વાર નવકાર ગણવા, સાધુ હોય તો તે 'સંવચ્છરી સૂત્ર' કહે અને ન હોય તો શ્રાવક 'વંદિતુ સૂત્ર' કહે)

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં,
નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

આચાર તથા વ્રતોમાં લાગેલ અતિચારની નિંદા - ગર્હા તથા આત્માને પવિત્ર કરે તેવી ભાવનાઓ છે.

વંદિત્તુ સવ્વસિદ્ધે,
ધમ્માયરિએ અ સવ્વસાહૂ અ,
ઈચ્છામિ પડિક્કમિઉં, સાવગ ધમ્માઈ આરસ્સ. (૧)

સર્વજ્ઞ એવા શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિદ્ધભગવંત, શ્રી ધર્માચાર્ય, શ્રી ઉપાધ્યાય ભગવંત અને સર્વસાધુ-ભગવંતને વંદન કરીને (હું) શ્રાવકધર્મમાં લાગેલા અતિચારો (રૂપ પાપ) થી પાછો હટવા (ફરવા) ઈચ્છું છું. (૧)

(સામાન્યથી સર્વ વ્રતના અતિચાર)

જો મે વયાઈઆરો, નાણે તહ દંસણે ચરિત્તે અ,
સુહુમો અ બાયરો વા, તં નિંદે તં ચ ગરિહામિ. (૨)

વ્રતોમાં, જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચરિત્રાચાર સંબંધી આચારમાં (તપાચાર, વીર્યાચાર અને સંલેખનામાં) જાણવામાં ન આવે તેવા સૂક્ષ્મ પ્રકારના અને જાણી શકાય તેવા બાદર પ્રકારના અતિચાર જે (કંઈ) મને લાગ્યો હોય, તેની હું આત્મ સાક્ષીએ નિંદા કરું છું અને ગુરુની સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. (૨)

(પરિગ્રહના અતિચાર)

દુવિહે પરિગ્ગહંમિ, સાવજ્જે બહુવિહે અ આરંભે,
કારાવણે અ કરણે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૩)

બે પ્રકારના પરિગ્રહને વિષે ૧) સાવદ્ય એટલે પાપવાળો પરિગ્રહ અને ૨)અનેક પ્રકારના આરંભ સ્વરૂપ પરિગ્રહ, આ બન્નેને પોતે જાતે કરવાથી અને બીજા પાસે કરાવવાથી અને બીજા કરનારાઓને અનુમોદવાથી હું તે સંવત્સરી સંબંધી સર્વ અતિચારોથી પાછો ફરું છું. (૩)

(જ્ઞાનના અતિચાર)

જં બદ્ધ મિંદિ એ હિં, ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં,
રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ. (૪)

અપ્રશસ્ત (અશુભ) ભાવથી પ્રવર્ત્તેલ પાંચ ઈન્દ્રિયો, ચાર કષાયો (ક્રોધ, માન, માયા અને લોભ) રાગ અથવા દ્વેષથી જે (કર્મ) બાંધ્યું હોય, તેની હું નિંદા કરું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું. (૪)

(સમ્યગ્ દર્શનના અતિચાર)

આગમણે નિગ્ગમણે, ઠાણે ચંકમણે અણાભોગે,
અભિઓગે અ નિઓગે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૫)

શૂન્ય ચિત્તથી, રાજાદિકના આગ્રહથી અને નોકરી વગેરેની પરાધીનતાથી મિથ્યાદષ્ટિઓના સ્થાન આદિમાં આવવામાં, નીકળવામાં, ઉભા રહેવામાં, તેમજ ફરવામાં સંવત્સરી સંબંધી લાગેલા સર્વ અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. (૫)

(સમ્યક્ત્વ ના અતિચાર)

સંકા કંખ વિગિચ્છા, પસંસ તહ સંથવો કુલિંગીસુ,
સમ્મત્તસ્સ ઈઆરે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૬)
છક્કાય સમારંભે, પયણે અ પયાવણે અ જે દોસા,
અત્તટ્ઠા ય પરટ્ઠા, ઉભયટ્ઠા ચેવ તં નિંદે. (૭)

૧- શ્રી વિતરાગના વચનમાં ખોટી શંકા કરવી. ૨- અન્યમતની ઈચ્છા કરવી, ૩- સાધુ-સાધ્વીજી ભગવંતના મલ-મલીન શરીર-વસ્ત્ર દેખી દુર્ગંછા કરવી અથવા ધર્મના ફળમાં સંદેહ કરવો, ૪- મિથ્યાત્વીની પ્રશંસા (વખાણ) કરવી તથા ૫- જુદા-જુદા વેષ ધારણ કરી ધર્મના બહાને ઠગનાર પાખંડીઓનો પરિચય કરવો, આ પાંચ પ્રકારના સમ્યક્ત્વવ્રતના અતિચાર છે, હું સંવત્સરી સંબંધી તે સર્વ અતિચારથી પાછો ફરું છું. (૬)
પોતાને માટે, બીજાને માટે (અને) (તે) બંનેને માટે (જાતે) રાંધતાં, (બીજા પાસે) રંધાવતાં (અને રાંધનારની અનુમોદના કરતા) છ જીવ નિકાય (= પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય સ્વરૂપ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિંદ્રિય અને પંચેન્દ્રિય સ્વરૂપ ત્રસકાયના જીવો = ૬ જીવ નિકાય) ના સમારંભ (= પ્રાણીના વધનો સંકલ્પ- તે સંરભ, તેને પરિતાપ ઉપજાવો- તે સમારંભ અને પ્રાણીનો વધ કરવો- તે આરંભ કહેવાય છે) માં મારાથી જે કાંઈ દોષ લાગ્યો હોય, તેની હું નિંદા કરું છું. (૭)

(સામાન્યથી બાર વ્રતના અતિચાર)

પંચણ્હ મણુવ્વયાણં, ગુણ વ્વયાણં ચ તિણ્હ મઈયારે,
સિક્ખાણં ચ ચઉણ્હં, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૮)
પઢમે અણુવ્વયમ્મિ, થૂલગ પાણાઈ વાય વિરઈઓ,
આયરિય મપ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૯)

(પ્રાણાતિપાત વ્રતના અતિચાર)

વહ બંધ છવિચ્છેએ, અઈભારે ભત્ત પાણ વુચ્છેએ,
પઢમ વયસ્સઈઆરે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૧૦)

પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો (અને) ચાર શિક્ષાવ્રતો સંબંધી અતિચારોથી સંવત્સરી સંબંધી લાગેલા સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૮)
પહેલા અણુવ્રતમાં પ્રાણોના વિનાશથી સ્થૂલ વિરતિને આશ્રયીને આચરણ થાય છે, તેમાં પ્રમાદના પ્રસંગથી અપ્રશસ્ત ભાવથી ૧- (જીવનો) વધ, ૨- બંધન, ૩- અવયવ છેદન, ૪- અતિભાર (આરોપણ) અને ૫- અન્ન-જળ અટકાવવારૂપ પહેલા (અણુ) વ્રતના અતિચારો છે, (તેમાં) સંવત્સરી સંબંધી (લાગેલા) સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૯,૧૦)

(મૃષાવાદના અતિચાર)

બીએ અણુવ્વયમ્મિ, પરિથૂલગ અલિઅ વયણ વિરઈઓ,
આયરિય મપ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૧)
સહસા રહસ્સ દારે, મોસુવએસે અ કૂડલેહે અ
બીય વયસ્સઈઆરે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં (૧૨)

બીજા અણુવ્રતમાં સ્થૂલ (અતિશય મોટા) રીતે અસત્ય વચનથી વિરતિને આશ્રયીને આચરણ (થાય છે.) એમાં પ્રમાદના પ્રસંગથી, અપ્રશસ્ત ભાવથી ૧- વગર વિચાર્યે કોઈના ઉપર ખોટી (જુટ્ઠું) આળ મૂકવી, ૨- ખાનગી વાત બહાર પાડવી, ૩- પોતાની સ્ત્રી સંબંધી ગુપ્ત વાત બીજાને કહી દેવી, ૪- ખોટો (જુટ્ઠો) ઉપદેશ આપવો અને ૫) જુટ્ઠા લેખ અથવા દસ્તાવેજ લખવા રૂપ બીજા વ્રતના અતિચારો છે. (તેમાં) સંવત્સરી સંબંધી સર્વ (અતિચારો)નું હું પ્રતિક્રમણ કરું છું. (૧૧,૧૨)

(અદત્તાદાનના અતિચાર)

તઈએ અણુવ્વયમ્મિ, થૂલગ પર દવ્વ હરણ વિરઈઓ,
આયરિયમ પ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૩)
તેના હડપ્પઓગે, તપ્પડિરૂવે વિરુદ્ધગમણે અ,
કૂડતુલ કૂડમાણે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૧૪)

ત્રીજા અણુવ્રતના સ્થૂળ રીતે બીજાના દ્રવ્યના હરણથી વિરતિને આશ્રયીને આચરણ થયું હોય, તેમાં પ્રમાદના વશથી અપ્રશસ્ત ભાવથી ૧- ચોરે

ચોરેલી વસ્તુ લીધી હોય, ૨- ચોરને ચોરી કરવા પ્રેરણા કરી હોય, ૩- મૂળ વસ્તુના બદલે ભળતી વસ્તુ આપી હોય, ૪- દાણચોરી વગેરે રાજવિરૂદ્ધ આચરણ કર્યું હોય અને ૫- ખોટા તોલ અને ખોટા માપથી વ્યાપાર કર્યો હોય, તે પાંચ પ્રકારના ત્રીજા અણુવ્રતનાં અતિચારમાં સંવત્સરી સંબંધી સર્વેને હું પડિક્કમું છું. (૧૩,૧૪)

(મૈથુનના અતિચાર)

ચઉત્થે અણુવ્વયમ્મિ, નિચ્ચં પર દાર ગમણ વિરઈઓ,
આયરિયમ પ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૫)
અપરિગ્ગહિઆ ઈત્તર, અણંગ વિવાહ તિવ્વ અણુરાગે,
ચઉત્થ વયસ્સઈઆરે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૧૬)

ચોથા અણુવ્રતમાં સદા (હંમેશા) પારકી સ્ત્રી અથવા પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રી સાથે ગમન કરવાની વિરતિને આશ્રયીને આચરણ કર્યું હોય. આમાં પ્રમાદના પ્રસંગથી, અપ્રશસ્ત ભાવથી ૧-અપરિગૃહીતાગમન = કોઈએ પણ જે સ્ત્રીને ગ્રહણ નથી કરી એવી કુંવારી કન્યા અથવા વિધવા સ્ત્રી આદિ સાથે મૈથુન સેવન કરવું તે ૨- ઈત્વર- પરિગૃહિતાગમન=અમુક દિવસ સુધી બીજાએ રાખેલી વેશ્યા પ્રમુખ સાથે મૈથુન સેવન કરવું તે, (સ્વદારા સંતોષના નિયમવાળાને આ બંને અતિચારો અનાચાર તરીકે સમજવા) ૩- અનંગ ક્રીડા= પારકી સ્ત્રીઓના અંગોપાંગ વિકાર દ્દષ્ટિથી જોવા તથા સૃષ્ટિ વિરુદ્ધ કામચેષ્ટા કરવી તે ૪- પરવિવાહકરણ= પોતાના પુત્રાદિ સિવાય પારકા વિવાહ પ્રમુખ કરવા તે અને ૫) કામભોગ-તીવ્ર-અભિલાષા= કામ-ભોગની તીવ્ર અભિલાષા કરવી તે (રૂપ) ચોથા (અણુ) વ્રતના અતિચારો છે. (તેમાં) સંવત્સરી સંબંધી લાગેલા સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૧૫,૧૬)

(પરિગ્રહના અતિચાર)

ઈત્તો અણુવ્વએ પંચમમ્મિ, આયરિયમ પ્પસત્થમ્મિ,
પરિમાણ પરિચ્છેએ, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૭)

ધણ ધન્ન ખિત્ત વત્થુ, રૂપ્પ સુવન્ને અ કુવિઅ-પરિમાણે,
દુપએ ચઉપ્પયમ્મિ ય, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૧૮)

એ પછી પાંચમા અણુવ્રતમાં ધન-ધાન્યાદિના પરિગ્રહ પરિમાણ વિરતિ આશ્રયી આચરણ (થાય છે.) એમાં પ્રમાદના પ્રસંગથી, અપ્રશસ્ત ભાવથી (પરિગ્રહના) પ્રમાણનો ભંગ થવાથી ૧- ધન-ધાન્ય ૨- ખેતર-ઘર વગેરે ૩- રૂપુ-સોનું ૪- તાંબુ-કાંસું પ્રમુખ હલકી ધાતુઓના પ્રમાણ અને રાચરચીલું અને ૫- બે પગા (નોકર-ચાકર વગેરે) અને ચોપગા (ગાય-ભેંસ-ઘોડા વગેરે) ના પરિમાણમાં (જે અતિચાર) ચોથા (અણુ) વ્રત સંબંધી સંવત્સરી દરમ્યાન લાગ્યા હોય, તે સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૧૭,૧૮)

(જવા આવવાના નિયમોના અતિચાર)

ગમણસ્સ ઉ પરિમાણે, દિસાસુ ઉડ્ઢં અહે અ તિરિઅં ચ,
વુઢ્ઢિ સઈ અંતરદ્ધા, પઢમમ્મિ ગુણવ્વએ નિંદે. (૧૯)

૧- ઉપરની ૨- નીચેની અને ૩- તિર્છી દિશામાં (જવાના પરિમાણથી) અધિક જવાથી, (એક દિશામાંથી બીજી દિશામાં), ૪- વધારવાથી અને ૫-(વધારે જતાં) ભૂલી જવાથી પહેલા ગુણવ્રત (દિક્પરિમાણવ્રત)માં (લાગેલા અતિચારોની) હું નિંદા કરું છું. (૧૯)

(ભોગ ઉપભોગના અતિચાર)

મજ્જંમિ અ, મંસંમિ અ, પુપ્ફે અ ફલે અ ગંધ મલ્લે અ,
ઉવભોગ પરિભોગે , બીયમ્મિ ગુણવ્વએ નિંદે. (૨૦)
સચ્ચિત્તે પડિબદ્ધે, અપોલિ દુપ્પોલિઅં ચ આહારે,
તુચ્છો સહિ ભક્ખણયા, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૨૧)

મદિરા, માંસ (અને બીજા પણ અભક્ષ્ય પદાર્થો), પુષ્પ, ફળ, સુગંધી પદાર્થો અને ફૂલની માળાનો ઉપભોગ (=એકવાર ઉપયોગમાં આવે તે, જેમકે ખોરાક,

પાણી, ફૂલ, ફળ વગેરે) અને પરિભોગ (=વારંવાર ઉપયોગમાં આવે તે. જેમકે ઘર, પુસ્તક, વસ્ત્ર, ઝવેરાત વગેરે)થી બીજા ભોગોપભોગ પરિમાણ રૂપ ગુણવ્રતમાં (લાગેલ અતિચારોની) હું નિંદા કરું છું. (૨૦)

૧- સચિત્ત-આહાર = સચિત્ત વસ્તુનો ત્યાગ હોવા છતાં વાપરવી અથવા નિયમ ઉપરાંત વાપરવી તે ૨- સચિત્ત સંબદ્ધ = સચિત્ત સાથે વળગેલી વસ્તુ વાપરવી જેમકે ગોટલી સહિત કેરી વગેરે ૩- અપક્વ-આહાર = તદ્દન અપક્વ = કાચી વસ્તુ વાપરવી, જેમકે તરતનો દળેલો તથા ચાળ્યા વગરનો લોટ વગેર ૪-દુષ્પક્વ-આહાર= અડધી કાચી-પાકી વસ્તુ વાપરવી, જેમકે, ઓળો, પુંખ, થોડો શેકેલો મકાઈનો ડોડો વગેરે ૫- તુચ્છૌષધિ ભક્ષણ = તુચ્છ પદાર્થો (જેમાં ખાવાનું ઓછું અને બહાર ફેકવાનું વધારે હોય તે) નું ભક્ષણ કરવું તે, જેમકે બોર, સીતાફળ વગેરે (આ પાંચ અતિચારમાંથી) સંવત્સરી સંબંધી (લાગેલા) સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૨૧)

ઈંગાલી વણ સાડી, ભાડી ફોડી સુવજ્જએ કમ્મં:,
વાણિજ્જં ચેવ દંત, લક્ખ રસ કેસ વિસ વિસયં. (૨૨)
એવં ખુ જંત પિલ્લણ, કમ્મં નિલ્લંછણં ચ દવ દાણં,
સર દહ તલાય સોસં, અસઈ પોસં ચ વજ્જિજ્જા (૨૩)

૧- કુંભાર, ભાડભુંજા-ચુનારા વગેરેનાં અગ્નિ સંબંધી કામ- તે અંગારકર્મ માળી ૨- ખેડૂત, કઠિયારા વગેરેનું વનસ્પતિને ઉગાડવાં તથા છેદાવવાં તથા વેચવાથી કે તેમાં સહયોગથી થતાં કામ- તે વનકર્મ ૩- સુથાર, લુહાર, ઓટો મોબાઈલ્સ, સ્પેર પાર્ટસ, વગેરેના વાહન બનાવવાં તથા વેચાણથી કે તેમાં સહયોગથી થતાં કામ- તે શકટકર્મ ૪- વણઝારા, રાવળ વગેરેનું ઘોડા, ઊંટ, બળદ વગેરેને ભાડે આપવાનું અથવા સાયકલ-સ્કુટર, બસ, ટ્રેન આદિ ભાડેથી આપવાનું કામ- તે ભાટકકર્મ ૫- ઓડ-કોન્ટ્રાક્ટર વગેરેનું કૂવા-વાવ, તળાવ, વગેરે ખોદવા-ખોદાવવાથી થતાં કામ - તે સ્ફોટકકર્મ એ પાંચેય કર્મ શ્રાવકે અત્યન્તપણે છોડી દેવાં જોઈએ. (વળી)

૧- દંતવાણિજ્ય= હાથીદાંત વગેરે દાંતનો વ્યાપાર ૨- લક્ખ-વાણિજ્ય=લાખ, કુસુંબો, હરતાળ વગેરેનો વ્યાપાર ૩- રસ-વાણિજ્ય= ઘી, તેલ વગેરેનો વ્યાપાર ૪- કેસ વાણિજ્ય = મોર, પોપટ, ગાય, ઘોડા, ઘેટા વગેરેના વાળનો વ્યાપાર અને ૫- વિસ વિસયં-વાણિજ્ય= 'વિસ'- અફીણ, સોમલ વગેરે ઝેરી પદાર્થો અને જંતુનાશક દવાઓ પ્રવાહી-પાવડર કે ગોળી આકારમાં વ્યાપાર અને 'વિસયં'- તલવાર, છરી, ધનુષ્ય, ગન, બંદુક, મશીનગન, ભાલા વગેરે શસ્ત્રોનો વ્યાપાર, (આ પ્રમાણે) પાંચેય પ્રકારના વ્યાપારને પણ શ્રાવકે અત્યન્ત વર્જવા જોઈએ. (૨૨)

એ જ પ્રમાણે ૧- યંત્ર પીલન કર્મ=ઘંટી, ચરખા, ઘાણી-મિલ વગેરે ચલાવવાથી લાગતું કર્મ ૨- નિર્લાંછનકર્મ= તે ઊંટ, બળદ વગેરેના નાક-કાન વીંધવાથી લાગતું કર્મ ૩- દવ-દાન-કર્મ = જંગલ, ઘર વગેરેમાં આગ લગાડવાથી લાગતું કર્મ ૪) શોષણ કર્મ = સરોવર-ઝરા તથા તળાવ વગેરેનું પાણી સુકાવી નાખવાથી લાગતું કર્મ અને ૫- અસતિ પોષણ કર્મ =કુતરા-બિલાડા વગેરે હિંસક પ્રાણીઓનું અને દુરાચારી માણસો (વ્યભિચારી સ્ત્રી આદિ)નું પોષણ કરવાથી લાગતું કર્મ, આ પાંચેય પ્રકારનું કર્મ શ્રાવકે વર્જવું જોઈએ. (૨૩)

(આ રીતે સાતમા વ્રત (બીજા ભોગોપભોગ પરિમાણ ગુણવ્રત) ના મૂળ સચિત્ત - આહાર આદિ ૫ અતિચાર અને ૧૫ કર્માદાનના મળીને ૨૦ અતિચાર થાય છે)

(અનર્થ વિરમણ વ્રતના અતિચાર)

સત્થગ્ગિ મુસલ જંતગ, તણ કટ્ઠે મંત મૂલ ભેસજ્જે,
દિન્ને દવાવિએ વા, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૨૪)
ન્હાણુ વ્વટ્ટણ વન્નગ, વિલેવણે સદ્દ રૂવ રસ ગંધે,
વત્થાસણ આભરણે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૨૫)
કંદપ્પે કુક્કુઈએ, મોહરિ અહિગરણ, ભોગ અઈરિત્તે,
દંડમ્મિ અણટ્ઠાએ, તઈઅમ્મિ ગુણવ્વએ નિંદે. (૨૬)

શસ્ત્ર, અગ્નિ, સાંબેલું અને યંત્ર વગેરે તેમજ ઘાસ, કાષ્ટ, મંત્ર, જડીબુટ્ટી અને ઔષધ (પ્રયોજન વિના બીજાને) આપતાં અથવા બીજા પાસે અપાવતાં (અને આપનારની અનુમોદના કરવાથી) આઠમા વ્રત (ત્રીજા અનર્થદંડ વિરમણ ગુણવ્રત)માં લાગેલા સંવત્સરી સંબંધી (સર્વ અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૨૪)

જયણા વિના (અળગણ પાણીથી) ૧- ન્હાવું ૨- પીઠી વગેરે ચોળી, મેલ ઉતારવો ૩- અબીલ, ગુલાલ વગેરેથી રંગ કરવો ૪- કેશર-ચંદનથી વિલેપન કરવું ૫- વાજીંત્રના શબ્દો સાંભળવાં ૬- રૂપ નિરખવાં ૭- અનેક રસનો સ્વાદ કરવો ૮- અનેક જાતના સુગંધી પદાર્થો સુંઘવા ૯- વસ્ત્ર, આસન અને ઘરેણામાં આસક્તિ કરવાથી તથા આરંભ કરવાથી સંવત્સરી સંબંધી લાગેલા સર્વ (અતિચારો)નું પડિક્કમું છું. (૨૫)

૧-કંદર્પ= વિકાર વધે તેવી વાતો કરવી ૨- કૌકુચ્ય = કામ ઉત્પન્ન કરનારી કુચેષ્ટા કરવી ૩-મૌખર્ય = મુખથી હાસ્યાદિક દ્વારા જેમ તેમ બોલવું ૪- સંયુક્તાધિકરણ = પોતાના ખપ (જરૂર) કરતાં વધારે શસ્ત્રો મેળવવાં ૫- ઉપભોગ-પરિભોગાતિરિક્તતા = ઉપભોગ તથા પરિભોગમાં વપરાતી ચીજો ખપ (જરૂર) કરતાં વધારે રાખવી, આ પાંચ પ્રકારના ત્રીજા અનર્થદંડ વિરમણવ્રત ને વિષે જણાવ્યાં છે. તેમાં મને જે દોષ લાગ્યો હોય, તેને હું નિંદુ છું. (૨૬)

(સામાયિક વ્રત વિષેના અતિચાર)

તિવિહે દુપ્પણિહાણે, અણવટ્ઠાણે તહા સઈ વિહૂણે,
સામાઈઅ વિતહ કએ, પઢમે સિક્ખાવએ નિંદે. (૨૭)

૧-મનનું દુષ્ટ પ્રણિધાન ૨- વચનનું દુષ્ટ પ્રણિધાન ૩- કાયાનું દુષ્ટ પ્રણિધાન (વ્યાપાર) ૪- અવિનય પણે (બે ઘડી કરતાં વહેલું) સામાયિક કરવું ૫) યાદ ન રહેવાથી સામાયિક વ્રતને ભૂલી જવું સ્વરૂપ સ્મૃતિભ્રંશ, આ રીતે સામાયિક ખોટી રીતે કર્યું હોય તો તે પહેલાં સામાયિક શિક્ષાવ્રતને વિષે લાગેલા પાંચ અતિચારોમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય તેની હું આત્મસાક્ષીએ નિંદા કરું છું. (૨૭)

(દેશાવગાસિક વ્રતના અતિચાર)

આણવણે પેસવણે, સદ્દે રૂવે અ પુગ્ગલક્ખેવે,
દેસાવગાસિઅમ્મિ, બીએ સિક્ખાવએ નિંદે. (૨૮)

૧- આનયન પ્રયોગ = નિયમ બહારની ભૂમિમાંથી વસ્તુ મંગાવવી ૨- પ્રેષ્ય-પ્રયોગ = હદ બહાર વસ્તુ મોકલવી ૩- શબ્દાનુપાત = ખોંખારો આદિ પ્રમુખ કરી બોલાવવાથી ૪- રૂપાનુપાત = રૂપ દેખાડવાથી અને ૫- પુદ્ગલ પ્રક્ષેપ = કાંકરો આદિ નાંખી પોતાપણું જણાવવાથી. આ પ્રમાણે બીજા દેશાવગાસિક ગુણવ્રતના પાંચ અતિચારોમાંથી મને કોઈ દોષ લાગ્યો હોય, તેની હું નિંદા કરું છું. (૨૮)

(પૌષધોપવાસ વ્રત વિશેના અતિચાર)

સંથારુચ્ચાર વિહિ, પમાય તહ ચેવ ભોયણા ભોએ,
પોસહ વિહિ વિવરીએ, તઈએ સિક્ખાવએ નિંદે. (૨૯)

સંથારા સંબંધી વિધિમાં ૧- પડિલેહણ-પ્રમાર્જન ન કરવારૂપ ૨- પડિલેહણ-પ્રમાર્જન જેમ-તેમ કરવારૂપ પ્રમાદ કરવાથી તેમજ લઘુનીતિ (પેશાબ) અને વડીનીતિ (ઝાડો) સંબંધી વિધિમાં (પરઠવવાની ભૂમિને) ૩- પડિલેહણ-પ્રમાર્જન ન કરવારૂપ તેમજ ૪- પડિલેહણ-પ્રમાર્જન જેમ-તેમ કરવારૂપ પ્રમાદ કરવાથી અને ૫- ભોજનની ચિંતા કરવાથી, આ રીતે પૌષધ વિધિ વિપરીત કરવાથી ત્રીજા (પૌષધોપવાસ) શિક્ષાવ્રતમાં લાગેલા અતિચારોની હું નિંદા કરું છું. (૨૯)

(અતિથિ સંવિભાગના અતિચાર)

સચ્ચિત્તે નિક્ખિવણે, પિહિણે વવએસ મચ્છરે ચેવ,
કાલાઈક્કમ દાણે, ચઉત્થે સિક્ખાવએ નિંદે. (૩૦)
સુહિએસુ અ દુહિએસુ અ, જા મે અસ્સંજએસુ અણુકંપા,
રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ. (૩૧)
સાહૂસુ સંવિભાગો, ન કઓ તવ ચરણ કરણ જુત્તેસુ,
સંતેફાસુઅ દાણે, તં નિંદે તં ચ ગરિહામિ. (૩૨)

૧-સાધુને દેવા યોગ્ય ભોજન ઉપર સચિત્ત વસ્તુ મૂકવાથી ૨- દેવા યોગ્ય વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ ઢાંકવાથી ૩- ફેરફાર બોલવાથી (=દેવાની બુદ્ધિએ પારકી વસ્તુ પોતાની કહેવાથી અને નહિ દેવાની બુદ્ધિએ પોતાની વસ્તુ પારકી કહેવાથી) ૪- ક્રોધ, ઈર્ષ્યા અને ગર્વ કરીને નિશ્ચે દાન આપવાથી અને ૫- મુનિને ગોચરીનો વખત વીતી ગયે તેડવા જવાથી. ચોથા 'અતિથિ-સંવિભાગ' નામના શિક્ષાવ્રતમાં લાગેલા અતિચારોને હું નિંદુ છું. (૩૦)

જ્ઞાનાદિમાં હિત છે જેનું, એવા સુવિહિતોને વિષે, વ્યાધિથી પીડાયેલા, તપ વડે દુર્બળ અને તુચ્છ ઉપાધિવાળા દુઃખીને વિષે, તેમજ ગુરુ નિશ્રાએ વિચરનારા સુસાધુને વિષે અથવા વસ્ત્રાદિકથી સુખી, રોગાદિકથી દુઃખી, એવા અસંયતી-પાસત્થા (=છ જીવ નિકાયનો વધ કરનાર) જીવો ઉપર રાગથી અથવા દ્વેષથી જે (અન્ન આદિ આપવા રૂપ) અનુકંપા (દયા) થઈ હોય, તેને હું નિંદું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. (૩૧)

નિર્દોષ આહાર વગેરે હોવા છતાં તપ, ચરણ સિત્તરી અને કરણ સિત્તરીથી યુક્ત એવા સાધુઓ વિષે દાન કર્યું ન હોય, તેની હું નિંદા કરું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું. (૩૨)

(સંલેષણાના અતિચાર)

ઈહલોએ, પરલોએ, જીવિઅ મરણે અ આસંસ પઓગે,
પંચવિહો અઈયારો, મા મજ્ઝ હુજ્જ મરણંતે. (૩૩)

૧- આલોક (ધર્મના પ્રભાવથી આલોકમાં સુખી થવાની ઈચ્છા કરવી) સંબંધી ૨- પર-લોક (ધર્મના પ્રભાવથી પરલોકમાં દેવ-દેવેન્દ્ર વગેરે સુખ મળે એવી ઈચ્છા કરવા) સંબંધી ૩- જીવિત (અનશન આદિ તપને લીધે સન્માન દેખી જીવવાની ઈચ્છા કરવા) સંબંધી ૪- મરણ (અનશન વ્રતના દુઃખથી ગભરાઈ મરણની ઈચ્છા કરવા) સંબંધી અને ૫- કામભોગની વાંચ્છા (આશંસા) કરવી, એ સંલેષણાના પાંચ પ્રકારના અતિચાર (માંથી એક પણ) મને મરણાંત સુધી ન હોજો. (૩૩)

(ત્રણ યોગ વડે સર્વ વ્રતના અતિચાર)

કાએણ કાઈઅસ્સ, પડિક્કમે વાઈઅસ્સ વાયાએ,
મણસા માણસિઅસ્સ, સવ્વસ્સ વયાઈ આરસ્સ. (૩૪)

૧- અશુભ કાયાથી લાગેલા અતિચારને શુભ કાયયોગથી ૨- અશુભવચનથી લાગેલા અતિચારને શુભ-વચનયોગથી અને ૩- અશુભમનથી લાગેલા અતિચાર ને શુભ-મનયોગથી, એમ સર્વવ્રતનાં અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. (૩૪)

વંદણ વય સિક્ખા, ગારવેસુ સન્ના કસાય દંડેસુ,
ગુત્તીસુ અ સમિઈસુ અ , જો અઈઆરો અ તં નિંદે. (૩૫)

૧- વંદન (બે પ્રકારનાં દેવવંદન, ગુરુવંદન) ૨- વ્રત (બાર પ્રકારનાં, ૫- અણુવ્રત, ૩- ગુણવ્રત અને ૪ - શિક્ષાવ્રત) ૩- શિક્ષા (બે પ્રકારની ગ્રહણ શિક્ષા= સૂત્ર અને અર્થનો અભ્યાસ કરવો તે અને આસેવન શિક્ષા = કર્તવ્યોનું પાલન કરવું તે) ૪-ગારવ (ત્રણ પ્રકારના ૧-રસગારવ = ઘી, દુધ, દહીં આદિ રસવાળા પદાર્થો મળતાં અભિમાન કરવું અને ન મળે તો તેની (લાલસા) ઈચ્છા કરવી તે, ૨ -ઋદ્ધિગારવ = ધન વગેરે મળતાં અભિમાન અને ન મળે તો તેની ઈચ્છા કરવી તે અને ૩- શાતાગારવ = સુખ, આરોગ્ય વગેરે મળતાં અભિમાન અને ન મળે તો તેની ઈચ્છા કરવી તે) ૫- સંજ્ઞા (સંક્ષેપથી ચાર પ્રકારે છે. ૧- આહાર સંજ્ઞા ૨- ભય સંજ્ઞા ૩- મૈથુન સંજ્ઞા અને ૪- પરિગ્રહ સંજ્ઞા, વળી દશ, પંદર અને સોળ પ્રકારો પણ કહેલાં છે.) ૬- કષાય (=જેનાથી સંસાર વધે તે કષાય ચાર પ્રકારે છે. ૧-ક્રોધ ૨- માન ૩- માયા અને ૪-લોભ) ૭- દંડ (જે અશુભયોગથી આત્મા ધર્મભ્રષ્ટ થાય તે દંડ પણ ત્રણ પ્રકારે છે. ૧- મનદંડ, ૨- વચનદંડ અને ૩- કાયદંડ) ૮- ગુપ્તિ (જે શુભ યોગથી આત્મા ધર્મોત્થાન પામે, તે ગુપ્તિ ત્રણ પ્રકારે છે. ૧- મનગુપ્તિ ૨- વચનગુપ્તિ અને ૩- કાયગુપ્તિ) અને ૯- સમિતિ (જેના પાલનથી સારી ગતિ નિશ્ચિત થાય છે, તે સમિતિ પાંચ પ્રકારે છે. ૧- ઈર્યાસમિતિ, ૨- ભાષાસમિતિ,

૩- એષણા સમિતિ, ૪- આદાન-ભંડમત્ત-નિક્ષેપણા સમિતિ અને ૫-પારિષ્ઠાપનિકા સમિતિ) આ વિષે કરવા યોગ્ય ન કરવાથી અને ન કરવા યોગ્ય કરવાથી જે અતિચાર લાગ્યો હોય, તેની હું નિંદા કરું છું. (૩૫)

સમ્મદિટ્ઠી જીવો, જઇ વિ હુ પાવં સમાયરે કિંચિ,
અપ્પો સિ હોઇ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઇ. (૩૬)

સમ્યગદષ્ટિ (સમ્યક્ત્વી)જીવ જો કે કંઈ પાપ કરે, તો પણ તેને કર્મનો બંધ ઓછો (અલ્પ) થાય છે, કારણકે (તે) નિર્દય પણે (ક્યારેય) પાપ કરતો નથી. (૩૬)

તં પિ હુ સપડિક્કમણં, સપરિઆવં સ ઉત્તરગુણં ચ,
ખિપ્પં ઉવસામેઇ, વાહિ વ્વ સુ સિક્ખિઓ વિજ્જો. (૩૭)

પાછા ફરવાથી યુક્ત, પશ્ચાતાપ કરવાથી યુક્ત, ગુરૂએ આપેલા પ્રાયશ્ચિત કરવાથી યુક્ત એવો શ્રાવક, જેમ સારી શીકેલો વૈદ્ય વ્યાધિને ઉપશમાવે છે તેમ નિશ્ચયથી તે અલ્પ કર્મના બંધને પણ શીઘ્રપણે ઉપશમાવે છે. (૩૭)

જહા વિસં કુટ્ઠગયં, મંત મૂલ વિસારયા,
વિજ્જા હણંતિ મંતેહિં, તો તં હવઇ નિવ્વિસં. (૩૮)
એવં અટ્ઠવિહં કમ્મં, રાગ દોસ સમજ્જિઅં,
આલોઅંતો અ નિંદંતો, ખિપ્પં હણઇ સુસાવઓ. (૩૯)

મંત્ર અને જડીબુટ્ટીના જાણકાર વૈદ્યો જેમ શરીરમાં વ્યાપેલા ઝેરનો મંત્રો (અને જડીબુટ્ટીઓ)થી નાશ કરે છે, તેથી તે ઝેર વગરનું થાય છે, તેમ ગુરૂની પાસે આલોચના કરતો અને આત્મસાક્ષીએ નિંદા કરતો સુશ્રાવક રાગ-દ્વેષથી બાંધેલ આઠ પ્રકારના કર્મનો જલ્દી નાશ કરે છે. (૩૮,૩૯)

કયપાવો વિ મણુસ્સો, આલોઇઅ નિંદિઅ ગુરુસગાસે,
હોઇ અઇરેગ લહુઓ, ઓહરિઅ ભરુવ્વ ભારવહો. (૪૦)

જેમ ભાર ઉપાડનાર (મજુર આદિ) ભાર ઉતારીને હળવો થાય છે, તેમ પાપ કરનારો મનુષ્ય પણ ગુરૂભગવંતની પાસે પાપ આલોચીને અને આત્મસાક્ષીએ નિંદા કરીને અત્યંત હલકો (હળવો) થાય છે. (૪૦)

આવસ્સ એણ એએણ, સાવઓ જઈ વિ બહુરઓ હોઈ,
દુક્ખાણ મંત કિરિઅં, કાહી અચિરેણ કાલેણ. (૪૧)

શ્રાવક કદાચ ઘણા પાપ વાળો હોય (તો પણ) આ (પ્રતિક્રમણ) આવશ્યકથી થોડા જ સમયમાં દુઃખો નાશ કરશે. (૪૧)

(વિસ્મૃત થયેલા અતિચાર)

આલોયણા બહુવિહા, ન ય સંભરિઆ પડિક્કમણ કાલે,
મૂલગુણ ઉત્તરગુણે, તં નિંદે તં ચ ગરિહામિ. (૪૨)

(પ્રતિક્રમણ) આવશ્યક સમયે મૂળ ગુણ અને ઉત્તર ગુણને વિષે (જે) અનેક પ્રકારની આલોચના યાદ ન આવી હોય, તેની હું આત્મ સાક્ષીએ નિંદા કરું છું ને ગુરૂસાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. (૪૨)

તસ્સ ધમ્મસ્સ કેવલિ પન્નત્તસ્સ
અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ,
વિરઓમિ વિરાહણાએ,
તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં. (૪૩)

તે કેવળી ભગવંતે ઉપદેશેલ ધર્મની આરાધના માટે હું ઉભો (તત્પર) થાઉં છું, (તેની) વિરાધનાથી અટક્યો છું અને ચોવીશ જિનેશ્વરોને વંદન કરું છું. (૪૩)

('અબ્ભુટ્ઠિઓમિ' બોલતાં ઊભા થઈને યોગ મુદ્રાએ શેષ સૂત્ર બોલવું.)

(સર્વ ચૈત્ય વંદન)

જાવંતિ ચેઈઆઈં, ઉઢ્ઢે અ અહે અ તિરિઅલોએ અ,
સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં. (૪૪)

જાવંત કે વિ સાહૂ, ભર હેર વય મહાવિદેહે અ,
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં. (૪૫)

ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકને વિષે જેટલી જિન પ્રતિમાઓ છે, તેને અહીં રહેલો એવો હું ત્યાં રહેલી સર્વેને ભાવપૂર્વક વંદન કરું છું. (૪૪)
(પાંચ) ભરત ક્ષેત્ર, (પાંચ) ઐરાવત ક્ષેત્ર અને (પાંચ) મહાવિદેહ ક્ષેત્રને વિષે જે કોઈ સાધુભગવંતો મન, વચન, કાયાથી, મનદંડ, વચનદંડ કાયદંડથી વિરામ પામેલા છે, તેઓ સર્વને હું નમ્યો છું. (૪૫)

(શુભ ભાવની પ્રાર્થના)

ચિર સંચિય પાવ પણાસણીઈ, ભવ સય સહસ્સ મહણીએ,
ચઉવીસ જિણ વિણિગ્ગય કહાઈ, વોલંતુ મે દિઅહા. (૪૬)
મમ મંગલમરિહંતા, સિદ્ધા સાહૂ સુઅં ચ ધમ્મો અ,
સમ્મદિટ્ઠી દેવા, દિંતુ સમાહિં ચ બોહિં ચ. (૪૭)

લાંબા કાળથી એકઠાં કરાયેલ પાપોનો નાશ કરનારી, લાખો (અનંતા) ભવોનો નાશ કરનારી એવી ચોવીશે તીર્થંકરભગવંતોના શ્રીમુખેથી નિકળેલી એવી ધર્મકથામાં મારા દિવસો પસાર થાઓ. (૪૬)
૧- અરિહંત ભગવંત ૨- સિદ્ધ ભગવંત ૩- સાધુ ભગવંત ૪- શ્રુત (જ્ઞાન) ધર્મ અને ૫- ચારિત્રધર્મ : આ પાંચેય મને મંગલ ભૂત હો. (વળી) સમ્યગ્દષ્ટિ દેવતાઓ (મને) સમાધિ અને સમક્તિ આપો. (૪૭)

(કયા કારણે પ્રતિક્રમણ કરવું)

પડિસિદ્ધાણં કરણે, કિચ્ચાણમકરણે પડિક્કમણં,
અસદ્દહણે અ તહા, વિવરીઅ પરૂવણાએ અ. (૪૮)

૧- શાસ્ત્રમાં ના પાડેલ કામ કર્યું હોય ૨- શાસ્ત્રમાં કહેલ કરવા યોગ્ય શુભ કામ ન કર્યું હોય ૩- જિનેશ્વર પરમાત્માના વચનમાં વિશ્વાસ ન કર્યો હોય

અને ૪- શાસ્ત્રથી વિરૂદ્ધ પ્રરૂપણા કરી હોય, આ ચાર કારણોથી ઉપજેલા પાપથી ફરવા પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈએ. (૪૮)

(સર્વ જીવ પ્રત્યે ક્ષમાપના)

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે,
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ. (૪૯)
એવમહં આલોઈઅ, નિંદિઅ ગરહિઅ દુગંછિઅં સમ્મં,
તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં. (૫૦)

હું બધા જીવોને ખમાવું છું, બધા જીવો મને ક્ષમા આપો, મારે બધા જીવો ઉપર મૈત્રી ભાવ છે, કોઈ જીવ સાથે મારે વૈર નથી. (૪૯)
આ પ્રમાણે (પાપોની) આલોચના કરી, નિંદા કરી, ગર્હા કરી (અને) સારી રીતે દુર્ગંછા કરીને મન-વચન-કાયારૂપ ત્રિવિધે પાછો ફરતો (પ્રતિક્રમણ કરતો) ચોવીશે જિનેશ્વરને હું વંદન કરું છું. (૫૦)

(પછી શ્રુતદેવતાની નીચે મુજબ સ્તુતિ કહેવી.
સમગ્ર સંઘ એકી સાથે વ્યવસ્થિત રીતે સ્તુતિ બોલે.)

શ્રુતદેવતાની સ્તુતિ

સુઅદેવયા ભગવઈ,
નાણાવરણીય કમ્મ સંઘાયં,
તેસિં ખવેઉ સયયં, જેસિં સુઅસાયરે ભત્તી. (૧)

જેઓની શ્રુતજ્ઞાન રૂપી સમુદ્ર પર ભક્તિ છે, તેઓના જ્ઞાનાવરણીય કર્મોના સમુહનો ભગવતી શ્રુતદેવતા નાશ કરો. (૧)

અહીં 'વંદણ વત્તિઆએ' ન કહેવાનું કારણ દેવતાઓ અવિરત હોવાથી તેમનું સ્મરણ, પ્રાર્થના થાય, તેમને વંદન-પૂજન ન થાય.)

(પછી નીચે બેસી જમણો ઢીંચણ ઉભો કરી નીચે મુજબ 'વંદિત્તુ કહેવું')

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

સામાયિક મહાસૂત્ર

કરેમિ ભંતે! સામાઈઅં,
સાવજ્જં જોગં પચ્ચક્ખામિ,
જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, મણેણં,
વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે !
પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ. (૧)

હે ભગવંત ! હું સામાયિક કરું છું. તેમાં પાપ વ્યાપારનું (સાવદ્ય યોગનું) પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) કરું છું. જ્યાં સુધી નિયમમાં રહેલો છું, ત્યાં સુધી બે રીતે, ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી, કાયાથી (પાપવ્યાપારને) સાવદ્ય યોગને હું કરીશ નહિ અને કરાવીશ નહિ. હે ભગવંત ! ભૂતકાળમાં કરેલા તે પાપોથી હું પાછો ફરું છું. તેની આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુભગવંતની સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. એ પાપરૂપ આત્માનો હું ત્યાગ કરું છું. (૧)

જીનશાસનના અર્થના અભિલાષી મનુષ્યોએ વિનયરૂપી મર્યાદાથી ગુરૂભગવંતોની સેવા કરવી જોઈએ.

ઈચ્છામિ પડિક્કમિઉં.
જો મે સંવચ્છરીઓ અઈયારો કઓ,
કાઈઓ, વાઈઓ, માણસિઓ, ઉસ્સુત્તો , ઉમ્મગ્ગો,
અકપ્પો, અકરણિજ્જો દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ,
આણાયારો, અણિચ્છિઅવ્વો, અસાવગપાઉગ્ગો, નાણે,
દંસણે, ચરિત્તાચરિત્તે, સુએ, સામાઈએ,
તિણ્હં ગુત્તીણં,
ચઉણ્હં કસાયાણં, પંચણ્હમણુવ્વયાણં,
તિણ્હં ગુણવ્વયાણં, ચઉણ્હં સિક્ખાવયાણં, બારસવિહસ્સ
સાવગ ધમ્મસ્સ, જં ખંડિઅં, જં વિરાહિઅં,
તસ્સ મિચ્છા મિ દુક્કડં.

હું ઈચ્છું છું કે – હું કાઉસ્સગ્ગમાં સ્થિર થાઉં. કારણકે મેં સંવત્સરી દિવસ સંબંધી કાયિક, વાચિક, માનસિક ઉત્સૂત્રરૂપ અને ઉન્માર્ગરૂપ, અકલ્પ્ય અને ન કરવા યોગ્ય આચરણ, દુર્ધ્યાન અને દુષ્ટ ચિંતનરૂપ, અનાચારરૂપ, અનિચ્છિનીય આચરણરૂપ અને શ્રાવકને અણછાજતા આચરણરૂપ જે અતિચાર કર્યા હોય, તથા જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, શ્રુતજ્ઞાનની આરાધનામાં અને સામાયિક ધર્મની આરાધનામાં, તથા ત્રણ ગુપ્તિનું પાલન કરવામાં અને ચાર કશાયોના ત્યાગ સંબંધી, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ બાર પ્રકારના શ્રાવક ધર્મ સંબંધી જે ખંડિત કર્યું હોય જે વિરાધ્યું હોય, તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

આ સુત્રનું બીજું નામ 'અતિચાર આલોચના સૂત્ર' પણ છે. તેથી જે કારણોથી કે કષાયોના ઉદયથી થયેલા સર્વ અતિચારો માટે સાધકે અત્યંત દિલગીર થવાનું છે અને ફરી તેવું ન કરવાના ભાવ સાથે 'તસ્સ મિચ્છા મિ દુક્કડં' શબ્દો બોલવાના છે.
આ સૂત્રમાં પાંચ આચારોના અતિચારોના આલોચન તથા પ્રતિક્રમણમાં 'મિચ્છા મિ દુક્કડં' દઈ વિશેષ શુદ્ધિરૂપ સામાયિક માટે કાયોત્સર્ગ કરવાનો છે.

આચાર તથા વ્રતોમાં લાગેલ અતિચારની નિંદા - ગર્હા તથા આત્માને પવિત્ર કરે તેવી ભાવનાઓ છે.

વંદિત્તુ સવ્વસિદ્ધે,
ધમ્માયરિએ અ સવ્વસાહૂ અ,
ઈચ્છામિ પડિક્કમિઉં, સાવગ ધમ્માઈ આરસ્સ. (૧)

સર્વજ્ઞ એવા શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિદ્ધભગવંત, શ્રી ધર્માચાર્ય, શ્રી ઉપાધ્યાય ભગવંત અને સર્વસાધુ-ભગવંતને વંદન કરીને (હું) શ્રાવકધર્મમાં લાગેલા અતિચારો (રૂપ પાપ) થી પાછો હટવા (ફરવા) ઈચ્છું છું . (૧)

(સામાન્યથી સર્વ વ્રતના અતિચાર)

જો મે વયાઈઆરો, નાણે તહ દંસણે ચરિત્તે અ,
સુહુમો અ બાયરો વા, તં નિંદે તં ચ ગરિહામિ. (૨)

વ્રતોમાં, જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચરિત્રાચાર સંબંધી આચારમાં (તપાચાર, વીર્યાચાર અને સંલેખનામાં) જાણવામાં ન આવે તેવા સૂક્ષ્મ પ્રકારના અને જાણી શકાય તેવા બાદર પ્રકારના અતિચાર જે (કંઈ) મને લાગ્યો હોય, તેની હું આત્મ સાક્ષીએ નિંદા કરું છું અને ગુરુની સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું. (૨)

(પરિગ્રહના અતિચાર)

દુવિહે પરિગ્ગહંમિ, સાવજ્જે બહુવિહે અ આરંભે,
કારાવણે અ કરણે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૩)

બે પ્રકારના પરિગ્રહને વિષે ૧- સાવદ્ય એટલે પાપવાળો પરિગ્રહ અને ૨-અનેક પ્રકારના આરંભ સ્વરૂપ પરિગ્રહ, આ બન્નેને પોતે જાતે કરવાથી અને બીજા પાસે કરાવવાથી અને બીજા કરનારાઓને અનુમોદવાથી હું તે સંવત્સરી સંબંધી સર્વ અતિચારોથી પાછો ફરું છું. (૩)

(જ્ઞાનના અતિચાર)

જં બદ્ધ મિંદિ એ હિં, ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં,
રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ. (૪)

અપ્રશસ્ત (અશુભ) ભાવથી પ્રવર્ત્તેલ પાંચ ઈન્દ્રિયો, ચાર કષાયો (ક્રોધ, માન, માયા અને લોભ) રાગ અથવા દ્વેષથી જે (કર્મ) બાંધ્યું હોય, તેની હું નિંદા કરું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું. (૪)

(સમ્યગ્ દર્શનના અતિચાર)

આગમણે નિગ્ગમણે, ઠાણે ચંકમણે અણાભોગે,
અભિઓગે અ નિઓગે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૫)

શૂન્ય ચિત્તથી, રાજાદિકના આગ્રહથી અને નોકરી વગેરેની પરાધીનતાથી મિથ્યાદષ્ટિઓના સ્થાન આદિમાં આવવામાં, નીકળવામાં, ઉભા રહેવામાં, તેમજ ફરવામાં સંવત્સરી સંબંધી લાગેલા સર્વ અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. (૫)

(સમ્યક્ત્વ ના અતિચાર)

સંકા કંખ વિગિચ્છા, પસંસ તહ સંથવો કુલિંગીસુ,
સમ્મત્તસ્સ ઈઆરે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૬)
છક્કાય સમારંભે, પયણે અ પયાવણે અ જે દોસા,
અત્તટ્ઠા ય પરટ્ઠા, ઉભયટ્ઠા ચેવ તં નિંદે. (૭)

૧- શ્રી વિતરાગના વચનમાં ખોટી શંકા કરવી. ૨- અન્યમતની ઈચ્છા કરવી, ૩- સાધુ-સાધ્વીજી ભગવંતના મલ-મલીન શરીર-વસ્ત્ર દેખી દુર્ગંછા કરવી અથવા ધર્મના ફળમાં સંદેહ કરવો, ૪- મિથ્યાત્વીની પ્રશંસા (વખાણ) કરવી તથા ૫- જુદા-જુદા વેષ ધારણ કરી ધર્મના બહાને ઠગનાર પાખંડીઓનો પરિચય કરવો, આ પાંચ પ્રકારના સમ્યક્ત્વવ્રતના અતિચાર છે, હું સંવત્સરી સંબંધી તે સર્વ અતિચારથી પાછો ફરું છું. (૬)
પોતાને માટે, બીજાને માટે (અને) (તે) બંનેને માટે (જાતે) રાંધતાં, (બીજા

પાસે) રંધાવતાં (અને રાંધનારની અનુમોદના કરતા) છ જીવ નિકાય (= પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય સ્વરૂપ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિંદ્રિય અને પંચેન્દ્રિય સ્વરૂપ ત્રસકાયના જીવો = ૬ જીવ નિકાય) ના સમારંભ (= પ્રાણીના વધનો સંકલ્પ- તે સંરભ, તેને પરિતાપ ઉપજાવો- તે સમારંભ અને પ્રાણીનો વધ કરવો- તે આરંભ કહેવાય છે) માં મારાથી જે કાંઈ દોષ લાગ્યો હોય, તેની હું નિંદા કરું છું. (૭)

(સામાન્યથી બાર વ્રતના અતિચાર)

પંચણ્હ મણુવ્વયાણં, ગુણ વ્વયાણં ચ તિણ્હ મઈયારે,
સિક્ખાણં ચ ચઉણ્હં, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૮)
પઢમે અણુવ્વયમ્મિ, થૂલગ પાણાઈ વાય વિરઈઓ,
આયરિય મપ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૯)

(પ્રાણાતિપાત વ્રતના અતિચાર)

વહ બંધ છવિચ્છેએ, અઈભારે ભત્ત પાણ વુચ્છેએ,
પઢમ વયસ્સઈઆરે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૧૦)

પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો (અને) ચાર શિક્ષાવ્રતો સંબંધી અતિચારોથી સંવત્સરી સંબંધી લાગેલા સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૮)
પહેલા અણુવ્રતમાં પ્રાણોના વિનાશથી સ્થૂલ વિરતિને આશ્રયીને આચરણ થાય છે, તેમાં પ્રમાદના પ્રસંગથી અપ્રશસ્ત ભાવથી ૧- (જીવનો) વધ, ૨-બંધન, ૩- અવયવ છેદન, ૪- અતિભાર (આરોપણ) અને ૫- અન્ન-જળ અટકાવવારૂપ પહેલા (અણુ) વ્રતના અતિચારો છે, (તેમાં) સંવત્સરી સંબંધી (લાગેલા) સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૯,૧૦)

(મૃષાવાદના અતિચાર)

બીએ અણુવ્વયમ્મિ, પરિથૂલગ અલિઅ વયણ વિરઈઓ,
આયરિય મપ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૧)

સહસા રહસ્સ દારે, મોસુવએસે અ કૂડલેહે અ
બીય વયસ્સઈઆરે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં (૧૨)

બીજા અણુવ્રતમાં સ્થૂલ (અતિશય મોટા) રીતે અસત્ય વચનથી વિરતિને આશ્રયીને આચરણ (થાય છે.) એમાં પ્રમાદના પ્રસંગથી, અપ્રશસ્ત ભાવથી ૧- વગર વિચાર્યે કોઈના ઉપર ખોટી (જુઠ્ઠું) આળ મૂકવી, ૨-ખાનગી વાત બહાર પાડવી, ૩-પોતાની સ્ત્રી સંબંધી ગુપ્ત વાત બીજાને કહી દેવી, ૪- ખોટો (જુટ્ઠો) ઉપદેશ આપવો અને ૫) જુટ્ઠા લેખ અથવા દસ્તાવેજ લખવા રૂપ બીજા વ્રતના અતિચારો છે. (તેમાં) સંવત્સરી સંબંધી સર્વ (અતિચારો)નું હું પ્રતિક્રમણ કરું છું. (૧૧,૧૨)

(અદત્તાદાનના અતિચાર)

તઈએ અણુવ્વયમ્મિ, થૂલગ પર દવ્વ હરણ વિરઈઓ,
આયરિયમ પ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૩)
તેના હડપ્પઓગે, તપ્પડિરૂવે વિરુદ્ધગમણે અ,
કૂડતુલ કૂડમાણે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૧૪)

ત્રીજા અણુવ્રતના સ્થૂળ રીતે બીજાના દ્રવ્યના હરણથી વિરતિને આશ્રયીને આચરણ થયું હોય, તેમાં પ્રમાદના વશથી અપ્રશસ્ત ભાવથી ૧- ચોરે ચોરેલી વસ્તુ લીધી હોય, ૨-ચોરને ચોરી કરવા પ્રેરણા કરી હોય, ૩- મૂળ વસ્તુના બદલે ભળતી વસ્તુ આપી હોય, ૪- દાણચોરી વગેરે રાજવિરૂદ્ધ આચરણ કર્યું હોય અને ૫- ખોટા તોલ અને ખોટા માપથી વ્યાપાર કર્યો હોય, તે પાંચ પ્રકારના ત્રીજા અણુવ્રતનાં અતિચારમાં સંવત્સરી સંબંધી સર્વેને હું પડિક્કમું છું. (૧૩,૧૪)

(મૈથુનના અતિચાર)

ચઉત્થે અણુવ્વયમ્મિ, નિચ્ચં પર દાર ગમણ વિરઈઓ,
આયરિયમ પ્પસત્થે, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૫)
અપરિગ્ગહિઆ ઈત્તર, અણંગ વિવાહ તિવ્વ અણુરાગે,
ચઉત્થ વયસ્સઈઆરે, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૧૬)

ચોથા અણુવ્રતમાં સદા (હંમેશા) પારકી સ્ત્રી અથવા પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રી સાથે ગમન કરવાની વિરતિને આશ્રયીને આચરણ કર્યું હોય. આમાં પ્રમાદના પ્રસંગથી, અપ્રશસ્ત ભાવથી ૧- અપરિગૃહીતાગમન = કોઈએ પણ જે સ્ત્રીને ગ્રહણ નથી કરી એવી કુંવારી કન્યા અથવા વિધવા સ્ત્રી આદિ સાથે મૈથુન સેવન કરવું તે ૨- ઈત્વર- પરિગૃહિતાગમન=અમુક દિવસ સુધી બીજાએ રાખેલી વેશ્યા પ્રમુખ સાથે મૈથુન સેવન કરવું તે, (સ્વદારા સંતોષના નિયમવાળાને આ બંને અતિચારો અનાચાર તરીકે સમજવા) ૩- અનંગ ક્રીડા= પારકી સ્ત્રીઓના અંગોપાંગ વિકાર દષ્ટિથી જોવા તથા સૃષ્ટિ વિરુદ્ધ કામચેષ્ટા કરવી તે ૪- પરવિવાહકરણ= પોતાના પુત્રાદિ સિવાય પારકા વિવાહ પ્રમુખ કરવા તે અને ૫) કામભોગ-તીવ્ર-અભિલાષા= કામ-ભોગની તીવ્ર અભિલાષા કરવી તે (રૂપ) ચોથા (અણુ) વ્રતના અતિચારો છે. (તેમાં) સંવત્સરી સંબંધી લાગેલા સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૧૫,૧૬)

(પરિગ્રહના અતિચાર)

ઈત્તો અણુવ્વએ પંચમમ્મિ, આયરિયમ પ્પસત્થમ્મિ,
પરિમાણ પરિચ્છેએ, ઈત્થ પમાય પ્પસંગેણં. (૧૭)
ધણ ધન્ન ખિત્ત વત્થુ, રૂપ્પ સુવન્ને અ કુવિઅ-પરિમાણે,
દુપએ ચઉપ્પયમ્મિ ય, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૧૮)

એ પછી પાંચમા અણુવ્રતમાં ધન-ધાન્યાદિના પરિગ્રહ પરિમાણ વિરતિ આશ્રયી આચરણ (થાય છે.) એમાં પ્રમાદના પ્રસંગથી, અપ્રશસ્ત ભાવથી (પરિગ્રહના) પ્રમાણનો ભંગ થવાથી ૧- ધન-ધાન્ય ૨- ખેતર-ઘર વગેરે ૩- રૂપુ-સોનું ૪- તાંબુ-કાંસું પ્રમુખ હલકી ધાતુઓના પ્રમાણ અને રાચરચીલું અને ૫- બે પગા (નોકર-ચાકર વગેરે) અને ચોપગા (ગાય-ભેંસ-ઘોડા વગેરે) ના પરિમાણમાં (જે અતિચાર) ચોથા (અણુ) વ્રત સંબંધી સંવત્સરી દરમ્યાન લાગ્યા હોય, તે સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૧૭,૧૮)

(જવા આવવાના નિયમોના અતિચાર)

ગમણસ્સ ઉ પરિમાણે, દિસાસુ ઉઢ્ઢં અહે અ તિરિઅં ચ,
વુઢ્ઢિ સઈ અંતરદ્ધા, પઢમમ્મિ ગુણવ્વએ નિંદે. (૧૯)

૧- ઉપરની ૨- નીચેની અને ૩- તિર્છી (ઉપર,નીચે ચાર દિશા અને ચાર ખુણા એમ દસ) દિશામાં (જવાના પરિમાણથી) અધિક જવાથી, (એક દિશામાંથી બીજી દિશામાં), ૪- વધારવાથી અને ૫-(વધારે જતાં) ભૂલી જવાથી પહેલા ગુણવ્રત (દિક્પરિમાણવ્રત)માં (લાગેલા અતિચારોની) હું નિંદા કરું છું. (૧૯)

(ભોગ ઉપભોગના અતિચાર)

મજ્જંમિ અ, મંસંમિ અ, પુપ્ફે અ ફલે અ ગંધ મલ્લે અ,
ઉવભોગ પરિભોગે , બીયમ્મિ ગુણવ્વએ નિંદે. (૨૦)
સચ્ચિત્તે પડિબદ્ધે, અપોલિ દુપ્પોલિઅં ચ આહારે,
તુચ્છો સહિ ભક્ખણયા, પડિક્કમે સંવચ્છરીઅં સવ્વં. (૨૧)

મદિરા, માંસ (અને બીજા પણ અભક્ષ્ય પદાર્થો), પુષ્પ, ફળ, સુગંધી પદાર્થો અને ફૂલની માળાનો ઉપભોગ (=એકવાર ઉપયોગમાં આવે તે, જેમકે ખોરાક, પાણી, ફૂલ, ફળ વગેરે) અને પરિભોગ (= વારંવાર ઉપયોગમાં આવે તે. જેમકે ઘર, પુસ્તક, વસ્ત્ર, ઝવેરાત વગેરે)થી બીજા ભોગોપભોગ પરિમાણ રૂપ ગુણવ્રતમાં (લાગેલ અતિચારોની) હું નિંદા કરું છું. (૨૦)

૧- સચિત્ત-આહાર = સચિત્ત વસ્તુનો ત્યાગ હોવા છતાં વાપરવી અથવા નિયમ ઉપરાંત વાપરવી તે ૨- સચિત્ત સંબદ્ધ = સચિત્ત સાથે વળગેલી વસ્તુ વાપરવી જેમકે ગોટલી સહિત કેરી વગેરે ૩- અપક્વ-આહાર = તદ્દન અપક્વ = કાચી વસ્તુ વાપરવી, જેમકે તરતનો દળેલો તથા ચાળ્યા વગરનો લોટ વગેર ૪-દુષ્પક્વ-આહાર= અડધી કાચી-પાકી વસ્તુ વાપરવી, જેમકે, ઓળો, પુંખ, થોડો શેકેલો મકાઈનો ડોડો વગેરે ૫- તુચ્છૌષધિ ભક્ષણ = તુચ્છ પદાર્થો (જેમાં ખાવાનું ઓછું અને બહાર ફેકવાનું વધારે હોય તે) નું

ભક્ષણ કરવું તે, જેમકે બોર, સીતાફળ વગેરે (આ પાંચ અતિચારમાંથી)સંવત્સરી સંબંધી (લાગેલા) સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. (૨૧)

ઈંગાલી વણ સાડી, ભાડી ફોડી સુવજ્જએ કમ્મંઃ,
વાણિજ્જં ચેવ દંત, લક્ખ રસ કેસ વિસ વિસયં. (૨૨)
એવં ખુ જંત પિલ્લણ, કમ્મં નિલ્લંછણં ચ દવ દાણં,
ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, વોસિરાવું છું. (૫)

કાઉસ્સગ્ગમાં ૪ ક્રિયા કરવામાં આવે છે.
૧) થયેલા અતિચારની વિશેષ-આલોચના અને નિંદા કરવામાં આવે છે.
૨) શાસ્ત્રો દ્વારા કહેલા પ્રાયશ્ચિત ગ્રહણ કરવામાં આવે
૩) ચિત્તની વિશેષ શુદ્ધિ કરવા માટે થાય છે.
૪) મનના ઉંડાણમાં છુપાયેલા શલ્યોને દૂર કરવા માટે થાય છે.

(જ્ઞાનાચારની શુદ્ધિ માટે કાઉસ્સગ્ગ)
(એક લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી 'નમો અરિહંતાણં' કહી પારી 'સિદ્ધાણં' સૂત્ર કહેવું.)



૨૪ જિનેશ્વરોની નામ પૂર્વક સ્તુતિ

લોગસ્સ ઉજ્જોઅગરે,
ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. (૧)
ઉસભ મજિઅં ચ *વંદે*, **સંભવ મભિણંદણં** ચ **સુમઈં** ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ **ચંદપ્પહં** *વંદે*. (૨)
સુવિહિં ચ **પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં** ચ,
વિમલમણંતં ચ જિણં, **ધમ્મં સંતિં** ચ *વંદામિ*. (૩)
કુંથું અરં ચ **મલ્લિં,** *વંદે*, **મુણિસુવ્વયં નમિજિણં** ચ,
વંદામિ **રિટ્ઠનેમિં, પાસં** તહ **વદ્ધમાણં** ચ. (૪)
એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જર મરણા,
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (૫)
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ. (૬)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (૭)

(કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત (પ્રકાશિત) કરનારા, ધર્મરૂપ તીર્થને કરનારા, રાગદ્વેષને જીતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરોનું હું કીર્તન કરીશ. (૧)
શ્રી ઋષભદેવને તથા **શ્રી અજિતનાથ**ને, **શ્રી સંભવનાથ**ને, **શ્રી અભિનંદનસ્વામી**ને, **શ્રી સુમતિનાથ**ને, **શ્રી પદ્મપ્રભસ્વામી**ને, **શ્રી સુપાર્શ્વનાથ**ને તથા રાગ-દ્વેષને જિતનારા **શ્રી ચંદ્રપ્રભસ્વામી**ને હું વંદન કરું છું. (૨)

શ્રી સુવિધિનાથને (જેમનું બીજું નામ) **પુષ્પદંતસ્વામી**ને, **શ્રી શીતલનાથ**ને, **શ્રી શ્રેયાંસનાથ**ને, **શ્રી વાસુપૂજ્યસ્વામી**ને, **શ્રી વિમલનાથ**ને, **શ્રી અનંતનાથ**ને, જિનેશ્વર **શ્રી ધર્મનાથ**ને તથા **શ્રી શાંતિનાથ**ને હું વંદન કરું છું. (૩)

શ્રી કુંથુનાથને, **શ્રી અરનાથ**ને, **શ્રી મલ્લિનાથ**ને, **શ્રી મુનિસુવ્રતસ્વામી**ને અને **શ્રી નમિનાથ**ને, **શ્રી અરિષ્ટ-નેમિનાથ**ને, **શ્રી પાર્શ્વનાથ**ને અને **શ્રી વર્ધમાનસ્વામી**ને હું વંદન કરું છું. (૪)

આ રીતે મારા વડે સ્તવના કરાયેલ, કર્મરૂપ રજ અને મલ દૂર કર્યા છે એવા, જરા (અને) મૃત્યુ સર્વથા ક્ષીણ થયા છે એવા ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકર દેવો મારી ઉપર પ્રસન્ન થાઓ. (૫)

જેઓ ઈન્દ્રાદિ દેવતાઓ વડે કીર્તન-વંદન-પૂજન કરાયેલા છે, જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે, તેઓ મને આરોગ્ય (સિદ્ધપણું) અને સમ્યગ્દર્શનનો લાભ (બોધિલાભ)અને શ્રેષ્ઠ ભાવ-સમાધિનું વરદાન આપો. (૬)

ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મળ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, મોટા સમુદ્ર જેવા ગંભીર, સિદ્ધ પરમાત્મા મને મોક્ષ આપો. (૭)

સિદ્ધ ભગવંતોની સ્તુતિ

સિદ્ધાણં બુદ્ધાણં,
પાર ગયાણં પરંપર ગયાણં,
લોઅગ્ગ મુવગયાણં, નમો સયા સવ્વસિદ્ધાણં (૧)

વર્ધમાન સ્વામીને વંદન

જો દેવાણ વિ દેવો, જં દેવા પંજલી નમંસંતિ,
તં દેવ દેવ મહિઅં, સિરસા વંદે મહાવીરં (૨)
ઈક્કો વિ નમુક્કારો, જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ,
સંસારસાગરાઓ, તારેઇ નરં વ નારિં વા (૩)

ગિરનાર તીર્થના અધિપતિ નેમિનાથ પ્રભુની વંદના

ઉજ્જિંત સેલ સિહરે, દિક્ખા નાણં નિસીહિયા જસ્સ,
તં ધમ્મ ચક્કવટ્ટિં, અરિટ્ઠનેમિં નમંસામિ (૪)

અષ્ટાપદ, નંદિશ્વર તીર્થોની સ્તુતિ

ચત્તારિ અટ્ઠ દસ દોય, વંદિયા જિણવરા ચઉવ્વીસં
પરમટ્ઠ નિટ્ઠિઅટ્ઠા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ (૫)

જેઓએ બંધાયેલ કર્મનો નાશ કર્યો છે એવા, પોતાની મેળે બોધ પામેલા, સંસાર સમુદ્રનો પાર પામેલા, ગુણસ્થાનકના ક્રમે (અનુક્રમે) મોક્ષે પહોંચેલા (અને) લોકના અગ્રભાગે પહોંચેલા, એવા સર્વે સિદ્ધોને હું નમસ્કાર કરું છું. (૧)

જે દેવોના પણ દેવ છે અને જેઓને દેવતાઓ વિનયપૂર્વક હાથ જોડી નમસ્કાર કરે છે, તે ઈન્દ્રોથી પૂજાયેલ (એવા) શ્રી મહાવીરસ્વામીને હું મસ્તકથી વંદું છું. (૨)

જિનવરમાં શ્રેષ્ઠ એવા વર્ધમાનસ્વામીને (કરેલો) એક નમસ્કાર પણ પુરુષને કે સ્ત્રીને સંસારસમુદ્રથી તારે છે. (૩)

ગિરનાર પર્વતના શિખર ઉપર જે (ભગવંત)ના દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને મોક્ષ (નિર્વાણ) કલ્યાણક થયા છે, તે ધર્મચક્રવર્તી શ્રી અરિષ્ટનેમિ ભગવાનને હું નમસ્કાર કરું છું. (૪)

બાર, આઠ, દશ (અને) બે, એમ વંદના કરાયેલા, જેઓના કાર્યો પરમાર્થથી સિદ્ધ થયા છે (એવા) સિદ્ધ થયેલા ચોવીશે તીર્થંકરો મને સિદ્ધિ પદ આપો. (૫)

(અહિંયા જે ભવનમાં સાધુ રહેતા હોય તે ભવનની અધિષ્ઠાયિકા દેવી તથા એ ભવનક્ષેત્રમાં જે દેવી-દેવતા રહેતા હોય તેઓની શાંતિ માટે બે કાઉસ્સગ્ગ કરવાનાં છે. ચરવળાવાળા ઉભા થઈને કાઉસ્સગ્ગ કરે.)

ભુવણદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં

ભુવનદેવતાની શાંતિ નિમિત્તે કાઉસ્સગ્ગ કરું છું.

કાઉસ્સગ્ગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)
એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી,૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮-ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)

૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દૃષ્ટિનો સંચાર થવાથી. (૨)

આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)

જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)

ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, વોસિરાવું છું. (૫)

(શ્રુતની અધિષ્ઠાયિકા શ્રુતદેવી સરસ્વતીને કાઉસ્સગ્ગ)
(એક નવકારનો કાઉસ્સગ્ગ કરી 'નમોર્હત' કહી નીચેની સ્તુતિ કહેવી)



પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો,
સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

પંચપરમેષ્ઠિને નમસ્કાર

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય
સર્વ સાધુભ્યઃ

(આ સૂત્ર સ્ત્રીઓએ ક્યારેય ન બોલવું)

શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સઘળાય સાધુ ભગવંતને નમસ્કાર થાઓ.

ભુવનદેવતાની થોય

જ્ઞાનાદિગુણયુતાનાં,
નિત્યં સ્વાધ્યાય સંયમ રતાનામ્ ,
વિદધાતુ ભવનદેવી,
શિવં સદા સર્વ સાધૂનામ્ (૧)

જ્ઞાનાદિ ગુણોવાળા અને હંમેશા સ્વાધ્યાય અને સંયમમાં લીન રહેલા સર્વ સાધુ મહાત્માઓને ભુવનદેવી હંમેશા શાંતિ આપો.

('નમો અરિહંતાણં' કહી સહુએ કાઉસ્સગ્ગ પારી લેવો.)

ખિત્ત દેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં.૧

ક્ષેત્રદેવતાની શાંતિ નિમિત્તે કાઉસ્સગ્ગ કરું છું.

કાઉસ્સગ્ગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)
એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી,૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮- ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)

૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દષ્ટિનો સંચાર થવાથી. (૨)

આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)

જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)

ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, વોસિરાવું છું. (૫)

(ક્ષેત્ર દેવતાનો કાઉસ્સગ્ગ)
(એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, 'નમોર્હત' કહી નીચેની સ્તુતિ કહેવી.)



પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

પંચપરમેષ્ઠિને નમસ્કાર

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય
સર્વ સાધુભ્યઃ (૧)
(આ સૂત્ર સ્ત્રીઓએ ક્યારેય ન બોલવું)

શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સઘળાય સાધુ ભગવંતને નમસ્કાર થાઓ.

જે ક્ષેત્રને આશ્રયીને મુનિ મહારાજા સંયમ સાધના કરતા હોય, તે ક્ષેત્ર દેવતા સુખ આપનારા થાઓ તેવી પ્રાર્થના.

યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય,
સાધુભિઃ સાધ્યતે ક્રિયા
સા ક્ષેત્ર-દેવતા નિત્યં, ભૂયાન્નઃ સુખ-દાયિની (૧)

જે દેવીના ક્ષેત્રને આશ્રય કરીને સાધુઓ વડે ધર્મક્રિયા સધાય છે. તે ક્ષેત્રદેવી હંમેશા સુખ આપનારી થાઓ. (૧)

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

(પછી બેસીને છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહવી અને નીચે મુજબ બે વાંદણા દેવા.)

મુહપત્તિ પડિલેહણના ૨૫ બોલ

૧- સૂત્ર, અર્થ, તત્ત્વ કરી સદ્દહું,
૨- સમ્યક્ત્વ મોહનીય, ૩- મિશ્ર મોહનીય,
૪- મિથ્યાત્વ મોહનીય પરિહરું,

૫- કામરાગ, ૬- સ્નેહરાગ, ૭- દૃષ્ટિરાગ પરિહરું,



૮- સુદેવ, ૯- સુગુરુ, ૧૦- સુધર્મ આદરું,
૧૧- કુદેવ, ૧૨- કુગુરુ, ૧૩- કુધર્મ પરિહરું,
૧૪- જ્ઞાન, ૧૫- દર્શન, ૧૬- ચારિત્ર આદરું,
૧૭- જ્ઞાન-વિરાધના, ૧૮- દર્શન-વિરાધના,
૧૯- ચારિત્ર-વિરાધના પરિહરું,
૨૦- મનગુપ્તિ, ૨૧- વચનગુપ્તિ, ૨૨- કાયગુપ્તિ આદરું,
૨૩- મનદંડ, ૨૪- વચનદંડ, ૨૫- કાયદંડ પરિહરું.

શરીરના અંગોના પડિલેહણના ૨૫ બોલ

(ડાબો હાથ પડિલેહતાં)

૧- હાસ્ય, ૨- રતિ, ૩- અરતિ પરિહરું.

(જમણો હાથ પડિલેહતાં),

૪-ભય, ૫- શોક, ૬- દુર્ગંછા પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) (કપાળે પડિલેહતાં)

{ ૭- કૃષ્ણલેશ્યા, ૮- નીલલેશ્યા, ૯- કાપોતલેશ્યા પરિહરું.}

(મોઢે પડિલેહતાં)

૧૦- રસગારવ, ૧૧- ઋદ્ધિગારવ,

૧૨- સાતાગારવ પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) (છાતી આગળ પડિલેહતાં)

{૧૩- માયાશલ્ય, ૧૪- નિયાણશલ્ય,

૧૫- મિથ્યાત્વશલ્ય પરિહરું.}

(સ્ત્રીઓએ બોલવાનું નથી)

{(જમણા ખભે પડિલેહતાં),

૧૬- ક્રોધ, ૧૭- માન પરિહરું.

(ડાબા ખભે પડિલેહતાં)

૧૮- માયા, ૧૯- લોભ પરિહરું.}

(ચરવળાથી જમણો પગ પડિલેહતાં)

૨૦- પૃથ્વીકાય, ૨૧- અપ્‌કાય,

૨૨- તેઉકાયની જયણા કરું

(ચરવળાથી ડાબો પગ પડિલેહતાં)

૨૩- વાયુકાય, ૨૪- વનસ્પતિ-કાય,

૨૫- ત્રસકાયની રક્ષા કરું.

વાંદણા-૨૫ આવશ્યકો સાથે બત્રીસ દોષ રહિત વિનયભાવ યુક્ત દ્વાદશાવર્ત્ત વંદનનું વર્ણન

પહેલું વંદન

(૧-ઈચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)

નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં

કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! દિવસો વઈક્કંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઈક્કમં (૬)

આવસ્સિઆએ

(અવગ્રહમાંથી બહાર નીકળી, ફરી આવવાનું છે તે ભાવ દર્શાવવા શરીરને થોડું પાછળ કરવું)

પડિક્કમામિ, ખમાસમણાણં,

દેવસિઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,

જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ,

કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ, સવ્વકાલિઆએ,સવ્વમિચ્છો વયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ, આસાયણાએ, જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ,

અપ્પાણં વોસિરામિ (૭)

બીજું વંદન

(૧-ઈચ્છા નિવેદન સ્થાન)

ઈચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ (૧)

(૨-અનુપજ્ઞાપન સ્થાન)

અણુજાણહ મે મિઉગ્ગહં, (૨)

નિસીહિ

(ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ તે ભાવ દર્શાવવા શરીર થોડું આગળ કરવું)

અ હો કા યં

કાય સંફાસં

ખમણિજ્જો ભે ! કિલામો ?

(૩-શરીરયાત્રા પૃચ્છા સ્થાન)

અપ્પ કિલંતાણં ! બહુ સુભેણ ભે ! દિવસો વઈક્કંતો (૩)

(૪-સંયમયાત્રા પૃચ્છા સ્થાન)

જ ત્તા ભે (૪)

(૫-ત્રિકરણ સામર્થ્યની પૃચ્છા સ્થાન)

જ વ ણિ જ્જં ચ ભે (૫)

(૬-અપરાધ ક્ષમાપના સ્થાન)

ખામેમિ ખમાસમણો !

દેવસિઅં વઈક્કમં (૬)

પડિક્કમામિ, ખમાસમણાણં,

દેવસિઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,

જં કિંચિ મિચ્છાએ, મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ,

કાય-દુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,

સવ્વકાલિઆએ, સવ્વમિચ્છો વયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ,

આસાયણાએ, જો મે અઈયારો કઓ, તસ્સ ખમાસમણો !

પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ,

અપ્પાણં વોસિરામિ (૭)

(શિષ્ય કહે) હે ક્ષમા પ્રધાન સાધુજી ! (હું) પાપ વ્યાપારનો ત્યાગ કરી શક્તિ સહિત વંદન કરવાને ઈચ્છું છું. (૧)
(ગુરુ કહે- છંદેણ = ઈચ્છાપૂર્વક = સ્વખુશી થી કરો) (ત્યારે શિષ્ય કહે) મને મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણ) માં પ્રવેશ કરવાની રજા આપશોજી.
(ગુરુ કહે - અણુજાણામિ (હું આજ્ઞા આપું છું) (શિષ્ય કહે-) ગુરુવંદન સિવાય બીજો વ્યાપાર નિષેધીને. (૨)
આપના શરીર (રૂપ ચરણ) ને (મારા મસ્તક રૂપ) શરીરના સ્પર્શથી આપને (કંઈ) કિલામણા (થાય તે) ક્ષમા યોગ્ય છે અર્થાત્ ક્ષમા આપવા જેવી છે.
થોડા થાકવાળા આપને હે ભગવંત ! ઘણા શુભ ભાવથી દિવસ પસાર થયો છે ને ? (ગુરુ કહે- તહત્તિ = તે પ્રકારે જ છે.) (૩)
(શિષ્ય કહે) આપની સંયમયાત્રા બરાબર ચાલે છે ને ? (ગુરૂ કહે - તુબ્ભં પિ વટ્ટએ = તમારી સંયમયાત્રા પણ બરાબર ચાલે છે ને ?) (૪)

(શિષ્ય કહે) આપનું શરીર ઇન્દ્રિયો અને મનથી પીડા પામતુ નથી ને? (ગુરુ કહે- 'એવં'=એમ જ છે) (૫)
(શિષ્ય કહે) - હે ક્ષમાશ્રમણ ! મારો દિવસ સંબંધી (જે કંઈ) અપરાધ થયો હોય, તેની હું ક્ષમા માગું છું. (ગુરુ કહે 'અહમપિ ખામેમિ તુમં - હું પણ તને ખમાવું છું.) (૬)
આવશ્યક ક્રિયા માટે (હું અવગ્રહની બહાર જાઉં છું) આપ ક્ષમાશ્રમણનું દિવસ સંબંધી થયેલી તેત્રીશમાંથી (કોઈપણ) આશાતના દ્વારા (લાગેલ દોષનું) પ્રતિક્રમણ કરું છું.(હે ક્ષમાશ્રમણ !) જે કંઇ મિથ્યાત્વથી, મન સંબંધી દુષ્કૃત્ય, વચન સંબંધી દુષ્કૃત્ય, અને શરીર સંબંધી દુષ્કૃત્ય રૂપ આશાતનાથી, ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી થયેલ આશાતનાથી સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર (=કૂડ-કપટરૂપ) સંબંધી, સર્વ (અષ્ટપ્રવચન માતા રૂપ)ધર્મને ઓળંગવારૂપ આશાતનાથી, મે જે (કોઈ) અતિચાર કર્યો હોય, હે ક્ષમાશ્રમણ ! તે સંબંધી પાપોથી હું પાછો હટું છું, આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુસાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું અને એવા પાપરૂપ મારા આત્માનો હું ત્યાગ કરું છું. (૭)

છઠ્ઠું આવશ્યક - પચ્ચક્ખાણ
(જો પૂર્વે પચ્ચક્ખાણ ન કર્યું હોય તો અત્યારે પચ્ચક્ખાણ કરી લેવું.)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક, ચઉવ્વિસત્થો, વંદણ, પડિક્કમણું, કાઉસ્સગ્ગ. પચ્ચક્ખાણ કર્યું છે જી.

હે ભગવન્ ! સામાયિક, ચઉવ્વિસત્થો, વાંદણા, પડિક્કમણું, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યું છે જી.

જે પાપો આલોચના - પ્રાયશ્ચિતથી અને પ્રતિક્રમણ - પ્રાયશ્ચિતથી શુદ્ધ ન થયા હોય, તેની શુદ્ધિ હવે કાઉસ્સગ્ગથી કરવાની છે. કાઉસ્સગ્ગ પણ ગુરૂવંદન પૂર્વક જ થાય તેથી ગુરૂ મહારાજને વંદનરૂપ બે વાંદણા દેવાય છે.
અહીં, બીજા વાંદણાને અંતે કષાયભાવથી આત્માએ બહાર નીકળી જવાના ખ્યાલપૂર્વક અવગ્રહની બહાર નીકળી જવાનું છે.

(આ રીતે છ આવશ્યક સંભારવા.)

સાંજના પ્રતિક્રમણ સમયે છ આવશ્યકની પૂર્ણાહૂતિનો હર્ષ વ્યક્ત કરવા ગુણગણગર્ભિત

વીર પ્રભુની સ્તુતિ

'ઈચ્છામો અણુસટ્ઠિં' નમો ખમાસમણાણં

આપનું અનુશાસન ઈચ્છું છું. ક્ષમાશ્રમણને નમસ્કાર થાઓ.

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ,

(આ સૂત્ર સ્ત્રીઓએ ક્યારેય ન બોલવું)

શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સઘળાય સાધુ ભગવંતને નમસ્કાર થાઓ.

(પ્રતિક્રમણની પૂર્ણાહૂતિના હર્ષોલ્લાસ માટેની થોય **પુરુષ વર્ગે** 'નમોસ્તુ વર્ધમાનાય' સૂત્ર કહેવું.)



મહાવીરપ્રભુની સ્તુતિ

નમોસ્તુ વર્દ્ધમાનાય,
સ્પર્દ્ધમાનાય કર્મણા,
તજ્જયા વાપ્ત મોક્ષાય, પરોક્ષાય કુતીર્થિનામ્ (૧)

ચોવીસ તીર્થંકરોની સ્તુતિ

યેષાં વિકચાર વિન્દ રાજ્યા, જ્યાયઃ ક્રમ કમલાવલિં દધત્યા,
સદશૈરિતિ સંગતં પ્રશસ્યં, કથિતં સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ (૨)

શ્રી સિધ્ધાંતની (શ્રુતધર્મની) સ્તુતિ

કષાય તાપા ર્દિત જન્તુ નિર્વૃતિં,
કરોતિ યો જૈન મુખામ્બુદોદ્ગતઃ ,

સ શુક્ર માસોદ્ ભવ વૃષ્ટિ સન્નિભો,
દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરામ્ (૩)

કર્મની સાથે સ્પર્ધા કરનાર અને તે કર્મને જીતીને મોક્ષને પામેલા અને મિથ્યાદષ્ટિની દષ્ટિથી દૂર એવા શ્રી વર્ધમાન (મહાવીર) સ્વામીને નમસ્કાર થાઓ. (૧)
જે (જિનેશ્વરો)ની પ્રશંસા કરવા લાયક ચરણકમળની શ્રેણીને ધારણ કરતી, એવી ખીલેલા કમળોની શ્રેણીનું સરખાની સાથે મળવું, તે પ્રશંસનીય કહેલું છે. તે જિનેશ્વરો મોક્ષને માટે થાઓ. (૨)
જે જિનેશ્વરોના મુખરૂપી મેઘથી નિકળેલો વાણીનો વિસ્તાર કષાયરૂપ તાપથી પીડાયેલા પ્રાણીઓને શાંત કરે છે. (વળી) જે જેઠ માસમાં ઉત્પન્ન થયેલ વરસાદ જેવો છે, તે (સિદ્ધાંતરૂપ) વાણીનો વિસ્તાર મતે સંતોષ કરો. (૩)

(આ થોય પૂર્વાચાર માંથી ઉદ્ધૃત છે. એટલે સ્ત્રીઓને આ સ્તુતિ બોલવાનો અધિકાર નથી.) આ સ્તુતિમાં અધિકૃત તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ, ચોવીસ તીર્થંકર પ્રભુઓ અને શ્રુતજ્ઞાન એમ ક્રમથી ત્રણની સ્તુતિ છે.

(પ્રતિક્રમણની પૂર્ણાહુતિના હર્ષોલ્લાસ માટેની ‘સંસારદાવાનલ’ ની થોય **સ્ત્રીઓએ** બોલવી.)

શ્રી મહાવીરસ્વામીની સ્તુતિ

સંસાર દાવા નલ દાહ નીરં,
સંમોહ ધૂલી હરણે સમીરં,
માયા રસા દારણ સાર સીરં,
નમામિ વીરં ગિરિસાર ધીરં (૧)

સર્વ તીર્થંકર ભગવંતોની સ્તુતિ

ભાવા વનામ સુર દાનવ માનવેન,
ચૂલા વિલોલ કમલા વલિ માલિતાનિ,
સંપૂરિતા ભિનત લોક સમી હિતાનિ,
કામં નમામિ જિનરાજ પદાનિ તાનિ (૨)

આગમ-સિદ્ધાંતની સ્તુતિ

બોધા ગાધં સુપદ પદવી નીર પૂરા ભિરામં,
જીવા હિંસા વિરલ લહરી સંગ માગાહ દેહં.
ચૂલા વેલં ગુરુ ગમ મણિ સંકુલં દૂર પારં,
સારં વીરા ગમ જલ નિધિં સાદરં સાધુ સેવે (૩)

સંસારરૂપ દાવાનલના તાપને ઓલવવા માટે પાણી સમાન, મોહ એટલે અજ્ઞાનરૂપી ધૂળને દૂર કરવામાં પવન સમાન, માયા એટલે કપટરૂપી પૃથ્વીને ખોદવામાં તીક્ષ્ણ હળ સમાન, અને મેરુપર્વત જેવા ધૈર્યવાન **શ્રી મહાવીર પ્રભુ**ને હું નમસ્કાર કરું છું. (૧)

ભાવપૂર્વક નમસ્કાર કરનારા દેવો, દાનવો અને મનુષ્યોના સ્વામીઓના મુગટમાં રહેલ ચપળ કમળની શ્રેણિઓથી પૂજાયેલ, વળી નમસ્કાર કરનારા લોકોના મનોવાંછિત જેઓએ સારી રીતે પૂર્ણ કર્યા છે, એવા **શ્રી જિનેશ્વર દેવો**ના ચરણોમાં હું સ્વેચ્છાએ નમસ્કાર કરું છું. (૨)

આ **આગમ**-સમુદ્ર અપરિમિત જ્ઞાનનાં કારણે ગંભીર છે. લલિત પદોની રચનારૂપ જલથી મનોહર છે. જીવદયા સંબંધી સૂક્ષ્મ વિચારો રૂપ મોજાઓથી ભરપૂર હોવાને લીધે પ્રવેશ કરવામાં કઠિન છે. ચૂલિકા રૂપ વેળા (ભરતી) વાળો છે. આલાયક રૂપી રત્નોથી ભરપૂર છે અને જેનો સંપૂર્ણ પાર પામવો અત્યંત મુશ્કેલ છે. એવા વીરપ્રભુના આગમરૂપી સમુદ્રની હું આદર પૂર્વક સેવા કરું છું. (૩)

આ સ્તુતિની રચના શ્રી હરિભદ્રસૂરિએ કરેલી છે. તેઓ ગૃહસ્થપણામાં પુરોહિત હોઈ વેદ-વેદાંતના જાણકાર હતા. દીક્ષિત થયા પછી જૈન શાસ્ત્રોનાં પરમ નિષ્ણાત બન્યા હતા. તેમનું સાહિત્ય વિવિધ, મૌલિક અને ઉંડા ચિંતનવાળું છે. કહેવાય છે કે તેમણે ૧૪૪૪ ગ્રંથોની રચના કરી હતી, તેમાં ૧૪૪૦ ગ્રંથો રચાઈ ગયા હતા પણ ચાર ગ્રંથો બાકી રહ્યા હતા. તે વખતે તેમણે ૪ ગ્રંથના સ્થાને 'સંસારદાવાનલ' શબ્દથી શરૂ થતી ચાર સ્તુતિ બનાવી. તેમાં ચોથી શ્રુતદેવીની સ્તુતિનું પ્રથમ ચરણ રચાયું કે તેમની બોલવાની શક્તિ બંધ થઈ ગઈ, તેથી ત્રણ ચરણરૂપ બાકીની સ્તુતિ તેમના હૃદયનાં અભિપ્રાય મુજબ સંઘે પુરી કરી. ત્યારથી 'ઝંકારા રાવ' શબ્દોથી માંડીને બાકીની સ્તુતિ સંઘ દ્વારા ઉચ્ચ સ્વરે બોલાય છે.

(પછી યોગ મુદ્રાએ 'નમુત્થુણં' કહેવું)

શ્રી તીર્થંકર પરમાત્માની તેમના ગુણો દ્વારા સ્તવના

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં (૧)
આઇગરાણં,
તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં (૨)
પુરિસુત્તમાણં, પુરિસસીહાણં,
પુરિસ વર પુંડરીયાણં, પુરિસ વર ગંધ હત્થીણં (૩)
લોગુત્તમાણં, લોગ નાહાણં, લોગ હિઆણં, લોગ પઈવાણં,
લોગ પજ્જોઅ ગરાણં. (૪)
અભય દયાણં, ચક્ખુ દયાણં, મગ્ગ દયાણં, સરણ દયાણં,
બોહિ દયાણં. (૫)
ધમ્મ દયાણં, ધમ્મ દેસયાણં, ધમ્મ નાયગાણં, ધમ્મ સારહીણં,
ધમ્મ વર ચાઉરંત ચક્કવટ્ટીણં. (૬)
અપ્પડિહય વરનાણ દંસણ ધરાણં, વિયટ્ટ છઉમાણં. (૭)
જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં,
મુત્તાણં મોઅગાણં. (૮)
સવ્વન્નૂણં, સવ્વદરિસીણં સિવ મયલ મરુઅ મણંત મક્ખય
મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઇનામધેયં, ઠાણં સંપત્તાણં,
નમો જિણાણં જિઅભયાણં. (૯)
જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગયે કાલે,
સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. (૧૦)

અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. (૧)
ધર્મની શરૂઆત કરનાર, તીર્થના સ્થાપનાર અને પોતાની મેળે બોધ પામનાર, અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ. (૨)

પુરૂષોમાં ઉત્તમ, પુરૂષોમાં સિંહ સમાન, પુરૂષોમાં ઉત્તમ પુંડરીક (કમળ) સમાન, પુરૂષોમાં શ્રેષ્ઠ ગંધહાથી સમાન, (૩)
લોકમાં ઉત્તમ, લોકનાં નાથ, લોકનું હિત કરનાર, લોકમાં દિપક સમાન, લોકમાં પ્રકાશ કરનાર. (૪)
અભયદાન આપનાર, શ્રુતજ્ઞાન રૂપ ચક્ષુ (આંખ) આપનાર, મોક્ષમાર્ગ આપનાર, શરણ આપનાર, સમકિત આપનાર, (૫)
ધર્મને આપનાર, ધર્મનો ઉપદેશ આપનાર, ધર્મના નાયક, ધર્મના સારથી, દાન-શીલ-તપ-ભાવ રૂપ ધર્મમાં ચતુરંત શ્રેષ્ઠ ચક્રવર્તી. (૬)
કોઈથી પણ ન હણાય એવા શ્રેષ્ઠ જ્ઞાન અને શ્રેષ્ઠ દર્શનને ધારણ કરનાર, ચાલ્યું ગયું છે છદ્મસ્થપણું જેમનું. (૭)
રાગદ્વેષને જીતનાર-જીતાડનાર, તરનાર-તારનાર, તત્ત્વના જાણકાર-જણાવનાર, કર્મથી મુક્ત મુકાવનારા. (૮)
સર્વજ્ઞ, સર્વદર્શી, કલ્યાણરૂપ, અચળ (સ્થિર), રોગ રહિત, અનંત (અંત વિનાનું), અક્ષય (નાશ ન પામે તેવું), અવ્યાબાધ (આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત), ફરીથી પાછા આવવાનું નથી એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા, જેઓ રાગદ્વેષને જીતનારા, એવા જિનને અને સર્વ પ્રકારના ભયને જીતનાર (શ્રી અરિહંત પરમાત્મા) ને નમસ્કાર થાઓ. (૯)
અને જેઓ ભૂતકાળમાં સિદ્ધ થયા હોય અને જેઓ ભવિષ્યકાળમાં સિધ્ધ થવાનાં છે અને જેઓ હમણાં વર્તમાનકાળમાં વિહરી રહ્યા છે, તે સર્વેને હું મન-વચન-કાયારૂપ ત્રણ કરણથી વંદન કરું છું. (૧૦)

શ્રી હરિભદ્રસૂરિ મહારાજના સંસારી અવસ્થાના ભાણેજો હંસ અને પરમહંસ - જે પાછળથી તેમના શિષ્યો બન્યા. તેઓ બંને બૌધશાળામાં ભણવા ગયા, પરંતુ ત્યાં તેમને જૈન જાણી મારી નાંખવાની ગોઠવણ થઈ. તેથી તેઓ બંને ત્યાંથી નાઠા. પરંતુ રસ્તામાં એકને મારી નાખવામાં આવ્યા અને બીજા શિષ્ય બહાદુરી સાથે ઠેઠ ઉપાશ્રય સુધી આવી પહોંચી પાસેનું પુસ્તક ઉપાશ્રયમાં ફેક્યું અને તે પછી બૌધ ભિક્ષુકોએ તેમનેય મારી નાખ્યા. પછી ભિક્ષુકો પૂ.શ્રી હરિભદ્ર સૂરિશ્વરજીની બીકે નાસી ગયા. તે પુસ્તકમાંથી આ 'બૃહત્શાંતિ સૂત્ર' મળી આવેલું છે. ઉપસંહારમાં 'શીવાદેવીનું' નામ જે શ્રી અરિષ્ઠ નેમિ ભગવંતના માતા શીવાદેવીરૂપે હોઈ શકે. અને આ સ્તોત્ર જ એ દેવીએ બનાવીને શ્રી સંઘને અર્પણ કર્યું હોય અને આ પ્રમાણે આશીર્વાદ આપીને ગયા હોય.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સ્તવન ભણું ? 'ઈચ્છં'

હે ભગવન્ ! આપ આજ્ઞા આપો. હું સ્તવન ભણું ? આજ્ઞા માન્ય છે.

(નીચે મુજબ 'અજિતશાંતિ' નું સ્તવન બોલવું.)

પંચપરમેષ્ઠિને નમસ્કાર

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય
સર્વ સાધુભ્યઃ

(આ સૂત્ર સ્ત્રીઓએ ક્યારેય ન બોલવું)

શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સઘળાય સાધુ ભગવંતને નમસ્કાર થાઓ.

અજિતશાંતિ સ્તવન

મંગળાચરણ

શત્રુંજય પર શ્રી અજિતનાથ અને શાંતિનાથ ભગવાનની વિવિધ છંદોમાં કરેલી સ્તવના

અજિઅં જિઅ સવ્વભયં,
સંતિં ચ પસંત સવ્વ ગય પાવં,
જયગુરૂ સંતિ ગુણકરે,
દોવિ જિણવરે પણિવયામિ. (૧) ગાહા

વવગય મંગુલભાવે, તે હં વિઉલ તવ નિમ્મલ સહાવે,
નિરૂવમ મહપ્પભાવે,
થોસામિ સુદિટ્ઠ સબ્ભાવે. (૨) ગાહા

સવ્વ દુક્ખપ્પસંતીણં, સવ્વ પાવ પ્પસંતીણં,
સયા અજિઅ સંતીણં, નમો અજિઅસંતીણં. (૩) સિલોગો

સર્વ ભયોને જીતનાર એવા શ્રી અજિતનાથને અને સર્વ રોગો અને પાપોનું પ્રશમન કરનાર એવા શ્રી શાંતિનાથને, વળી જગતના ગુરૂ અને વિઘ્નોનું ઉપશમન કરનારા એવા બંને જિનેશ્વરોને હું પ્રણામ કરું છું. (૧)
વીતરાગ, મહાતપો તપથી નિર્મલ સ્વભાવ પ્રાપ્ત કરનાર, નિરુપમ અને મહાન પ્રભાવવાળા, સર્વજ્ઞ અને સર્વદર્શી એવા બંને જિનેશ્વરોની હું સ્તવના કરીશ. (૨)
સર્વ દુઃખોનું પ્રશમન કરનાર, સર્વ પાપોનું પ્રશમન કરનાર, અને સદા અખંડ શાંતિધારણ કરનાર શ્રી અજિતનાથને અને શ્રી શાંતિનાથને સદા નમસ્કાર થાઓ. (૩)

સ્તુતિનું માહાત્મ્ય, નમસ્કારની યોગ્યતાનાં કારણ અને સ્તુતિ કરવાની ખાસ ભલામણ

અજિઅ જિણ ! સુહપ્પવત્તણં, તવ પુરિસુત્તમ !
નામકિત્તણં, તહ ય ધિઇ મઇપ્પ વત્તણં,
તવ ય જિણુત્તમ સંતિ કિત્તણં (૪) **માગહિઆ**
કિરિઆ વિહિ સંચિઅ કમ્મ કિલેસ વિમુક્ખયરં,
અજિઅં નિચિઅં ચ ગુણેહિં મહામુણિ સિદ્ધિગયં
અજિઅસ્સ ય સંતિ મહામુણિણો વિઅ સંતિકરં,
સયયં મમ નિવ્વુઇ કારણયં ચ નમં સણયં (૫) **આલિંગણયં.**
પુરિસા ! જઇ દુક્ખવારણં, જઇ ય વિમગ્ગહ સુક્ખ કારણં,
અજિઅં સંતિં ચ ભાવઓ,
અભયકરે સરણં પવજ્જહા (૬) **માગહિઆ.**

હે અજિત જિનેશ્વર ! પુરુષોત્તમ ! તમારા નામનું કીર્તન સુખને પ્રવર્તાવનારું અને સ્થિરતાવાળી બુદ્ધિ પ્રવર્તાવનારું છે. હે જિનોત્તમ ! શ્રી શાંતિનાથ ! તમારું કીર્તન પણ એવું જ છે. (૪)
કાયિકી આદિ પચ્ચીશ પ્રકારની ક્રિયાઓ વડે સંચિત થયેલાં કર્મની પીડાથી સંપૂર્ણ મૂકાવનારું, સર્વોત્કૃષ્ટ, 'સમ્યગ્દર્શનાદિ' ગુણોથી પરિપૂર્ણ, મહામુનિઓની અણિમાદિ આઠે સિદ્ધિઓને પ્રાપ્ત કરાવનારું, તથા શાંતિકર એવું શ્રી અજિતનાથ અને શ્રીશાંતિનાથ ભગવાનનું પૂજન મને સદા મોક્ષનું કારન હો. (૫-૬)

અજિતનાથ ભગવાનની સ્તુતિ

અરઈ રઈ તિમિર વિરહિઅ મુવરય જરમરણં,
સુર અસુર ગરૂલ ભુયગવઈ પયય પણિવઈઅં,
અજિઅ મહમવિ અ સુનય નય નિઉણમ ભયકરં.
સરણ મુવસરિઅ ભુવિ દિવિ જ મહિઅં સયય મુવણમે (૭) સંગયયં.

શાંતિનાથ ભગવાનની સ્તુતિ

તં ચ જિણુત્તમ મુત્તમ નિત્તમ સત્તધરં,
અજ્જવ મદ્દવ ખંતિ વિમુત્તિ સમાહિનિહિં,
સંતિકરં પણમામિ દમુત્તમ તિત્થયરં,
સંતિ મુણી મમ સંતિ સમાહિ વરં દિસઉ (૮) સોવાણયં

અરતિ, રતિ અને અજ્ઞાન રહિત અને જેમના જરા અને મરણ નિવૃત્ત થયા છે, વૈમાનિક દેવ, ભવનપતિ દેવ, ગરુલ જ્યોતિષ્ક દેવ અને ભુજંગ વ્યંતરદેવોના ઈન્દ્ર વડે આદરપૂર્વક નમસ્કાર કરાયેલા, જેનો ન્યાય સુંદર છે એવા નૈગમાદિ સાતે નયમાં નિપુણ, અભયને કરનારા, મનુષ્યો અને દેવોથી પૂજાયેલા, શ્રી અજિતનાથનું શરણ સ્વીકારીને તેમનાં ચરણોની નિરંતર સેવા કરું છું. (૭)
સામાન્ય કેવળીમાં ઉત્તમ, શ્રેષ્ઠ અને નિર્દોષ પરાક્રમને ધારણ કરનારા, સરલતા, મૃદુતા, ક્ષમા, નિર્લોભતા અને શુદ્ધ ચારિત્રના ભંડારરૂપ, શાંતિને કરનારા, ઈન્દ્રિય- દમનમાં ઉત્તમ અને ધર્મ તીર્થને સ્થાપનાર એવા હે શ્રી શાંતિનાથ મને શાંતિ અને સમાધિરૂપ વરદાન આપો. (૮)

શ્રી અજિતનાથની સ્તુતિ (નિવાસની નગરી અને શરીરની રચનાનું વર્ણન)

સાવત્થિ પુવ્વ પત્થિવં ચ,
વરહત્થિ મત્થય પસત્થ વિચ્છિન્ન સંથિયં,
થિર સરિચ્છ વચ્છં,
મય ગલ લીલાયમાણ વરગંધહત્થિ પત્થાણ પત્થિયં સંથવારિહં,
હત્થિ હત્થ બાહું ધંત કણગ રૂઅગ નિરૂવહય

પિંજરં પવર લક્ખણો વચિઅ સોમ ચારુ રૂવં,
સુઈસુહ મણાભિ રામ પરમ રમણિજ્જ
વર દેવ દુંદુહિ નિનાય મહુરયર સુહગિરં (૯) વેઢ્ઢઓ.
અજિઅં જિઆરિગણં, જિઅ સવ્વભયં ભવોહરિઉં,
પણમામિ અહં પયઓ,
પાવં પસમેઉ મે ભયવં (૧૦) રાસાલુદ્ધઓ.

આ ગાથામાં પ્રભુનું રાજરાજેશ્વરપણું દર્શાવવામાં આવ્યું છે. જેઓ દીક્ષા લીધાં પહેલાં શ્રાવસ્તી (અયોધ્યા)ના રાજા હતા, જેમનું સંસ્થાન શ્રેષ્ઠ હાથીના કુંભસ્થળ જેવું પ્રશસ્ત અને વિસ્તીર્ણ હતું, જેમની છાતીમાં નિશ્ચલ શ્રીવત્સ હતું, જેમની ચાલ મદ ગળતા અને લીલાએ ચાલતા ઉત્તમ ગંધ હસ્તીની ગતિ જેવી મનોહર હતી, જે સર્વ રીતે પ્રશંસાને યોગ્ય હતા, જેમની ભુજાઓ હાથીની સૂંઢ જેવી દીર્ઘ અને ઘાટીલી હતી, જેમનાં શરીરનો વર્ણ તપાવેલા સુવર્ણની કાંતિ જેવો સ્વચ્છ પીળો હતો, જેમની વાણી કાનને પ્રિય, સુખકારક, મનને આનંદદાયક, અતિરમણીય અને શ્રેષ્ઠ એવા દેવદું દુભિના નાદથી પણ અતિમધુર અને મંગલમય હતી. જેઓ અંતરના શત્રુઓ પર જય મેળવનારા હતા, જેઓ સર્વ ભયોને જિતનારા હતા, જેઓ ભવ-પરંપરાના પ્રબળ શત્રુ હતા, એવા શ્રીઅજિતનાથ ભગવાનને હું મન, વચન અને કાયાના પ્રણિધાન-પૂર્વક નમસ્કાર કરું છું અને વિજ્ઞપ્તિ કરું છું કે 'હે ભગવન્ ! તમે મારાં અશુભ કર્મોનું શમન કરો. (૯,૧૦)

શ્રી શાંતિનાથની સ્તુતિ (નિવાસસ્થાન, નગરી, પરિવાર, ઋદ્ધિ વગેરેનું વર્ણન)

કુરુજણવય હત્થિણાઉર નરીસરો પઢમં તઓ મહાચક્ક
વટ્ટિભોએ, મહપ્પ ભાવો,
જો બાવત્તરિ પુરવર સહસ્સ વરનગર નિગમ જણવયવઈ,
બત્તીસા રાયવર સહસ્સા ણુયાય મગ્ગો,

ચઉદસ વર રયણ નવ મહાનિહિ ચઉસટ્ઠિ સહસ્સ
પવર જુવઈણ સુંદરવઈ,
ચુલસી હય ગય રહ સય સહસ્સસામી,
છન્નવઈ ગામ કોડિ સામી,
આસી જો ભારહંમિ ભયવં (૧૧) વેઢ્ઢઓ.
તં સંતિં સંતિકરં, સંતિણ્ણં સવ્વભયા,
સંતિં થુણામિ જિણં, સંતિં વિહેઉ મે (૧૨) રાસાનંદિઅયં.

જે ભગવન્ પ્રથમ ભરતક્ષેત્રમાં કુરુદેશના હસ્તિનાપુરના રાજા હતા અને પછીથી મહાચક્રવર્તીના રાજ્યને ભોગવનારા મહાપ્રભાવવાળા થયામ તથા બોંતેર હજાર મુખ્ય શહેરો અને હજારો નગર તથા નિગમવાળા દેશના પતિ બન્યા કે જેમને બત્રીસ હજાર ઉત્તમ રાજાઓ અનુસરતા હતા, તેમ જ જે ચૌદ રત્નો, નવ મહાનિધિઓ, ચોસઠ હજાર સ્ત્રીઓના સ્વામી બન્યા હતા, તથા ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ રથ અને છન્નુ કરોડ ગામોના અધિપતિ બન્યા હતા, તથા જે મૂર્તિમાન્ ઉપશમ જેવા, શાંતિ-કરનારા, સર્વ ભયોને તરી ગયેલા અને રાગાદિ શત્રુઓને જિતનારા હતા, તે શાંતિનાથ ભગવાનનું શાંતિ-નિમિત્તે હું સ્તવન કરું છું. (૧૧,૧૨)

વિવિધ સંબંધોથી અજિતનાથ પ્રભુની સ્તુતિ

ઈક્ખાગ ! વિદેહ નરીસર ! નરવસહા ! મુણિવસહા !,
નવસારય સસિ સકલાણણ ! વિગયતમા ! વિહુઅરયા !,
અજિ ઉત્તમ તેઅ ગુણેહિં મહામુણિ અમિઅબલા ! વિઉલકુલા !,
પણમામિ તે ભવ ભય મૂરણ ! જગસરણા !
મમ સરણં (૧૩) ચિત્તલેહા.

વિવિધ સંબંધોથી શાંતિનાથ પ્રભુની સ્તુતિ

દેવ દાણ વિંદ ચંદ સૂર વંદ ! હટ્ઠ, તુટ્ઠ, જિટ્ઠ, પરમ, લટ્ઠ રૂવ !
ધંત રૂપ્પ પટ્ટ સેઅ સુદ્ધ નિદ્ધ ધવલ,

દંત પંતિ સંતિ ! સત્તિ કિત્તિ મુત્તિ જુત્તિ ગુત્તિ પવર !,
દિત્તતેઅ ! વંદ ! ધેય ! સવ્વલોઅ-ભાવિઅપ્પભાવ !
ણેઅ ! પઈસ મે સમાહિં (૧૪) નારાયઓ.

હે ઈક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલ, હે વિશિષ્ટ દેહવાળા, હે મનુષ્યોમાં શ્રેષ્ઠ, હે મુનિઓમાં શ્રેષ્ઠ, હે નવી શરદઋતુના પૂર્ણ ચંદ્ર જેવા મુખવાળા, હે અજ્ઞાનરહિત, કર્મરહિત, હે ગુણો વડે ઉત્તમ તેજવાળા, હે મહા મુનિ ! હે અનંત બળવાળા, હે વિશાળ કુળવાળા, હે ભવના ભયને ભાંગનારા, હે જગતના જીવોને શરણરૂપ, મને શરણ આપનાર હે અજિતનાથ ! હું તમને પ્રણામ કરું છું. (૧૩)

હે દેવ અને દાનવના ઈન્દ્ર, ચંદ્ર અને સૂર્યને વંદના કરવા યોગ્ય, હે આરોગ્યવાળા, પ્રીતિવાળા, પ્રશસ્ય અને અત્યંત કાંતિયુક્ત રૂપવાળા, તપાવેલી રૂપાના પાટા જેવી સફેદ, નિર્મળ, સ્નિગ્ધ અને ઉજ્જવળ દાંતની પંક્તિ વાળા, હે શક્તિ, કીર્તિ, તેજોમય, યુક્તિ અને ગુપ્તિ વડે શ્રેષ્ઠ, હે દેદીપ્યમાન તેજના સમૂહવાળા, ધ્યાન કરવા યોગ્ય, હે સમસ્ત વિશ્વમાં પ્રભાવ પાડનારા જાણવા યોગ્ય એવા હે શાંતિનાથ ! મને સમાધિ આપો. (૧૪)

અજિતનાથ પ્રભુની સ્તુતિ

વિમલ સસિ કલાઇ રેઅ સોમં, વિતિમિર સૂર કરાઈરેઅ તેઅં,
તિઅસવઈ ગણાઈરેઅ રૂવં,
ધરણિધર પ્પવરાઈરેઅ સારં (૧૫) કુસુમલયા
સત્તે અ સયા અજિઅં, સારીરે અ બલે અજિઅં,
તવ સંજમે અ અજિઅં,
એસ થુણામિ જિણં અજિઅં (૧૬) ભુઅગ પરિરિંગિઅં

ઉપર પ્રમાણેના ગુણોથી શ્રીશાંતિનાથ પ્રભુની સ્તુતિ

સોમગુણેહિં પાવઈ ન તં નવ સરય સસી,
તેઅ ગુણેહિં પાવઈ ન તં નવ સરય રવી,

રૂવગુણેહિં પાવઈ ન તં તિઅસ ગણવઈ,
સાર ગુણેહિં પાવઈ ન તં ધરણિ ધરવઈ, (૧૭) **ખિજ્જિઅયં**
તિત્થવર પવત્તયં, તમરય રહિયં,
ધીરજણ થુઅચ્ચિઅં, ચુઅ કલિ કલુસં,
સંતિસુહ પ્પવત્તયં તિગરણ પયઓ,
સંતિમહં મહામુણિં સરણ મુવણ મે (૧૮) **લલિઅયં**

નિર્મળ ચંદ્રની પ્રભા કરતાં વધુ સૌમ્યતાવાળા, આવરણરહિત સૂર્યના કિરણથી વધુ તેજવાળા, ઈન્દ્રોના સમૂહથી અધિક રૂપવાળા, મેરુ પર્વતથી વધુ દઢતાવાળા, નિરંતર આત્મબળમાં અજીત, શારીરિક બળમાં પણ અજીત, તપ અને સંયમમાં પણ અજીત, એવા શ્રી અજિતનાથ જિનેશ્વરની હું સ્તવના કરું છું. (૧૫,૧૬)
સૌમ્ય ગુણ વડે જેમને નવીન શરદઋતુનો ચંદ્ર પણ ન પામી શકે, તેજ ગુણ વડે જેમને નવીન શરદઋતુનો સૂર્ય પણ ન પામી શકે, રૂપના ગુણ વડે ઈન્દ્ર પણ તેમને ન પામી શકે અને દઢતાના ગુણ વડે મેરુ પર્વત પણ તેમને પામી શકે નહિ, જેઓ શ્રેષ્ઠ તીર્થના પ્રવર્તક છે, કર્મ રૂપ રજથી રહિત છે, ધીર પુરુષો વડે સ્તુતિ કરાયેલ અને પૂજાયેલ છે, જેના મલિનતા અને વૈર દૂર થયા છે, જેઓ શાંતિ અને સુખને ફેલાવનારા છે. મોક્ષના પ્રવર્તક મહામુનિ એવા શ્રી શાંતિનાથનું મન, વચન, કાયાની એકાગ્રતા પૂર્વક હું શરણ સ્વીકારું છું. (૧૭,૧૮)

દેવકૃત ભક્તિ વર્ણનથી શ્રી અજિતનાથ પ્રભુની સ્તુતિ

વિણ ઓણય સિરરઈ અંજલિ રિસિગણ સંથુયં થિમિયં,
વિબુહા હિવ ધણવઈ નરવઈ થુઅ મહિ અચ્ચિયં બહુસો,
અઈરૂગ્ગય સરય દિવાયર સમહિઅ સપ્પભં તવસા,
ગયણં ગણ વિયરણ સમુઈઅ
ચારણ વંદિયં સિરસા (૧૯) **કિસલયમાલા**
અસુર ગરૂલ પરિવંદિયં, કિન્નરોરગ નમંસિયં,
દેવકોડિસય સંથુયં, સમણસંઘ પરિવંદિયં (૨૦) **સુમુહં**

અભયં, અણહં, અરયં, અરુયં,
અજિયં અજિયં, પયઓ પણમે (૨૧) વિજ્જુવિલસિયં

નિશ્ચલતા પૂર્વકની ભક્તિથી, નમેલા મસ્તક પર બે હાથ જોડી વંદન કરતા મુનિઓના સમુહ વડે સ્તુતિ કરાયેલા, ઈન્દ્ર, કુબેર અને ચક્રવર્તી વડે ઘણી વાર સ્તુતિ કરાયેલા, વંદાયેલ અને પૂજાયેલ, તપ વડે તત્કાળ ઉદય પામેલ શરદઋતુના સૂર્યની પ્રભાથી અધિક કાંતિવાળા, આકાશમાં વિચરતા ભેગા થયેલા ચારણ મુનિઓના મસ્તક વડે વંદાયેલા, અસુરકુમાર સુવર્ણકુમાર વગેરે ભવનપતિ દેવો વડે ઉત્કૃષ્ટ વંદન કરાયેલા, કિન્નર અને મહોરગ વગેરે વ્યંતર દેવો વડે નમસ્કાર કરાયેલા, સેંકડો ક્રોડ વૈમાનિક દેવો વડે સ્તુતિ કરાયેલ, શ્રમણ સંઘ વડે વિધિ પૂર્વક વંદાયેલ, ભય રહિત, પાપ રહિત, આસક્તિ રહિત, રોગ રહિત, કોઈથી પરાભવ ન પામેલા એવા શ્રી અજિતનાથને આદર વડે પ્રમાણ કરું છું. (૧૯,૨૦,૨૧)

દેવકૃત ભક્તિ વર્ણનથી શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ

આગયા વરવિમાણ દિવ્વકણગ રહતુરય પહકર સએહિં હુલિયં,
સસંભમો અરણ ખુભિઅ લુલિઅ ચલ કુંડલં ગય તિરીડ
સોહંત મઉલિ માલા (૨૨) વેઢ્ઢઓ.
જં સુરસંઘા, સાસુર સંઘા વેરવિઉત્તા ભત્તિ સુજુત્તા,
આયર ભૂસિઅ, સંભમ પિંડિઅ, સુટ્ઠુ સુવિમ્હિઅ સવ્વબલોઘા,
ઉત્તમ કંચણ રયણ પરૂવિઅ ભાસુર ભૂસણ ભાસુરિ અંગા,
ગાય સમોણય ભત્તિવસાગય પંજલિ પેસિય
સીસપણામા (૨૩) રયણમાલા,
વંદિઊણ થોઊણ તો જિણં, તિગુણમેવ ય પુણો પયાહિણં,
પણમિઊણ ય જિણં સુરાસુરા,
પમુઈઆ સભવણાઈ તો ગયા (૨૪) ખિત્તયં
તં મહામુણિ મહંપિ પંજલી, રાગદોસ ભય મોહ વજ્જિયં,

દેવ દાણવ નરિંદ વંદિયં,
સંતિ મુત્તમં મહાતવં નમે (૨૫) ખિત્તયં.

ઉત્તમ વિમાનોમાં બેસીને, સોનાના દિવ્ય રથોમાં આરૂઢ થઈને તથા સેંકડો ઘોડાના સમૂહ પર સવાર થઈને જેઓ શીઘ્ર આવેલા છે અને ઝડપથી નીચે ઊતરવાને લીધે જેમનાં કાનનાં કુંડલ, બાજુબંધ અને મુગટ ક્ષોભ પામીને ડોલી રહ્યા છે તથા ચંચલ બન્યા છે, તથા મસ્તક પર ખાસ પ્રકારની સુંદર માળાઓ ધારણ કરેલી છે, જેઓ (અરસ્પરસ) વૈર-વૃત્તિથી મુક્ત અને ઘણી ભક્તિવાળા છે, જેઓ ત્વરાથી એકઠા થયેલા છે, અને ઘણો વિસ્મય પામેલા છે તથા સકલ સૈન્ય-પરિવારથી યુક્ત છે, જેમનાં અંગો ઉત્તમ જાતિનાં સુવર્ણ અને રત્નોથી બનેલા પ્રકાશિત અલંકારો વડે દેદીપ્યમાન છે, જેઓનાં ગાત્ર ભક્તિભાવથી નમેલાં છે તેવા સુરોના અને અસુરોના સંઘો જે જિનેશ્વર પ્રભુને વંદીને , સ્તવીને, ત્રણ વાર પ્રદક્ષિણા દેવા પૂર્વક ફરીને, નમીને અત્યંત હર્ષપૂર્વક પોતાનાં ભવનોમાં પાછા ફરે છે, તે રાગ-દ્વેષ-ભય-મોહ-વર્જિત અને દેવેન્દ્રો, દાનવેંદ્રો અને નરેંદ્રોથી વંદિત શ્રેષ્ઠ મહાન્ તપસ્વી અને મહામુનિ શ્રીશાંતિનાથ ભગવાનને હું પણ અંજલિપૂર્વક નમસ્કાર કરું છું. (૨૨-૨૩-૨૪)

તે ભગવંતને, જેઓ મહામુનિ છે, રાગ, દ્વેષ, ભય અને મોહથી રહિત છે, દેવ, દાનવ અને રાજા વડે વંદાયેલા છે, શ્રેષ્ઠ અને વિશાળ તપવાળા એવા શ્રી શાંતિનાથને અંજલી કરીને, હું નમસ્કાર કરું છું. (૨૫)

'શ્રી અજિતનાથ પ્રભુની દેવાંગનાઓએ કરેલ સ્તુતિ'

અંબરંતર વિઆરણિઆહિં, લલિઅ હંસ વહુ ગામિણિ આહિં,
પીણ સોણિ થણ સાલિણિ આહિં,
સકલ કમલ દલ લોઅણિઆહિં; (૨૬) દીવયં.
પીણ નિરંતર થણભર વિણમિય ગાય લઆહિં,
મણિ કંચણ પસિઢિલ મેહલ સોહિઅ સોણિતડાહિં,
વર ખિંખિણિ નેઉર સતિલય વલય વિભૂસણિ આહિં,
રઈકર ચઉર મણોહર સુંદર દંસણિઆહિં (૨૭) ચિત્તક્ખરા.

દેવસુંદરીહિં પાય વંદિઆહિં,
વંદિયા ય જસ્સ તે સુવિક્કમા કમા,
અપ્પણો નિડાલએહિં, મંડણોડ્ડણ પ્પગારએહિં કેહિં કેહિં વિ,
અવંગ તિલય પત્તલેહ નામએહિં ચિલ્લએહિં સંગયં ગયાહિં,
ભત્તિ સન્નિવિટ્ઠ વંદણાગયાહિં હુંતિ તે
વંદિઆ પુણો પુણો (૨૮) **નારાયઓ.**
તમહં જિણચંદં, અજિયં જિઅમોહં,
ધુય સવ્વકિલેસં, પયઓ પણમામિ (૨૯) **નંદિઅયં**

આકાશના અંતરાલમાં વિચરનારી, મનોહર હંસલીની જેમ ચાલનારી, પુષ્ટ એવા નિતંબો અને સ્તનો વડે શોભતી, કલાયુક્ત ખીલેલા કમલ-પત્રો જેવા નયનોવાળી, મોટા અને અંતર-રહિત સ્તનોના ભાર વડે નમી ગયેલ શરીર વેલડીવાળા, મણિ અને સુવર્ણની બનાવેલ ઢીલી મેખલા (કંદોરા) વડે શોભાયમાન નિતંબ-પ્રદેશવાળા, શ્રેષ્ઠ ઘુઘરીઓવાળા ઝાંઝર અને ટપકીવાળા કંકણ (કંડા) વડે સુશોભિત એવી, પ્રીતિ ઉપજાવનારી, ચતુર જનના મનને હરનારી, સુંદર દર્શનવાળી, જિન-ચરણોને નમવા માટે તત્પર થયેલી, આંખમાં કાજળ, કપાળમાં તિલક તથા સ્તન-મંડળ પર પત્રલેખા એવા વિવિધ પ્રકારના આભૂષણોવાળી, દેદીપ્યમાન, માપસરનાં અંગોવાળી અથવા વિવિધ નાપ્ય કરવાને તત્પર થયેલી તથા (અલંકાર દ્વારા શરીરના) કિરણોના સમૂહવાળી, આભૂષણની રચનાના પ્રકારો વડે, તે વળી કેવા કેવા પ્રકારો ? અપાંગતિલક (આંખમાં કાજળ) અને પત્રલેખા (કપાળે તિલક) નામ વડે દેદીપ્યમાન પ્રમાણોપેત અંગવાળી, ભક્તિ-પૂર્ણ, વંદન માટે આવેલી દેવાંગનાઓએ, પોતાના લલાટો વડે, જેમના સમ્યક્ પરાક્રમવાળા ચરણો વાંદેલા છે તથા ફરી ફરી વાંદેલા છે જેમના સર્વ દુઃખોનો નાશ કરનાર, તે મોહને સર્વથા જિતનારા, તેવા શ્રી જિનેશ્વર શ્રી અજિતનાથને હું આદરપૂર્વક નમસ્કાર કરું છું. (૨૬,૨૭,૨૮,૨૯)

શ્રી શાંતિનાથ પ્રભુની દેવાંગનાઓએ કરેલી સ્તુતિ

થુઅ વંદિઅયસ્સા, રિસિગણ, દેવગણેહિં,
તો દેવવહુહિં, પયઓ પણમિઅસ્સા,
જસ્સ જગુત્તમ સાસણઅસ્સા, ભત્તિ વસાગય પિંડિઅયાહિં,
દેવ વરચ્છરસા બહુઆહિં,
સુરવર રઈગુણ પંડિઅયાહિં (૩૦) **ભાસુરયં**
વંસસદ તંતિતાલ મેલિએ,
તિઉક્ખરા ભિરામ સદમીસએ કએ અ,
સુઈ સમાણણે અ સુદ્ધ સજ્જગીય પાય જાલ ઘંટિઆહિં,
વલય મેહલા કલાવ નેઉરાભિરામ સદમીસએ કએ અ,
દેવ નટ્ટિઆહિં હાવભાવ વિબ્ભમ પ્પગારએહિં,
નચ્ચિઉણ અંગહારએહિં,
વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા,
તયં તિલોય સવ્વસત્ત સંતિકારયં, પસંત સવ્વપાવ દોસમેસ હં,
નમામિ સંતિમુત્તમં જિણં (૩૧) **નારાયઓ**

દેવોને ઉત્તમ પ્રકારની પ્રીતિ ઉત્પન્ન કરવામાં કુશલ એવી સ્વર્ગની અનેક સુંદરીઓ ભક્તિવશાત્ એકત્ર થાય છે. તેમાંની કેટલીક વાંસળી વગેરે શુષિર વાદ્યો વગાડે છે, કેટલીક તાલ વગેરે ઘન વાદ્યો વગાડે છે અને કેટલીક નૃત્ય કરતી જાય છે અને પગમાં પહેરેલા જાલબંધ ઘૂઘરાના અવાજને કંકણ, મેખલા-કલાપ અને નૂપુરના અવાજમાં મેળવતી જાય છે. તે વખતે જેનાં મુક્તિ આપવાને યોગ્ય, જગતમાં ઉત્તમ શાસન કરનારા તથા સુંદર પરાક્રમશાળી ચરણો પ્રથમ ઋષિઓ અને દેવતાઓના સમૂહ વડે સ્તવાય છે તથા વંદાય છે, પછી દેવીઓ વડે પ્રણિધાનપૂર્વક પ્રનમાય છે અને તત્પશ્ચાત્ હાવ, ભાવ, વિભ્રમ અને અંગહાર કરતી દેવર્તિકાઓ વડે વંદાય છે, તે ત્રિલોકના સર્વ જીવોને શાંતિ કરનારા, સર્વ પાપો અને દોષોથી રહિત ઉત્તમ જિન ભગવાન્ શ્રીશાંતિનાથને હું પણ નમસ્કાર કરું છું. (૩૦,૩૧)

શ્રી અજિતનાથ પ્રભુ અને શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિઓ

છત્ત ચામર પડાગ જુઅ જવ મંડિઆ,
ઝય વર મગર તુરય સિરિવચ્છ સુ લંછણા,
દીવ સમુદ મંદર દિસાગય સોહિઆ,
સત્થિઅ વસહ સીહ રહ ચક્ક વરંકિયા (૩૨) **લલિઅયં**
સહાવ લટ્ઠા સમ પ્પઈટ્ઠા, અદોસ દુટ્ઠા, ગુણેહિં જિટ્ઠા, પસાય સિટ્ઠા, તવેણ પુટ્ઠા, સિરીહિં ઈટ્ઠા, રિસીહિં જુટ્ઠા. (૩૩) **વાણવાસિઆ**
તે તવેણ ધુઅ સવ્વપાવયા; સવ્વલોઅ હિઅ મૂલ પાવયા,
સંથુઆ અજિઅ સંતિ પાયયા,
હું તુ મે સિવ સુહાણ દાયયા (૩૪) **અપરાંતિકા**

ઉપસંહાર

એવં તવ બલ વિઉલં, થુયં મએ અજિઅ સંતિ જિણ જુઅલં,
વવગય કમ્મ રય મલં, ગઈ ગયં સાસયં વિઉલં (૩૫) **ગાહા**

છત્ર, ચામર, પતાકા, સ્તૂપ અને જવ વડે શોભિત, શ્રેષ્ઠ ધ્વજ, મગર, અશ્વ અને શ્રીવત્સ એવા શુભ લંછનવાળા, દ્વીપ, સમુદ્ર, મેરુ પર્વત અને દિગ્ગજ વડે શોભિત, સ્વભાવથી સુંદર, સમતાભાવમાં સ્થિર, દોષથી રહિત, ગુણો વડે શ્રેષ્ઠ, કૃપા કરવામાં શ્રેષ્ઠ, તપ વડે પુષ્ટ, લક્ષ્મીથી પૂજાયેલા, ઋષિઓથી સેવાયેલા, તપ વડે સર્વ પાપોને દૂર કરનારા, સર્વ લોકને હિતનો માર્ગ દર્શાવનારા છે, તે સારી રીતે સ્તુતિ કરાયેલા, શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ મને મોક્ષસુખ આપનારા થાઓ. (૩૨,૩૩,૩૪)

ઉપસંહાર

એ પ્રકારે તપના બળથી મહાન, દૂર થયાં છે જેમના કર્મ રૂપ રજ અને મલ દૂર થયા છે, વિસ્તીર્ણ અને શાશ્વત ગતિને પામેલા શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ સ્વામીના યુગલની મેં સ્તવના કરી. (૩૫)

સ્તુતિ કરવાનું ફળ

તં બહુગુણ પ્પસાયં, મુક્ખ સુહેણ પરમેણ અવિસાયં,
નાસેઉ મે વિસાયં, કુણઉ અ પરિસાવિ અપ્પસાયં (૩૬) **ગાહા**

અંતિમ આશીર્વાદ

તં મોએઉ અ નંદિં,
પાવેઉ અ નંદિસેણ મભિનંદિં,
પરિસાવિ અ સુહ નંદિં, મમ ય દિસઉ સંજમે નંદિં (૩૭) **ગાહા**

આ સ્તોત્ર બોલવાના ખાસ પ્રસંગો

પક્ખિઅ, ચઉમ્માસિઅ,
સંવચ્છરીએ અવસ્સ ભણિઅવ્વો,
સોઅવ્વો સવ્વેહિં, ઉવસગ્ગ નિવારણો એસો (૩૮)

ઘણા ગુણોયુક્ત, ઉત્કૃષ્ટ મોક્ષસુખ વડે વિષાદ રહિત, તે યુગલ મારા વિષાદનો નાશ કરો તથા સભાને અને મને પણ અનુગ્રહ કરો. (૩૬)
તે યુગલ ભવ્ય જીવોને હર્ષ કરાવો, મંગળ પ્રાપ્ત કરાવો અને નંદિષેણને સમસ્ત પ્રકારે આનંદ કરાવો, શ્રોતાજનોની સભાને પણ સુખ સમૃદ્ધિ આપો તથા મને પણ સંયમમાં આનંદ આપો. (૩૭)
આ સ્તોત્ર ઉપસર્ગનું નિવારણ કરનાર છે, તેથી પક્ખી, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં અવશ્ય ભણવા યોગ્ય છે અને સર્વે માણસોએ સાંભળવા યોગ્ય છે. (૩૮)

રોજ બંને વખત આ સ્તોત્ર ગણવાથી થતા લાભ

જો પઢઈ જો અ નિસુણઈ, ઉભઓ કાલંપિ અજિઅ સંતિથયં,
ન હુ હુંતિ તસ્સ રોગા, પુવ્વુપ્પન્ના વિ નાસંતિ (૩૯)

અંતિમ ઉપદેશ

જઈ ઈચ્છહ પરમપયં, અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે,
તા તેલુક્કુદ્ધરણે, જિણ વયણે આયરં કુણહ. (૪૦)

શ્રી અજિતશાંતિ સ્તવનને બંને વખત જે ભણે છે અથવા સાંભળે છે તેને રોગો થતા નથી અને પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો પણ નાશ પામે છે. (૩૯)
જો તમે પરમપદને અથવા ત્રણ ભુવનમાં વિસ્તાર પામેલી કીર્તિને ઈચ્છો છો, તો ત્રણે લોકનો ઉદ્ધાર કરનાર જિનવચનને વિષે આદર કરો. (૪૦)

આ સ્તોત્ર રચનાર શ્રી નંદિષેણ મુનિ માનવામાં આવે છે. કોઈ કહે છે તેમ શ્રી નેમનાથ પ્રભુના શાસનમાં એક નંદિષેણમુનિ થયા છે. વળી કોઈ કહે છે શ્રી મહાવીર સ્વામીના શાસનમાં થયેલા નંદિષેણ મુનિ છે.
શ્રી શત્રુંજયગિરિની ૬ ગાઉની પ્રદક્ષિણાએ જતાં ચિલ્લાણા તલાવડી પાસે શ્રી શાંતિનાથ પ્રભુ અને શ્રી અજિતનાથ પ્રભુની બે દેરીઓ સામસામે હોવાથી એકમાં ચૈત્યવંદન કરતા બીજાને પૂંઠ પડતી અને તેથી અશાતના થતી. ત્યારે આ સ્તોત્રકારે આ સ્તોત્ર એવી ભક્તિભાવે ગાયું કે બંને દેરીઓ પાસે પાસે જોડાઈ ગઈ.

ઉત્કૃષ્ટકાળે વિહરતા ૧૭૦ જિનેશ્વરો વર્ણ અનુસાર સ્તવેલા છે.

વરકનક શંખ વિદ્રુમ,
મરકત ઘન સન્નિભં વિગત મોહમ્,
સપ્તતિ શતં જિનાનાં, સર્વામર પૂજિતં વંદે (૧)

ઉત્તમ સુવર્ણ, શંખ, પરવાળા, નીલમ, અને મેઘ જેવા (વર્ણવાળા) મોહ રહિત, સર્વ દેવતાઓથી પૂજાયેલ એકસો ને સિત્તેર તીર્થંકર ભગવંતોને (આ અવસર્પિણીમાં બીજા શ્રી અજીતનાથ ભગવાનના સમયમાં ૧૭૦ જિનેશ્વર દેવો વિહરતા હતા) હું વંદન કરું છું. (૧)

સાયંકાલીન પ્રતિક્રમણમાં છ આવશ્યક પૂર્ણ થયા પછી 'ભગવાન્હં' આદિ પંચ પરમેષ્ઠિને વંદન કરતા પહેલાં આ સૂત્ર સામુહિક બોલાય છે.

'વરકનક' સૂત્રમાં શ્રી જિનેશ્વર દેવોનું બાહ્ય સ્વરૂપ કેવા પ્રકારનું હોય છે અને તેમના દેહોનો વર્ણ કેવા પ્રકારનો છે તે બતાવ્યું છે. જેમકે કેટલાંક જિનેશ્વરો સુવર્ણ જેવા પીળી છાંટને ધારણ કરનારા છે. કેટલાંક શ્રેષ્ઠ શંખ જેવી શ્વેતરંગ છટાને ધારણ કરનારા છે. કેટલાંક શ્રેષ્ઠ પરવાળા જેવી રક્ત છટાને, શ્રેષ્ઠ નીલમ જેવી નીલ રંગ છટાને અને કેટલાક શ્રેષ્ઠ મેઘ જેવી શ્યામ રંગ છટાને ધારણ કરનારા છે. એ પછી જિનેશ્વરનું આંતરિક સ્વરૂપ 'વિગત-મોહ' એવા વિશેષણ દ્વારા બતાવ્યું છે. એ રીતે એમની વીતરાગતાનું સ્મરણ કરવામાં આવ્યું છે. કારણકે ભાવ અરિહંતપણું વીરરાગતાને લીધે જ પ્રગટ થાય છે. છેવટે સર્વ જિનેશ્વરોને સર્વ-અમર-પૂજિત વર્ણવ્યા છે. આ વિશેષણદ્વારા તેમને ચાર મૂલ અતિશયોથી યુક્ત સૂચવ્યા છે. પૂજાતિશય અન્ય અતિશયો વિના હોઈ શકે નહીં, એથી તેઓ જ્ઞાનાતિશય, વચનાતિશય અને અપાયાપગમાતિશયની સાથે પૂજાતિશયથી પણ યુક્ત છે, એવું સૂચિત કર્યું છે. સર્વ અમરોથી પૂજિત, એ વિશેષણ દ્વારા આ જિનેશ્વરો સર્વ મર્ત્યોને તો વિશેષ પ્રકારે પૂજનીય છે- એવો અંતરધ્વનિ છે.

આ વર્ણન યંત્રના સ્મરણ પ્રસંગમાં યોજાયેલું હોઈને યોગ વિદ્યા-વિશારદોને ધ્યાન ધરવામાં ઉપયોગી થઈ શકે તેવું છે. યંત્રને તૈયાર કરતી વખતે આ ગાથા ખાસ બોલવામાં આવે છે.

(પછી એક એક ખમાસમણે ભગવાનાદિ ચારને વાંદવા.)

સર્વશ્રેષ્ઠ એવા પાંચ પરમેષ્ઠિ ભગવંતોને ભાવ પૂર્ણ હૃદયથી નમસ્કાર

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ,
મત્થએણ વંદામિ. (૧) **ભગવાનૂહં,**

હે ક્ષમાશ્રમણ ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને **(અરિહંત અને સિદ્ધસ્વરૂપ)** ભગવંતોને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ,
મત્થએણ વંદામિ. (૨) **આચાર્યહં**

હે ક્ષમાશ્રમણ ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને **(આચાર્યોને)** વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૨)

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ,
મત્થએણ વંદામિ. (૩) **ઉપાધ્યાયહં**

હે ક્ષમાશ્રમણ ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને **(ઉપાધ્યાયોને)** વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૩)

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ,
મત્થએણ વંદામિ. (૪) **સર્વ-સાધુહં**

હે ક્ષમાશ્રમણ ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને **(સર્વ સાધુઓને)** વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૪)

(જમણા હાથની મુઠ્ઠી ચરવળા અથવા કટાસણા ઉપર સ્થાપીને માથુ નમાવીને, વડીલ હોય તો તે, 'અઢ્ઢાઈજેસુ' કહે.)

અઢીદ્વીપ માં રહેલ અઢાર હજાર શિલાંગ શીલ-ચારિત્રના ધરનાર સર્વ સાધુ ભગવંતોને વિવિધ ગુણ સ્મરણ કરી વંદના.

અઢ્ઢાઈજ્જેસુ દીવ સમુદ્દેસુ,
પનરસસુ, કમ્મ ભૂમીસુ,
જાવંત કે વિ સાહુ,
રય હરણ ગુચ્છ પડિગ્ગહ ધારા (૧)
પંચ મહ વ્વય ધારા, અઠ્ઠારસ સહસ્સ સીલંગ ધારા,
અક્ખુયા યાર ચરિત્તા,
તે સવ્વે સિરસા મણસા મત્થએણ વંદામિ (૨)

અઢીદ્વીપ અને બે સમુદ્ર સંબંધી પંદર કર્મભૂમિને વિષે જે કોઈ પણ સાધુ ભગવંતો રજોહરણ (ઓઘો), ગુચ્છક (પાત્રાની ઝોળી ઉપર-નીચે બંધાય તે) અને પાત્રા (આદિ)ને ધારણ કરનારા. (૧)
પાંચ મહાવ્રતને ધારણ કરનાર, અઢાર હજાર શીલના અંગને ધારણ કરનાર, તથા સંપૂર્ણ આચારરૂપ ચારિત્રવાળા, તે સર્વને હું મસ્તકથી અને મનથી વંદન કરું છું. (૨)

આ સૂત્ર શ્રાવક- શ્રાવિકાગણે દેવસિઅ-રાઈઅ પ્રતિક્રમણમાં છ આવશ્યક પૂર્ણ થયા પછી 'ભગવાનહં' આદિ પંચ પરમેષ્ઠિને વંદન કર્યા પછી બોલવાનું હોય છે. વડીલ ભાગ્યશાળી સૂત્ર ઉચ્ચારે (અન્યો સાંભળે) ત્યારે સર્વે જમણા હાથની હથેળી ચરવળા/કટાસણા ઉપર ચત્તી સ્થાપન કરે તેવી વિધિ છે.

આહાર-પાણીને ધારણ કરવા સમર્થ કાષ્ઠના પાત્રાથી શોભતા અને ગોચરી વાપરવા છતાં કર્મનિર્જરા સાધતા અને અહિંસા, જૂઠ, ચોરી, મૈથુન પરિગ્રહથી સર્વથા વિરામ પામવા માટે પાંચ મહાવ્રતને ધારણ કરતા અને જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારરૂપ પંચાચારનું સુવિશુદ્ધ પાલન કરવા સાથે શુદ્ધ નિર્વિકાર હૃદય વૃત્તિને અખંડિત ધરનારા એવા મહાત્માઓને વંદન કરવા.

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
દેવસિય પાયચ્છિત્ત
વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં,
દેવસિય પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં.**

ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો ભગવન્ ! દિવસ સંબંધી અતિચારના પ્રાયશ્ચિતની વિશેષ શુધ્ધિ માટે કાયોત્સર્ગ કરું ? આજ્ઞા પ્રમાણ છે. દિવસ સંબંધી પ્રાયશ્ચિતની વિશુધ્ધિ માટે કાઉસ્સગ્ગ કરું છું.

કાઉસ્સગ્ગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

**અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ.** (૧)
**સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં.** (૨)
**એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો.** (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી,૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮-ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)
૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દષ્ટિનો સંચાર થવાથી. (૨)

આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)
જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)
ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, વોસિરાવું છું. (૫)

(પછી ચાર લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.)
(તે પાર્યા પછી પ્રગટ લોગસ્સ કહેવો)



૨૪ જિનેશ્વરોની નામ પૂર્વક સ્તુતિ

લોગસ્સ ઉજ્જોઅગરે,
ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. (૧)
ઉસભ મજિઅં ચ *વંદે*, **સંભવ મભિણંદણં** ચ **સુમઈ** ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ **ચંદપ્પહં** *વંદે*. (૨)
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ,
વિમલમણંતં ચ જિણં, **ધમ્મં સંતિં** ચ *વંદામિ*. (૩)
કુંથું અરં ચ મલ્લિં, *વંદે* **મુણિસુવ્વયં નમિજિણં** ચ,
વંદામિ **રિટ્ઠનેમિં, પાસં** તહ **વદ્ધમાણં** ચ. (૪)
એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જર મરણા,
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (૫)
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ. (૬)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (૭)

(કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત (પ્રકાશિત) કરનારા, ધર્મરૂપ તીર્થને કરનારા, રાગદ્વેષને જીતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરોનું હું કીર્તન કરીશ. (૧)

શ્રી ઋષભદેવને તથા **શ્રી અજિતનાથ**ને, **શ્રી સંભવનાથ**ને, **શ્રી અભિનંદનસ્વામી**ને, **શ્રી સુમતિનાથ**ને, **શ્રી પદ્મપ્રભસ્વામી**ને, **શ્રી સુપાર્શ્વનાથ**ને તથા રાગ-દ્વેષને જિતનારા **શ્રી ચંદ્રપ્રભસ્વામી**ને હું વંદન કરું છું. (૨)

શ્રી સુવિધિનાથને (જેમનું બીજું નામ) **પુષ્પદંતસ્વામી**ને, **શ્રી શીતલનાથ**ને, **શ્રી શ્રેયાંસનાથ**ને, **શ્રી વાસુપૂજ્યસ્વામી**ને, **શ્રી વિમલનાથ**ને, **શ્રી અનંતનાથ**ને, જિનેશ્વર **શ્રી ધર્મનાથ**ને તથા **શ્રી શાંતિનાથ**ને હું વંદન કરું છું. (૩)

શ્રી કુંથુનાથને, **શ્રી અરનાથ**ને, **શ્રી મલ્લિનાથ**ને, **શ્રી મુનિસુવ્રતસ્વામી**ને અને **શ્રી નમિનાથ**ને, **શ્રી અરિષ્ટ-નેમિનાથ**ને, **શ્રી પાર્શ્વનાથ**ને અને **શ્રી વર્ધમાનસ્વામી**ને હું વંદન કરું છું. (૪)

આ રીતે મારા વડે સ્તવના કરાયેલ, કર્મરૂપ રજ અને મલ દૂર કર્યા છે એવા, જરા (અને) મૃત્યુ સર્વથા ક્ષીણ થયા છે એવા ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકર દેવો મારી ઉપર પ્રસન્ન થાઓ. (૫)

જેઓ ઈન્દ્રાદિ દેવતાઓ વડે કીર્તન-વંદન-પૂજન કરાયેલા છે, જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે, તેઓ મને આરોગ્ય (સિદ્ધપણું) અને સમ્યગ્દર્શનનો લાભ (બોધિલાભ)અને શ્રેષ્ઠ ભાવ-સમાધિનું વરદાન આપો. (૬)

ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મળ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, મોટા સમુદ્ર જેવા ગંભીર, સિદ્ધ પરમાત્મા મને મોક્ષ આપો. (૭)

૧) લોગસ્સમાં શ્રી તીર્થંકર ભગવંતોનું જ ગુણકિર્તન શા માટે?
ઉત્તર : શ્રી તીર્થંકર ભગવંતો ૧-પ્રધાન રીતે કર્મક્ષયનું કારણ હોવાથી ૨-પ્રાપ્ત થયેલ બોધિની વિશુદ્ધિમાં હેતુ હોવાથી ૩- ભવાંતરમાં બોધિનો લાભ કરાવનાર હોવાથી તેમનું ગુણકિર્તન કરાયેલું છે.
૨) દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં ૨૪ તીર્થંકરો જ કેમ હોય છે?
ઉત્તર : એક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં, ત્રિલોકના નાથ જેવા જિનેશ્વર ભગવંતોને જન્મવા લાયકના સાત ગ્રહનો ઉત્કૃષ્ટ સમય ચોવીસ વખત જ આવે છે.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સજ્ઝાય સંદિસાહું ? 'ઈચ્છં'.

હે ભગવન્ ! સજ્ઝાય ભણું ? આજ્ઞા માન્ય છે.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સજ્ઝાય કરું ? 'ઈચ્છં'.

હે ભગવન્ ! હું સજ્ઝાય કરું છું.

(પછી નીચે બેસી એક 'નવકાર', 'ઉવસ્સગ્ગહરં' ગણી 'સંસારદાવા'ની સઝ્ઝાય કહેવી)

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

ધર્મમાર્ગમાં અંતરાયભૂત વિઘ્નોના નિવારણની પ્રાર્થના

ઉવસગ્ગહરં પાસં,
પાસં વંદામિ કમ્મ ઘણ મુક્કં,
વિસ હર વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં (૧)
વિસ હર ફુલિંગ મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ,
તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠ જરા જંતિ ઉવસામં (૨)
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ,
નર તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં (૩)
તુહ સમ્મત્તે લદ્ધે,
ચિંતામણિ કપ્પપાય વબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં (૪)

નવકારમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રના ધારક અરિહંત અને સિદ્ધ ભગવાન નવકારમાં છે. તેથી જ્ઞાનાદિ પણ નવકારમાં છે જ. નવકારનો ઉપયોગ વિદ્યાભ્યાસ, શાસ્ત્ર-પઠન, ધર્માનુષ્ઠાન અને ધર્મોત્સવ આદિનો પ્રારંભ કરતા મંગળરૂપે બોલવામાં થાય છે.

ઈઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ,
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ (૫)

ઉપસર્ગને હરનારા, પાર્શ્વયક્ષવાળા, કર્મના સમૂહથી મુકાયેલા, વિષ ધારણ કરેલા સર્પના વિષનો નાશ કરનાર, મંગલ અને કલ્યાણના ઘર રૂપ એવા શ્રી પાર્શ્વનાથને હું વંદન કરું છું. (૧)
જે કોઈ મનુષ્ય, વિષને હરનાર સ્ફુલિંગમંત્રને કંઠમાં સદા ધારણ કરે છે, તેના ગ્રહ, રોગ, મરકી અને દુષ્ટ તાવ શાંતિને પામે છે. (૨)
તે (સ્ફુલિંગ) મંત્ર તો દૂર રહો, ફક્ત તમને કરેલા નમસ્કાર પણ ઘણા ફળને આપનાર થાય છે (અને) મનુષ્ય-તિર્યંચગતિમાં રહેલા જીવો પણ દુઃખ અને દુર્ભાગ્યને પામતા નથી. (૩)
ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારું સમ્યગ્દર્શન પામવાથી જીવો નિર્વિઘ્નપણે અજરામર (અજર=ઘડપણ રહિત=મોક્ષપાદ) ને પામે છે. (૪)
હે મોટા યશવાળા પાર્શ્વનાથ ભગવાન ! ભક્તિના સમૂહથી પરિપૂર્ણ એવા હૃદયથી મેં આ પ્રમાણે સ્તવના કરી છે, તેથી હે દેવ ! શ્રી પાર્શ્વનાથ જિનચંદ્ર ! મને જન્મોજન્મમાં બોધિબીજ (સમ્યગ્દર્શન)ને આપો. (૫)

શ્રી સંઘ ઉપર વ્યંતરદેવ દ્વારા ઉપદ્રવ કરવામાં આવેલ ત્યારે તેના નિવારણ માટે લગભગ ૨૨૦૦ વર્ષ પહેલા અંતિમ ચૌદપૂર્વધર શ્રી આર્યભદ્ર બાહુ સ્વામીજીએ આ સ્તોત્રની સાત ગાથા પ્રમાણ રચના કરેલ. વિષમકાળમાં તે મંત્રાક્ષરોનો દુરઉપયોગ થવાથી શાસનરક્ષક અધિષ્ઠાયક દેવની વિનંતીથી પાછળની બે ગાથા સંહરી લેવામાં આવેલ. હાલ પાંચ ગાથાનું આ સ્તોત્ર પૂર્વધરે રચેલ હોવાથી સૂત્ર પણ કહેવાય છે. આ પૂર્વધર ભગવંતે શ્રી કલ્પવૃક્ષની પણ રચના પૂર્વ માંથી કરેલ છે. તેઓ આર્ય શ્રી સ્થૂલભદ્ર સ્વામીજીના વિદ્યાગુરૂ પણ હતા.

પ્રતિક્રમણની વર્તમાન સમાચારીમાં ત્રણ સૂત્રો 'શાંતિ' નામવાળા આવે છે. અજિતશાંતિ સ્તવ, લઘુશાંતિ અને બૃહત્‌શાંતિ .

બૃહત્‌શાંતિ સૂત્રમાં જિનબિંબની પ્રતિષ્ઠા, રથયાત્રા અને સ્નાત્રના અંતે બોલવાનું સૂચન છે. આમ છતાં તેની મંગલમયતાને કારણે તે પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરી પ્રતિક્રમણ વખતે પણ બોલાય છે. સૂત્રની રચના સંસ્કૃત ભાષામાં છે. તે જો સંહિતાપૂર્વક બોલવામાં આવે તો અત્યંત આહ્‌લાદક ઉત્પન્ન કરે છે.

શ્રી મહાવીરસ્વામીની સ્તુતિ

સંસાર દાવા નલ દાહ નીરં,
સંમોહ ધૂલી હરણે સમીરં,
માયા રસા દારણ સાર સીરં,
નમામિ વીરં ગિરિ સાર ધીરં (૧)

સર્વ તીર્થંકર ભગવંતોની સ્તુતિ

ભાવા વનામ સુર દાનવ માનવેન,
ચૂલા વિલોલ કમલા વલિ માલિતાનિ,
સંપૂરિતા ભિનત લોક સમી હિતાનિ,
કામં નમામિ જિનરાજ પદાનિ તાનિ (૨)

આગમ-સિદ્ધાંતની સ્તુતિ

બોધા ગાધં સુપદ પદવી નીર પૂરા ભિરામં,
જીવા હિંસા વિરલ લહરી સંગ માગાહ દેહં.
ચૂલા વેલં ગુરુ ગમ મણિ સંકુલં દૂર પારં,
સારં વીરા ગમ જલ નિધિં સાદરં સાધુ સેવે (૩)

શ્રુતદેવી- સરસ્વતીદેવીની સ્તુતિ

આ મૂ લા લોલ ધૂલી બહુલ પરિમલા લીઢ લોલા લિ માલા,
ઝંકારા રાવ સારા મલ દલ કમલા ગાર ભૂમિ નિવાસે !
છાયા સંભાર સારે ! વર કમલ કરે ! તાર હારા ભિ રામે !
વાણી સંદોહ દેહે ! ભવ વિરહ વરં દેહિ મે દેવિ ! સારં (૪)

સંસારરૂપ દાવાનલના તાપને ઓલવવા માટે પાણી સમાન, મોહ એટલે અજ્ઞાનરૂપી ધૂળને દૂર કરવામાં પવન સમાન, માયા એટલે કપટરૂપી પૃથ્વીને ખોદવામાં તીક્ષ્ણ હળ સમાન, અને મેરુપર્વત જેવા ધૈર્યવાન શ્રી મહાવીર પ્રભુને હું નમસ્કાર કરું છું. (૧)

ભાવપૂર્વક નમસ્કાર કરનારા દેવો, દાનવો અને મનુષ્યોના સ્વામીઓના મુગટમાં રહેલ ચપળ કમળની શ્રેણિઓથી પૂજાયેલ, વળી નમસ્કાર કરનારા લોકોના મનોવાંછિત જેઓએ સારી રીતે પૂર્ણ કર્યા છે, એવા શ્રી જિનેશ્વર દેવોના ચરણોમાં હું ખૂબ નમસ્કાર કરું છું. (૨)

આ આગમ-સમુદ્ર અપરિમિત જ્ઞાનમાં કારણે ગંભીર છે. લલિત પદોની રચનારૂપ જલથી મનોહર છે. જીવદયા સંબંધી સૂક્ષ્મ વિચારો રૂપ મોજાઓથી ભરપૂર હોવાને લીધે પ્રવેશ કરવામાં કઠિન છે. ચૂલિકા રૂપ વેળા (ભરતી) વાળો છે. આલાયક રૂપી રત્નોથી ભરપૂર છે અને જેનો સંપૂર્ણ પાર પામવો અત્યંત મુશ્કેલ છે. એવા વીરપ્રભુના આગમરૂપી સમુદ્રની હું આદર પૂર્વક સેવા કરું છું. (૩)

મૂળથી ડોલાયમાન હોવાથી ખરેલા પરાગની અતિ સુગંધમાં મસ્ત થયેલા ભ્રમરોની શ્રેણીથી શોભાયમાન સુંદર પાંખડીવાળા કમળ-ઘર ઉપર આવેલા ભવનમાં રહેનારી ! કાંતિ-પૂંજથી શોભાયમાન ! હાથમાં સુંદર કમળને ધારણ કરનારી ! અને દેદીપ્યમાન હાર વડે અત્યંત મનોહર ! દ્વાદશાંગીની અધિષ્ઠાત્રી હે શ્રુતદેવી ! તમે મને મોક્ષનું ઉત્તમ વરદાન આપો. (૪)

આ સ્તુતિ પૂજ્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજની રચેલી છે. તેઓ ગૃહસ્થપણામાં પુરોહિત હોઈને વેદ-વેદાંતના જાણકાર હતા અને દીક્ષિત થયા પછી જૈન શાસ્ત્રોના પરમ નિષ્ણાત બન્યા હતા. તેમણે શ્રી નંદીસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર, આવશ્યકસૂત્ર આદિ આગમો પર વિશદ ટીકાઓ રચેલી છે. તેમનું સાહિત્ય વિવિધ, મૌલિક અને ઊંડા ચિંતનવાળું છે.

તેમણે પ્રાયશ્ચિત તરીકે ૧૪૪૪ ગ્રંથો બનાવવાના હતા. જ્યાં ૧૪૪૦ ગ્રંથો પુરા થયાં, પણ ૪ ગ્રંથો બાકી રહ્યાં હતા. તેવામાં કાળધર્મ નજીક આવવાથી તે વખતે તેમણે ૪ ગ્રંથોના સ્થાને સંસારદાવાનલ શબ્દથી શરૂ થતી ચાર સ્તુતિ પ્રાયશ્ચિત પૂરું કરવાના ઇરાદાથી સ્તુતિ રચી છે. તેમાં ચોથી શ્રુતદેવીની સ્તુતિનું પ્રથમ ચરણ રચાયું કે તેમની બોલવાની શક્તિ બંધ થઈ ગઈ, તેથી ત્રણ ચરણરૂપ બાકીની સ્તુતિ સંઘે અથવા શાસનદેવીએ તેમના હૃદયનો અભિગમ જાણી ચોથી સ્તુતિ પુરી કરી, ત્યારથી 'ઝંકારા' થી માંડી બાકીની સ્તુતિ સહુ શ્રાવકો એકી સાથે મોટા સ્વરે ઉલ્લાસમાં બોલે છે.

શ્રાવિકાઓ દૈવસિક અને રાઈ પ્રતિક્રમણમાં નમોસ્તુ વર્ધમાનાય અને વિશાલલોચન સ્તુતિની જગ્યાએ આ સ્તુતિની પ્રથમ ત્રણ ગાથાનો ઉપયોગ કરે છે. તથા ચતુર્વિધ સંઘ પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં સજ્ઝાયના સ્થાને ઉવસ્સગ્ગહર થોત્તપૂર્વક આ સ્તુતિનો ઉપયોગ કરે છે.

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

(ચરવળાવાળા ઉભા થઈને કાઉસ્સગ્ગ કરે)

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
દુક્ખક્ખય કમ્મક્ખય
નિમિત્તં કાઉસ્સગ્ગ કરું ? 'ઈચ્છં'
દુક્ખક્ખય કમ્મક્ખય નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં.

હે ભગવન્ ! દુષ્કર્મ અને કુકર્મ નિમિત્તે કાઉસ્સગ કરું ? આજ્ઞા માન્ય છે. દુષ્કર્મ અને કુકર્મ નિમિત્તે કાઉસ્સગ્ગ કરું છું.

કાઉસ્સગ્ગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)
એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી,૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮-ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)
૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દષ્ટિનો સંચાર થવાથી. (૨)
આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)
જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)
ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, વોસિરાવું છું. (૫)

અરિહંતના અનંતજ્ઞાનાદિ ગુણોની સ્મૃતિ થતાં, જ્યારે હૈયામાં અરિહંત પરમાત્મા પ્રત્યે અહોભાવ અને આદરભાવ જાગે ત્યારે એ આદરપૂર્વક જો અરિહંતના નામનું સ્મરણ કરવામાં આવે તો તે નામ સ્મરણાદિથી પુણ્યબંધ અને કર્મનિર્જરા થાય છે. આવા નામસ્મરણાદિ પરંપરાએ પરમપદની પ્રાપ્તિનું કારણ બને છે.

(પછી ચાર લોગસ્સ સંપૂર્ણ અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી 'નમોહર્ત' કહી વડીલ હોય તેણે મોટી શાંતિ કહેવી. બાકીના શાંતિપાઠ સાંભળી 'નમો અરિહંતાણં' કહી કાઉસ્સગ્ગ પારે.)



૨૪ જિનેશ્વરોની નામ પૂર્વક સ્તુતિ

લોગસ્સ ઉજ્જોઅગરે,
ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. (૧)
ઉસભ મજિઅં ચ *વંદે*, **સંભવ મભિણંદણં** ચ **સુમઈ** ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ **ચંદપ્પહં** *વંદે.* (૨)
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ,
વિમલમણંતં ચ જિણં, **ધમ્મં સંતિં** ચ *વંદામિ.* (૩)
કુંથું અરં ચ મલ્લિં, *વંદે* **મુણિસુવ્વયં નમિજિણં** ચ,
વંદામિ **રિટ્ઠનેમિં, પાસં** તહ **વદ્ધમાણં** ચ. (૪)
એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જર મરણા,
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (૫)
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ. (૬)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (૭)

(કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત કરનારા, ધર્મરૂપ તીર્થને કરનારા, રાગદ્વેષને જીતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરોનું હું કીર્તન કરીશ. (૧)
શ્રી ઋષભદેવને તથા **શ્રી અજિતનાથ**ને, **શ્રી સંભવનાથ**ને, **શ્રી અભિનંદનસ્વામી**ને, **શ્રી સુમતિનાથ**ને, **શ્રી પદ્મપ્રભસ્વામી**ને, **શ્રી**

સુપાર્શ્વનાથને તથા રાગ-દ્વેષને જિતનારા **શ્રી ચંદ્રપ્રભસ્વામી**ને હું વંદન કરું છું. (૨)
શ્રી સુવિધિનાથને (જેમનું બીજું નામ) **પુષ્પદંતસ્વામી**ને, **શ્રી શીતલનાથ**ને, **શ્રી શ્રેયાંસનાથ**ને, **શ્રી વાસુપૂજ્યસ્વામી**ને, **શ્રી વિમલનાથ**ને, **શ્રી અનંતનાથ**ને, જિનેશ્વર **શ્રી ધર્મનાથ**ને તથા **શ્રી શાંતિનાથ**ને હું વંદન કરું છું. (૩)
શ્રી કુંથુનાથને, **શ્રી અરનાથ**ને, **શ્રી મલ્લિનાથ**ને, **શ્રી મુનિસુવ્રતસ્વામી**ને અને **શ્રી નમિનાથ**ને, **શ્રી અરિષ્ટ-નેમિનાથ**ને, **શ્રી પાર્શ્વનાથ**ને અને **શ્રી વર્ધમાનસ્વામી**ને હું વંદન કરું છું. (૪)
આ રીતે મારા વડે સ્તવના કરાયેલ, કર્મરૂપ રજ અને મલ દૂર કર્યા છે એવા, જરા (અને) મૃત્યુ સર્વથા ક્ષીણ થયા છે એવા ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકર દેવો મારી ઉપર પ્રસન્ન થાઓ. (૫)
જેઓ ઈન્દ્રાદિ દેવતાઓ વડે કીર્તન-વંદન-પૂજન કરાયેલા છે, જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે, તેઓ (મને) આરોગ્ય અને સમ્યગ્દર્શનનો લાભ અને ઉત્તમ સમાધિનું વરદાન આપો. (૬)
ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મળ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, મોટા સમુદ્ર જેવા ગંભીર, સિદ્ધ પરમાત્મા મને મોક્ષ આપો. (૭)

પંચપરમેષ્ઠિને નમસ્કાર

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ (૧)

(આ સૂત્ર સ્ત્રીઓએ ક્યારેય ન બોલવું)

શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સઘળાય સાધુ ભગવંતને નમસ્કાર થાઓ. (૧)

- નવકારની જેમ લોગસ્સ સૂત્ર પણ એક મંત્ર સ્વરૂપ છે. આથી જ લોગસ્સ સૂત્રના જાપથી ઘણા ઉપસર્ગો-વિઘ્નોનો નાશ થઈ શકે છે. તેનું રટણ, સ્મરણ અને જ્ઞાન વિશેષ ફળ આપે છે.
- જ્ઞાનાદિ પણ નવકારમાં છે જ. નવકારનો ઉપયોગ વિદ્યાભ્યાસ, શાસ્ત્ર-પઠન, ધર્માનુષ્ઠાન અને ધર્મોત્સવ આદિનો પ્રારંભ કરતા મંગળરૂપે બોલવામાં થાય છે.
- ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભાયેલું કાર્ય ત્યાં સુધી સિદ્ધ નથી થતું જ્યાં સુધી શ્રી પંચપરમેષ્ઠિ - નમસ્કારમંત્રને સંભારવામાં આવ્યો નથી. નમસ્કાર મંત્ર પરિણામની વિશુદ્ધિનું કારણમાત્ર છે.

શ્રી બૃહત્‌શાંતિ સ્તોત્ર

સર્વ વિઘ્ન નિવારક, પરમમંગલવાચક, શ્રી શાંતિનાથની ભાવવાહી સ્તવના
(૧ મંગલાચરણ-મંદાક્રાન્તા છંદ)
આર્હતો (અરિહંત ભગવંતના શિષ્યો)માં શાંતિ હો.

ભો ભો ભવ્યાઃ !
શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્,
યે યાત્રાયાં ત્રિભુવન ગુરો રાર્હતા ભક્તિ ભાજઃ
તેષાં શાંતિ ર્ભવતુ ભવતા મર્હદાદિ પ્રભાવા
દારોગ્ય શ્રી ધૃતિ મતિ કરી ક્લેશ વિધ્વં સહેતુઃ (૧)

હે ભવ્યલોકો ! આ અવસર ઉચિત સર્વ વચન તમે સાંભળો. જે શ્રાવકો ત્રણ લોકના ગુરુ (વીતરાગ)ની યાત્રા (જન્મ મહોત્સવ પ્રસંગે)ને વિષે ભક્તિને ભજનારા છે, તેઓને અરિહંતાદિ પંચપરમેષ્ઠીના માહાત્મ્ય (પ્રસાદ) થકી આરોગ્ય લક્ષ્મી, સંતોષ અને વિશિષ્ટ બુદ્ધિને કરનારી તથા રાગદ્વેષાદિના નાશના કારણભૂત એવી શાંતિ થાઓ. (૧)

(૨.પીઠિકા)
શાંતિની ઉદ્‌ઘોષણા સાંભળો

ભો ભો ભવ્યલોકા! ઈહ હિ ભરતૈરાવત વિદેહ સંભવાનાં
સમસ્ત તીર્થ કૃતાં જન્મ ન્યાસન પ્રકંપાનંતર
મવધિના વિજ્ઞાય, સૌધર્માધિપતિઃ સુઘોષા ઘંટા ચાલનાનંતરં,
સકલ સુરા સુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનય મર્હદ્ ભટ્ટારકં
ગૃહીત્વા ગત્વા કનકાદ્રિ શૃંગે, વિહિત જન્માભિષેક :
શાંતિ મુદ્‌ઘોષયતિ, યથા તતોહં કૃતાનુકાર મિતિ કૃત્વા,
'મહાજનો યેન ગતઃ સ પન્થાઃ !' ઈતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય,
સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય, શાંતિ મુદ્‌ઘોષયામિ

તત્પૂજા યાત્રા સ્નાત્રાદિ મહોત્સવા નંતર મિતિ,
કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા. (૨)

હે ભવ્ય જીવો, આ જ ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા સમગ્ર તીર્થંકરોના જન્મ સમયે સૌધર્મ-દેવલોકના ઈંદ્રના આસન ચલાયમાન થયા પછી, ઈંદ્ર વડે અવધિજ્ઞાનના ઉપયોગ વડે (જિન જન્મને) જાણીને (હર્ષ પામેલ), સૌ ધર્માધિપતિ - સુઘોષા નામના ઘંટને વગાડ્યા પછી, સર્વ સુર (વૈમાનિક દેવો), અસુર (ભવનપતિના દેવો) અને તેમના ઈંદ્રોની સાથે (જિન જન્મ સ્થાને) ભક્તિથી આવીને પરમ વિનય સહિત સૌધર્મેન્દ્ર, અર્હદ્ ભટ્ટારક (બાળભગવાન)ને કરસંપુટમાં ગ્રહણ કરીને મેરુ પર્વતના શિખર ઉપર જઈને સ્નાત્રમહોત્સવ કર્યો, પછી તે (સ્નાત્રમહોત્સવના અંતે) શાંતિનો મોટા શબ્દો વડે ઉદ્‌ઘોષણા કરે છે (તેથી તે પ્રમાણે કરેલું અનુકરણ થાય તે માટે, હું પણ ઈંદ્રાદિદેવસમૂહ જે માર્ગે ગયો, તે જ માર્ગ પ્રમાણ છે એ કારણથી ભવ્ય પ્રાણીઓ સાથે (જિનાલય) ભક્તિથી રક્ત થઈને, સ્નાત્રપીઠિકા ઉપર વિધિ પ્રમાણે સ્નાત્ર કરીને મોટા શબ્દો વડે, શાંતિની, ઉદ્‌ઘોષણા કરું છું, તે પૂજા, યાત્રા અને સ્નાત્ર વગેરે મહોત્સવ કર્યા પછી એ પ્રમાણે કૃત્ય કરીને કાન દઈને તમે સાંભળો, સાંભળો. (સ્વાહા). (૨)

જે માર્ગે મહાજન (પૂર્વાચાર્યો) ગયેલા છે તે માર્ગ કહેવાય, એ પ્રમાણે આચરીને ભવ્ય જનો સાથે સ્નાત્રપીઠ ઉપર આવીને, સ્નાત્ર કરીને શાંતિ બોલું છું.

(૩.શાંતિ પાઠ)

શાંતિની ઉદ્‌ઘોષણાનો પ્રારંભ : જગતની વ્યવસ્થા અને
પવિત્રતાનો મુખ્ય આધાર તીર્થંકર પરમાત્મા ઉપર છે.

ૐ પુણ્યાહં પુણ્યાહં, પ્રીયંન્તા પ્રીયંન્તા, ભગવન્તોર્હન્તઃ
સર્વજ્ઞાઃ સર્વદર્શિન સ્ત્રિલોકનાથા, સ્ત્રિલોકમહિતા,
સ્ત્રિલોક પૂજ્યા, સ્ત્રિલોકેશ્વરા, સ્ત્રીલોકોદ્યોતકરાઃ (૩)

ૐ પદ વડે શોભાયમાન થયેલા પંચપરમેષ્ઠિને નમસ્કાર કરીને કહે છે કે આજનો દિવસ ઉત્તમ છે. કેવળજ્ઞાન વડે સર્વ પદાર્થને જાણનારા, કેવળદર્શન વડે સર્વને જોનારા, જે ત્રણ લોકના સ્વામી, ત્રણ લોક વડે (ત્રિભુવનવાસી જીવો વડે) પુષ્પાદિકે પૂજાયેલા, ત્રણ લોકના પૂજ્ય, ત્રણ લોકના ઈશ્વર અને ત્રણ લોકને ઉદ્યોત (પ્રકાશ) કરનારા એવા ઐશ્વર્યાદિ યુક્ત (ચોવીશ) તીર્થંકરો અત્યંત સંતુષ્ટ થાઓ, સંતુષ્ટ થાઓ. (૩)

શાંતિના ભંડાર ચોવીસ તીર્થંકર પરમાત્માઓ

ૐ ઋષભ, અજિત, સંભવ, અભિનન્દન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ, વર્દ્ધમાનાંતા જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવન્તુ સ્વાહા (૪)

ૐ પદ વડે નમસ્કાર કરીને, શોભાયમાન થયેલા શ્રી ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભસ્વામી, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભસ્વામી, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપુજ્યસ્વામી, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર સ્વામી પર્યંત ઉપશાંત થયેલા એવા હે (ચોવીશ) તીર્થંકરો ઉપશમ ભાવ વડે કષાયો દ્વેષાદિ વગેરે ઉપદ્રવોને નાશ કરનારા થાઓ - શાંતિ કરનારા થાઓ. (૪)

ભાવના બળથી-સદાના રક્ષક મુનિ મહાત્માઓ(૧)

ૐ મુનયો મુનિપ્રવરા રિપુવિજય
દુર્ભિક્ષ કાંતારેષુ; દુર્ગ્ગ માર્ગેષુ રક્ષંતુ વો નિત્યં સ્વાહા (૫)

ૐ પદ વડે નમસ્કાર કરીને મુનિઓમાં શ્રેષ્ઠ એવા હે મુનિઓ, શત્રુના વિજયને વિષે, દુષ્કાળ અને મહા અટવીને વિષે, વિકટ માર્ગોને વિષે તમારું સદા રક્ષણ થાઓ. (૫)

ૐ હ્રીં શ્રીં ધૃતિ મતિ કીર્તિ કાંતિ બુદ્ધિ લક્ષ્મી મેઘા વિદ્યા સાધન પ્રવેશ નિવેશનેષુ સુગૃહિત નામાનો જયંતુ તે જિનેંદ્રાઃ (૬)

ૐ (પ્રાણ મંત્ર), હ્રી (માયા બીજ-વશ કરનાર) શ્રી (લક્ષ્મીને આપનાર) સંતોષ મતિ- દીર્ઘદષ્ટિ, યશ (આપનારી), શોભા, બુદ્ધિ (કાળ પ્રમાણે), સંપત્તિ, ધારણ કરવાની બુદ્ધિ વિદ્યાની સાધનામાં, નગરાદિ પ્રવેશમાં, નિવાસ સ્થાનોને વિષે રૂડે પ્રકારે જેમના નામ ગ્રહણ કરાયા છે તેવા જિનેન્દ્ર જયવંતા વર્તો. (૬)

સોળ વિદ્યાદેવીઓ તરફનું રક્ષણ

ૐ રોહિણી, પ્રજ્ઞપ્તિ વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા,
પુરૂષદત્તા,
કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, સર્વાસ્ત્રા-મહાજ્વાલા,
માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી, મહામાનસી,
ષોડશ વિદ્યાદેવ્યો રક્ષતુ વો નિત્યં સ્વાહા. (૭)

ૐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રકુંશી, અપ્રતિચક્ર (ચક્કેશ્વરી), નરદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, સર્વ અસ્ત્રવાળી - મહાજ્વાલા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી, (અને) મહામાનસી, એ સોળે વિદ્યાદેવીઓ તમારું હંમેશાં રક્ષણ કરો. (૭)

શ્રી સંઘમાં શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ હો

ૐ આચાર્યો,ઉપાધ્યાય, પ્રભૃતિ, ચાતુર્વર્ણસ્ય
શ્રી શ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ, તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ (૮)

ૐ આચાર્ય, ઉપાધ્યાય, પ્રમુખ ચાર પ્રકારો (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા) છે જેને વિષે, એવા શ્રી મહાવીર પ્રભુના સંઘને ઉપશાંતિ થાઓ. સર્વ પ્રકારે સંતોષ થાઓ, સર્વ પ્રકારે ધર્મની પુષ્ટિ થાઓ. (૮)

વિવિધ પ્રકારના દેવોની પ્રસન્નતા

ૐ ગ્રહાશ્ચંદ્ર, સૂર્યાંગારક, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનૈશ્ચર, રાહુ કેતુ સહિતાઃ સલોકપાલા : સોમ, યમ, વરૂણ, કુબેર, વાસવાદિત્ય, સ્કંદ વિનાય કોપેતાઃ યે ચાન્યેપિ ગ્રામ નગર ક્ષેત્રદેવતા દયસ્તે સર્વે પ્રીયંન્તાં, પ્રીયંન્તાં અક્ષીણકોશ કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવંતુ સ્વાહા. (૯)

ૐ નવગ્રહો = ચંદ્ર, સૂર્ય, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ, (પુંછડીયા તારા) સહિત, લોકપાળના દેવો સહિત, સોમ, યમ, વરુણ, કુબેર, ઈંદ્ર, બાર સંક્રાંતિના સૂર્ય, કાર્તિકેય, ગણેશ સહિત ને બીજા પણ ગામ, નગર અને ક્ષેત્રના અધિષ્ઠાયક દેવો વગેરે સર્વ પ્રસન્ન થાઓ. પ્રસન્ન થાઓ. ક્ષય ન પામે તેવા (નિધિ) અક્ષય ભંડાર ધાન્યના કોઠારોવાળા રાજા પ્રાપ્ત થાઓ. (૯)

કુટુંબોમાં આનંદ અને પ્રમોદ

ૐ પુત્ર, મિત્ર, ભ્રાતૃ, કલત્ર, સુહૃદ્, સ્વજન, સંબંધિ, બંધુવર્ગ સહિતાઃ નિત્યં ચામોદ પ્રમોદ કારિણઃ (ભવન્તુ સ્વાહા) (૧૦)

અસ્મિંશ્ચ ભૂમંડલ આયતન નિવાસિ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાણાં રોગોપસર્ગ વ્યાધિ દુઃખ દુર્ભિક્ષ દૌર્મનસ્યો પશમનાય શાંતિર્ભવતુ. (૧૧)

ૐ પુત્ર, હિતેચ્છુ, સહોદરબંધુ, સ્ત્રી, મિત્ર, જ્ઞાતિજન, સગાં, પોતાના કુળની ગોત્રીઓ હંમેશાં આમોદ-પ્રમોદ કરનારા થાઓ. અર્થાત્ સર્વ વિશેષે કરીને પરસ્પર આનંદને કરવાવાળા થાઓ. વળી આ પૃથ્વી ઉપર પોતાના સ્થાનકોને વિષે વસનારા સાધુ, સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓનાં રોગ, ઉપસર્ગ, વ્યાધિ, દુઃખ, દુષ્કાળ અને ચિત્તની અસ્વસ્થતાના નિવારણને માટે શાંતિ થાઓ. (૧૦,૧૧)

એકંદરે શાંતિ કરનાર શ્રી શાંતિનાથ પ્રભુનું સ્મરણ

ૐ તુષ્ટિ પુષ્ટિ ઋદ્ધિ વૃદ્ધિ માંગલ્યોત્સવાઃ, સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યન્તુ દુરિતાનિ, શત્રવઃ પરાઙ્મુખા ભવંતુ સ્વાહા (૧૨)

ૐ ચિત્તનો સંતોષ, ધર્મ પ્રત્યેની પુષ્ટિ, ધનસંપતિ, વંશવૃદ્ધિ, કલ્યાણ અને ઉત્સવ થાઓ. ઉદયમાં આવેલાં પાપો નિરંતર સદા માટે શાંત થાઓ, અશુભ કર્મફળો શાંત થાઓ, શત્રુઓ અવળા મુખવાળા થાઓ. (૧૨)

શાંતિ કરનાર શ્રી શાંતિનાથપ્રભુનું સ્મરણ
(૪.શ્રી શાંતિનાથ સ્તુતિ - અનુષ્ટુપ)

શ્રીમતે શાંતિનાથાય નમઃ શાંતિ વિધાયિને
ત્રૈલોક્ય સ્યામરાધીશ મુકુટાભ્ય ર્ચિતાંઘ્રયે (૧) (૧૩)
શાંતિઃ શાંતિકરઃ શ્રીમાન્ શાંતિં દિશતુ મે ગુરુઃ,
શાંતિરેવ સદા તેષાં યેષાં શાંતિર્ગૃહે ગૃહે (૨) (૧૪)

શ્રીમાન્, ત્રણ લોકની શાંતિને કરનારા, દેવેન્દ્રોના મુકુટો વડે પૂજાયેલા છે ચરણ કમળ જેમના એવા શ્રી શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ. (૧) (૧૩)
તત્ત્વનો ઉપદેશ કરનારા શ્રીમાન, શાંતિને કરનારા એવા શ્રી શાંતિનાથ મને શાંતિ આપો. જેઓના ઘર ઘરમાં શ્રી શાંતિનાથ પૂજાય છે, તેઓને હંમેશા શાંતિ જ થાય છે. (૨) (૧૪)

(ગાથા)

ઉન્મૃષ્ટ રિષ્ટ દુષ્ટ, ગ્રહ ગતિ દુઃસ્વપ્ન દુર્નિમિત્તાદિ,
સંપાદિત હિત સંપન્ નામગ્રહણં જયતિ શાંતેઃ (૩) (૧૫)

ઉપદ્રવ, જે ખરાબ રીતે અસર કરે છે તેવી દુષ્ટ ગ્રહની ગતિ, ખરાબ સ્વપ્ન અને દુષ્ટ નિમિત્ત (ખરાબ અંગનું ફરકવું) વગેરે દૂર કર્યા છે અને સંપાદન કરી છે શુભ લક્ષ્મી જેણે એવું શાંતિનાથ પ્રભુનું નામગ્રહણ (નામોચ્ચારણ) જયવંત વર્તે છે. (૩) (૧૫)

શાંતિની ઉદ્‌ઘોષણા ક્યારે ? અને કોણે કરવી ?

શ્રી સંઘ જગજ્જનપદ, રાજાધિપ રાજ સન્નિવેશાનાં
ગોષ્ઠિક પુર મુખ્યાણાં, વ્યાહરણૈ વ્યાંહરે ચ્છાંતિમ્ (૪) (૧૬)

શ્રી સંઘ, જગત, રાજારૂપ અધિપતિઓ અને રાજાના રહેવાનાં સ્થાનોનાં, તેમજ ધર્મસભાના સભ્યો અને નગરના મોટા પુરુષોનાં નામગ્રહણ કરીને શાંતિની ઉદ્‌ઘોષણા કરવી. (૪) (૧૬)

શાંતિના જુદા જુદા નામો લઈ ઉચ્ચાર કરવો
(૫. શાંતિવ્યાહરણમ્ - ગાથા)

શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ, શ્રીજનપદાનાં શાંતિર્ભવતુ,
શ્રીરાજાધિપાનાં શાંતિર્ભવતુ, શ્રી રાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ,
શ્રીગોષ્ઠિકાનાં શાંતિર્ભવતુ, શ્રી પૌરમુખ્યાણાં શાંતિર્ભવતુ,
શ્રી પૌરજનસ્ય શા
ંતિર્ભવતું, શ્રી બ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ. (૧) (૧૭)

શ્રી શ્રમણસંઘને શાંતિ થાઓ, શ્રી જનપદ - દેશોને શાંતિ થાઓ, મહારાજાઓને શાંતિ થાઓ, રાજાઓના રહેવાનાં સ્થાનોને શાંતિ થાઓ, ધર્મસભાના સભ્યોને શાંતિ થાઓ, નગરના અગ્રણીઓને શાંતિ થાઓ, શ્રી નગરજનોને શાંતિ થાઓ અને શ્રી બ્રહ્મલોકને શાંતિ થાઓ. (૧) (૧૭)

(૬.આહુતિત્રયમ)

ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા. (૧૮)

ૐ સ્વાહા, ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથ સ્વામીને સ્વાહા. (૧૮)

(૭. વિધિ-પાઠ)

એષા શાંતિઃ પ્રતિષ્ઠા યાત્રા સ્નાત્રા
દ્યવસાનેષુ શાંતિકલશં ગૃહીત્વા
કુંકુમ ચંદનકર્પૂરાગરૂ ધૂપવાસ કુસુમાંજલિ સમેતઃ

સ્નાત્ર ચતુષ્કિ કાયાં શ્રીસંઘસમેતઃ શુચિ શુચિવપુઃ
પુષ્પ વસ્ત્ર ચંદના ભરણા લંકૃતઃ પુષ્પમાલાં કંઠે કૃત્વા
શાંતિ મુદ્‌ઘોષયિત્વા શાંતિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ. (૧૯)

આ શાંતિપાઠ પ્રતિષ્ઠા, રથયાત્રા અને સ્નાત્રમહોત્સવના અંતમાં કુંકુમ (કંકુ), ચંદન, કપૂર, અગરુ, ધૂપવાસ અને કસુમાંજલિથી યુક્ત બાહ્ય અને અભ્યંતર રીતે પવિત્ર શરીરવાળા, પુષ્પ, વસ્ત્ર, ચંદન અને અલંકારોથી સજ્જ એવા પુરુષે પુષ્પમાળાને કંઠમાં ધારણ કરીને, સ્નાત્ર મંડપમાં, શ્રી સંઘ સહિત હાથમાં શાંતિકળશને ગ્રહણ કરીને, શાંતિની ઉદ્‌ઘોષણા કરીને, શાંતિ જળ મસ્તક ઉપર લગાડવું જોઈએ. (૧૯)

અભિષેક વખતે જિનેશ્વરના ભક્તોની ભક્તિના પ્રકારો
(૮. પ્રાસ્તાવિક-પદ્યાનિ-ઉપજાતિ)

નૃત્યંતિ નૃત્યં મણિપુષ્પવર્ષં, સૃજંતિ ગાયંતિ ચ મંગલાનિ,
સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ મંત્રાન્,
કલ્યાણભાજો હિ જિનાભિષેકે, (૧) (૨૦)

શ્રી જિનસ્નાત્રના પ્રસંગે રત્ન અને પુષ્પને વરસાવવા પૂર્વક પુણ્યવાનો જ નૃત્યને નાચે છે, અષ્ટમંગલની રચના કરે છે. ગીતો ગાય છે, સ્તોત્રો, તીર્થંકરોના ગોત્રો અને મંત્રોને ભણે છે. (૧) (૨૦)

ઉપસંહાર
(ગાથા)

શિવમસ્તુ સર્વજગતઃ, પરહિત નિરતા ભવંતુ ભૂતગણાઃ,
દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ (૨) (૨૧)
અહં તિત્થયર માયા, સિવાદેવી તુમ્હ નયર નિવાસિની,
અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા (૩) (૨૨)

સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણીઓનો સમુદાય બીજાના હિતમાં તત્પર થાઓ, દોષો નાશ પામો અને સર્વ ઠેકાણે લોકો સુખી થાઓ. (૨) (૨૧)

હું નેમિનાથ તીર્થંકરની માતા શિવાદેવી તમારાં નગરમાં રહેનારી છું. અમારું કલ્યાણ થાઓ, તમારું કલ્યાણ થાઓ. વિઘ્નનો નાશ અને કલ્યાણ થાઓ. (૩) (૨૨)

(અનુષ્ટુપ)

ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ છિદ્યંતે વિઘ્ન વલ્લયઃ,
મનઃ પ્રસન્નતા મેતિ પૂજ્યમાને જિનેશ્વરે (૪) (૨૩)
સર્વ મંગલ માંગલ્યં સર્વ કલ્યાણ કારણમ્,
પ્રધાનં સર્વ ધર્માણાં જૈનં જયતિ શાસનમ્ (૫) (૨૪)

શ્રી જિનેશ્વરની પૂજા કરવાથી ઉપસર્ગો ક્ષય પામે છે. વિઘ્નરૂપી વેલડીઓ છેદાય છે અને મન પ્રસન્નતાને પામે છે. (૪) (૨૩)
સર્વ મંગલોમાં મંગલકારી, સર્વ કલ્યાણનું કારણ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું શ્રી જૈનશાસન જય પામે છે. (૫) (૨૪)

('નમો અરિહંતાણં' કહી કાઉસ્સગ્ગ પારીને પછી પ્રગટ લોગસ્સ કહેવો.)

૨૪ જિનેશ્વરોની નામ પૂર્વક સ્તુતિ

લોગસ્સ ઉજ્જોઅગરે,
ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. (૧)
ઉસભ મજિઅં ચ *વંદે*, **સંભવ મભિણંદણં ચ સુમઈં ચ,**
પઉમપ્પહં સુપાસં, જિણં ચ **ચંદપ્પહં** *વંદે*. (૨)
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ,
વિમલમણંતં ચ જિણં, **ધમ્મં સંતિં** ચ *વંદામિ*. (૩)
કુંથું અરં ચ મલ્લિં, *વંદે* **મુણિસુવ્વયં નમિજિણં** ચ,
વંદામિ **રિટ્ઠનેમિં, પાસં** તહ **વદ્ધમાણં** ચ. (૪)

એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જર મરણા,
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (૫)
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ. (૬)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (૭)

(કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત (પ્રકાશિત) કરનારા, ધર્મરૂપ તીર્થને કરનારા, રાગદ્વેષને જીતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરોનું હું કીર્તન કરીશ. (૧)

શ્રી ઋષભદેવને તથા **શ્રી અજિતનાથ**ને, **શ્રી સંભવનાથ**ને, **શ્રી અભિનંદનસ્વામી**ને, **શ્રી સુમતિનાથ**ને, **શ્રી પદ્મપ્રભસ્વામી**ને, **શ્રી સુપાર્શ્વનાથ**ને તથા રાગ-દ્વેષને જિતનારા **શ્રી ચંદ્રપ્રભસ્વામી**ને હું વંદન કરું છું. (૨)

શ્રી સુવિધિનાથને (જેમનું બીજું નામ) **પુષ્પદંતસ્વામી**ને, **શ્રી શીતલનાથ**ને, **શ્રી શ્રેયાંસનાથ**ને, **શ્રી વાસુપૂજ્યસ્વામી**ને, **શ્રી વિમલનાથ**ને, **શ્રી અનંતનાથ**ને, જિનેશ્વર **શ્રી ધર્મનાથ**ને તથા **શ્રી શાંતિનાથ**ને હું વંદન કરું છું. (૩)

શ્રી કુંથુનાથને, **શ્રી અરનાથ**ને, **શ્રી મલ્લિનાથ**ને, **શ્રી મુનિસુવ્રતસ્વામી**ને અને **શ્રી નમિનાથ**ને, **શ્રી અરિષ્ટ-નેમિનાથ**ને, **શ્રી પાર્શ્વનાથ**ને અને **શ્રી વર્ધમાનસ્વામી**ને હું વંદન કરું છું. (૪)

આ રીતે મારા વડે સ્તવના કરાયેલ, કર્મરૂપ રજ અને મલ દૂર કર્યા છે એવા, જરા (અને) મૃત્યુ સર્વથા ક્ષીણ થયા છે એવા ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકર દેવો મારી ઉપર પ્રસન્ન થાઓ. (૫)

જેઓ ઈન્દ્રાદિ દેવતાઓ વડે કીર્તન-વંદન-પૂજન કરાયેલા છે, જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે, તેઓ મને આરોગ્ય (સિદ્ધપણું) અને સમ્યગ્દર્શનનો લાભ (બોધિલાભ)અને શ્રેષ્ઠ ભાવ-સમાધિનું વરદાન આપો. (૬)

ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મળ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, મોટા સમુદ્ર જેવા ગંભીર, સિદ્ધ પરમાત્મા મને મોક્ષ આપો. (૭)

(પ્રતિક્રમણ પુરું થયા પછી છેલ્લા કેટલાંક વર્ષોથી કેટલીક જગ્યાએ 'સંતિકરં સ્તવ' બોલાય છે. જેથી તે નીચે આપ્યું છે.)

સંતિકરં સ્તોત્ર

નવસ્મરણમાં ત્રીજું સ્મરણ - શ્રી સંતિકરં સ્તોત્ર
શાસન રક્ષક દેવ-દેવીઓના સ્મરણ સાથે શ્રી શાંતિનાથની ભાવવાહી સ્તવના

મંગળાચરણ અને વિષય નિર્દેષ શાંતિનાથનું સ્મરણ, ભક્તોના પાલન અને જય તથા શ્રી આપતા નિર્વાણીદેવી અને ગરુડનું સ્મરણ

સંતિકરં સંતિજિણં,
જગ સરણં જય સિરીઇ દાયારં,
સમરામિ ભત્ત પાલગ નિવ્વાણી ગરુડ કય સેવં (૧)

જેઓ (ઉપદ્રવોને નાશ કરીને) શાંતિ કરનારા છે, જગતના જીવોને શરણરૂપ (આધાર રૂપ) છે, જય અને લક્ષ્મી આપનારા છે તથા ભક્તોનું પાલન કરવા સમર્થ એવી નિર્વાણીદેવી તથા ગરુડ યક્ષ વડે સેવાયેલા છે એવા શ્રી શાંતિનાથ ભગવાનનું હું સ્મરણ કરું છું. (૧)

સૂરિમંત્રો - ગતમંત્રાક્ષરોપૂર્વક શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ
જય અને શ્રી મંત્રોનું સ્મરણ ઉપદ્રવને/વ્યાધિને દુર કરી ઇચ્છિત ફળ આપે છે.

ૐ સનમો વિપ્પો સહિ પત્તાણં સંતિ સામિ પાયાણં,
ઝૌં સ્વાહા મંતેણં, સવ્વા સિવ દુરિઅ હરણાણં (૨)
ૐ સંતિ નમુક્કારો, ખેલોસહિમાઇ લદ્ધિ પત્તાણં,
સૌં હ્રીં નમો સવ્વોસહિ પત્તાણં ચ દેઇ સિરિં (૩)

વિપ્રુડૌષધિ (જે લબ્ધિના પ્રભાવે, વિષ્ટા (થૂંક) રોગને શમાવનારી થાય છે) શ્લેષ્મૌષધિ (કફ આદિ માટે ઔષધિરૂપ હોય) સર્વૌષધિ (જેના શરીરના સર્વ પદાર્થો ઔષધિરૂપ હોય) આદિ લબ્ધિઓને પામેલા તથા સર્વ ઉપદ્રવને

દૂર કરનારા, એવા શ્રી શાંતિનાથ ભગવાનને 'ૐ નમઃ, ઝૌં સ્વાહા તથા 'સૌં હ્રીં નમઃ' આવા મંત્રાક્ષરોપૂર્વક નમસ્કાર હો. શ્રી શાંતિનાથ ભગવાનને કરાયેલો નમસ્કાર લક્ષ્મીને આપે છે. (૨,૩)

(આ બે ગાથામાં સૂરિમંત્રના પદો છે.)
એકંદરે જૈનશાસનના સર્વે રક્ષકો તરફથી રક્ષા
સરસ્વતીદેવી, ત્રિભુવન સ્વામીની દેવી, શ્રીદેવી, ગણિપીટક, ગ્રહો, દિક્પાલ ઈન્દ્રોનું સ્મરણ

વાણી તિહુઅણ સામિણિ, સિરિદેવી જક્ખરાય ગણિપિડગા,
ગહ દિસિપાલ સુરિંદા, સયા વિ રક્ખંતુ જિણભત્તે (૪)

સરસ્વતી (શ્રુતદેવી), ત્રણ ભુવનની સ્વામિની (ત્રિભુવન સ્વામિની), શ્રી દેવી (લક્ષ્મીદેવી), યક્ષરાજ ગણિપિટક, ગ્રહો, દિક્પાલો, દેવેન્દ્રો નિરંતર-નિત્ય-સદા કાળ માટે જિનેશ્વર ભગવંતોના ભક્તોનું રક્ષણ કરો. (૪)

સોળ વિદ્યાદેવીનું સ્મરણ

રક્ખંતુ મમ રોહિણી, પન્નત્તી, વજ્જસિંખલા ય સયા,
વજ્જંકુસી, ચક્કેસરી, નરદત્તા, કાલી, મહાકાલી, (૫)
ગોરી તહ ગંધારી, મહજાલા, માણવી, અ વઈરુટ્ટા,
અચ્છુત્તા, માણસિઆ, મહામાણસિયા, ઉ દેવીઓ (૬)

રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાલી અને મહાકાલી મારું સદા માટે રક્ષણ કરો. (૫)
વળી ગૌરી, ગાંધારી, મહાજ્વાલા, માનવી, વૈરોટ્યા તેવી જ રીતે અચ્છુપ્તા, માનસી, મહામાનસી એ સોળ વિદ્યાદેવીઓ. (૬)

૨૪ તીર્થંકર પરમાત્માઓના શાસનના અધિષ્ઠાયક યક્ષો અને દેવીઓ તરફનું રક્ષણ

જક્ખા ગોમુહ, મહજક્ખ, તિમુહ, જક્ખેસ, તુંબરૂ, કુસુમો,
માયંગ, વિજય, અજિઆ, બંભો, મણુઓ, સુરકુમારો, (૭)
છમ્મુહ, પયાલ, કિન્નર, ગરુલો, ગંધવ્વ, તહ ય જક્ખિંદો,
કૂબેર, વરુણો, ભિઉડી, ગોમેહો, પાસ, માયંગા (૮)

તેમજ એવા યક્ષ જેમકે ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ, યક્ષેશ, તુંબરું, કુસુમ માતંગ, વિજય, અજિત, બ્રહ્મયક્ષ, મનુજ અને સુરકુમારો. (૭)
ષણ્મુખ યક્ષો (છ મુખવાળા), પાતાલ, કિન્નર, ગરુડ, ગંધર્વ તે જ રીતે યક્ષેંદ્ર વળી કુબેર, વરુણ, ભૃકુટિ, ગોમેધ, પાર્શ્વ અને માતંગ આ પ્રકારે ચોવીશ યક્ષો. (૮)

૨૪ શાસન દેવી/ યક્ષિણીઓનું સ્મરણ

દેવીઓ ચક્કેસરી, અજિઆ, દુરિઆરિ, કાલી, મહાકાલી,
અચ્ચુઅ, સંતા, જાલા, સુતારયા, સોય, સિરિવચ્છા (૯)
ચંડા, વિજયં, કુસિ, પન્નઈત્તિ, નિવ્વાણિ, અચ્ચુઆ ધરણી,
વઈરુટ્ટ, છુત્ત, ગંધારી, અંબ, પઉમાવઈ, સિદ્ધા (૧૦)

ચક્રેશ્વરી, અજીતા, દુરિતારિ, કાલી, મહાકાલી, અચ્યુતા, શાંતા, જ્વાલા, સુતારકા, અશોકા, શ્રીવત્સા દેવીઓ. (૯)
ચંડા, વિજયા, અંકુશા, પ્રજ્ઞપ્તિ, નિર્વાણી, અચ્યુતા, ધારિણી, વૈરુટ્યા, અચ્છુપ્તા, ગાંધારી, અંબા, પદ્માવતી, સિદ્ધાયિકા (આ ૨૪ યક્ષિણી છે). (૧૦)

૪ નિકાયના દેવદેવીઓ, વ્યંતરો, યોગિનીઓનું સ્મરણ

ઈઅ તિત્થ રક્ખણ રયા, અન્ને વિ સુરા સુરી ય ચઉહા વિ,
વંતર જોઈણિ પમુહા, કુણંતુ રક્ખં સયા અમ્હં (૧૧)

એ પ્રકારે ચતુર્વિધ શ્રી સંઘરૂપ તીર્થની રક્ષામાં તત્પર એવા પૂર્વોક્ત યક્ષ અને યક્ષિણી અને બીજા પણ ચારેય પ્રકારના દેવ-દેવીઓ તથા વ્યંતર અને યોગિની વગેરે અમારું હંમેશાં રક્ષણ કરો. (૧૧)

ઉપસંહાર

શાંતિનાથનું, સમ્યક્દષ્ટિ દેવોનું સ્મરણ

એવં સુદિટ્ઠિ સુર ગણ સહિઓ સંઘસ્સ સંતિ જિણચંદો,
મજ્ઝ વિ કરેઉ રક્ખં, મુણિસુંદરસૂરિ થુઅ મહિમા (૧૨)

એ રીતે સમ્યગ્દષ્ટિ દેવોના સમૂહ સહિત એવા (અને) મુનિસુંદરસૂરિ દ્વારા સ્તવાયેલા મહિમાવાળા એવા શ્રી શાંતિજિનચંદ્ર, સંઘનું અને મારું પણ રક્ષણ કરો. (૧૨)

સ્તોત્રનું મૂળ નામ અને સ્તોત્ર ગણવાનું ફળ

ઈય 'સંતિનાહ સમ્મ દિટ્ઠિ રક્ખં' સરઈ તિકાલં જો,
સવ્વોવદ્દવ રહિઓ, સ લહઈ સુહ સંપયં પરમં (૧૩)

એ પ્રકારે જે સમ્યગ્દષ્ટિ મનુષ્ય શાંતિનાથની રક્ષાને ત્રણે કાળ સ્મરણ કરે છે, તે સર્વ ઉપદ્રવથી રહિત થઈને ઉત્કૃષ્ટ સુખસંપદાને પામે છે. (૧૩)

(પ્રશસ્તિ)

ક્ષેપક છે...સ્તોત્રકારના ગુરુનું નામ સ્મરણ

(તવગચ્છ ગયણ દિણયર જુગવર સિરિસોમસુંદર ગુરૂણં,
સુપસાય લદ્ધ ગણહર વિજ્જાસિધ્ધિ ભણઈ સીસો) (૧૪)

(તપાગચ્છરૂપી આકાશમાં સૂર્ય સમાન એવા યુગ પ્રધાન શ્રી સોમસુંદર ગુરૂના સુપ્રસાદથી જેણે ગણધર વિદ્યા - સૂરી મંત્રની સિધ્ધિ કરી છે, એવા તેમના શિષ્ય- શ્રી મુનિસુંદર સૂરીએ આ સ્તવન રચ્યું છે.) (૧૪)

આ સૂત્ર શ્રી મુનિસુંદરસૂરીશ્વર મહારાજાએ મેવાડમાં આવેલા ઉદેપૂરની પાસેના દેલવાડાના સંઘમાં મરકીનો ઉપદ્રવ શાંત કરવા રચેલું છે. આ સ્તોત્રમાં શ્રી શાંતિનાથ પ્રભુની ખાસ સ્તુતિ કરવામાં આવી છે,
આ સ્તોત્રની ૧૨મી ગાથામાં કર્તાનું નામ આવી જાય છે તેથી ૧૪મી ગાથા બોલાતી નથી. તેને પ્રક્ષિપ્ત ગણવામાં આવે છે.

રક્ષા માટે યોજાયેલા મંત્રમય સ્તોત્રને રક્ષા કે કવચ કહેવામાં આવે છે, એટલે આ સ્મરણ એક પ્રકારની રક્ષા કે એક પ્રકારનું કવચ છે.
આ સૂત્ર સહસ્ત્રાવધાની શ્રીમુનિસુંદરસૂરિની સંઘ-માન્ય કૃતિ છે અને પાક્ષિક, ચાતુર્માસિક તથા સાંવત્સરિક પ્રતિક્રમણના પૂર્વ દિવસે દૈવસિક પ્રતિક્રમણ વખતે સ્તવન તરીકે બોલાય છે તથા જ્યાં પહેલે દિવસે સાધુઓ સ્થાન કરે, તે દિવસે પ્રતિક્રમણસૂત્રમાં બોલાય છે.
વર્તમાનકાળમાં 'નવસ્મરણની' ની પ્રસિદ્ધિ છે. પ્રસ્તુત સૂત્રને ત્રીજા સ્મરણનું સ્થાન પ્રાપ્ત થયેલું છે. પ્રથમપદ પરથી તેને 'સંતિકરં' સૂત્રના નામે ઓળખવામાં આવે છે.

સામાયિક પારવાની વિધિ

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

જતા-આવતા જીવોની વિરાધનાની માફી

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
ઈરિયાવહિયં પડિક્કમામિ ? 'ઈચ્છં',
ઈચ્છામિ પડિક્કમિઉં (૧)
ઈરિયાવહિયાએ, વિરાહણાએ (૨)
ગમણાગમણે, (૩)
પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા, ઉત્તિંગ, પણગ, દગ, મટ્ટી, મક્કડા સંતાણા સંકમણે (૪)
જે મે જીવા વિરાહિયા (૫)
એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા (૬)
અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં. (૭)

હે ભગવાન! આપ ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો કે હું માર્ગમાં ચાલતા જે વિરાધનાનું પાપ થયું હોય તેનાથી પાછો ફરું ? (ભગવંત કહે 'પાછા ફરો')

(ત્યારે શિષ્ય કહે) હું આપની આજ્ઞા ઈચ્છું છું (પ્રમાણ ગણું છું). હું માર્ગમાં ચાલતા જે વિરાધનાનું પાપ થયેલ હોય, તેથી પાછો ફરવા ઈચ્છું છું. (૧,૨) જેમકે જતાં-આવતાં (ગમનાગમન કરતાં), જીવો, ધાન્યના બીજો, લીલી વનસ્પતિ, ઝાકળ, કીડીનાં નગરાં, પાંચ રંગની લીલી ફૂગ, સચિત્ત પાણીયુક્ત સચિત્ત માટી, કરોળીયાની જાળ, પગ નીચે આવવાથી. (૩,૪) એક ઈન્દ્રિયવાળા, બે ઈન્દ્રિયવાળા, ત્રણ ઈન્દ્રિયવાળા, ચાર ઈન્દ્રિયવાળા અને પાંચ ઈન્દ્રિયવાળા જે જીવોની મેં વિરાધના (નીચે જણાવ્યા મુજબ) કરી હોય. (૫,૬)

(સામાયિક દરમ્યાન કાંઈ પણ મન, વચન, કાયાથી સાવદ્ય યોગ સેવાઈ ગયા હોય, તેની શુદ્ધિ થઈ જાય. એટલે સામાયિક સાંગોપાંગ શુદ્ધ જ થાય.)

જતા-આવતા જીવોની વિરાધનાની વિશેષ માફી

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં,
વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં,
પાવાણં કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ,
ઠામિ કાઉસ્સગ્ગં. (૧)

(જે વિરાધનાનું પાપ થયું હોય) તે પાપને વિશેષ શુદ્ધ કરવા માટે, પ્રાયશ્ચિત્ત માટે આત્માની વિશુદ્ધિ કરવા માટે, આત્માને શલ્યરહિત કરવા માટે, અને પાપ કર્મોનો ઘાત કરવા માટે કાયોત્સગ - કાયાનો ત્યાગ (કાયોત્સર્ગમાં કેટલાં આગાર (અપવાદ-વિકલ્પ) રહે છે, તે શ્રી અન્નત્થસૂત્રમાં જણાવેલ છે) કરું છું. (૧)

અતિચારની આલોચના કરી પ્રતિક્રમણ કરતાં આત્મા નિર્મળ બને છે. પરંતુ કેટલાક અતિચારોને શુદ્ધ કરવા વિશિષ્ટ ક્રિયાઓ ચાર છે.
૧) ઉત્તરીકરણ ૨) પ્રાયશ્ચિતકરણ ૩) વિશોધીકરણ ૪) વિશલ્યીકરણ.
જો આ ચાર ક્રિયાઓ બરાબર કરવામાં આવે તો તે ગમે તેવા અતિચારોનું શોધન કરી પાપકર્મોનો સર્વાંશે નાશ કરે છે.

કાઉસ્સગ્ગના ૧૬ આગાર (છૂટનું) વર્ણન

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં,
વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. (૧)
સુહુમેહિં અંગ સંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨)
એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩)
જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. (૪)
તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ. (૫)

૧- ઉંચો શ્વાસ લેવા વડે, ૨- નીચો શ્વાસ મૂકવા વડે, ૩ - ઉધરસ આવવાથી,૪- છીંક આવવાથી, ૫ - બગાસુ આવવાથી, ૬ - ઓડકાર આવવાથી, ૭- વાછૂટ થવાથી, ૮-ચક્કર આવવાથી, ૯- પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. (૧)
૧૦ - સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર, ૧૧ - થૂંક-કફનો સંચાર, ૧૨ - દષ્ટિનો સંચાર થવાથી. (૨)
આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. (૩)
જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪)
ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે, વોસિરાવું છું. (૫)

અનાદિકાળથી જે કાયા પોતાની નથી, તેને પોતાની માનવાનો જે દેહાધ્યાસ (મિથ્યામાન્યતા) કર્યો છે. તેનો ત્યાગ કરવાનો છે. કાયા હું નથી, પરંતુ કાયાને પ્રવર્તવનાર આત્મા એ હું છું. કાયા સંબંધી આ 'હું' પણાના ભાવને આ પ્રતિજ્ઞા દ્વારા ત્યાગવાનો છે.
કાયોત્સર્ગના યથાર્થ ઉપયોગથી ઈન્દ્રિયો, કષાયો, રાગદ્વેષ તથા મનને જીતી શકાય છે, સમત્વ સાધી શકાય છે પરિણામે આત્માનો સાક્ષાત્કાર કરી પરમસિદ્ધિને પામી શકાય છે.

(એક લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો કાઉસ્સગ્ગ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. અને નીચે મુજબ પ્રગટ લોગસ્સ કહેવો.)



૨૪ જિનેશ્વરોની નામ પૂર્વક સ્તુતિ

લોગસ્સ ઉજ્જોઅગરે,
ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. (૧)
ઉસભ મજિઅં ચ *વંદે*, **સંભવ મભિણંદણં** ચ **સુમઈં** ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ **ચંદપ્પહં** *વંદે*. (૨)
સુવિહિં ચ **પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં** ચ,
વિમલમણંતં ચ જિણં, **ધમ્મં સંતિં** ચ *વંદામિ*. (૩)
કુંથું અરં ચ મલ્લિં, *વંદે* **મુણિસુવ્વયં નમિજિણં** ચ,
વંદામિ **રિટ્ઠનેમિં, પાસં** તહ **વદ્ધમાણં** ચ. (૪)
એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જર મરણા,
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (૫)
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ. (૬)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (૭)

(કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત કરનારા, ધર્મરૂપ તીર્થને કરનારા, રાગદ્વેષને જીતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરોનું હું કીર્તન કરીશ. (૧)
શ્રી ઋષભદેવને તથા **શ્રી અજિતનાથ**ને, **શ્રી સંભવનાથ**ને, **શ્રી અભિનંદનસ્વામી**ને, **શ્રી સુમતિનાથ**ને, **શ્રી પદ્મપ્રભસ્વામી**ને, **શ્રી સુપાર્શ્વનાથ**ને તથા રાગ-દ્વેષને જિતનારા **શ્રી ચંદ્રપ્રભસ્વામી**ને હું વંદન કરું છું. (૨)

શ્રી સુવિધિનાથને (જેમનું બીજું નામ) **પુષ્પદંતસ્વામી**ને, **શ્રી શીતલનાથ**ને, **શ્રી શ્રેયાંસનાથ**ને, **શ્રી વાસુપૂજ્યસ્વામી**ને, **શ્રી વિમલનાથ**ને, **શ્રી અનંતનાથ**ને, જિનેશ્વર **શ્રી ધર્મનાથ**ને તથા **શ્રી શાંતિનાથ**ને હું વંદન કરું છું. (૩)

શ્રી કુંથુનાથને, **શ્રી અરનાથ**ને, **શ્રી મલ્લિનાથ**ને, **શ્રી મુનિસુવ્રતસ્વામી**ને અને **શ્રી નમિનાથ**ને, **શ્રી અરિષ્ટ-નેમિનાથ**ને, **શ્રી પાર્શ્વનાથ**ને અને **શ્રી વર્ધમાનસ્વામી**ને હું વંદન કરું છું. (૪)

આ રીતે મારા વડે સ્તવના કરાયેલ, કર્મરૂપ રજ અને મલ દૂર કર્યા છે એવા, જરા (અને) મૃત્યુ સર્વથા ક્ષીણ થયા છે એવા ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકર દેવો મારી ઉપર પ્રસન્ન થાઓ. (૫)

જેઓ ઈન્દ્રાદિ દેવતાઓ વડે કીર્તન-વંદન-પૂજન કરાયેલા છે, જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે, તેઓ (મને) આરોગ્ય અને સમ્યગ્દર્શનનો લાભ અને ઉત્તમ સમાધિનું વરદાન આપો. (૬)

ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મળ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, મોટા સમુદ્ર જેવા ગંભીર, સિદ્ધ પરમાત્મા મને મોક્ષ આપો. (૭)

(પછી ડાબો ઢીંચણ ઉંચો કરીને 'ચઉક્કસાય' નીચે મુજબ કહેવું.)

સુંદર અલંકાર યુક્ત ભાષામાં મંત્ર ગર્ભિત શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરેલ છે.

ચઉક્કસાય પડિમલ્લુ લ્લૂરણુ,
દુજ્જય મયણ બાણ મુસુમૂરણુ,
સરસ પિયંગુ વન્નુ ગય ગામિઉ,
જયઉ પાસુ ભુવણ ત્તય સામિઉ (૧)
જસુ તણુ કંતિ કડપ્પ સિણિદ્ધઉ,
સોહઈ ફણિ મણિ કિરણા લિદ્ધઉ,
નં નવ જલહર તડિલ્લય લંછિઉ,
સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉ (૨)

ચાર કષાયરૂપ શત્રુનો નાશ કરનાર, દુઃખે જીતાય એવા કામદેવના બાણોને ભાંગનાર, રસવાળી (નીલી) રાયણના જેવા (શરીરના) વર્ણવાળા અને હાથીની જેવી ગતિ વાળા, ત્રણ ભુવનના સ્વામી એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન જયવંતા વર્તો. (૧)

જેના શરીરની કાંતિનો સમૂહ સ્નિગ્ધ છે, (જે) સર્પની ફેણ ઉપર રહેલ મણિરત્નનાં કિરણોવડે વ્યાપ્ત છે, વળી (જે) વિજળીની લતાના ચમકારાથી યુક્ત નવા મેઘની જેમ શોભે છે, તે શ્રી પાર્શ્વજિનેશ્વર (મારા) વાંછિતોને પૂર્ણ કરો. (૨)

પ્રાકૃત ભાષામાંથી રૂપાંતર થયેલ અપભ્રંશ ભાષામાં શ્રી પાર્શ્વજિનનું ભાવવાહી ચૈત્યવંદન છે.
ચર્તુવિધ શ્રી સંઘ 'સંથારાપોરિસી' ભણાવતો હોય ત્યારે વડીલ આ સૂત્ર બોલે તે સિવાય ' સામાયિક પારતી વખતે લોગસ્સ સૂત્ર પછી ખમાસમણ આપ્યા વગર આ સૂત્ર ચૈત્યવંદન સ્વરૂપે બોલાય છે. શ્રાવકોએ ખેસનો ઉપયોગ આ પૂર્ણ ચૈત્યવંદન (જય વીયરાય સૂત્રની પૂર્ણતા સુધી) થાય ત્યાં સુધી કરવો જોઈએ.'

શ્રી તીર્થંકર પરમાત્માની તેમના ગુણો દ્વારા સ્તવના

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં (૧)
આઈગરાણં,
તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં (૨)
પુરિસુત્તમાણં, પુરિસસીહાણં,
પુરિસ વર પુંડરીયાણં,
પુરિસ વર ગંધ હત્થીણં (૩)
લોગુત્તમાણં, લોગ નાહાણં, લોગ હિઆણં, લોગ પઈવાણં,
લોગ પજ્જોઅ ગરાણં. (૪)
અભય દયાણં, ચક્ખુ દયાણં, મગ્ગ દયાણં, સરણ દયાણં,
બોહિ દયાણં. (૫)
ધમ્મ દયાણં, ધમ્મ દેસયાણં, ધમ્મ નાયગાણં, ધમ્મ સારહીણં,
ધમ્મ વર ચાઉરંત ચક્કવટ્ટીણં. (૬)
અપ્પડિહય વરનાણ દંસણ ધરાણં, વિયટ્ટ છઉમાણં. (૭)

જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. (૮)
સવ્વન્નૂણં, સવ્વદરિસીણં સિવ મયલ મરુઅ મણંત મક્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઈનામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં. (૯)
જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગયે કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. (૧૦)

અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. (૧)
ધર્મની શરૂઆત કરનાર, તીર્થના સ્થાપનાર અને પોતાની મેળે બોધ પામનાર, અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ. (૨)
પુરૂષોમાં ઉત્તમ, પુરૂષોમાં સિંહ સમાન, પુરૂષોમાં ઉત્તમ પુંડરીક (કમળ) સમાન, પુરૂષોમાં શ્રેષ્ઠ ગંધહાથી સમાન, (૩)
લોકમાં ઉત્તમ, લોકનાં નાથ, લોકનું હિત કરનાર, લોકમાં દિપક સમાન, લોકમાં પ્રકાશ કરનાર. (૪)
અભયદાન આપનાર, શ્રુતજ્ઞાન રૂપ ચક્ષુ (આંખ) આપનાર, મોક્ષમાર્ગ આપનાર, શરણ આપનાર, સમકિત આપનાર, (૫)
ધર્મને આપનાર, ધર્મનો ઉપદેશ આપનાર, ધર્મના નાયક, ધર્મના સારથી, દાન-શીલ-તપ-ભાવ રૂપ ધર્મમાં ચતુરંત શ્રેષ્ઠ ચક્રવર્તી. (૬)
કોઈથી પણ ન હણાય એવા શ્રેષ્ઠ જ્ઞાન અને શ્રેષ્ઠ દર્શનને ધારણ કરનાર, ચાલ્યું ગયું છે છદ્મસ્થપણું જેમનું. (૭)
રાગદ્વેષને જીતનાર-જીતાડનાર, તરનાર-તારનાર, તત્ત્વના જાણકાર-જણાવનાર, કર્મથી મુક્ત મુકાવનારા. (૮)
સર્વજ્ઞ, સર્વદર્શી, કલ્યાણરૂપ, અચળ (સ્થિર), રોગ રહિત, અનંત (અંત વિનાનું), અક્ષય (નાશ ન પામે તેવું), અવ્યાબાધ (આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત), ફરીથી પાછા આવવાનું નથી એવા સિદ્ધિગતિ નામના સ્થાનને

પામેલા, જેઓ રાગદ્વેષને જીતનારા, એવા જિનને અને સર્વ પ્રકારના ભયને જીતનાર (શ્રી અરિહંત પરમાત્મા) ને નમસ્કાર થાઓ. (૯)
અને જેઓ ભૂતકાળમાં સિદ્ધ થયા હોય અને જેઓ ભવિષ્યકાળમાં સિધ્ધ થવાનાં છે અને જેઓ હમણાં વર્તમાનકાળમાં વિહરી રહ્યા છે, તે સર્વેને હું મન-વચન-કાયારૂપ ત્રણ કરણથી વંદન કરું છું. (૧૦)

સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં રહેલા જિનચૈત્યોની વંદના

જાવંતિ ચેઈઆઈં,
ઉઢ્ઢે અ અહે અ તિરિઅ લોએ અ,
સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં (૧)

ઉર્ધ્વલોકમાં, અધોલોકમાં, અને તિર્ચ્છાલોકમાં જેટલી જિનપ્રતિમાઓ છે, તેને અહીં રહેલો હું, ત્યાં રહેલી સર્વે પ્રતિમાઓને વંદન કરું છું. (૧)

જાવંત ચેઇઆઈ જિન પ્રતિમા, આત્મબોધ માટેનું એક અગત્યનું સાધન છે. તેના પ્રત્યેની નિઃસીમ ભક્તિ આ ગાથા વડે પ્રદર્શિત કરાય છે.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

'જાવંતિ ચેઈયાઈ' સૂત્રમાં સર્વ ચૈત્યોને વંદન કરેલું હોવાથી તે સવ્વ ચેઈય વંદણ સૂત્ર - સર્વ ચૈત્યવંદન સૂત્ર કહેવાય છે. પ્રથમ શબ્દો પરથી 'જાવંતિ ચેઈયાઈ' નામથી પણ પ્રસિધ્ધ છે.

સાધુ કોઈને પણ મનથી દંડે નહિ, વચનથી દંડે નહિ અને કાયાથી પણ દંડે નહિ. આવી રીતે જેઓ ત્રણ દંડથી વિરામ પામેલા છે, તેઓ ભાવસાધુ છે અને તેમને જ અહીં વંદન કરવામાં આવ્યું છે.

ભરત, ઐરાવત, મહાવિદેહક્ષેત્રમાં રહેલા સાધુ ભગવંતોની વંદના૧

જાવંત કે વિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે અ,
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં (૧)

ભરતક્ષેત્રમાં, ઐરાવતક્ષેત્રમાં અને મહાવિદેહક્ષેત્રમાં મનદંડ-વચનદંડ-કાયદંડ રૂપ ત્રણ દંડથી વિરામ પામેલાં જે કોઈપણ સાધુ ભગવંતો છે, તેઓ સર્વને હું મન, વચન, કાયાથી નમેલો છું. (૧)

શ્રી વિતરાગ પરમાત્માને ઓળખનાર, સમજાવનાર અને સન્માર્ગ બતાવનાર સાધુ ભગવંતો છે. તેઓને આ 'જાવંત કે વિ સાહુ' સુત્ર દ્વારા વંદન કરાય છે. યોગ્ય બહુમાન, આદર, અહોભાવ દ્વારા હંમેશા તેઓની વંદના કરવાથી કર્મ નિર્જરા થાય છે.

પંચપરમેષ્ઠિને નમસ્કાર

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય
સર્વ સાધુભ્યઃ (૧)

(આ સૂત્ર સ્ત્રીઓએ ક્યારેય ન બોલવું)

શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સઘળાય સાધુ ભગવંતને નમસ્કાર થાઓ.

ધર્મમાર્ગમાં અંતરાયભૂત વિઘ્નોના નિવારણની પ્રાર્થના

ઉવસગ્ગહરં પાસં,
પાસં વંદામિ કમ્મ ઘણ મુક્કં,
વિસ હર વિસ નિન્નાસં,
મંગલ કલ્લાણ આવાસં (૧)
વિસહર ફુલિંગ મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ,
તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠ જરા જંતિ ઉવસામં (૨)
ચિટ્ઠઉ દૂરે મંતો,

તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ,
નર તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં (૩)
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ કપ્પપાય વબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં (૪)
ઈઅ સંથુઓ મહાયસ,
ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ,
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ (૫)

ઉપસર્ગને હરનારા, પાર્શ્વયક્ષવાળા, કર્મના સમૂહથી મુકાયેલા, વિષને ધારણ કરનારા એવા સર્પના વિષનો નાશ કરનાર, મંગલ અને કલ્યાણના ઘરરૂપ એવા શ્રી પાર્શ્વનાથને હું વંદન કરું છું. (૧)
જે કોઈ મનુષ્ય વિષને હરનાર સ્ફુલિંગમંત્રને કંઠમાં સદા ધારણ કરે છે, તેના ગ્રહ, રોગ, મરકી અને દુષ્ટ તાવ શાંતિને પામે છે. (૨)
તે (સ્ફુલિંગ) મંત્ર તો દૂર રહો, ફક્ત તમને કરેલા નમસ્કાર પણ ઘણા ફળને આપનાર થાય છે (અને) મનુષ્ય-તિર્યંચગતિમાં રહેલા જીવો પણ દુઃખ અને દુર્ભાગ્યને પામતા નથી. (૩)
ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારું સમ્યગ્દર્શન જીવો પામે છતે (પામવાથી) નિર્વિઘ્નપણે અજરામર (અજર=ઘડપણ રહિત=મોક્ષપાદ) ને પામે છે. (૪)
હે મોટા યશવાળા (પાર્શ્વનાથભગવાન) ! ભક્તિના સમૂહથી પરિપૂર્ણ એવા હૃદયથી મેં આ પ્રમાણે સ્તવના કરી છે, તેથી હે દેવ ! શ્રી પાર્શ્વનાથ જિનચંદ્ર ! મને જન્મોજન્મમાં બોધિબીજ (સમ્યગ્દર્શન)ને આપો. (૫)

આ સ્તોત્ર-વ્યતંરરૂપે થયેલા પોતાના ભાઈ મિથ્યાદષ્ટિ વરાહમિહિરના ઉપદ્રવથી બચવા ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી એ રચેલ છે. તેમાં મુખ્યત્વે પાર્શ્વપ્રભુનું સ્તવન છે.

ગુરૂકૃપાને પ્રાપ્ત કરતો શિષ્ય ચારિત્ર જીવનનો ભારેખમ બોજ ઉપાડવાને સમર્થ બને છે. અને શુદ્ધ ચારિત્રનું પાલન કરી શકે છે. આમ, ક્ષમાપના દ્વારા ગુરૂનો વિનયવિવેક આ સૂત્ર દ્વારા દર્શાવવામાં આવ્યો છે.

(ત્યાર પછી બે હાથ જોડી, લલાટે રાખી નીચેનું સૂત્ર બોલવું.)

પરમાત્માની પાસે ભક્તિના ફળરૂપે તેર પ્રકારની પ્રાર્થના - યાચના

જય વીયરાય ! જયગુરુ !
હોઉ મમં તુહ પભાવઓ ભયવં
ભવ્વ નિવ્વેઓ મગ્ગા ણુસારિઆ ઈટ્ઠ ફલ સિદ્ધિ. (૧)
લોગ વિરુદ્ધ ચ્ચાઓ,
ગુરૂજણપૂઆ પરત્થકરણં ચ,
સુહ ગુરુ જોગો તવ્વયણ સેવણા આભવમખંડા. (૨)

(આટલું બોલ્યા પછી બંને હાથ લલાટથી નીચે ઉતારવા. હાથ લલાટ અને નાભિની વચ્ચે રાખવા)

વારિજ્જઈ જઈ વિ નિયાણ બંધણં,
વીયરાય ! તુહ સમયે,
તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. (૩)
દુક્ખ ખઓ કમ્મ ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ,
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામ કરણેણં. (૪)
સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં,
પ્રધાનં સર્વ ધર્માણામ્, જૈનં જયતિ શાસનમ્. (૫)

હે વીતરાગ ! હે જગતના ગુરુ ! (તમે) જય પામો. હે ભગવંત ! મને તમારી ભક્તિના પ્રભાવથી સંસાર પરથી કંટાળો (ભવ-નિર્વેદ), (તમારા) માર્ગને અનુસરવાની બુદ્ધિ (માર્ગાનુસારીપણું) અને (મને) ઈચ્છિત ફળની સિદ્ધિ હોજો. (૧)
લોકમાં વિરોધ ઉત્પન્ન થાય એવા કાર્યનો ત્યાગ (લોકાપવાદ-ત્યાગ), વડીલજનોની પૂજા (આદર-સત્કાર-બહુમાન), પરોપકાર કરવાની તત્પરતા અને સદ્‌ગુરૂભગવંતોનો ભેટો (યોગ) તેમજ તે સદ્‌ગુરૂભગવંતના વચનની સેવા, આ સંસારમાં જ્યાં સુધી છું, ત્યાં સુધી મને અખંડપણે પ્રાપ્ત થાઓ. (૨)

હે વીતરાગ! તમારા સિદ્ધાંતમાં જો કે નિયાણું બાંધવાનું વારેલું (નિષેધેલું) છે, તો પણ મને જન્મોજન્મમાં તમારા ચરણોની સેવા પ્રાપ્ત હોજો. (૩)
હે નાથ ! તમને નમસ્કાર કરવાથી મને દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિ-મરણ અને બોધિબીજ (સમ્યગ્દર્શન) એ (ચાર) પ્રાપ્ત થાઓ. (૪)
સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વ કલ્યાણોના કારણરૂપ, સર્વધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈનશાસન જય પામે છે. (૫)

આ સૂત્રની પહેલી બે ગાથા શ્રી ગણધર ભગવંતે રચેલી છે અને છેલ્લી ત્રણ ગાથા પાછળથી ઉમેરવામાં આવેલી છે. પ્રભુજીના પ્રભાવથી અર્થાત્ ભક્તિના પ્રભાવથી આઠ વસ્તુઓની માંગણી (પહેલી બે ગાથામાં) કરતી વખતે મુક્તાશુક્તિ મુદ્રામાં કરવી અને પ્રભુજીના પ્રભાવથી ચાર વસ્તુઓની માંગણી (છેલ્લી ત્રણ ગાથામાં) કરતી વખતે યોગ મુદ્રા કરવી જોઈએ.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

મુહપત્તિ પડિલેહણની રજા

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં.

ભગવંત, સામાયિક મુહપત્તિનું પડિલેહણ કરવાની આજ્ઞા આપો. આજ્ઞા માન્ય છે.

સામાયિક દરમ્યાન ત્રિકરણ કાંઈ પણ સાવદ્ય યોગ સેવાઈ ગયો હોય, તો તેની શુદ્ધિ માટે મુહપત્તિના પડિલહેણની જરૂર ફરીથી ચોક્કસાઈની માટે છે. મુહપત્તિ પડિલહેણનાં આ વિધિનો સામાયિક કરતી વખતે અને પારતી વખતે બરાબર ઉપયોગ થાય, તે અત્યંત ઈચ્છવા યોગ્ય છે

મુહપત્તિ પડિલેહણના ૨૫ બોલ

૧- સૂત્ર, અર્થ, તત્ત્વ કરી સદ્દહું,
૨- સમ્યક્ત્વ મોહનીય, ૩- મિશ્ર મોહનીય,
૪- મિથ્યાત્વ મોહનીય પરિહરું,
૫- કામરાગ, ૬- સ્નેહરાગ, ૭- દૃષ્ટિરાગ પરિહરું,



૮- સુદેવ, ૯- સુગુરુ, ૧૦- સુધર્મ આદરું,
૧૧- કુદેવ, ૧૨- કુગુરુ, ૧૩- કુધર્મ પરિહરું,
૧૪- જ્ઞાન, ૧૫- દર્શન, ૧૬- ચારિત્ર આદરું,
૧૭- જ્ઞાન-વિરાધના, ૧૮- દર્શન-વિરાધના,
૧૯- ચારિત્ર-વિરાધના પરિહરું,
૨૦- મનગુપ્તિ, ૨૧- વચનગુપ્તિ, ૨૨- કાયગુપ્તિ આદરું,
૨૩- મનદંડ, ૨૪- વચનદંડ, ૨૫- કાયદંડ પરિહરું.

શરીરના અંગોના પડિલેહણના ૨૫ બોલ

(ડાબો હાથ પડિલેહતાં)
૧- હાસ્ય, ૨- રતિ, ૩- અરતિ પરિહરું.

(જમણો હાથ પડિલેહતાં),
૪-ભય, ૫- શોક, ૬- દુર્ગંછા પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) (કપાળે પડિલેહતાં)
{ ૭- કૃષ્ણલેશ્યા, ૮- નીલલેશ્યા, ૯- કાપોતલેશ્યા પરિહરું.}

(મોઢે પડિલેહતાં)
૧૦- રસગારવ, ૧૧- ઋદ્ધિગારવ,
૧૨-સાતાગારવ પરિહરું.

(સ્ત્રીઓએ બોલવાનું નથી) (છાતી આગળ પડિલેહતાં)
{૧૩- માયાશલ્ય, ૧૪- નિયાણશલ્ય,
૧૫- મિથ્યાત્વશલ્ય પરિહરું.}

(સ્ત્રીઓએ બોલવાનું નથી)
{(જમણા ખભે પડિલેહતાં),
૧૬- ક્રોધ, ૧૭- માન પરિહરું.
(ડાબા ખભે પડિલેહતાં)
૧૮- માયા, ૧૯- લોભ પરિહરું.}

(ચરવળાથી જમણો પગ પડિલેહતાં)
૨૦- પૃથ્વીકાય, ૨૧- અપ્કાય,
૨૨- તેઉકાયની જયણા કરું
(ચરવળાથી ડાબો પગ પડિલેહતાં)
૨૩- વાયુકાય, ૨૪- વનસ્પતિ-કાય,
૨૫- ત્રસકાયની રક્ષા કરું.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સામાયિક પારું ? યથા શક્તિ.

હે ભગવન્ ! સામાયિક પારું ? યથાશક્તિ

ક્ષણે ક્ષણે પાપ કરતા જીવો જ્યારે સામાયિક વ્રતમાં બેસે છે ત્યારે ત્રિકરણ યોગોથી નિવૃત્ત થાય છે. આથી જ્યારે સાધક સામાયિક પારવા માટે આજ્ઞા માંગે છે ત્યારે ગુરુ ફરીથી સામાયિક કરવા કહે છે, ત્યારે પાળનાર પોતાની શક્તિ ન હોવાનું જણાવી પારે છે. ત્યારે ગુરુ છેવટે આચાર ન છોડવાનું કહે છે.

દેવ-ગુરુને પંચાંગ વંદન

ઈચ્છામિ ખમાસમણો !
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ,
મત્થએણ વંદામિ. (૧)

હે ક્ષમાશ્રમણ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું. (૧)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
સામાયિક પાર્યું. તહત્તિ.

હે ભગવન્ ! સામાયિક પાર્યું.

પાળનાર સાધક 'તહત્તિ' કહી આજ્ઞા માથે ચઢાવે છે. પછી સામાયિક વારંવાર કરવાની ભાવના ભાવતા મંગળાચરણ તરીકે નવકાર ગણે છે.

(પછી જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર મુકીને નવકાર,
સામાઇય વયજુત્તો કહેવું.)

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં,
નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

વારંવાર સામાયિક કરવાથી થતા લાભ અને તેમાં લાગેલા દોષની ક્ષમા યાચના

સામાઈય વયજુત્તો,
જાવ મણે હોઇ નિયમ સંજુત્તો,છિન્નઇ અસુહં કમ્મં,
સામાઇય જત્તિયા વારા (૧)
સામાઈયમ્મિ ઉ કએ,સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા ,
એએણ કારણેણં, બહુસો સામાઈયં કુજ્જા (૨)
સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું,
વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય તે સવિ હુ
મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. (૩)
દશ મનના, દશ વચનના, બાર કાયાના,
એ બત્રીસ દોષમાંહી જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિ હુ
મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. (૪)

સામાયિક વ્રતથી યુક્ત જીવનું મન જ્યાં સુધી નિયમથી સંયુક્ત હોય ત્યાં સુધી જેટલી વાર સામાયિક કરે છે, તેટલી વાર અશુભ કર્મને છેદે છે. (૧)
વળી સામાયિક કરતી વખતે જે કારણથી શ્રાવક સાધુ જેવો થાય છે, એ કારણથી બહુવાર સામાયિક કરવું જોઈએ. (૨)
સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતા જે કોઈ અવિધિ હુઓ હોય તે સવિ હુ મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. (૩)
દશ મનના, દશ વચનના, બાર કાયાના, એ બત્રીસ દોષમાંહી જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિ હુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. (૪)

મંગળાચરણ તરીકે નવકાર ગણી, વિધિઅવિધિ તથા ૩૨ દોષોનું મિચ્છા મિ દુક્કડં દઈ સાંગોપાંગ શુદ્ધ સામાયિકનું ફળ મેળવવા સાધક ઈચ્છે છે.
પહેલી બે ગાથા પ્રાકૃત છે. છેલ્લી બે ગાથા ગુજરાતીમાં છે. શ્રી વર્ધમાનસૂરિકૃત 'આચાર-દિનકર', શ્રી મહિમાસાગરજી કૃત 'ષડાવશ્યક વિવરણ' વગેરે બે પાઠોના છેલ્લા વાક્યોનું ગુજરાતીકરણ થયેલ છે. ૧૯મી સદીથી આ સૂત્રની પછી તે બોલવાની પરંપરા શરૂ થઈ હોય તેમ જણાય છે.
સામાયિકનું મહત્વ સૂચવતી અને વારંવાર સામાયિક કરવાની ભલામણ કરનારી આ બંને ગાથાઓ પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજાએ રચેલ શ્રી આવશ્યક નિર્યુક્તિની છે.

(સ્થાપનાચાર્યનું સ્થાપન કર્યું હોય તો, જમણો હાથ સવળો (ઉત્થાપન મુદ્રા) રાખી એક નવકાર ગણવો.)

પંચ પરમેષ્ઠિને નમસ્કાર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો,
સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. (૧)

શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૧)

સામાયિક પારવાની વિધિ સંપૂર્ણ
ઈતિ શ્રી સંવચ્છરી પ્રતિક્રમણ વિધિ સમાપ્ત

શ્રી પચ્ચક્ખાણનાં સૂત્ર, અર્થ અને સમજૂતી

પચ્ચક્ખાણ લેનારને તે તે પચ્ચક્ખાણના સમયની મર્યાદા
(દા.ત. સૂર્યોદયનો સમય ૭.૦૦ વાગે. દિવસ ૧૨ કલાકનો ગણીને)

૧) નવકાર-સહિઅં પચ્ચક્ખાણ : સૂર્યોદય પછી ૪૮ મિનિટ (બે ઘડી) દા.ત. ૭:૪૮ મિનિટે
૨) પોરિસિ-પચ્ચક્ખાણ : સૂર્યોદયથી દિવસના ચોથો ભાગ (એક પ્રહર) એક પ્રહર = ૩ કલાકે દા.ત. ૭:૦૦ + ૩ કલાક = ૧૦:૦૦ વાગે
૩) સાઢ-પોરિસિ-પચ્ચક્ખાણ : સૂર્યોદયથી દિવસનો છ આની ભાગ (દોઢ પ્રહર) દોઢ પ્રહર = ૪:૩૦ + ૭.૦૦ કલાક = ૧૧:૩૦ વાગે
૪) પુરિમઙ્ઢ-પચ્ચક્ખાણ : સૂર્યોદયથી દિવસના મધ્યભાગ (મધ્યાહ્ન) (બે પ્રહર) બે પ્રહર = ૬ કલાક + ૭.૦૦ = ૧ વાગે
૫) અવઙ્ઢ- પચ્ચક્ખાણ : સૂર્યોદયથી દિવસનો પોણો ભાગ (ત્રણ પ્રહર) ત્રણ પ્રહર = ૯ કલાક + ૭:૦૦ = ૪ વાગે

(દિવસ જેટલા કલાકનો હોય, તેને ચાર વડે ભાગવાથી એક પ્રહર થાય, જ્યારે ૧૨ કલાકનો દિવસ હોય ત્યારે ૪ વડે ભાગવાથી ૩ કલાકે એક પ્રહર થાય.)

પચ્ચક્ખાણ લેનારના (જાણકાર-અજ્ઞાની) વિશુદ્ધ આદિ ભેદો
૧) વિશુદ્ધ -પચ્ચક્ખાણ સૂત્ર અને અર્થ જાણે અને જાણકાર પાસે ગ્રહણ કરે.
૨) શુદ્ધ - પચ્ચક્ખાણ સૂત્ર અને અર્થ પોતે જાણે અને અજ્ઞાની પાસે ગ્રહણ કરે.
૩) અર્ધશુદ્ધ - પચ્ચક્ખાણ સૂત્ર અને અર્થ પોતે પણ ન જાણે પણ જાણકાર પાસે ગ્રહણ કરે.
૪) અશુદ્ધ - પચ્ચક્ખાણ સૂત્ર અને અર્થ પોતે પણ ન જાણે અને અજ્ઞાની પાસે ગ્રહણ કરે.

(પહેલો અને બીજો ભાંગો સારો, ત્રીજો જાણકાર પાસે જ્ઞાન પ્રાપ્ત કરશે તેવી આશાથી કાંઈક સારો પણ ચોથો ભાંગો તો સર્વથા અયોગ્ય જ કહેવાય)

પચ્ચક્ખાણ લેવાનો સમય અને મહત્તા અંગે સમજણ

શ્રી અરિહંત પરમાત્માના ગુણોના સ્મરણ સ્વરૂપે સવારે ઉઠતાંની સાથે ૧૨ વાર શ્રી નવકાર મંત્રનું સ્મરણ મનમાં કરવું. તે વખતે યથાશક્તિ પચ્ચક્ખાણની ધારણા આત્મસાક્ષીએ કરવી. રાઈઅ પ્રતિક્રમણમાં તપચિંતામણીના કાયોત્સર્ગ વેળાએ પણ ધારણા કરવી. પછી પ્રાતઃકાળની વાસક્ષેપ પૂજા કરવા જિનાલયે જવું. ત્યાં પ્રભુ સાક્ષીએ પણ ધારેલ પચ્ચક્ખાણ સૂત્ર દ્વારા ગ્રહણ કરવું. ત્યારબાદ ઉપાશ્રયે જઈને સદ્‌ગુરૂ ભગવંતને વંદના કરીને તેઓશ્રીના મુખે એટલે ગુરૂસાક્ષીએ પચ્ચક્ખાણ ગ્રહણ કરતી વખતે મનમાં તે સૂત્રોનો ઉચ્ચાર કરવો અને **'પચ્ચક્ખાઈ-વોસિરઈ'** ની જગ્યાએ **'પચ્ચક્ખામિ-વોસિરામિ'**અવશ્ય બોલવું.

આ પ્રમાણે આત્મ-સાક્ષીએ, દેવસાક્ષીએ અને ગુરૂસાક્ષીએ હમેંશા પચ્ચક્ખાણ કરવાનો આગ્રહ રાખવો.

સવારના પચ્ચક્ખાણ – નવકારશી થી સાઢપોરિસિ સુધીનાં પચ્ચક્ખાણ સૂર્યોદય પહેલાં લઈ લેવાં અને પુરિમઢ્ઢ–અવઢ્ઢનાં પચ્ચક્ખાણ સૂર્યોદય પછી પણ લઈ શકાય. સાંજના પચ્ચક્ખાણ - ચઉવિહાર, તિવિહાર અને પાણહારનાં પચ્ચક્ખાણ સૂર્યાસ્ત પહેલાં લઈ લેવાં અથવા ધારી લેવાં.

ઓછામાં ઓછું નવકારશી અને રાત્રિભોજન ત્યાગનું પચ્ચક્ખાણ તેમજ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ સદ્‌ગતિ ઈચ્છનારા દરેક ભાગ્યશાળીએ અવશ્ય કરવું જોઈએ. પંચમકાલમાં સંઘયણબળ ઓછું હોવાના કારણે અનિવાર્ય સંજોગોમાં લીધેલ પચ્ચક્ખાણ નો ભંગ ન થાય, તે માટેના આગાર (છૂટ) પચ્ચક્ખાણમાં બતાવવામાં આવેલા છે. પણ તેનો ઉપયોગ કરવાની છૂટ નથી, કદાચ દોષ સેવાઈ જાય તો તેનું પ્રાયશ્ચિત્ત– આલોચના ગુરૂ ભગવંતને નિવેદન કરીને લેવું જોઈએ.

નમુક્કારસહિઅં (નવકારશી) આદિ સઘળાય દિવસ સંબંધિત પચ્ચક્ખાણો સાથે મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ પણ અવશ્ય લેવામાં આવે છે. તેથી પચ્ચક્ખાણ પારતી વખતે અંગૂઠો અંદર રહે તેમ મુટ્ઠિવાળીને પચ્ચક્ખાણ પારવું જોઈએ. પચ્ચક્ખાણનો સમય થઈ ગયા પછી વિશેષ આરાધના નિમિત્તે

અને કોઈક સંજોગોના કારણે કદાચ પચ્ચક્ખાણ પારવામાં ન આવે, તો પણ પચ્ચક્ખાણવાળા મહાનુભાવને 'મુટ્ઠિસહિઅં' નો લાભ અચૂક મળે છે. દા.ત. નવકારશી પચ્ચક્ખાણ કરનાર ભાગ્યશાળી પ્રભુભક્તિ કે જિનવાણી શ્રવણ કે વ્યવહારિક સંજોગોના કારણે તે સમયે કદાચ પચ્ચક્ખાણ ન પારે, તો પણ તેને નવકારશીનો સમય થઈ જવા છતાં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણનો લાભ મળે. અર્થાત્ ત્યાં સુધી વિરતિમાં રહેવાય છે.

નમુક્કારસહિઅંથી તિવિહાર ઉપવાસ સુધીનાં પચ્ચક્ખાણ વિધિ મુજબ પારવાં જોઈએ. તેમાં 'શ્રી ઈરિયાવહિયં થી લોગસ્સસૂત્ર સુધી...' પછી ખમાસમણ આપીને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ?' ઈચ્છં કહી જગચિંતામણિથી પૂર્ણ જયવીયરાય ! સૂત્ર સુધી બોલી ચૈત્યવંદન કરવું. પછી ખમાસમણ દઈને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય કરું ?' ઈચ્છં, કહીને ગોદોહિકા આસને (ગાય દોહવાની મુદ્રા) બેસીને શ્રી નવકારમંત્ર અને 'શ્રી મન્નહ જિણાણં' (પૂ. સાધુ સાધ્વીજી ભ. માટે દશવૈકાલિકસૂત્રનું પ્રથમ અધ્યયન) બોલી ઊભા થઈ ખમાસમણ આપીને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! મુહપત્તિ પડિલેહું ?' ઈચ્છં, કહી ૫૦ બોલથી મુહપત્તિ-શરીરની પડિલેહણા કરવી. પછી ફરીવાર ખમાસમણ આપીને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પચ્ચક્ખાણ પારું ? 'યથાશક્તિ' બોલી સત્તર સંડાસા પૂર્વક ખમાસમણ આપીને, ઊભા થઈને યોગમુદ્રામાં 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પચ્ચક્ખાણ પાર્યું ? 'તહત્તિ' કહીને ઊભડક પગે નીચે ઘુંટણના આધારે બેસીને ચરવળો/રજોહરણ/જમીન પર જમણા હાથની મુઠ્ઠિ વાળીને ડાબા હાથની હથેળીમાં મુહપત્તી (બંધ કિનાર બહાર દેખાય તેમ) મુખની પાસે રાખીને શ્રી નવકારમંત્ર બોલીને જે પચ્ચક્ખાણ, લીધું હોય તે પચ્ચક્ખાણ પારવું.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો અને પૌષધવ્રતધારી શ્રાવક-શ્રાવિકાગણ તેમજ શ્રી નવપદજી ઓળીની વિધિપૂર્વક આરાધના કરનાર આરાધકવર્ગ ઉપરોક્ત પચ્ચક્ખાણ પારવાની વિધિ કરતા હોય છે. તે સિવાય નિત્ય નવકારશીથી તિવિહાર ઉપવાસ આદિ તપ કરનાર આરાધક શ્રાવક-શ્રાવિકાગણમાં પચ્ચક્ખાણ પારવાની વિધિ કરવાની વિસરાઈ ગયેલ છે, તે

યોગ્ય નથી. તે માટે યથાશક્ય પ્રયત્ન કરવો જ જોઈએ. એટલે કે કોઈ ન હોય તો પણ પચ્ચક્ખાણ પારવાની વિધિનો આગ્રહ જરૂર રાખવો જોઈએ.

નવકારશીનું પચ્ચક્ખાણ કરનાર ભાગ્યશાળીએ દિવસ દરમ્યાન પૂર્ણ મુખશુદ્ધિ હોય ત્યારે યાદ રાખીને 'મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ' કરવું જોઈએ. તેમજ પહેલું બિયાસણું કરીને ઊઠતી વખતે અને તિવિહાર ઉપવાસમાં જ્યારે-જ્યારે પાણી વાપરવાનું (પીવાનું) થઈ ગયા પછી અચૂકપણે આ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કરવું જોઈએ. હંમેશા ઓછામાં ઓછું નવકારશી અને ચઉવિહારનું પચ્ચક્ખાણ કરવા સાથે મુખશુદ્ધિ હોય ત્યારે અચૂકપણે મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કરનાર મહાનુભાવને ૨૫ થી ૨૮ ઉપવાસનો લાભ એક મહિને થતો હોય છે, તે લાભ ચૂકવા જેવો નથી.

આયંબિલ, એકાસણું અને બીજું બિયાસણું કરીને ઊઠતી વખતે અચૂકપણે મહાનુભાવે તિવિહાર અને મુટ્ઠિસહિઅંનું પચ્ચક્ખાણ કરવું જોઈએ. ફરીવાર જ્યારે પાણી પીવાની જરૂર જણાય ત્યારે મુટ્ઠિ વાળી શ્રી નવકારમંત્ર અને મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણનું પારવાનું સૂત્ર બોલીને પાણી વાપરી શકાય. કદાચ કોઈક આરાધકને મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ પારતાં ન આવડે તો જલદી ગુરુભગવંત પાસે શીખી લેવું. તે ન થાય ત્યાં સુધી મૂઠવાળી નવકાર ગણીએ પચ્ચક્ખાણ પારવું.

એકલઠાણ-ઠામચઉવિહાર આયંબિલ-એકાસણું કર્યા પછી અચૂકપણે ચઉવિહારનું પચ્ચક્ખાણ તે જ વખતે કરવું જોઈએ. સાંજે ગુરુસાક્ષીએ અને દેવસાક્ષીએ પણ ચઉવિહારનું જ પચ્ચક્ખાણ લેવું જોઈએ. એક સાથે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરેલ હોવાથી વિશિષ્ટ તપ (આયંબિલ-એકાસણ આદિ) હોવા છતાં 'પાણહાર' ના બદલે 'ચઉવિહાર' નું જ પચ્ચક્ખાણ લેવું.

છટ્ઠ-અટ્ઠમ કે તેથી વધારે ઉપવાસના પચ્ચક્ખાણ એક સાથે લીધા હોય તો તેના બીજા દિવસે પાણી પીતાં પહેલાં ફરીવાર પચ્ચક્ખાણ લેવાનાં સૂત્ર અનુસાર 'પાણહાર પોરિસિં...'નું પચ્ચક્ખાણ અવશ્ય લેવું જોઈએ. ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ લીધેલ હોય તો તે દિવસે સાંજે ગુરુસાક્ષીએ અને દેવસાક્ષીએ ફરીવાર સાંજના ચઉવિહાર ઉપવાસના પચ્ચક્ખાણમાં પારિટ્ઠાવણિયાગારેણં આગાર બોલાતો ન હોવાથી તે રીતે

પચ્ચક્ખાણ કરવું. એક સાથે ઘણા ઉપવાસનું પચ્ચક્ખાણ એક જ દિવસમાં લીધા પછી બીજા-ત્રીજા આદિ દિવસોમાં ફરીવાર પચ્ચક્ખાણ ન લેવાથી ઉપવાસનો લાભ મળતો નથી. પાણી મોઢાંમાં નાખ્યા પછી સવારનું કોઈપણ પચ્ચક્ખાણ ન લેવાય.

હાલ, નવકારશી આદિ પચ્ચક્ખાણમાં કેટલીક અજ્ઞાનતા અને દેખાદેખીના કારણે પચ્ચક્ખાણ પારતી વખતે પાર્યા પછી તુરંત કોગળા કરવાની કે દાંતણ કરવાની કે થોડુંક પાણી પીવાની પ્રવૃત્તિ વિધિરૂપે ચાલુ થયેલ છે, તે ઉચિત નથી. પહેલા નંબરે તો પચ્ચક્ખાણ પારવાની વિધિનો આગ્રહ રાખવો જરૂરી છે. છતાં શક્ય ન હોય તો **ત્રણ વાર શ્રી નવકારમંત્ર** ગણી **મુઠ્ઠિવાળીને** પચ્ચક્ખાણ પારવાની પ્રથા હાલ પ્રચલિત છે.

સૂર્યોદય પછી બે ઘડી (૪૮ મિનિટ) થાય ત્યારે નવકારશી પચ્ચક્ખાણ આવે, તેમ સૂર્યાસ્ત પહેલાં બે ઘડી (૪૮ મિનિટ) થાય ત્યારે ચારેય પ્રકારના આહારના ત્યાગ સ્વરૂપ ચઉવિહારનું પચ્ચક્ખાણ કરવાની પ્રથા જૈનશાસનમાં પ્રચલિત હતી અને અત્યારે પણ ચતુર્વિધ શ્રી સંઘમાં કેટલોક વર્ગ આ મુજબ સૂર્યાસ્ત પહેલાં બે ઘડીએ આહાર-પાણીનો ત્યાગ કરે છે, તે અનુકરણીય છે.

કદાચ તે (બે ઘડી પહેલાં પચ્ચક્ખાણ કરવું) શક્ય ન બને, તો બારે માસ ચઉવિહારનું પચ્ચક્ખાણ સૂર્યાસ્ત પહેલાં કરી લેવું જોઈએ. રાત્રિભોજન નરકનું પ્રથમ દ્વાર છે. રાત્રે આહાર-પાણી કાંઈ પણ લેવાય નહિ અને અપાય નહિ. છતાં ધર્મમાં નવો પ્રવેશ કરનાર મહાનુભવોને કાંઈક લાભ મળે, તે આશયથી **તિવિહાર**નું પચ્ચક્ખાણ અપાય છે. તેમાં પાણી કેટલું અને કેટલી વાર અને કેટલા વાગ્યા સુધી પીવાય, તે અંગે ઘણા મૂંઝવણ અનુભવતા હોય છે. તરસ્યા રહેવાની શક્તિ ન જ રહે અને અસમાધિ થવાની શક્યતા રહે ત્યારે તિવિહારનું પચ્ચક્ખાણ કરનાર મહાનુભાવે લોટા-ગ્લાસ કે જગ ભરીને **પાણી** ગટગટાવી જવાના બદલે ઔષધ સ્વરૂપે શક્ય તેટલું ઓછું અને ઓછીવાર અને વહેલાસર બાકી પચ્ચક્ખાણની દૃષ્ટિએ પાણીનાં પ્રમાણનું અને સમયના પ્રમાણનું બંધન નથી, ગળું ભીનું થાય તેટલું દુઃખાતા હૃદયે પીવાનું છે.

તિવિહાર પચ્ચક્ખાણ કરવા અસમર્થ છતાં તે તરફ આગળ વધવાની પૂર્ણ ભાવના ધરાવનાર મહાનુભાવ કોઈક અસાધ્ય રોગના કારણે ઔષધ લીધા વગર, રાત્રે સમાધિ ટકે તેમ ન હોય અને ગુરુભગવંત પાસે તે અંગેની નિર્બળતા અને અસમાધિ થવાના કારણોનું નિવેદન કરીને સંમતિ લીધેલ હોય તેવા રાત્રિભોજનત્યાગની ભાવનાવાળા આરાધકને સૂર્યાસ્ત પહેલાં **દુવિહાર**નું પચ્ચક્ખાણ અપાય છે. તેમાં શક્ય હોય ત્યાં સુધી કાંઈપણ લેવાનું ટાળવા પ્રયત્ન કરે, છતાં લેવું જ પડે તેવા સંજોગો ઉપસ્થિત થાય તો સૂર્યાસ્ત પછી સ્વાદિમ **(ઔષધાદિ) અને પાણી** લઈ શકે.

સૂર્યાસ્ત પછી જમનારને ચઉવિહાર-તિવિહાર-**દુવિહાર**નું પચ્ચક્ખાણ ન જ કરાય. તેઓ ગુરૂભગવંત પાસે જાણકારી મેળવી **'ધારણા અભિગ્રહ પચ્ચક્ખાણ'** (જમ્યા પછી કાંઈપણ નહીં ખાવાનો અભિગ્રહ) લઈ શકે. તેઓને રાત્રિભોજનનો દોષ લાગે જ, તેમાં કોઈ શંકા ન કરવી, પરંતુ થોડોક વિરતિનો લાભ પણ મળે છે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો દીક્ષાગ્રહણ કરે ત્યાંથી, જીવે ત્યાં સુધી ગમે તેવા શારીરિક-માનસિક આદિ સંજોગો ઉપસ્થિત થાય તો પણ ક્યારેય ચારેય પ્રકારનો આહાર ન જ કરે. જીવન પર્યંત રાત્રિભોજનત્યાગનું છઠ્ઠું વ્રત પાળે.

પૂ.ગુરુભગવંત પચ્ચક્ખાણ આપે ત્યારે એક કે બે વાર ખાવાની છૂટ આદિનાં પચ્ચક્ખાણ ન આપે, પણ એકાસણા પચ્ચક્ખાણમાં એક ટાઈમ સિવાય અન્ય સમયના ભોજનનો ત્યાગ કરવાનાં પચ્ચક્ખાણ આપે. તે મુજબ સઘળાંય પચ્ચક્ખાણમાં સમજવું.

નવકારશીનું પચ્ચક્ખાણ કરનાર કોઈક સંજોગે 'પોરિસી' કે 'સાઢપોરિસિ' સુધી કાંઈ પણ ખાધા-પીધા વગર રહે અને આગળનું પચ્ચક્ખાણ ન કરે તો તેને ફક્ત નવકારશીનો જ લાભ મળે. કદાચ સમય વધારે થઈ જતાં ખ્યાલ આવે અને આગળનું પચ્ચક્ખાણ કરે તો તે પચ્ચક્ખાણનો લાભ મળે. પણ પોરિસિ સુધીનાં પચ્ચક્ખાણ તો સૂર્યોદય પૂર્વે જ, તે તે પચ્ચક્ખાણ આવ્યા પહેલા, કરવા જોઈએ.

આયંબિલ, એકાસણું કે બિયાસણાનું પચ્ચક્ખાણ કરેલ હોય અને ઉપવાસ કરવાની ભાવના જાગે તો, પાણી પીધેલ ન હોય અને ઉપવાસનું પચ્ચક્ખાણ કરે, તો જ ઉપવાસનો લાભ મળે. તે જ પ્રમાણે એકાસણાનું પચ્ચક્ખાણ લીધા બાદ આયંબિલ કે લુખીનીવિ કરવાની ભાવના જાગે ત્યારે અને બિયાસણાનું પચ્ચક્ખાણ લીધા બાદ એકાસણું, આયંબિલ કે લુખીનીવિ કરવાની ભાવના જાગે તો કાંઈપણ ખાધા-પીધા વગર જે જે પચ્ચક્ખાણ લીધેલ હોય તે તે પચ્ચક્ખાણનો જ લાભ મળી શકે. કદાચ પ્રથમ બિયાસણું કર્યા પછી બીજું બિયાસણું કરવાની ભાવના ન હોય તો તિવિહારનું પચ્ચક્ખાણ કરી શકાય, પરંતુ એ એકાસણું તો ન જ ગણાય.

અન્ય પચ્ચક્ખાણોમાં પાણી વપરાઈ (પીવાય) ગયેલ હોય અને તેથી વિશેષ તપ કરવાની ભાવના જાગે તો **'ધારણા અભિગ્રહ પચ્ચક્ખાણ'** કરી શકાય.

લીધેલ પચ્ચક્ખાણ કરતાં આગળનાં વિશેષ પચ્ચક્ખાણ કરી શકાય, પણ તેથી ઓછું, સમાધિ જળવાતી હોય તો પ્રાણાન્ત કષ્ટે પણ ન કરવા કાળજી રાખવી જોઈએ.

તિવિહાર કે ચઉવિહાર ઉપવાસનાં પચ્ચક્ખાણ એકથી વધારે, એક સાથે (શક્તિ મુજબ) લેવાથી ઘણો વિશેષ લાભ મળતો હોય છે. એક સાથે ૧૬ ઉપવાસ સુધીનું પચ્ચક્ખાણ લેવાય છે તેથી અધિક નહિ. તે જ રીતે સળંગ ૧૮૦ ઉપવાસ કરી શકાય, વધુ નહિ.

જૈન ધર્મની પ્રાપ્તિના કારણે જીવનમાં ક્યારેય આચરવાની શક્યતા ન હોય, તેવા અનાચારોનું પચ્ચક્ખાણ કરવાથી તે તે પાપોથી બચી શકાય છે. જીવન દરમ્યાન ક્યારેય પણ તે તે પાપોનું સેવન ન કરવા છતાં પચ્ચક્ખાણ ન કરવાના કારણે તે તે પાપોના ભયંકર વિપાકો સહન કરવા પડતા હોય છે.

ત્યાગ કરવા યોગ્ય અનાચારો સાત વ્યસન = માંસ, મદિરા, જુગાર, પરસ્ત્રી (પરપુરુષ) સેવન, ચોરી, શિકાર અને વેશ્યાગમન, ચાર મહાવિગઈ = મધ (HONEY), મદિરા (દારૂ), માખણ (BUTTER) અને માંસ (MUTTON), તરવાનું (SWIMMING), ઘોડે સવારી (HORSE RIDING), ઊડન ખટોલા, સર્કસ, પ્રાણી સંગ્રહાલય (ZOO) જોવા જવું, પંચેન્દ્રિયજીવનો વધ, આઈસ્ક્રીમ,

ઠંડુંપીણું (COLD DRINKS), પરદેશ ગમન આદિ. અનાચારોમાંથી શક્ય તેટલી વસ્તુનો 'ધારણા અભિગ્રહ' પચ્ચક્ખાણ દેવ-ગુરુ-આત્મસાક્ષીએ કરવાથી તે તે પાપોથી બચી શકાય છે. શક્ય હોય તો શ્રાવક-શ્રાવિકાગણે સમ્યક્ત્વમૂળ ૧૨ વ્રત ગ્રહણ કરવાં જોઈએ.

દિવસ અને રાત સંબંધિત રોજિંદા ઉપભોગમાં આવતી વસ્તુઓ આદિનું પણ નવકારશી અને ચઉવિહાર પચ્ચક્ખાણ લેતી વખતે પરિમાણ (માપ) કરીને **'દેશાવગાસિક'**નું પચ્ચક્ખાણ કરવું જોઈએ. દેશાવગાસિક પચ્ચક્ખાણમાં ૧૪ નિયમની ધારણા કરવાથી તે સિવાયની જગતની તમામ વસ્તુઓનાં પાપથી બચી શકાય છે. સવારે ધારણા કરેલ ૧૪ નિયમોને સૂર્યાસ્ત પૂર્વે સંકેલીને રાત્રિ સંબંધિત નિયમો લેવાના હોય છે. રાત્રિના નિયમો સવારે સંકેલીને નવા લેવાના હોય છે. પણ તે સામાયિક કે પૌષધમાં ન સંકેલી કે ન ધારી શકાય.

દેવસિઅ અને રાઈઅ પ્રતિક્રમણની સાથે દિવસ દરમ્યાન આઠ સામાયિક કરવાથી વર્તમાનમાં દેસાવગાસિકવ્રતનું પાલન થતું હોય છે.

માનવભવમાં વર્તમાનમાં જ શક્ય સર્વ-સંગત્યાગ સ્વરૂપ સર્વવિરતિધર્મને (સંયમને) પામવાના લક્ષ્ય સાથે, શક્તિ ગોપવ્યા વગર, યથાશક્ય વ્રત-નિયમ-પચ્ચક્ખાણ કરવાં જોઈએ.

સવારનાં પચ્ચક્ખાણ સૂત્રો

નવકારશી પચ્ચક્ખાણ સૂત્ર-અર્થ સાથે

ઉગ્ગએ સૂરે, નમુક્કાર સહિઅં, મુટ્ઠિસહિઅં,
પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)
ચઉવ્વિહં પિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં,
અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં,
સવ્વસમાહિ-વત્તિયાગારેણં,
વોસિરઈ (વોસિરામિ).

અર્થ - સૂર્યોદયથી બે ઘડી (૪૮ મિનિટ) સુધી નમસ્કાર સહિત-મુઠ્ઠિસહિત નામનું પચ્ચક્ખાણ કરે છે (કરું છું). તેમાં ચારેય પ્રકારના આહારનો એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **પાન** (સાદું પાણી, અનેક પ્રકારનાં પાણી), **ખાદિમ** (શેકેલા ધાન્ય , સુકા મેવા અને ફલ વગેરે) અને **સ્વાદિમ** (દવા પાણી સાથે મુખવાસ)નો, **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતુ મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે), આ ચાર આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

નવકારશી પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર અર્થ સાથે

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું. ચઉવિહાર પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કીટ્ટિઅં, આરાહિઅં,
જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં.

અર્થ - સૂર્યોદય પછી બે ઘડી (૪૮ મિનિટ) સુધી નમસ્કાર સહિત-મુઠ્ઠીસહિત પચ્ચક્ખાણ કરતાં મેં ચારેય પ્રકારના આહારનો ત્યાગ કર્યો છે. આ પચ્ચક્ખાણ મેં **સ્પર્શ્યું** (વિધિ વડે ઉચિત કાળે જે પચ્ચક્ખાણ લીધું હોય તે) છે, **પાળ્યું** (કરેલાં પચ્ચક્ખાણને વારંવાર સંભારવું તે) છે, **શોભાવ્યું** (ગુરુને અથવા વડીલજનને આપીને બાકીનાથી ભોજન કરવું તે) છે, **તીર્યું** (કાંઈક અધિક કાળ ધીરજ રાખીને પચ્ચક્ખાણ પારવું તે) છે, **કીર્ત્યું** (ભોજનના સમયે પચ્ચક્ખાણ પૂરું થયે સંભારવું તે) છે અને **આરાધ્યું** (ઉપરોક્ત પ્રકારે આચરેલું પચ્ચક્ખાણ તે) છે, તેમાં જે આરાધાયું ન હોય તે મારું પાપ મિથ્યા થાઓ.

(પચ્ચક્ખાણની છ શુદ્ધિ પણ કહેવાયેલી છે. ૧- શ્રદ્ધાવંત પાસે પચ્ચક્ખાણ કરવું તે **શ્રદ્ધાશુદ્ધિ**; ૨-જાણ પણું મેળવવા ખપ કરવો તે **જ્ઞાન-શુદ્ધિ**; ૩- ગુરુને

વંદન કરવારૂપ વિનય કરીને પચ્ચક્ખાણ લેવું તે **વિનય-શુદ્ધિ**; ૪- ગુરુ પચ્ચક્ખાણ આપે ત્યારે મંદસ્વરે મનમાં પચ્ચક્ખાણ બોલવું તે **અનુભાષણ શુદ્ધિ**; ૫- સંકટમાં પણ લીધેલ પચ્ચક્ખાણને બરાબર પાળે તે **અનુપાલન શુદ્ધિ** અને ૬- આલોક-પરલોકના સુખની ઈચ્છા વિના (કેવળ કર્મક્ષય માટે) પાળે તે **ભાવ શુદ્ધિ** કહેવાય છે.)

પોરિસિ અને સાઢ્ઢપોરિસિ પચ્ચક્ખાણનું સૂત્ર અર્થ સાથે

ઉગ્ગએ સૂરે નમુક્કાર સહિયં પોરિસિં,
સાઢ્ઢ-પોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)
ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહં પિ આહારં, અસણં, પાણં, ખાઈમં,
સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં,
દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં,
સવ્વસમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

અર્થ - સૂર્યોદયથી એક પ્રહર (દિવસનો ચોથો ભાગ) સુધી પોરિસિ, દોઢ પ્રહર (દિવસના છ આની ભાગ) સુધી સાઢ્ઢપોરિસિ - મુટ્ઠિસહિત નામનું પચ્ચક્ખાણ કરે છે (કરું છું). તેમાં ચારેય પ્રકારના આહારનો એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ રોટલી,ભાત આદિ દ્રવ્યો), **પાન** (સાદુ પાણી), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વિગેરે) અને **સ્વાદિમ** (દવા-પાણી સાથે)નો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **પ્રચ્છન્નકાલ** (મેઘ-વાદળ આદિથી ઢંકાયેલા કાળની ખબર ન પડવી), **દિગ્મોહ** (દિશાનો ભ્રમ થવો), **સાધુ-વચન** ('બહુપડિપુન્ના પોરિસિ' એવું પાત્રા પડિલેહણ સમયે સાધુ ભગવંતનું વચન સાંભળવાથી પચ્ચક્ખાણ આવી ગયું છે, તેમ સમજી ગયા હોય), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (= કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ છ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

પુરિમડ્ઢ અને અવડ્ઢ પચ્ચક્ખાણનું સૂત્ર અર્થ સાથે

સૂરે ઉગ્ગએ, પુરિમડ્ઢં,
અવડ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)
ચઉવ્વિહં પિ આહારં અસણં, પાણં, ખાઈમં, સાઈમં,
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં,
સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં
વોસિરઈ (વોસિરામિ).

અર્થ - સૂર્યોદયથી મધ્યાહ્ન સમય એટલે બે પ્રહર સુધી (પુરિમડ્ઢ) / અથવા અપરાર્ધ એટલે ત્રણ પ્રહર સુધી (અવડ્ઢ) મુટ્ઠિસહિત પચ્ચક્ખાણ કરે છે (કરું છું). તેમાં ચારેય પ્રકારના આહાર એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **પાન** (સાદુ પાણી), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વિગેરે) અને **સ્વાદિમ** (દવા પાણી સાથે)નો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતુ મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **પચ્છન્નકાલ** (મેઘ-વાદળ આદિથી ઢંકાયેલા કાળની ખબર ન પડવી), **દિગ્મોહ** (દિશાનો ભ્રમ થવો), **સાધુ-વચન** ('બહુપડિપુન્ના પોરિસિ' એવું પાત્રા પડિલેહણ સમયે સાધુ ભગવંતનું વચન સાંભળવાથી પચ્ચક્ખાણ આવી ગયું છે, તેમ સમજી ગયા હોય) **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ છ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

પોરિસિ-સાઢપોરિસિ-પુરિમડ્ઢ અને અવડ્ઢ પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર અર્થ સાથે

ઉગ્ગએ સૂરે પોરિસિં, સાઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં,
અવડ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું ચોવિહાર, પચ્ચક્ખાણ ફાસિઅં,

પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં,
જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં .

અર્થ - સૂર્યોદય પછી પોરિસિ, સાઢપોરિસિ, પુરિમઢ્ઢ, અવઢ્ઢ મુટ્ઠિસહિત (જે પચ્ચક્ખાણ કર્યું હોય તે જ બોલવું) પચ્ચક્ખાણમાં મેં ચારેય પ્રકારના આહારનો ત્યાગ કર્યો છે.

આ પચ્ચક્ખાણ મેં **સ્પર્શ્યું** (વિધિ વડે ઉચિત કાળે જે પચ્ચક્ખાણ લીધું હોય તે) છે, **પાળ્યું** (કરેલાં પચ્ચક્ખાણને વારંવાર સંભારવું તે) છે, **શોભાવ્યું** (ગુરુને (વડીલજનને) આપીને બાકીનાથી ભોજન કરવું તે) છે, **તીર્યું** (કાંઈક અધિક કાળ ધીરજ રાખીને પચ્ચક્ખાણ પારવું તે) છે, **કીર્ત્યું**(ભોજનના સમયે પચ્ચક્ખાણ પૂરું થયે સંભારવું તે) છે અને **આરાધ્યું** (ઉપરોક્ત પ્રકારે આચરેલું પચ્ચક્ખાણ તે) છે, તેમાં જે આરાધાયુ ન હોય તે મારું પાપ મિથ્યા થાઓ અર્થાત્ નાશ પામો.

એકાસણું, બિયાસણું, એકલઠાણું, પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, પુરિમઢ્ઢં,
અવઢ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)
ચઉવ્વિહં પિ આહારં અસણં, પાણં, ખાઈમં, સાઈમં,
અન્નત્થણા ભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં,
સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં,
વિગઈઓ પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થ-સંસટ્ઠેણં,
ઉક્ખિત્ત-વિવેગેણં, પડુચ્ચ-મક્ખિએણં, પારિટ્ઠાવણિયા-ગારેણં,
મહત્તરાગારેણં સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં,
એગાસણં, (બિયાસણં) પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), તિવિહંપિ,

ચઉવિહંપિ, આહારં અસણં, પાણં,ખાઈમં, સાઈમં, અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, સાગારિયા-ગારેણં, આઉંટણ-પસારેણં, ગુરુ-અબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠા-વણિયાગારેણં, મહત્તરા-ગારેણં, સવ્વ સમાહિ વત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઈ (વોસિરામિ).

અર્થ - સૂર્યોદયથી બે ઘડી, એક પ્રહર, દોઢ પ્રહર, બે પ્રહર કે ત્રણ પ્રહર સુધી મુઠ્ઠિસહિત પચ્ચક્ખાણ કરે છે (કરું છું). તેમાં ચારેય પ્રકારના આહારનો એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **પાન** (સાદુ પાણી), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વિગેરે) અને **સ્વાદિમ** (દવા પાણી સાથે) નો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતુ મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **પ્રચ્છન્નકાલ** (મેઘ-વાદળ આદિથી ઢંકાયેલો કાળની ખબર ન પડવી), **દિગ્મોહ** (દિશાનો ભ્રમ થવો), **સાધુ-વચન** ('બહુપડિપુન્ના પોરિસિ' એવું પાત્રા પડિલેહણ સમયે સાધુ ભગવંતનું વચન સાંભળવાથી પચ્ચક્ખાણ આવી ગયું છે, તેમ સમજી ગયા હોય), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) પૂર્વક ત્યાગ કરે છે (કરું છું).

અનાભોગ (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહાસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **લેપાલેપ** (ખરડાયેલી કડછી વગેરેને લૂંછીને વહોરાવેલો આહાર ગ્રહણ કરતાં મુનિને (આયંબિલ કે નીવિનો) ભંગ ન થાય તે), **ગૃહસ્થ-સંસૃષ્ટ**(શાક, માંડાદિક ઘી- તેલથી સંસ્કારિત કર્યાં હોય તો તે મુનિને(નીવિ આદિ) માં ભંગ ન થાય તે) **ઉત્ક્ષિપ્ત-વિવેક** (શાક, રોટલી ઉપરથી પિંડ વિગઈને ગૃહસ્થે ઉપાડીને અલગ મૂકી હોય તો તે વહોરતાં મુનિને (નીવિ

આદિનો) ભંગ ન થાય તે), **પ્રતીત્ય-મ્રક્ષિત** (કાંઈક ઘી આદિથી આંગળીઓ દ્વારા કણીક મસળી હોય તે વસ્તુ વાપરતાં મુનિને (નીવિ -વિગઈત્યાગનો) ભંગ ન થાય, પણ આયંબિલનો ભંગ થાય તે,) **પારિષ્ઠાપનિકાકાર** (વિધિએ કરીને ગ્રહણ કરેલો આહાર પરઠવવા યોગ્ય હોય (તો ગુરુભગવંતની આજ્ઞાએ) ને વાપરવો તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) પૂર્વક ત્યાગ કરે છે (કરું છું).

એકાસણ/બિયાસણનું પચ્ચક્ખાણ કરે છે (કરું છું).

તેના **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતુ મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **સાગારિકાકાર** (ગૃહસ્થાદિની નજર લાગવાથી મુનિને એકાસણાદિમાં ઊઠવું પડે તે), **આકુંચન-પ્રસારણ** (હાથ-પગ વિગેરે અંગોને સંકોચવા કે ફેલાવવા તે), **ગુરુ-અભ્યુત્થાન** (વડીલ ગુરુજી આવે ત્યારે તેમનો વિનય સાચવવા એકાસણાદિમાં ઊભા થવું તે), **પારિષ્ઠાપનિકાકાર** (વિધિએ કરીને ગ્રહણ કરેલો આહાર પરઠવવા યોગ્ય હોય (તો ગુરૂભગવંતની આજ્ઞાએ) તે વાપરવો તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-પ્રત્યાકાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) પૂર્વક ત્યાગ કરે છે (કરું છું).

અચિત્ત પાણીના છ આગાર **લેપ** (ઓસામણ આદિ લેપકૃત (વાસણમાં લેપ રહે તે) પાણી તે), **અલેપ** (કાંજી (છાશની આસનું પાણી તે) નું અલેપકૃત પાણી તે), **અચ્છ** (ત્રણ ઉકાળાવાળું નિર્મળ ઉષ્ણ પાણી તે), **બહુલેપ** (ચોખા-ફળ વગેરેનું ધોવણ, તે બહુલેપકૃત પાણી હોય તે), **સસિક્થ** (દાણા સહિત અથવા આટાના કણ સહિત પાણી તે) અને **અસિક્થ** (લુગડાથી ગળેલ દાણા કે આટાના કણવાળું પાણી તે) પૂર્વક ત્યાગ કરે છે (કરું છું).

એકાસણું-બિયાસણું-એકલઠાણું પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર અર્થ સાથે

ઉગ્ગએ સૂરે નમુક્કાર સહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં,
સૂરે ઉગ્ગે પુરિમડ્ઢં, અવડ્ઢં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું.
ચઉવિહાર, આયંબિલ, નીવિ, એકાસણ,
બિયાસણ પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પચ્ચક્ખાણ ફાસિઅં,
પાલિઅં, સોહિઅં, તીરિઅં, કીટ્ટિઅં, આરાહિઅં,
જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં .

અર્થ - સૂર્યોદય પછી બે ઘડી/એક પ્રહર/દોઢ પ્રહર/ બે પ્રહર/ત્રણ પ્રહર મુટ્ઠિસહિત પચ્ચક્ખાણમાં મેં ચારેય પ્રકારના આહારનો ત્યાગ કર્યો છે. (જે પચ્ચક્ખાણ કર્યું હોય તેજ બોલવું) આયંબિલ/ નીવિ / એકાસણ / બિયાસણ પાણી સિવાયના ત્રણ આહારના ત્યાગ સાથે કર્યું છે. મારું આ પચ્ચક્ખાણ મેં **સ્પર્શ્યું** (વિધિ વડે ઉચિત કાળે જે પચ્ચક્ખાણ લીધું હોય તે) છે, **પાળ્યું** (કરેલાં પચ્ચક્ખાણને વારંવાર સંભારવું તે) છે, **શોભાવ્યું** (ગુરુને (વડીલજનને) આપીને બાકીનાથી ભોજન કરવું તે) છે, **તીર્યું** (કાંઈક અધિક કાળ ધીરજ રાખીને પચ્ચક્ખાણ પારવું તે) છે, **કીર્ત્યું** (ભોજનના સમયે પચ્ચક્ખાણ પૂરું થયે સંભારવું તે) છે અને **આરાધ્યું** (ઉપરોક્ત પ્રકારે આચરેલું પચ્ચક્ખાણ તે) છે, તેમાં જે આરાધાયુ ન હોય તે મારું પાપ મિથ્યા થાઓ અર્થાત્ નાશ પામો.

(નોંધ - 'નમુક્કારસહિઅં' થી 'અવડ્ઢ' સુધીનો પાઠ સળંગ ન બોલતાં જે પચ્ચક્ખાણ કર્યુ હોય તે જ બોલવું. તેમજ આયંબિલથી બિયાસણ સુધીમાં પણ એકાસણ-અથવા બિયાસણ બોલવું, પણ આયંબિલ કે નીવિ કરેલ હોય તો આયંબિલ કે નીવિ બોલવા સાથે એકાસણ અવશ્ય બોલવું. વાપર્યા પછી તિવિહાર/મુટ્ઠિસહિઅંનું પચ્ચક્ખાણ લેવું હિતકર છે.)

આયંબિલ પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં,
મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)

ઉગ્ગએ સૂરે ચઉવ્વિહં પિ આહારં અસણં,
પાણં, ખાઈમં, સાઈમં,
અન્નત્થણા ભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં,
સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં,
આયંબિલં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થ-
સંસટ્ઠેણં, ઉક્ખિત્ત-વિવેગેણં, પારિટ્ઠાવણિયા-ગારેણં,
મહત્તરાગારેણં સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં,
એગાસણં, પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ), તિવિહં પિ આહારં,
અસણં, ખાઈમં, સાઈમં,
અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, સાગારિયા-ગારેણં,
આઉંટણ-પસારેણં,
ગુરુ-અબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠા-વણિયાગારેણં,
મહત્તરા-ગારેણં, સવ્વ સમાહિ વત્તિયાગારેણં,
પાણસ્સ લેવેણ વા,
અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા,
અસિત્થેણ વા વોસિરઇ (વોસિરામિ).

અર્થ - સૂર્યોદયથી બે ઘડી, એક પ્રહર, દોઢ પ્રહર સુધી મુટ્ઠિસહિત પચ્ચક્ખાણ કરે છે (કરું છું). તેમાં ચારેય પ્રકારના આહારનો એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **પાન** (સાદુ પાણી), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વિગેરે) અને **સ્વાદિમ** (દવા પાણી સાથે) નો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતુ મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે),

પ્રચ્છન્નકાલ (મેઘ-વાદળ આદિથી ઢંકાયેલો કાળની ખબર ન પડવી), **દિગ્મોહ** (દિશાનો ભ્રમ થવો), **સાધુ-વચન** ('બહુપડિપુન્ના પોરિસિ' એવું પાત્રા પડિલેહણ સમયે સાધુ ભગવંતનું વચન સાંભળવાથી પચ્ચક્ખાણ આવી ગયું છે, તેમ સમજી ગયા હોય), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-પ્રત્યાકાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) પૂર્વક ત્યાગ કરે છે (કરું છું).

આયંબિલનું પ્રત્યાખ્યાન કરે છે સિવાય કે **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહાસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **લેપાલેપ** (ખરડાયેલી કડછી વગેરેને લૂંછીને વહોરાવેલો આહાર ગ્રહણ કરતાં મુનિને (આયંબિલ કે નીવિનો) ભંગ ન થાય તે), **ગૃહસ્થ-સંસૃષ્ટ**(શાક, માંડાદિક ઘી- તેલથી સંસ્કારિત કર્યાં હોય તો તે મુનિને(નીવિ આદિ) માં ભંગ ન થાય તે) **ઉત્ક્ષિપ્ત-વિવેક** (શાક, રોટલી ઉપરથી પિંડ વિગઈને ગૃહસ્થે ઉપાડીને અલગ મૂકી હોય તો તે વહોરતાં મુનિને (નીવિ આદિનો) ભંગ ન થાય તે), **પારિષ્ઠાપનિકાકાર** (વિધિએ કરીને ગ્રહણ કરેલો આહાર પરઠવવા યોગ્ય હોય (તો ગુરુભગવંતની આજ્ઞાએ) ને વાપરવો તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-પ્રત્યાકાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) પૂર્વક ત્યાગ કરે છે (કરું છું).

એકાસણનું પચ્ચક્ખાણ કરે છે (કરું છું). ત્રણેય પ્રકારના આહારને - અશન, ખાદિમ અને સ્વાદિમને, સિવાય કે **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતુ મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **સાગારિકાકાર** (ગૃહસ્થાદિની નજર લાગવાથી મુનિને એકાસણાદિમાં ઊઠવું પડે તે), **આકુંચન-પ્રસારણ** (હાથ-પગ વિગેરે અંગોને સંકોચવા કે ફેલાવવા તે), **ગુરુ-અભ્યુત્થાન** (વડીલ ગુરુજી આવે ત્યારે તેમનો વિનય સાચવવા એકાસણાદિમાં ઊભા

થવું તે), **પારિષ્ઠાપનિકાકાર** (વિધિએ કરીને ગ્રહણ કરેલો આહાર પરઠવવા યોગ્ય હોય (તો ગુરુભગવંતની આજ્ઞાએ) તે વાપરવો તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-પ્રત્યાકાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) પૂર્વક ત્યાગ કરે છે (કરું છું). **લેપ** (પાણીના લેપથી), **અલેપ** (અલેપકૃત પાણી તે), **અચ્છ** (ત્રણ ઉકાળાવાળું નિર્મળ ઉષ્ણ પાણી તે), **બહુલેપ** (ચોખા વગેરેનું ધોવણ, તે બહુલેપકૃત પાણી હોય તે), **સસિક્થ** (દાણા સહિત અથવા આટાના કણ સહિત પાણી તે) અને **અસિક્થ** (લુગડાથી ગળેલ દાણા કે આટાના કણવાળું પાણી તે) પૂર્વક ત્યાગ કરે છે (કરું છું).

તિવિહાર-ઉપવાસ પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

સૂરે ઉગ્ગએ (ચોથ-અબ્ભત્તટ્ઠં) અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ)
તિવિહંપિ આહારં અસણં, ખાઈમં, સાઈમં
અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં,
પારિટ્ઠા-વણિયાગારેણં મહત્તરાગારેણં,
સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં પાણહાર પોરિસિં,
સાઢ્ઢપોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ)
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં,
સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં,
પાણસ્સ લેવેણ વા અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા,
સસિત્થેણ વા અસિત્થેણ વા વોસિરઇ (વોસિરામિ).

અર્થ - સૂર્યોદયથી માંડીને બીજા દિવસના સૂર્યોદય સુધી ઉપવાસનું પચ્ચક્ખાણ

(આગલા દિવસે અને પારણાના દિવસે એકાસણ કરનારને ચોથ-અબ્ભત્તટ્ઠ કરવું) કરે છે (કરું છું). તેમાં ત્રણ પ્રકારના આહારનો એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વગેરે) અને **સ્વાદિમ** (દવા પાણી સાથે)નો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **પારિષ્ઠાનિકાકાર મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ - સમાધિ - આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ ચાર આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરુંછું).

તેમાં પાણીનો આહાર એક પ્રહર (પોરિસિ) / દોઢ પ્રહર (સાઢ પોરિસિ)/ બે પ્રહર(પુરિમઢ્ઢ)/ ત્રણ પ્રહર (અવઢ્ઢ) મુટ્ઠિસહિત પચ્ચક્ખાણનો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતુ મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **પ્રચ્છન્નકાલ** (મેઘ-વાદળ આદિથી ઢંકાયેલો કાળની ખબર ન પડવી), **દિગ્મોહ** (દિશાનો ભ્રમ થવો), **સાધુ-વચન** ('બહુપડિપુન્ના પોરિસિ' એવું પાત્રા પડિલેહણ સમયે સાધુ ભગવંતનું વચન સાંભળવાથી પચ્ચક્ખાણ આવી ગયું છે, તેમ સમજી ગયા હોય), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે), આ છ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરુંછું).

અચિત્ત પાણીના છ આગાર **લેપ** (ઓસામણ આદિ લેપકૃત (વાસણમાં લેપ રહે તે) પાણી તે), **અલેપ** (કાંજી (છાશની આસનું પાણી તે) નું અલેપકૃત પાણી તે), **અચ્છ** (ત્રણ ઉકાળાવાળુ નિર્મળ ઉષ્ણ પાણી તે), **બહુલેપ** (ચોખા-ફળ વિગેરેનું ધોવણ, તે બહુલેપકૃત પાણી હોય તે), **સસિક્થ** (દાણા સહિત અથવા આટાના કણ સહિત પાણી તે) અને **અસિક્થ** (લુગડાથી ગળેલ દાણા કે આટાના કણવાળું પાણી તે) પૂર્વક ત્યાગ કરે છે (કરુંછું).

ચઉવિહાર-ઉપવાસ પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે
સૂરે ઉગ્ગએ (ચોથ-અબ્ભત્તટ્ઠં) અબ્ભત્તટ્ઠં
પચ્ચક્ખાઇ(પચ્ચક્ખામિ)

ચઉવ્વિહં પિ આહારં અસણં, પાણં, ખાઈમં, સાઈમં, .
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં,
મહત્તરાગારેણં,
સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

અર્થ - સૂર્યોદયથી માંડીને બીજા દિવસના સૂર્યોદય સુધી ઉપવાસનું પચ્ચક્ખાણ (ઉપવાસના આગલા દિવસે એકાસણ/આયંબિલ અને ઉપવાસના પારણાના દિવસે પણ એકાસણ/આયંબિલ કરનારે ચોથ-અબ્ભત્તટ્ઠં કહેવું) કરે છે (કરું છું). તેમાં ચારેય પ્રકારના આહારનો એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **પાન** (સાદુ પાણી), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વગેરે) અને **સ્વાદિમ** (દવા પાણી સાથે)નો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતુ મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **પારિષ્ઠાપનિકાકાર** (વિધિએ કરીને ગ્રહણ કરેલો આહાર પરઠવવા યોગ્ય હોય (તો ગુરૂભગવંતની આજ્ઞાએ) તે વાપરવો તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-પ્રત્યાકાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).
(ચઉવિહાર-ઉપવાસનું પચ્ચક્ખાણ પારવાનું હોતું નથી. સાંજે પ્રતિક્રમણ-દેવદર્શન વેળાએ સ્મરણ માટે પચ્ચક્ખાણ ફરીવાર લેવાની વિધિ પ્રચલિત છે. એમાં પારિટ્ઠાવણિયાગારેણં આગાર બોલવાનો નથી).

છટ્ઠ-અટ્ઠમ-આદિ તિવિહાર ઉપવાસ પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

સૂરે ઉગ્ગએ છટ્ઠભત્તં (બે ઉપવાસ)/ અટ્ઠમભત્તં (ત્રણ ઉપવાસ) / દસમભત્તં(ચાર ઉપવાસ) / બારસભત્તં (પાંચ ઉપવાસ)/ ચઉદસભત્તં (છ ઉપવાસ) / સોલસ ભત્તં (સાત ઉપવાસ) / અટ્ઠારસ ભત્તં (આઠ ઉપવાસ) / પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)

તિવિહંપિ આહારં અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં,
પારિટ્ઠા-વણિયાગારેણં, મહત્તરા-ગારેણં,
સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં, પાણહાર પોરિસિં,
સાઢપોરિસિં સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં,
અવડ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ)
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્ન-કાલેણં, દિસામોહેણં,
સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિ-વત્તિયાગારેણં,
પાણસ્સ લેવેણ વા, અલેવેણે વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા,
અસિત્થેણ વા વોસિરઈ (વોસિરામિ).

અર્થ - સૂર્યોદયથી માંડીને ત્રીજા દિવસના સૂર્યોદય સુધી બે ઉપવાસ/ ચોથા દિવસના સૂર્યોદય સુધી ત્રણ ઉપવાસ/ પાંચમા દિવસના સૂર્યોદય સુધી ચાર ઉપવાસ/ છઠ્ઠા દિવસના સૂર્યોદય સુધી પાંચ ઉપવાસ/ સાતમા દિવસના સૂર્યોદય સુધી છ ઉપવાસ/ આઠમા દિવસના સૂર્યોદય સુધી સાત ઉપવાસ/ નવમા દિવસના સૂર્યોદય સુધી આઠ ઉપવાસ (એક-એક દિવસ વધારતાં ૧૬ ઉપવાસ સુધી એક સાથે પચ્ચક્ખાણ લઈ શકાય) નું પચ્ચક્ખાણ કરે છે (કરું છું).
તેમાં ત્રણ પ્રકારના આહાર એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વગેરે) અને **સ્વાદિમ** (દવા પાણી સાથે)નો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કાંઈ ચીજ પ્રવેશ કરે તે), **પારિટ્ઠાવણિયાગારેણં** = વિધિએ કરીને ગ્રહણ કરેલો આહાર પરઠવવા યોગ્ય હોય તો (ગુરૂ ભગવંતની આજ્ઞાએ) તે વાપરવો તે, **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-**

આગાર (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

તેમાં પાણીનો આહાર એક પ્રહર/ દોઢ પ્રહર / બે પ્રહર / ત્રણ પ્રહર મુઠ્ઠિસહિત પ્રત્યાખ્યાનનો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે),**પચ્છન્નકાલ** (મેઘ-વાદળ આદિથી ઢંકાયેલા કાળની ખબર ન પડવી), **દિગ્મોહ** (દિશાનો ભ્રમ થવો), **સાધુ-વચન** ('બહુપડિપુન્ના પોરિસિ' એવું પાત્રા પડિલેહણ સમયે સાધુ ભગવંતનું વચન સાંભળવાથી પચ્ચક્ખાણ આવી ગયું છે, તેમ સમજી ગયા હોય), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું). અચિત્ત પાણીના છ આગાર **લેપ** (ઓસામણ આદિ લેપકૃત (વાસણમાં લેપ રહે તે) પાણી તે), **અલેપ** (કાંજી (છાશની આસનું પાણી તે) નું અલેપકૃત પાણી તે), **અચ્છ** (ત્રણ ઉકાળાવાળું નિર્મળ ઉષ્ણ પાણી તે), **બહુલેપ** (ચોખા-ફળ વિગેરેનું ધોવણ, તે બહુલેપકૃત પાણી હોય તે), **સસિક્થ** (દાણા સહિત અથવા આટાના કણ સહિત પાણી તે) અને **અસિક્થ** (લુગડાથી ગળેલ દાણા કે આટાના કણવાળું પાણી તે) પૂર્વક ત્યાગ કરે છે (કરું છું).

(નોંધ - એક સાથે એકથી વધારે ઉપવાસનું પચ્ચક્ખાણ લીધા પછી બીજા દિવસે પાણી પીતાં પહેલાં 'પાણહાર પોરિસિંથી વોસિરામિ' સુધીનું પચ્ચક્ખાણ અવશ્ય લેવું જોઈએ. આ પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર એક ઉપવાસમાં જણાવ્યા મુજબ જાણવું. તેમાં અબ્ભત્તટ્ઠંના બદલે જેટલા ઉપવાસ કર્યા હોય તે તે બોલવું જરૂરી છે.)

દેશાવગાસિક પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

દેસાવગાસિયં ઉવભોગં, પરિભોગં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ)
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં,
સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઇ (વોસિરામિ).

અર્થ - દેશથી સંક્ષિપ્ત કરેલી ઉપભોગ અને પરિભોગની વસ્તુઓનું પ્રત્યાખ્યાન કરે છે (કરું છું). તેનો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

(નોંધ - सचित्तदव्वविगई...વગેરે ૧૪ નિયમોની ધારણા કરનારે સવાર-સાંજ આ પચ્ચક્ખાણ લેવું.)

ધારણા-અભિગ્રહ પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

ધારણા અભિગ્ગહં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) અન્નત્થણા-ભોગેણં, સહસા-ગારેણં, મહત્તરા-ગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઇ (વોસિરામિ).

અર્થ - અમુક સમયની મર્યાદા માટે ધારેલ અભિગ્રહનું પચ્ચક્ખાણ (પ્રત્યાખ્યાન) કરે છે (કરું છું). તેનો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

(નોંધ : વિગઇ ત્યાગ, દ્રવ્ય સંક્ષેપ, અનાચારોનો ત્યાગ, કર્મવશ રાત્રે ખાધા પછી ખાવાનો ત્યાગ, આદિની ધારણા કરી પચ્ચક્ખાણ લેવા માટે આ સૂત્ર ખૂબ જ ઉપયોગી અને જરૂરી છે.)

મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઇ (વોસિરામિ).

અર્થ - મુટ્ઠિસહિત પ્રત્યાખ્યાન કરે છે (કરું છું). તેનો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

નોંધ : દિવસ દરમ્યાન જ્યારે પણ મુખ શુદ્ધહોય ત્યારે આ પચ્ચક્ખાણ કરવું હિતાવહ છે.

મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર અર્થ સાથે

મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં,
તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં,
જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં.

અર્થ - મુટ્ઠિસહિત પ્રત્યાખ્યાન મેં **સ્પર્શ્યું** (વિધિ વડે ઉચિત કાલે જે પચ્ચક્ખાણ લીધું હોય તે) છે, **પાળ્યું** (કરેલા પચ્ચક્ખાણને વારંવાર સંભારવું તે) છે, **શોભાવ્યું** (ગુરુને (વડીલજનને) આપીને બાકીનાથી ભોજન કરવું તે) છે, **તીર્યું** (કાંઈક અધિક કાળ ધીરજ રાખીને પચ્ચક્ખાણ પારવું તે) છે, **કીર્ત્યું** (ભોજનના સમયે પચ્ચક્ખાણ પૂરું થયે સંભારવું તે) છે અને **આરાધ્યું** (ઉપરોક્ત પ્રકારે આચરેલું પચ્ચક્ખાણ તે) છે, તેમાં જે આરાધાયું ન હોય તે મારું પાપ મિથ્યા થાઓ.

(નોંધ – મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ પારવા આ સૂત્ર કંઠસ્થ કરવું ખૂબ જ જરૂરી છે.)

સાંજનાં પચ્ચક્ખાણ

પાણહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

પાણહાર દિવસ-ચરિમં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં વોસિરઇ (વોસિરામિ) .

અર્થ - દિવસના શેષ ભાગથી સંપૂર્ણ રાત્રિ-પર્યંત પાણી નામના આહારનું પ્રત્યાખ્યાન કરે છે (કરું છું). તેનો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ ચાર આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

(નોંધ-આયંબિલ -એકાસણ-નીવિ કે બીજા બિયાસણાવાળાએ સૂર્યાસ્ત પહેલાં તિવિહારનું પચ્ચક્ખાણ કરનાર ભાગ્યશાળીએ આ પાણહાર-પચ્ચક્ખાણ કરવું.)

ચઉવિહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

દિવસ-ચરિમં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિ આહારં અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઇ (વોસિરામિ).

અર્થ - દિવસના શેષ ભાગથી સંપૂર્ણ રાત્રિ-પર્યંત પચ્ચક્ખાણ કરે છે (કરું છું). તેમાં ચારેય પ્રકારના આહાર એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ

ભાત આદિ દ્રવ્યો), **પાન** (સાદુ પાણી), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વગેરે) અને **સ્વાદિમ** (દવા- પાણી સાથે)નો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ ચાર આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).
(નોંધ – ઠામ ચઉવિહાર, આયંબિલ, નીવિ, એકાસણ અને બિયાસણવાળાએ અને સૂર્યાસ્ત આસપાસ ચારે આહાર છોડનારે આ પ્રત્યાખ્યાન કરવું.)

તિવિહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

દિવસ ચરિમં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ)
તિવિહંપિ આહારં અસણં, ખાઈમં, સાઈમં,
અન્નત્થણા-ભોગેણં,
સહસા-ગારેણં, મહત્તરા-ગારેણં,
સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઇ (વોસિરામિ).

અર્થ - દિવસના શેષ ભાગથી સંપૂર્ણ રાત્રિ-પર્યંત પચ્ચક્ખાણ કરે છે (કરું છું).તેમાં ત્રણ પ્રકારના આહાર એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વગેરે) અને **સ્વાદિમ** (દવા પાણી સાથે)નો **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ આગાર (છૂટ) રાખી ત્યાગ કરેછે (કરુંછું).
(નોંધ : આયંબિલ-નીવિ-એકાસણું અને બીજું બિયાસણું કરીને ઊઠતી વખતે અને છૂટાવાળાએ રાત્રિ દરમ્યાન પાણી પીવાની છૂટ રાખનારે આ પચ્ચક્ખાણ અવશ્ય કરવું જોઈએ.)

દુવિહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

દિવસ-ચરિમં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ)
દુવિહં પિ આહારં અસણં, ખાઈમં,
અન્નત્થણા-ભોગેણં,
સહસા-ગારેણં, મહત્તરા-ગારેણં,
સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઇ (વોસિરામિ).

અર્થ – દિવસના શેષ ભાગથી સંપૂર્ણ રાત્રિ પર્યંત પ્રત્યાખ્યાન કરે છે (કરું છું). તેમાં બે પ્રકારના આહાર એટલે **અશન** (ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), **ખાદિમ** (શેકેલા ધાન્ય અને ફલ વગેરે) **અનાભોગ** (ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), **સહસાત્કાર** (પોતાની મેળે ઓચિંતી મુખમાં કોઈ ચીજ પ્રવેશ કરે તે), **મહત્તરાકાર** (મોટી કર્મનિર્જરાનું કારણ આવવું તે) અને **સર્વ-સમાધિ-આગાર** (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

(નોંધ : પૂ.ગુરુભગવંતની આજ્ઞા મેળવ્યા પછી, રાત્રે સમાધિ ટકે અને ચોવિહાર સુધી પહોંચવાની શક્તિ પ્રાપ્ત થાય, તે માટે આ પચ્ચક્ખાણ, ઔષધ-પાણી લેનારે કરવું).

ઈલા દીપક મહેતા

સંવત્સરીનાં પાવન દિવસે કરાતું પ્રતિક્રમણ એક અમૃતક્રિયા છે. નિમ્નલિખિત ૧૮ પ્રકારનાં પાપસ્થાનકોમાંથી પાછા ફરવાની યાત્રા એટલે પ્રતિક્રમણ, જેને સુવિધિપૂર્વક આદરવાથી આપણે ક્ષમાયોગમાં મંગલ પ્રવેશ પામીએ છીએ.

પ્રજ્ઞા અને પારદર્શિતાનાં સમન્વય સમા આ ૨૧મી સદીનાં યૌવનધનમાં જૈન ધર્મનાં વિરલ પ્રતિક્રમણ સૂત્રોનાં અર્થનાં હાર્દનો ખરો લય પહોંચે અને આવનારા વર્ષોમાં તેઓ માટે સત્યમ્, શિવમ્, સુન્દરમ્નાં અનંત દ્વારો ખૂલે તે મારા માટે આનંદોત્સવ હશે.

ભવિજનને ભાવસમાધિમાં તરબોળ કરવા સર્વથા સમર્થ એવા આ સૂત્રોએ મારી આંતરચેતનાને ઘણી વાર શાંતરસમાં ઊંડે સુધી ઝબોળીને મંત્રમુગ્ધ કરી છે. બસ, આ જ અનુભૂતિ સૂત્રોનાં અર્થ સંદર્ભમાંથી સૌને થાય તેવી આશા છે.

મારો આ લઘુ પુરષાર્થ મંગલનું ધામ બને.

પરમ ચેતના ઝંકૃત થાય તેવા આ સૂત્રાર્થમાંથી સૌને આત્મબ્રહ્મની પ્રાપ્તિ થાય તેવી એકમેવ અભ્યર્થના સહ વંદન.

૧૮ પાપસ્થાનકો

પ્રાણાતિપાત	મૃષાવાદ	અદત્તાદાન
મૈથુન	પરિગ્રહ	ક્રોધ
માન	માયા	લોભ
રાગ	દ્વેષ	કલહ
અભ્યાખ્યાન	પૈશૂન્ય	રતિ-અરતિ
પરપરિવાદ	માયા-મૃષાવાદ	મિથ્યાત્વશલ્ય

આ ધાર્મિકગ્રંથ આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરતા મને ખૂબ જ આનંદ થઈ રહ્યો છે. આ ગ્રંથના નિર્માણમાં મેં ઘણા બધા સાહિત્ય ગ્રંથોમાંથી આધાર લીધેલા છે. તથા ઘણી જગ્યાએ મારા મૌલિક વિચારો પણ પ્રસ્તુત કરેલા છે. આ વિચારો પ્રસ્તુત કરવા પાછળનો મારો આશય પ્રસ્તુત સાહિત્યને સરળતા પૂર્વક દરેક વ્યક્તિ સમજી શકે તે પૂરતો જ છે. જે ગ્રંથોનો મેં આધાર લીધો છે તે અલગ અલગ સમયકાળમાં રચાયેલાં છે. તેથી ઘણી જગ્યાએ એક જ અર્થવાળો શબ્દ આ ગ્રંથમાં જુદી રીતે લખાયેલો હોઈ શકે. જે ગ્રંથોનો આધાર મેં લીધો છે તેની સૂચિ અહીં આપેલી છે. આ સાથે સૌ વાચકોને વિનંતિ કરું છું કે આ ગ્રંથ નિર્માણમાં મારાથી 'મનુષ્ય સહજ' કોઈપણ ભૂલચૂક થઈ હોય તો મને ક્ષમા કરશો.

ઈલા મહેતા

સંદર્ભ ગ્રંથોની સૂચિ

૧. **ભાવ પ્રતિક્રમણનું તાળું ખોલો**
સંપાદક- મુનિ શ્રી પુણ્યકીર્તિ વિજય

૨. **પંચ પ્રતિક્રમણ સૂત્ર**
જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ

૩. **સૂત્ર સંવેદના ભાગ-૧, ૨**
સન્માર્ગ પ્રકાશન, અમદાવાદ

૪. **શ્રી શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર**
સંપાદક - પંડિત નરોત્તમદાસ નગીનદાસ શાહ

૫. **સંવત્સરી પ્રતિક્રમણની સરળ વિધિ**
સંયોજક અને સંપાદક - પૂજ્ય મુનિશ્રી યશોવિજયજી

૬. **આવશ્યક ક્રિયા-સાધના**
સંપાદક અને માર્ગદર્શક - પૂજ્ય મુનિશ્રી રમ્યદર્શન વિજયજી

૭. **પ્રતિક્રમણ સૂત્ર**
અભિનવ વિવેચન મુનિ દીપરત્નસાગર

૮. **શ્રી શ્રાદ્ધ - પ્રતિક્રમણ સૂત્ર (પ્રબોધ ટીકા)**
પ્રયોજક - શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી

તીર્થંકર પરમાત્માએ બતાવેલ 'સંવત્સરી પ્રતિક્રમણ'ની સાધના કેવી રીતે, કેવા ભાવોથી કરવી જોઈએ, તેની સંપૂર્ણ વિધિ અને સમજણથી પરિપૂર્ણ થયેલા એવા આ પુસ્તક માટે કરાયેલો પ્રયત્ન ખુબ ખુબ અનુમોદનીય છે.આ સૂત્રોની અદ્દભૂત રચના અને તેનો ભાવવૈભવ દરેક જીવોને અમૃતક્રિયારૂપ બને અને આત્મહિત સાધી સર્વ જીવો મોક્ષ માર્ગના સાધક બને.

પૂ.હિતધર્માશ્રીજી મ.સા.

પ્રતિક્રમણ એ ચિત્ત અને આત્માની શુદ્ધિ માટે છે. જેમ દેહને માટે પૌષ્ટિક ભોજનની આવશ્યકતા છે, એટલી જ આત્મિક ગુણોને પુષ્ટ કરવા માટે પ્રતિક્રમણની આવશ્યકતા છે. એ પ્રતિક્રમણ દ્વારા રાગદ્વેષાદિ કષાયોની મંદતા, વાસનાવૃત્તિમાં ક્ષીણતા અને એ રીતે ચિત્તની નિર્મળતા સાંપડે છે. આનું કારણ એ છે કે એના સૂત્રોમાં દેવ-ગુરૂની સ્તુતિ, વંદના, ધ્યાન, શ્રુતજ્ઞાન વગેરેની ઉપાસના, ક્ષમાપના આદિની ઉત્તમ અને મંગલદાયી વ્યવસ્થા છે. એ રીતે ચિત્તની વિશુદ્ધિ માટે, જૂનાં કર્મોને ખપાવવા માટે અને ચારિત્રગુણની ઉત્તરોત્તર વિશુદ્ધિ માટે પ્રતિક્રમણ જરૂરી છે.

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

સંવત્સરી પ્રતિક્રમણ એટલે વડીલોના આગ્રહથી અઢી કલાક એક સ્થાને બેસીને માત્ર સૂત્રો સાંભળવા એટલું જ નહિ પણ પ્રત્યેક સૂત્ર અને ક્રિયા - વિધિનો અર્થ અને એ ક્રિયાનું વિવરણ સમજાય તો આ પ્રતિક્રમણ, કર્મ નિર્જરા, પશ્ચાતાપ અને ક્ષમાનો ત્રિવેણી સંગમ છે એની પ્રતીતિ જિજ્ઞાસુને થયા વગર રહેતી નથી. આ સત્યનું દર્શન આ પુસ્તક કરાવે છે.

ડો. ધનવંત શાહ
'પ્રબુદ્ધ જીવન' - તંત્રી

'દીપક ફાર્મ', ગોત્રી રોડ, વડોદરા - ૩૯૦૦૨૧. ફોન નં : +૯૧-૨૬૫-૨૩૭૧૪૧૦